શ્રી

# જિનેન્દ્રાગમ-વિવિધ-વિષયરૂપ-ગુણસંગ્રહ

: સંગ્રાહિકા :

પૂજ્ય સાધ્વી શ્રી ગુણશ્રીજી મ. ના સુશિષ્યા

સાધ્વી શ્રી જિતેન્દ્રશ્રીજી મહારાજ

: પ્રકાશક :

શ્રી હિતસત્ક જ્ઞાનમંદિર

Via ફાલના ઘાણેરાવ (રાજસ્થાન)

श्री शङ्खेश्वर-पार्श्वनाथाय नमः ।

શ્રી હિતવિજય-જૈન-ગ્રન્થમાલા પુષ્પ નં. ૩૨

શ્રી

# જિનેન્દ્રાગમ-વિવિધ-વિષયરૂપ-
# ગુણસંગ્રહ

[ પ્રકીર્ણ વિષયો, પ્રકરણાદિનો સાર, જ્યોતિષનો સંક્ષિપ્ત વિચાર, ચૈત્યવંદન-સ્તવન-સજ્ઝાયાદિ, આદર્શ સંવાદ તથા સોનેરી સુવાક્યો આદિનો સુંદર સંગ્રહ ]

: સંગ્રાહિકા :
પૂજ્ય સાધ્વીજી શ્રી ગુણશ્રીજી મ. ના સુશિષ્યા
સાધ્વીજી શ્રી જિતેન્દ્રશ્રીજી મહારાજ

卐

: પ્રકાશક :
શ્રી હિતસત્ક જ્ઞાનમંદિર
Via ફાલના ધાણેરાવ (રાજસ્થાન)

વીર સં. ૨૪૮૬ }
વિ. સં. ૨૦૧૬ }

{ પ્રત ૫૦૦
{ આવૃત્તિ ૧ લી

❀

મૂલ્ય : ૩=૦૦

❀

મુદ્રક : શ્રી અમરચંદ બેચરદાસ મહેતા
શ્રી બહાદુરસિંહજી પ્રીં. પ્રેસ,
પાલીતાણા (સૌરાષ્ટ્ર)



· શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન ·

श्री शंखेश्वर पार्श्वनाथाय नमः

# प्रस्तावनाना बे बोल

ऐसे तो जैन जगत में साहित्य की कोई कमी नहीं है, और आये दिन नूतन साहित्य बाहर पडता ही जा रहा है, फिर भी आजके युग में सरल एवं सुबोध भाषा में वैसे साहित्य की पूर्ण आवश्यकता है जो कि आबालवृद्ध सब के समान उपयोगी बन सकें। इस दृष्टि से यह पुस्तक महान उपयोगी सिद्ध होगी, चूंकि इस में करीब करीब सब विषयों का "गागर में सागर की भांति" समावेश करने का पूर्ण प्रयत्न विदुषी साध्वीजी श्री जितेन्द्रश्रीजीने किया है, अतः आपको साधुवाद देता हुआ मैं यह आशा करता हूं कि पाठक महोदय इस से यथेष्ट लाभ उठायेंगे।

प्रस्तुत पुस्तक के दान दाताओं को भी इस समय हार्दिक धन्यवाद देना नहीं भूल सकता।

अन्त में साध्वीजी से भी अनुरोध करूंगा कि भविष्य में भी इसी तरह के सरल साहित्य का निर्माण करते हुए जैनशासन की सेवा में अपने जीवन को लगाये रखें। यही शुभेच्छा !!!

श्री हिमाचलान्तेवासी,
मुमुक्षु भव्यानन्दविजय
व्या० साहित्यरत्न.

# પ્રકાશકીય નિવેદન

શ્રી જિનેશ્વરદેવોના શાસનમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને મોક્ષમાર્ગ બતાવેલ છે. તેમાં પણ અંતિમ આદર્શ સમ્યક્ ચારિત્ર છે. ચારિત્રમાર્ગની પુષ્ટિ માટે પૂર્વના જ્ઞાની મહાપુરુષોએ સંસ્કૃત-પ્રાકૃત-ગુજરાતી વગેરે ભાષાઓમાં પ્રકરણાદિ અનેક પ્રકારના સાહિત્યનું સર્જન કર્યું છે.

વર્તમાનકાલીન આત્માઓ સંસ્કૃત તથા પ્રાકૃતભાષાના મોટેભાગે અજાણ હોઈ, ગુજરાતી સાહિત્ય વાંચવામાં વિશેષ રસ ધરાવે છે. તેવા આત્માઓને લક્ષમાં લઈ **શ્રી જિનેન્દ્રાગમ-વિવિધ-વિષય-રૂપ-ગુણસંગ્રહ** નામનો આ ગ્રંથ પ્રસિદ્ધ કરતાં અમે અત્યંત આનંદ અનુભવીએ છીએ.

આ ગ્રંથની ઉપયોગિતા તેમાં આપેલ વિષયો ઉપરથી જ જણાશે. આ ગ્રંથને મુખ્યપણે પાંચ વિભાગમાં ગોઠવવામાં આવ્યો છે, તેનો સંક્ષિપ્ત વિષય નીચે મુજબ છે.

**પ્રકીર્ણ વસ્તુ વિષયસંગ્રહ** નામના પ્રથમ વિભાગમાં, પંચ-પરમેષ્ઠિનું વર્ણન, સમકિતના ૬૭ બોલનું સવિસ્તર સ્વરૂપ, સાધુ-સાધ્વીજીઓને ઉપયોગી આચારોનું વિશદ સ્વરૂપ, તથા અનેક પ્રકારની ઉપયોગી શાસ્ત્રીય હકીકતો જણાવવામાં આવેલ છે. [ પૃષ્ઠ ૧ થી ૭૫ ]

**પ્રકરણાદિ સારસંગ્રહ** નામના દ્વિતીય વિભાગમાં જીવવિચાર, નવતત્ત્વ, દંડક, લઘુસંગ્રહણી, બૃહત્સંગ્રહણી, ક્ષેત્રસમાસ, ચૈત્યવન્દનાદિ

ત્રણ ભાષ્ય તથા પ્રથમ અને દ્વિતીય કર્મગ્રંથના વિષયોનો **સંક્ષિપ્ત સાર** સુંદર રીતે આપવામાં આવેલ છે. [ પૃષ્ઠ ૭૭ થી ૧૯૮ ]

**જ્યોતિષ્ સંક્ષિપ્ત વિચાર** નામના તૃતીય વિભાગમાં જ્યોતિષ સંબંધી અનેક પ્રકારની ઉપયોગી માહિતી આપવામાં આવેલી છે. અને ત્યારપછી **શુકનાવલી** આપવામાં આવેલી છે. [ પૃષ્ઠ ૨૦૦ થી ૨૪૯ ]

**ચૈત્યવંદન-સ્તવન-સજ્ઝાયાદિ સંગ્રહ** નામના ચતુર્થ વિભાગમાં ઉપયોગી ચૈત્યવંદનો, સ્તુતિઓ, ઢાળો, ઢાળીયા, સ્તવનો તથા સજ્ઝાય વગેરેનો સુંદર સંગ્રહ આપવામાં આવેલ છે. [ પૃષ્ઠ ૨૫૧ થી ૩૨૪ ]

**ગૃહસ્થાશ્રમમાં જીવનકથાની નિર્મળ સીઢી** નામના પાંચમા વિભાગમાં પૂ૦ સાધ્વીજી શ્રી **જિતેન્દ્રશ્રીજી** મહારાજે બનાવેલ એક આદર્શ સંવાદ આપવામાં આવેલ છે.

આ સાથે બીજી પણ ઘણી ઉપયોગી માહિતીઓ આપવામાં આવેલ છે. જે અનુક્રમણિકા જોવાથી તેમ જ ગ્રંથનું સાદ્યંત વાંચન કરવાથી ખ્યાલમાં આવશે.

આ ગ્રંથના વિષયોનું સાદ્યંત સંયોજન તથા સંગ્રહ પૂ૦ સાધ્વીજી શ્રી **ગુણશ્રીજી** મહારાજના શિષ્યા સાધ્વીજી શ્રી **જિતેન્દ્રશ્રીજી** મહારાજશ્રીએ સતત પરિશ્રમ લઈને તૈયાર કરેલ છે. તેમજ ગ્રંથના પ્રકાશન માટે ઉપદેશ આપી નિધિ એકત્ર કરવામાં પણ તેઓશ્રીનો મહત્ત્વનો ફાળો છે. તેથી આ તકે પૂ૦ સાધ્વીજી મહારાજશ્રીનો અંતઃકરણથી આભાર માનીએ છીએ.

આ પુસ્તકના પ્રકાશનમાં જે જે દાતાઓએ સહાય કરી છે તેનું લીસ્ટ આ પુસ્તકમાં અન્યત્ર આપવામાં આવેલ છે. જો તેઓનો સહકાર ન મળ્યો હોત તો આવો મહાન ગ્રંથ પ્રસિદ્ધ કરવો શક્ય ન બનત. આ અંગે તે તે દાતાઓના અમે ઋણી છીએ.

આ પુસ્તક અંગે વારંવાર ઉપયોગી સૂચનો આપવા તથા પ્રસ્તાવનાના બે બોલ લખી આપવા બદલ પૂ૦ સાહિત્યસેવી મુનિરાજ શ્રી **ભવ્યાનંદવિજયજી** મહારાજ સાહેબના ઉપકારને કેમ ભૂલીએ ?

આ પુસ્તકના મુદ્રણકાર્યમાં સતતપણે કાળજી રાખી, સુંદર રૂપમાં પ્રકાશન કરી આપવા બદલ શ્રી **બહાદુરસિંહજી પ્રી. પ્રેસના** માલીક શ્રી **અમરચંદ બેચરદાસ મહેતાનો** તથા મેનેજર શ્રી **ભાનુભાઇ નાનચંદ મહેતાનો** પણ આ સ્થળે આભાર માનીએ છીએ.

આ પુસ્તકના મૂળ મેટરને શુદ્ધ કરી પ્રેસકોપી કરી આદિથી અંતસુધી પ્રૂફ તપાસી શુદ્ધ પ્રકાશન કરી આપવા બદલ **કપુરચંદ આર. વારૈયાના** સહકારને પણ કેમ ભૂલી શકીએ ?

આ પુસ્તકના પ્રકાશનમાં જે જે મહાનુભાવોએ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહકાર આપ્યો હોય, તે સર્વના અમે આભારી છીએ.

અંતમાં દૃષ્ટિદોષથી કે પ્રેસદોષથી કોઇ અશુદ્ધિ રહી જવા પામી હોય કે શ્રી જિન-વચનથી વિરુદ્ધ કાંઇપણ આવી જવા પામ્યું હોય તો તેનું મન-વચન-કાયાથી મિથ્યાદુષ્કૃત આપીયે છીએ. તેમજ સુજ્ઞ વાચકોને વિનતિ કરીએ છીએ કે જે કોઇ મહત્ત્વની ભૂલો લાગે તે અમને સૂચવે કે જેથી બીજી આવૃત્તિમાં સુધારો થઇ શકે.

વાચકો આ ગ્રંથનો પઠન-પાઠન દ્વારા વધુ ને વધુ લાભ ઉઠાવી આત્મકલ્યાણમાં આગળ વધો એજ એક મનોભાવના.

સં. ૨૦૧૬ }<br>**ભાદ્રપદ પૂર્ણિમા** }

લિ૦<br>**પ્રકાશક**

# વિષયાનુક્રમ


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| **વિભાગ ૧ લો.** | |
| **પ્રકીર્ણ વસ્તુ વિષય સંગ્રહ** | |
| **પૃષ્ઠ ૧ થી ૭૫** | |
| મંગલાચરણ | ૧ |
| પંચપરમેષ્ઠિના નામ, ગુણ તથા વર્ણન | ૩ થી ૯ |
| દશ પ્રકારની સમાચારી | ૯ |
| નવપદજીનાં નામ, ગુણ અને વર્ણ | ૧૦ |
| સમકિતના ૬૭ બોલનું સ્વરૂપ | ૧૧ થી ૧૯ |
| પાંચ મહાવ્રતનાં નામ | ૧૯ |
| પાંચ મહાવ્રતનાં ૨૫૨ ભાંગા | ૨૦ થી ૨૨ |
| પાંચ મહાવ્રતની ૨૫ ભાવના | ૨૨ |
| પાંચ આચાર | ૨૩ |
| બ્રહ્મચર્યની નવ વાડો | ૨૩ |
| અષ્ટ પ્રવચન માતા | ૨૪ |
| ૫૨ અનાચારો | ૨૫ થી ૨૮ |
| સાધુની સાત પ્રકારની માંડલી | ૨૯ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ચરણસિત્તરી તથા કરણસિત્તરી | ૨૯ |
| ગોચરીના ૪૭ દોષો | ૩૦ થી ૩૫ |
| અઢાર હજાર શીલાંગ રથ | ૩૫ |
| શીલાંગ રથ | ૩૭ |
| સાધ્વીજીના ઉપકરણ કેટલા ? | ૩૮ |
| સાત પ્રકારની ગોચરીની રીત | ૩૯ |
| સાધુ છકાયની રક્ષા કરે તેનાં નામ | ૩૯ |
| સાધુ નવકોટી આહાર લે તેની સમજ | ૪૦ |
| પાંચ પ્રમાદ (સવિસ્તર) | ૪૦ |
| પાંચ ઇંદ્રિયોના ૨૫૨ વિકારો | ૪૧ થી ૪૨ |
| પાંચ મેરુનાં નામો | ૪૩ |
| પાંચ ઇંદ્રિયોનો વિષય | ૪૩ |
| આઠ આત્માનાં નામ | ૪૪ |
| ૧૭૦ તીર્થંકરોનો વિચાર | ૪૪ |
| ચાર શાશ્વત તીર્થંકર | ૪૭ |
| સહસ્રકૂટમાં ૧૦૨૪ પ્રતિમા | ૪૭ |
| મૌનએકાદશીના ૧૫૦ કલ્યાણક | ૪૭ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| એકાદશીના ૩૦૦ કલ્યાણકો | ૪૮ |
| ૫૦૦ કલ્યાણકો | ૪૮ |
| શાશ્વતી આયંબીલની ઓળીનું ૧૩૦૦૦ ગણણું | ૪૯ |
| ત્રેસઠ શલાકા પુરુષો | ૪૯ |
| ત્રેસઠ શલાકા પુરુષના માતા–પિતા જીવ વગેરે | ૫૦ |
| ત્રેસઠ શલાકા પુરુષોની ગતિ | ૫૧ |
| તીર્થંકરોના માતાપિતાની ગતિ | ૫૨ |
| તપચિંતવણીનો કાઉસ્સગ્ગ | ૫૨ |
| યોગની આઠ દૃષ્ટિ | ૫૪ થી ૫૯ |
| ૪૫ આગમો | ૫૯ |
| દશ વસ્તુ અનંતી | ૬૧ |
| અઢાર ભાર વનસ્પતિ | ૬૧ |
| અઢાર દોષોના નામો | ૬૨ |
| ૨૫૦ અભિષેક | ૬૨ |
| ચાર અનુયોગ | ૬૩ |
| ૭ દર્શનોનાં નામ | ૬૩ |
| પાંચ પ્રકારનાં દાન | ૬૩ |
| દાનનાં પાંચ ભૂષણો | ૬૪ |
| દાનનાં પાંચ દૂષણો | ૬૪ |
| સાત ભયોનાં નામ | ૬૪ |
| પાંચ પ્રકારની ક્રિયાનાં નામ | ૬૫ |
| એક રાજનું પ્રમાણ | ૬૫ |
| કયા જીવનું કેટલું ઝેર હોય? | ૬૫ |
| સમજવા લાયક વસ્તુ | ૬૫ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| સાત નયોનો વિચાર | ૬૬ |
| ૨૪ તીર્થંકરોનાં માત–પિતાદિનો કોઠો | ૬૮ |
| જિનેશ્વર દેવોનું બળ કેટલું | ૭૦ |
| માર્ગાનુસારી જીવના ૩૫ ગુણ | ૭૦ થી ૭૩ |
| દશ પ્રકારના કલ્પવૃક્ષો | ૭૪ |
| ચાર પ્રકારનાં મેઘ | ૭૪ |
| લાખ યોજનની ચાર વસ્તુ | ૭૫ |
| ૪૫ લાખ યોજનની ચાર વસ્તુ | ૭૫ |


## વિભાગ ૨ જો.


**પ્રકરણાદિ સાર સંગ્રહ પૃષ્ઠ ૭૭ થી ૧૯૮**

**જીવવિચાર સાર સંગ્રહ** ૭૭ થી ૮૫

**નવતત્ત્વ સંક્ષિપ્ત વિચાર** ૮૬ થી ૯૮

**દંડક પ્રકરણ તથા બૃહત્સંગ્રહણીનો સંક્ષિપ્ત વિચાર** ૯૯ થી ૧૧૮

**લઘુસંગ્રહણી તથા ક્ષેત્રસમાસ વિચાર** ૧૧૮ થી ૧૩૬

**ચૈત્યવંદન ભાષ્ય વિચાર** ૧૩૬ થી ૧૪૮

**ગુરુવંદન ભાષ્ય વિચાર** ૧૪૮ થી ૧૫૩

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| **પ્રત્યાખ્યાન ભાષ્ય વિચાર** | ૧૫૩ થી ૧૬૧ |
| નમસ્કાર મંત્ર સ્મરણથી બંધાતું દેવાયુષ્ય | ૧૬૧ |
| પ્રતિક્રમણ કાયોત્સર્ગનું પ્રમાણ | ૧૬૧ |
| સામાયિકનાં ૩૨ દોષો | ૧૬૩ |
| ૭ આવશ્યક ક્યાંથી ક્યાં સુધી ? | ૧૬૪ |
| પચ્ચક્ખાણના સમયનો કોઠો | ૧૬૫ |
| જ્ઞેય વસ્તુઓ-આચાર શુદ્ધિ | ૧૬૬ |
| **પ્રથમ કર્મગ્રંથ સાર સંગ્રહ** | ૧૬૬ થી ૧૭૮ |
| **દ્વિતીય કર્મગ્રંથ વિચાર** | ૧૭૯ થી ૧૯૩ |
| બંધયંત્ર | ૧૯૪ |
| ઉદયયંત્ર | ૧૯૫ |
| સત્તા યંત્ર | ૧૯૬-૧૯૭ |
| ઉદીરણા યંત્ર | ૧૯૮ |

## વિભાગ ૩ જો.

| | |
|---|---|
| **જ્યોતિષ સંક્ષિપ્ત વિચાર** | ૨૦૦ થી ૨૪૧ |
| **શુકનાવલી** | ૨૪૨ થી ૨૪૯ |

## વિભાગ ૪ થો.

| | |
|---|---|
| **ચૈત્યવંદન-સ્તવન-સજ્ઝાયાદિ સંગ્રહ** | ૨૫૧ થી ૩૨૪ |
| જિનેશ્વર પ્રભુ સન્મુખ બોલવાના શ્લોકો | ૨૫૧ થી ૨૫૨ |
| **ચૈત્યવંદન સંગ્રહ** | ૨૫૩ થી ૨૬૦ |
| **સ્તુતિઓ** | ૨૬૦ થી ૨૬૭ |
| **શ્રીપાળ મહારાજાની ઢાળો** | ૨૬૭ થી ૨૮૦ |
| મહાવીર સ્વામિનું હાલરીઉં | ૨૮૦ |
| **સ્તવનો** | ૨૮૩ થી ૩૦૮ |
| **સજ્ઝાય સંગ્રહ** | ૩૦૯ થી ૩૨૪ |

## વિભાગ ૫ મો.

| | |
|---|---|
| ગૃહસ્થાશ્રમમાં જીવન કથાની નિર્મળ સીડી [ એક આદર્શ સંવાદ ] | ૩૨૫ થી ૩૪૮ |
| સોનેરી સુવાક્યો | ૩૪૮ થી ૩૫૦ |
| અનાગત ચોવીશીના નામો વિગેરે | ૩૫૧ |
| ૨૪ તીર્થંકરોનાં માતા-પિતાના નામો વગેરે | ૩૫૨ |

# શુદ્ધિપત્રક

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૬૨ | ૫ | ૫૦ | ૧૦૦ |
| ૧૬૨ | ૫ | ( બે લોગસ્સ ) | ( ચાર લોગસ્સ ) |
| ૨૬૬ | ૬ | વિંધ્યાચલ | વિદ્યાધર |
| ૨૭૦ | ૮ | સદા લો | સઘલો |
| ૨૭૭ | ૧૩ | દૂર ; | દૂર રે; |
| ૨૯૯ | ૧૮ | નાવા | થાવા |
| ૩૧૪ | ૨૪ | ભગ | જાક |
| ૩૧૪ | ૨૪ | ન ભાગ | ભાગ |
| ૩૧૯ | ૧૬ | જે દેખી ભુલી | તે દેખી ભુલી |
| ૩૯ | ૧૬ | (૮) | (૮) પાયપુંછણક |
| ૭૯ | ૨૦ | પ્રત્યેક વનસ્પતિકાય ૭ લાખ | પ્રત્યેક વનસ્પતિકાય ૧૦ લાખ |

## આ પુસ્તકના પ્રકાશનમાં જે જે મહાનુભાવોએ સહાય આપી છે તેમના શુભ નામોની યાદી.

---

| રકમ | નામ | ગામ |
|---|---|---|
| ૫૦૧) | શ્રી કચ્છી ઓશવાલ શ્રી સંઘ | થાણા |
| ૪૦૧) | વોરા સાકરચંદ સોમચંદ જૈન ઘર દેરાસર શ્રી સંઘ | સતના |
| ૨૦૧) | શ્રી જૈન યુવક મંડળ | અમરાવતી |
| ૧૦૧) | શ્રી કોટ બજાર જૈન ઉપાશ્રયના શ્રાવિકા બેનો | મુંબઈ |
| ૧૧) | મંછાબેન | મુંબઈ |
| ૧૧) | રમલીબેન | સતના |
| ૧૧) | હુલ્લાસીબેન | કલકત્તા |
| ૫) | નાથીબેન | સતના |
| ૫) | મંછાબેન | ,, |
| ૫) | ચંચળબેન | ,, |
| ૫) | રતનબેન | ,, |
| ૫) | સુરજબેન | ,, |
| ૫) | ભચીબેન | ,, |
| ૫) | કુસુમબેન | મુંબઈ |
| ૫) | ચંપાબેન | ,, |
| ૫) | માનકુંવરબેન | ,, |

# શ્રી

# જિનેન્દ્રાગમ-વિવિધ-વિષયરૂપ-

# ગુણસંગ્રહ



શ્રી નાકોડા તીર્થરક્ષક : પ્રત્યક્ષ ભૈરવ

# શ્રી

# જિનેન્દ્રાગમ-વિવિધ-વિષયરૂપ-
# ગુણ-સંગ્રહ

## વિભાગ ૧ લો.

## પ્રકીર્ણ-વસ્તુ-વિષય-સંગ્રહ

# મંગલાચરણ

नमो अरिहंताणं ।

नमो सिद्धाणं ।

नमो आयरियाणं ।

नमो उवज्झायाणं ।

नमो लोए सव्वसाहूणं ।

एसो पंच-नमुक्कारो ।

सव्व-पाव-प्पणासणो ।

मंगलाणं च सव्वेसिं ।

पढमं हवइ मंगलं ॥

# પંચ પરમેષ્ઠિના નામ, ગુણ તથા વર્ણન

૧ અરિહંત, ૨ સિદ્ધ, ૩ આચાર્ય, ૪ ઉપાધ્યાય અને ૫ સાધુ આ પંચ પરમેષ્ઠિ છે.

## અરિહંતના બાર ગુણ છે, તે આ પ્રમાણે—

अशोकवृक्षः सुरपुष्पवृष्टि-र्दिव्यध्वनिश्चामरमासनं च ।
भामण्डलं दुन्दुभिरातपत्रं सत्प्रातिहार्याणि जिनेश्वराणाम् ॥

(૧) **અશોકવૃક્ષ:**—જ્યાં ભગવાન સમવસર્યા હોય, ત્યાં પ્રભુના દેહથી બારગણું અશોકવૃક્ષ=આસોપાલવનું ઝાડ દેવતાઓ રચે, તેની પાસે બેસીને પ્રભુ દેશના આપે. અશોકવૃક્ષ શોકને દૂર કરે.

(૨) **સુરપુષ્પવૃષ્ટિ:**—ભગવાન એક યોજન સમવસરણની પૃથ્વી ઉપર જલ અને સ્થલમાં નિપજેલા સુગંધીદાર પંચવર્ણના સચિત્ત ફૂલોની વૃષ્ટિ દેવતાઓ ઢીંચણ પ્રમાણ કરે.

(૩) **દિવ્યધ્વનિ:**—દેવતાઓ ભગવંતની વાણીમાં માલકોશ રાગ, વીણા, વાંસળી આદિકના સ્વરો પૂરે.

(૪) **ચામર**—દેવો રત્ને જડિત સોનાની દાંડીવાળા ધોળા ચાર જોડી ચામરો સમવસરણ મધ્યે ભગવંતને વીંજે છે.

(૫) **આસન**=સિંહાસન. ભગવંતને બેસવા સારૂ રત્નજડિત સુવર્ણમય સિંહાસન દેવતાઓ રચે છે.

(૬) **ભામંડલ**—ભગવંતના મસ્તકની પાછળ શરદઋતુના સૂર્યના કિરણ જેવા આકરા તેજવાળું ભામંડલ=કાંતિનું મંડલ દેવતાઓ રચે છે. તે ન હોય તો ભગવાનના મુખ સામું જોઇ શકાય નહિ.

(૭) **દુન્દુભિ**—દેવતાઓ આકાશમાં દેવદુંદુભિ વગેરે ક્રોડો ગમે વાજિંત્રો વગાડે છે. તેથી જાણે તેઓ એમ કહેતા ન હોય કે ભવ્યો! પ્રમાદને દૂર કરીને મુક્તિપુરીના સાર્થવાહ સમાન આ ભગવાનને તમે સેવો.

(૮) **છત્ર**—ભગવાનના મસ્તક ઉપર ઉપરાઉપરી શરદપુનમના ચંદ્ર જેવા, મોતીની માલાઓથી વિભૂષિત ત્રણ શ્વેત છત્રો દેવતાઓ ધરે. સમવસરણની નિશ્રાએ બાર છત્ર ધરે. તે જાણે એમ ન કહેતા હોય કે ત્રણ ભુવનના પરમેશ્વર એવા ભગવંતને સેવો!

એ રીતે આઠ પ્રાતિહાર્યના આઠ ગુણ થયા.

(૯) **અપાયાપગમાતિશય**—અપાય એટલે ઉપદ્રવ. તેનો અપગમ એટલે નાશ. જ્યાં ભગવંત વિચરતા હોય ત્યાં દરેક દિશાએ પચીસ-પચીસ યોજન, ઉપર અને નીચે સાડાબાર-સાડાબાર યોજન મળી સવાસો યોજનમાં પ્રાયઃ રોગ, મરકી, વૈર, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, દુષ્કાળ આદિ થાય નહિ.

(૧૦) **જ્ઞાનાતિશય**—ભગવાન કેવળજ્ઞાન-કેવળદર્શને કરી સર્વ લોકાલોકના ત્રણેય કાળના સર્વ ભાવો જાણે દેખે છે. એમનાથી કાંઇ છાનું નથી.

(૧૧) **પૂજાતિશય**—ભગવાનને બળદેવ, વાસુદેવ, ચક્રવર્તિ તથા ચાર નિકાયના દેવો=ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવતાઓ, તથા તેમના ઇંદ્રો વગેરે જગત્ત્રયવાસી ભવ્યજીવો તેમની સેવા કરે છે.

(૧૨) **વચનાતિશય**—ભગવંતની વાણી સંસ્કારાદિક

ગુણોએ સહિત હોવાથી દેવ, મનુષ્ય અને તિર્યંચ પોતપોતાની ભાષામાં સમજી શકે છે. તે વિષે એક ભિલ્લનું દૃષ્ટાંત કહે છે—

કોઇ એક ભિલ્લ પોતાની ત્રણ સ્ત્રીઓ સાથે એક દિવસ વનમાં જતો હતો. તે વખતે પહેલી સ્ત્રીએ કહ્યું: ' મને ભૂખ લાગી છે હરણી લાવી આપો....' બીજી સ્ત્રીએ કહ્યું, કે–' મને તરસ લાગી છે તો પાણી લાવી આપો....' ત્રીજી સ્ત્રીએ કહ્યું કે–' મને કાંઇ સારૂં ગીત સંભળાવો '.

આ ત્રણેના ઉત્તર તે ભીલે એક જવાબથી વાળ્યા કે–"सरो नत्थि" એથી પહેલી સ્ત્રી સમજી ગઇ, કે–' ( शरो नास्ति ) તીર નથી તો હરણને મારીને શી રીતે લાવે ?' બીજી સ્ત્રી સમજી ગઇ, કે–' ( सरो नास्ति ) સરોવર નથી તો પાણી કેમ લાવી આપે ?' ત્રીજી સ્ત્રી સમજી ગઇ કે–' ( स्वरो नास्ति ) સ્વર નથી–રાગ નથી તો સારૂં ગીત કેમ કરી સંભળાવે ?'

આ રીતે એક જ જવાબથી ત્રણે સ્ત્રીઓ સમજી ગઈ, તેમ ભગવંતની વાણી સર્વે પોત–પોતાની ભાષામાં સમજી જાય. એ તેમનો ચોથો અતિશય થયો.

આ રીતે ૮ પ્રાતિહાર્ય અને ૪ અતિશય મળી અરિહંતના બાર ગુણ થાય છે.

## સિદ્ધભગવંતના આઠ ગુણો

અષ્ટકર્મનો ક્ષય કરવાથી સિદ્ધભગવંતના આઠ ગુણો થાય છે, તે નીચે પ્રમાણે—

(૧) **જ્ઞાનગુણ**—જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થવાથી કેવળજ્ઞાને કરી, સિદ્ધભગવંત લોકાલોકના સમગ્ર સ્વરૂપો સમકાળે સમસ્ત પ્રકારે જાણે છે.

(૨) **દર્શનગુણ**—દર્શનાવરણીય કર્મનો ક્ષય થવાથી કેવળદર્શન પ્રાપ્ત થવાથી સિદ્ધ ભગવાન લોકાલોકના સમગ્ર ભાવોને સમકાળે સમસ્ત પ્રકારે દેખે છે.

(૩) **અવ્યાબાધસુખ**—વેદનીય કર્મનો સર્વથા ક્ષય થવાથી સર્વ પ્રકારની પીડારહિત નિરુપાધિકપણું પ્રાપ્ત થાય છે.

(૪) **અનંતચારિત્ર**—મોહનીય કર્મનો ક્ષય થવાથી આ ગુણ પ્રાપ્ત થાય છે. તેમાં ક્ષાયિક સમ્યક્ત્વ અને યથાખ્યાત ચારિત્રનો સમાવેશ થાય છે. તેથી સિદ્ધભગવંતો આત્મસ્વભાવમાં સદા અવસ્થિત રહે છે. તે જ ત્યાં ચારિત્ર છે.

(૫) **અક્ષયસ્થિતિ**—આયુષ્યકર્મનો ક્ષય થવાથી નાશ ન થાય એવી અનંત સ્થિતિ પ્રાપ્ત થાય છે. એક સિદ્ધની અપેક્ષાએ સિદ્ધની સ્થિતિની આદિ છે પણ અંત નથી. તેથી તેઓની ' સાદિ અનંત સ્થિતિ ' કહેવાય છે.

(૬) **અરૂપીપણું**—નામકર્મનો ક્ષય થવાથી વર્ણ, ગંધ, રસ અને સ્પર્શથી રહિત થાય છે. કેમકે શરીર હોય તો વર્ણાદિક હોય છે. પણ સિદ્ધ ભગવંતોને શરીર નથી તેથી તેઓને અરૂપીપણું પ્રાપ્ત થાય છે.

(૭) **અગુરુલઘુ**—ગોત્રકર્મનો ક્ષય થવાથી આ ગુણ પ્રાપ્ત થાય છે. તેથી ભારે, હળવો અથવા ઉંચ-નીચપણાનો વ્યવહાર રહેતો નથી.

(૮) **અનંતવીર્ય**—અંતરાય કર્મનો ક્ષય થવાથી અનંત દાન, અનંત લાભ, અનંત ભોગ, અનંત ઉપભોગ અને અનંત વીર્ય ગુણ પ્રગટ થાય છે, એટલે કે સમગ્ર લોકને અલોકમાં સ્થાપી શકે, તેટલી શક્તિ સિદ્ધ ભગવંતોમાં હોય

છે. છતાં સિદ્ધ ભગવંતોએ કદી પણ તેવું વીર્ય ફોરવ્યું નથી અને ફોરવશે પણ નહી. કેમકે તેમને પુદ્‌ગલની સાથે કાંઈ પણ સંબંધ નથી. આ અનંત વીર્યના ગુણથી પોતે આત્મિક ગુણોને જે રૂપે છે, તે રૂપે જ ધારી રાખે છે. ફેરફાર થવા દેતા નથી.

## આચાર્ય ભગવંતના ૩૬ ગુણો

पंचिंदिय-संवरणो, तह नवविह-बंभचेर-गुत्ति-धरो ।
चउविह-कसाय-मुक्को, इअ अट्ठारस-गुणेहिं संजुत्तो ॥ १ ॥
पंच-महव्वय-जुत्तो, पंच-विहायार-पालण-समत्थो ।
पंच-समिओ ति-गुत्तो, छत्तीस-गुणो गुरू मज्झ ॥ २ ॥

| | |
|---|---|
| પાંચ ઇન્દ્રિયોના વિષયવિકારોને રોકનાર- | ૫ |
| નવ પ્રકારની બ્રહ્મચર્યવ્રતની વાડોને ધારણ કરનાર- | ૯ |
| ચાર પ્રકારના કષાયથી મુકાયેલા- | ૪ |
| પાંચ મહાવ્રતોએ કરીને યુક્ત- | ૫ |
| પાંચ પ્રકારના આચાર પાળવાને સમર્થ- | ૫ |
| પાંચ સમિતિએ સમિતિવાળા- | ૫ |
| ત્રણ ગુપ્તિએ કરીને ગુપ્ત- | ૩ |
| | ૩૬ |

આ રીતે છત્રીશ ગુણવાળા મારા ગુરુ છે.

## ઉપાધ્યાય ભગવંતના ૨૫ ગુણો

(૧) આચારાંગ (૨) સૂત્રકૃતાંગ (૩) સ્થાનાંગ (૪) સમવાયાંગ (૫) ભગવતી (૬) જ્ઞાતાધર્મ કથા (૭) ઉપાસકદશાંગ (૮) અનુત્તરૌપપાતિક (૯) પ્રશ્ન વ્યાકરણ (૧૦) અંતકૃદ્દશાંગ અને (૧૧) વિપાક એ અગ્યાર અંગ.

તથા (૧) ઔપપાતિક (૨) રાજપ્રશ્નીય (૩) જીવાભિગમ (૪) પ્રજ્ઞાપના (૫) જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ (૬) ચંદ્ર પ્રજ્ઞપ્તિ (૭) સૂર્ય પ્રજ્ઞપ્તિ (૮) કપ્પિઆ (૯) કપ્પવડિંસિઆ (૧૦) પુપ્ફિઆ (૧૧) પુપ્ફચૂલિઆ (૧૨) વહ્નિદશા એ બાર ઉપાંગ.

એ ૧૧ અંગ અને ૧૨ ઉપાંગને ભણે-ભણાવે તે ત્રેવીશ ગુણ થયા.

તથા *ચરણ સિત્તરી અને કરણ સીત્તરી તેનું પાલન કરે એ રીતે કુલ ૨૫ ગુણો ઉપાધ્યાય ભગવંતના જાણવા.

## સાધુ ભગવંતના ૨૭ ગુણો

મોક્ષમાર્ગ સાધવાનો યત્ન કરે તે સાધુ. તેમના ૨૭ ગુણો આ પ્રમાણેઃ—

छवय-छकायरक्खा-पंचिंदिय-लोहनिग्गहो खंती ।
भावविसोहि पडिलेहणा य करणं विसुद्धि य ॥ १ ॥
संजम-झाण-जुत्तो अकुसल-मण-वय-काय-संरोहो ।
सीयाइ-पीड-सहणं मरणं उवसग्ग-सहणं च ॥ २ ॥

(૧) સર્વતઃ પ્રાણાતિપાત વિરમણ, (૨) સર્વતઃ મૃષાવાદ વિરમણ (૩) સર્વતઃ અદત્તાદાન વિરમણ (૪) સર્વતઃ મૈથુન વિરમણ (૫) સર્વતઃ પરિગ્રહ વિરમણ. એ પાંચ મહાવ્રત તથા રાત્રિભોજન વિરમણ વ્રત એ છ વ્રતરૂપ છ ગુણ.

તથા (૧) પૃથ્વીકાય (૨) અપ્કાય (૩) તેઉકાય (૪)

* ચરણ સિત્તરી અને કરણ સિત્તરીનું સ્વરૂપ આગળ આપવામાં આવશે.

વાયુકાય (૫) વનસ્પતિકાય અને (૬) ત્રસકાય એ છ કાયની રક્ષા કરે તે છ ગુણ હોવાથી ૬+૬=૧૨ બાર ગુણ થયા.

પાંચ ઇન્દ્રિયોનો નિગ્રહ કરે તેથી એ પાંચ ગુણો યુક્ત કરતાં ૧૨+૫=૧૭ ગુણ થયા.

તથા (૧૮) લોભ નિગ્રહ (૧૯) ક્ષમા (૨૦) ચિત્તની પ્રસન્નતા (૨૧) શુદ્ધ રીતે વસ્ત્રાદિકનું પડિલેહણ (૨૨) સંયમયોગમાં પ્રવૃત્તિ એટલે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું પાલન, તથા નિદ્રા, વિકથા અને અવિવેકનો ત્યાગ (૨૩) અકુશળ મનનો નિરોધ (૨૪) અકુશળ વચનનો નિરોધ અને (૨૫) અકુશળ કાયાનો નિરોધ (૨૬) શીતાદિક પરિષહો સહન કરવા અને (૨૭) મરણાદિ ઉપસર્ગો સહન કરવા.

એ પ્રમાણે સાધુ ભગવંતના ૨૭ ગુણો સમજવા.

## દશ પ્રકારની સમાચારી

૧ નિસિહી એટલે ત્યાગ. સાવદ્ય વ્યાપાર અગર પાપાચરણનો ત્યાગ તે **નૈષેધિકી.**

૨ આવસ્સહી એટલે અવશ્ય કરવા યોગ્ય ક્રિયા. આવશ્યકાદિ અવશ્ય કરવું તે **આવશ્યિકા.**

૩ ગુરુ આદિ વડીલોની ઇચ્છા જાણવી તે **ઇચ્છાકાર.**

૪ જે કાંઇ પાપ-દોષ થયા હોય તેનો मिच्छा मि दुक्कडं આપવો તે **મિથ્યાકાર.**

૫ ગુરુ આદિ વડીલોના વચન પ્રમાણે કરવું તે **તહત્તિ** ( તથાકાર ).

૬ વિનયપૂર્વક વડીલોને પૂછવું તે **પૃચ્છના.**

૭ વારંવાર પૂછવું તે **પ્રતિપૃચ્છના.**

૮ ગુરુ આદિનો વિનય સાચવવો તે **અભ્યુત્થાન**×

૯ ગુરુ આદિને ગોચરી આદિની નિમંત્રણા કરવી તે **નિમંત્રણા.**

૧૦ સ્વ-સમુદાયમાંથી જ્ઞાન આદિ મેળવવા માટે પર-સમુદાયમાં જવું તે **ઉપસંપદા.**

## શ્રી નવપદજીનાં નામ ગુણ અને વર્ણ

| નંબર | નવપદજીનાં નામ | ગુણ સંખ્યા | વર્ણ |
|---|---|---|---|
| ૧ | **અરિહંતપદ** | ૧૨ | **સફેદ** |
| ૨ | **સિદ્ધપદ** | ૮ | **લાલ** |
| ૩ | **આચાર્યપદ** | ૩૬ | **પીળો** |
| ૪ | **ઉપાધ્યાયપદ** | ૨૫ | **લીલો** |
| ૫ | **સાધુપદ** | ૨૭ | **કાળો** |
| ૬ | **દર્શનપદ** | ૬૭ | **સફેદ** |
| ૭ | **જ્ઞાનપદ** | ૫૧ | ,, |
| ૮ | **ચારિત્રપદ** | ૭૦ | ,, |
| ૯ | **તપપદ** | ૫૦ | ,, |

× અન્ય સ્થળે **અભ્યુત્થાન**ને બદલે **છન્દના** આપેલ છે. તેનો અર્થ લાવેલ આહારમાંથી સાધુઓને લેવા માટે વિનંતિ કરવી.

# સમકિતના ૬૭ બોલ

ચઉ સદ્દહણા તિ લિંગ છે, દશવિધ વિનય વિચારો રે;
ત્રણ શુદ્ધિ પણ દૂષણ, આઠ પ્રભાવક ધારો રે. ૧
પ્રભાવક અડ પંચ ભૂષણ, પંચ લક્ષણ જાણીયે;
ષટ્ જયણ ષટ આગાર ભાવના, છવ્વિહા મન આણીયે. ૨
ષટ ઠાણ સમકિત તણા સડસઠ, ભેદ એહ ઉદાર એ;
એહનો તત્ત્વ વિચાર કરતાં, લહીજે ભવપાર એ. ૩

[ ઉપા૦ શ્રી યશોવિજયજી કૃત સમકિત સ્વાધ્યાય ]

૪ સદ્દહણા, ૩ લિંગ, ૧૦ પ્રકારે વિનય, ૩ શુદ્ધિ, ૫ દૂષણ, ૮ પ્રભાવક, ૫ ભૂષણ, ૫ લક્ષણ, ૬ જયણા, ૬ આગાર, ૬ ભાવના, ૬ સ્થાન, એ પ્રમાણે સમ્યક્ત્વના ૬૭ બોલ થાય છે.

## ૪ સદ્દહણા [ સદ્દહણા એટલે શ્રદ્ધા ]

**૧ લી સદ્દહણા:** જૈન શાસ્ત્રોક્ત જીવ-અજીવ આદિ નવ-તત્ત્વોનો અર્થ વિચારી શ્રદ્ધા કરવી તે.

**૨ જી સદ્દહણા:** નવ-તત્ત્વના જાણ, ગુણવંત, સંવેગી, માર્ગના પ્રરૂપક એવા ગુરુમહારાજની સેવા કરવી.

**૩ જી સદ્દહણા:** (૧) નિહ્નવ એટલે જિનમતના ઉત્થાપક અને સ્વમતના સ્થાપક (૨) યથાછંદ એટલે સ્વ-ઇચ્છાયે ચાલનારા. (૩) પાર્શ્વસ્થ એટલે નિયતસ્થાનવાસી, (૪) કુશીલીયા એટલે સદાચાર રહિત, (૫) વેષને લજવનારા, (૬) મંદ આચારવાળા, (૭) અજ્ઞાની. એવાઓને ત્યાગ કરવો તે.

**૪ થી સદ્દહણા:** અન્યદર્શનીનો સંગ ત્યાગ કરવો તે.

## ત્રણ લિંગ

સમકિતને જેણે કરીને ઓળખીએ એવા ચિહ્ન તે લિંગ કહેવાય. તે ત્રણ ભેદે છે-(૧) શ્રુત અભિલાષ, (૨) ઇચ્છા, (૩) વૈયાવચ્ચ.

**પહેલું લિંગ-શ્રુતઅભિલાષ:**-એટલે જેમ માણસ નીરોગી હોય, સંપૂર્ણ સુખી હોય, અને સુલક્ષણી સ્ત્રીની સાથે આનંદથી પંચેન્દ્રિયનાં સુખ ભોગવતો દેવતા સંબંધી ગીતને જેવા રાગથી સાંભળે તેથી અધિક રાગે ધર્મ સાંભળવાની ઇચ્છા રાખે તે શ્રુતઅભિલાષ.

**બીજું લિંગ-ઇચ્છા**—જેમ ક્ષુધાએ કરી પીડિત બ્રાહ્મણ વિકટ જંગલ ઓળંગીને આવેલ હોય, તેને સુંદર ઘેબર દેખીને જેમ ખાવાની તીવ્ર ઇચ્છા થાય, તેમ ધર્મને ઇચ્છે તે બીજું લિંગ.

**ત્રીજું લિંગ-વૈયાવચ્ચ:** જેમ વિદ્યાસાધક વિદ્યા સિદ્ધ કરવામાં એક ચિત્ત લગાવે, તેમ દેવ અને ગુરુની વૈયાવચ્ચ કરવામાં એક ચિત્તે રહે. ગુરુ આજ્ઞાનું અખંડિતપણે પાલન કરે.

## ૧૦ પ્રકારનો વિનય

(૧) અરિહંત. (૨) સિદ્ધ. (૩) જિનપ્રતિમા અને જિનમંદિર. (૪) જૈનસૂત્ર-સિદ્ધાંતરૂપ શાસ્ત્ર. (૫) દશ પ્રકારનો મુનિધર્મ. (૬) તે ધર્મ પાલનારા સાધુ મહારાજ. (૭) આચાર્ય મહારાજા. (૮) ઉપાધ્યાય મહારાજા. (૯) ચતુર્વિધ સંઘ (૧૦) સમકિત એટલે સમકિતવંત લોકો અને તેને ખીલવવાના સાધનો આ દશનો વિનય નીચેની પાંચ રીતે થાય છે.

(૧) ભક્તિ. (૨) હૃદયનો પ્રેમ. (૩) ગુણોની સ્તુતિ. (૪) હેલનાનો ત્યાગ અને (૫) આશાતનાનો ત્યાગ કરવો તે.

## ૩ શુદ્ધિ

સમકિતને નિર્મળ કરે તે શુદ્ધિ કહીએ. તે ત્રણ પ્રકારે છે. ૧ મનશુદ્ધિ, ૨ વચનશુદ્ધિ અને ૩ કાયશુદ્ધિ.

**૧ લી મનશુદ્ધિ**-શ્રી વીતરાગ ભગવંતે કહેલ તત્ત્વ તે જ સત્ય છે, બીજું જુઠું છે એવી બુદ્ધિ તે મનશુદ્ધિ.

**૨ જી વચનશુદ્ધિ**—વીતરાગદેવની ભક્તિ કરવાથી જે કામ ન થાય તે બીજા દેવોની ભક્તિ કરવાથી શી રીતે થાય? એમ બોલવું તે વચનશુદ્ધિ.

**૩ જી કાયશુદ્ધિ:** શ્રી વીતરાગ સિવાય અન્ય દેવને કાયાથી ન નમે.

## પાંચ દૂષણો

સમ્યક્ત્વમાં અતિચાર આદિ દોષો જેનાથી લાગે તે દૂષણ પાંચ છે. (૧) શંકા, (૨) આકાંક્ષા, (૩) વિચિકિત્સા, (૪) મિથ્યામતિ ગુણવર્ણન અને (૫) મિથ્યામતિ પરિચય.

૧ જૈનધર્મમાં અવિશ્વાસ તે **શંકા.**

૨ બીજા ધર્મોની ઈચ્છા તે **આકાંક્ષા.**

૩ ધર્મમાં ફળનો અવિશ્વાસ તે **વિચિકિત્સા.**

૪ મિથ્યાદર્શનીઓના ગુણોના વખાણ તે **મિથ્યામતિ ગુણ વર્ણના.**

૫ મિથ્યામતિવાળાઓનો પરિચય કરવો તે **મિથ્યામતિ પરિચય.**

## આઠ પ્રભાવક

જેઓ જૈનશાસનની પ્રભાવના કરે, પ્રભાવ ફેલાવે તે પ્રભાવક આઠ છે. તે નીચે પ્રમાણે:—

૧ **પ્રાવચનિક**—જૈન શાસ્ત્રોના સંપૂર્ણ જાણ.

૨ **ધર્મકથી**—ધર્મનો ઉપદેશ આપવામાં પૂરા હોંશીયાર.

૩ **વાદી**—જૈન મત સામેના વાદમાં સામા પક્ષને સ્યાદ્વાદથી જીતી લેનાર.

૪ **નૈમિત્તિક**—જયોતિષ વગેરે અષ્ટાંગનિમિત્ત શાસ્ત્રના જ્ઞાનના બળથી પણ શાસનની ઉન્નતિ કરે તે.

૫ **તપસ્વી**—છ બાહ્ય અને છ અભ્યંતર તપ વડે કરીને શાસનનો પ્રભાવ ફેલાવે.

૬ **વિદ્યા-મંત્રથી બલવાન**-ચમત્કારિક વિદ્યાના બળથી શાસનની પ્રભાવના કરે. જેમ શ્રી વજ્રસ્વામિએ દુર્ભિક્ષના વખતે સંઘને બૌદ્ધ દેશમાં લઇ જઇ જીવાડ્યો અને બૌદ્ધ રાજ્યમાં શ્રી સંઘને જિનપૂજા માટે ફૂલો મળતાં ન્હોતાં તેથી વિદ્યાના બળથી ફૂલો લાવી રાજાને જૈનધર્મી બનાવ્યો.

૭ **સિદ્ધ**=સિદ્ધિસંપન્ન. કાલિકાચાર્યની પેઠે ચૂર્ણ, અંજન વગેરેના પ્રભાવથી બળવાન હોય.

૮ **મહાકવિ**—ચમત્કારિક કાવ્યોની રચના વડે સિદ્ધસેન દિવાકરની માફક રાજા ઉપર પ્રભાવ પાડી શાસનની પ્રભાવના કરે.

## પાંચ ભૂષણ

જે સમકિતની શોભા વધારવામાં મદદ કરે તે ભૂષણ પાંચ છે.

૧ ધર્મક્રિયા-અનુષ્ઠાનોના વિધિમાં **કુશળપણું**

૨ **તીર્થસેવા**-જંગમ તીર્થ તે મુનિમહારાજ વગેરે, સ્થાવર તીર્થ તે શત્રુંજય વગેરે, તેની સેવા કરવી.

૩ **દેવ-ગુરુની ભક્તિ** કરવી.

૪ કોઈના ચલાવવાથી ધર્મથી જરા પણ ન ચળે તે **સમકિતદૃઢતા.**

૫ જેથી ઘણા માણસો જૈનશાસનની પ્રશંસા કરે તેવી ખંતપૂર્વક **જૈનશાસનની પ્રભાવના** કરવી.

## પાંચ લક્ષણો

જેનાથી સમકિત ગુણ ઓળખાય તે લક્ષણ કહેવાય, તે પાંચ પ્રકારે છે.

૧ **ઉપશમ**-ક્રોધનો ત્યાગઃ પોતાને નુકશાન કરનારનું યે મનથી પણ બુરૂં ન ચિંતવવું તે.

૨ **સંવેગ**-દેવો અને મનુષ્યોના સુખોને જે દુઃખમય માને અને માત્ર મોક્ષની જ ઇચ્છા રાખે તે.

૩ **નિર્વેદ**-'એકલો ધર્મ જ સંસારથી તારનારો છે' એમ બરાબર સમજી નારકી અને કેદખાના જેવા સંસારથી કંટાળીને તેમાંથી ભાગી જવા ઇચ્છે તે.

૪ **અનુકંપા**-દયા. (૧) બાહ્યદૃષ્ટિથી દુઃખીની જે દયા અને (૨) ભાવથી-ધર્મ રહિતની જે દયાઃ તે.

૫ **આસ્તિકતા**–"શ્રી જિનેશ્વરદેવોએ જે ઉપદેશ્યું છે, તે જરાપણ ખોટું નથી, પણ પુરેપુરૂં સાચું છે" એવો મનમાં દૃઢ વિશ્વાસ, તેનું નામ આસ્તિકતા.

## ૭ જયણા

(૧) બીજા ધર્મવાળાના ધર્મગુરુઓ, (૨) બીજા ધર્મવાળાના દેવો (૩) બીજા ધર્મવાળાઓએ જિનપ્રતિમા વગેરેને પોતાના તરીકે ઠરાવ્યા હોય કે તેમને કબજામાં રાખી તેમની રીતે પૂજતા-માનતા હોય તેમને વંદન વગેરે ન કરવું તે ૭ ભેદે છે.

૧ **વંદન**–બે હાથ જોડી પ્રણામ ન કરવો.

૨ **નમન**–માથું નમાવીને પ્રણામ ન કરવો.

૩ **દાનઃ**–ગૌરવ-ભક્તિપૂર્વક અન્નાદિકનું દાન ન દેવું.

૪ **અનુપ્રદાન**–વારંવાર દાન ન આપવું. કારણ કે કુપાત્રને પાત્રબુદ્ધિથી દાન આપવામાં આવે, તો તેમાં દોષ છે. તે દાન અનુકંપાદાન ન ગણાય.

૫ **આલાપ**–બોલાવ્યા વિના બોલવું તે આલાપ. તે ન કરે.

૬ **સંલાપ**–વારંવાર અન્ય ધર્મી સાથે ન બોલવું.

## ૭ આગાર

દૃઢપણે સત્યના ગુણોને વળગી રહેનાર સાત્ત્વિક પુરુષો શુદ્ધ ધર્મથી જરાપણ ડગતા નથી. પણ તેવા સાત્ત્વિક પુરુષો ન હોય અને હુમલો સહન ન કરી શકે, તેમને અપવાદ માર્ગે જે કામ કરવું પડે, છૂટ રાખવી પડે તે આગાર કહેવાય. તે ૭ ભેદે છે.

૧ રાજાભિયોગ—રાજાની આજ્ઞાના દબાણથી કરવું પડે તે.

૨ ગણાભિયોગ—ઘણા લોકોના દબાણથી કરવું પડે તે.

૩ બલાભિયોગ—ચોર, લશ્કર અને લુંટારા વગેરેના દબાણથી કરવું પડે તે.

૪ દેવાભિયોગ—ક્ષેત્રપાલ વગેરે દેવોના દબાણથી જે કરવું પડે તે.

૫ ગુરુ–નિગ્રહાભિયોગ—માતા–પિતા વગેરે વડીલોના દબાણથી જે કરવું પડે તે.

૬ ભીષણ–કાંતાર–વૃત્તિ—ભયંકર પરિસ્થિતિમાં સપડાવું પડયું હોય કે આજીવિકાની ભારે મુશ્કેલી ઉભી થઇ હોય, તેથી જે કરવું પડે તે.

## ૭ ભાવના

ભાવના એટલે ઉત્તમ વિચારો, જેનાથી સમકિત વધુ દૃઢ થાય છે. તે છ છે.

૧ સમકિત ધર્મનું મૂળ છે.

૨ સમકિત ધર્મનગરનું દ્વાર છે.

૩ સમકિત ધર્મમંદિરનો પાયો છે.

૪ સમકિત ધર્મનો ભંડાર છે.

૫ સમકિત ધર્મનો આધાર છે.

૬ સમકિત ધર્મનું પાત્ર છે.

આ રીતે છ ભાવનાઓ મજબુતપણે ભાવવી.

## છ સ્થાન

જેમાં સમકિત સ્થિર થાય તેનું નામ **સમકિતનું સ્થાનક** કહેવાય. તે છ ભેદે છે.

**૧ આત્મા છે**—જેનામાં ચેતનારૂપ નિશાની છે, તે આત્મા છે. દુધ અને પાણી જેમ એક-બીજામાં મળી જાય છે, તેમ આત્મા અને પુદ્ગલ-શરીર એક બીજામાં મળી ગયેલા હોય છે, પણ ખરી રીતે આત્મા પુદ્ગલથી જુદો જ છે. જેમ હંસ દુધ પીએ અને પાણીને જુદું કરે છે, તેમ સ્વ અને પરની વહેંચણ રૂપ અનુભવજ્ઞાનથી આત્માને પુદ્ગલથી જુદો જ સમજે.

**૨ આત્મા નિત્ય છે**—આત્મા નિત્ય હોવાથી અનુભવેલી પાછલી વસ્તુને યાદ કરી શકે છે. જેમ બાળકને જન્મતાની સાથે જ ધાવવાનું મન થાય છે અને પૂર્વની વાસનાથી 'કેમ ધાવવું' તે પણ તેને આવડે છે. દેવ, મનુષ્ય, નારકી અને તિર્યંચ વગેરે આત્માના અનિત્ય પર્યાયો છે. પોતાના ગુણોની અપેક્ષાએ આત્મા અવિચલિત અને અખંડિત છે. એટલે કે નિત્ય છે.

**૩ આત્મા કર્માદિનો કર્ત્તા છે**—અનુપચરિત વ્યવહારનયથી આત્મા યોગોની મદદથી કર્મનો કર્તા છે. ઉપચરિત વ્યવહારનયથી આત્મા શહેર વગેરેનો પણ કર્તા છે. અને નિશ્ચયનયથી પોતાના ગુણોનો કર્તા છે.

**૪ આત્મા ભોકતા છે**—વ્યવહારનયથી 'આત્મા પુણ્ય-પાપના ફળોનો ભોગવનાર છે' અને નિશ્ચયનયથી 'આત્મા સ્વતંત્રપણે પોતાના ગુણોને ભોગવે છે.'

**૫ આત્માનો મોક્ષ થાય છે**–' અચળ અને અનંત સુખના ધામ રૂપ મોક્ષ સ્થાનક છે ' આ જગતમાં આધિરૂપ મનનાં દુઃખો છે, અને વ્યાધિરૂપ શરીરના દુઃખો છે, જ્યારે મોક્ષમાં આધિ અને વ્યાધિનો અભાવ હોવાથી સંપૂર્ણ સુખ જ હોય છે.

**૬ મોક્ષ મેળવવાનો ઉપાય છે**–ચારિત્ર અને સમ્યગ્ જ્ઞાન એ બેનો મેળ મોક્ષ મેળવવાનો ઉપાય છે.

આ પ્રમાણે સમકિતના સડસઠ ભેદો વિચારવા. સમકિત ગુણની આરાધના કરવાથી, પાલન કરવાથી (૧) રાગ-દ્વેષ ઘટે. (૨) સાચી શાન્તિ મળે. (૩) મન શુદ્ધ બને.. (૪) સમભાવનું સુખ પ્રાપ્ત થાય. અને (૫) દુનીયામાં કોઇ તેની હરિફાઇ ન કરી શકે.

## પાંચ મહાવ્રતનાં નામ

**૧ સર્વતઃ પ્રાણાતિપાત વિરમણ**–જીવહિંસાનો સર્વથા ત્યાગ.

**૨ સર્વતઃ મૃષાવાદ વિરમણ**-અસત્ય સર્વથા ન બોલવું.

**૩ સર્વતઃ અદત્તાદાન વિરમણ**–ચોરીનો સર્વથા ત્યાગ. તૃણમાત્ર પણ વગર આપે ન લેવું તે.

**૪ સર્વતઃ મૈથુન વિરમણ**–સર્વથા બ્રહ્મચર્ય પાળવું તે.

**૫ સર્વતઃ પરિગ્રહ વિરમણ**—પરિગ્રહનો ત્યાગ એટલે કોઈ પણ વસ્તુ ઉપર મૂર્છા ધારણ ન કરવી. 'मूर्च्छा परिग्रहः'

## પાંચ મહાવ્રતના ૨૫૨ ભાંગા.

**૧ પ્રથમ મહાવ્રતના ૮૧ ભાંગા**—જીવો બે પ્રકારે-ત્રસ અને સ્થાવર. **ત્રસના ૪ ભેદ**-બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચઉરિંદ્રિય અને પંચેંદ્રિય. અને **સ્થાવરના પાંચ ભેદ**-પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય, અને વનસ્પતિકાય. એમ ત્રસ અને સ્થાવરના મળી ૯ ભેદ થયા. તે એકેક ઉપર મન-વચન-કાયાથી કરવું, કરાવવું અને અનુમોદવું નહિ, એમ ૯-૯ ભેદે ગુણતાં ૮૧ ભેદ થાય. જેમકે-(૧) **પૃથ્વીકાય જીવને** મનથી હણું નહિ (૨) મનથી હણાવું નહિ (૩) મનથી હણતાંને અનુમોદું નહિ (૪) વચનથી હણું નહિ (૫) વચનથી હણાવું નહિ (૬) વચનથી હણતાંને અનુમોદું નહિ (૭) કાયાથી હણું નહિ (૮) કાયાથી હણાવું નહિ (૯) કાયાથી હણતાંને અનુમોદું નહિ. એમ ઉપરોક્ત ૯ જીવ ભેદને ૯ ભાંગે ગુણતા ૮૧ ભેદ થાય.

**દ્વિતીય મહાવ્રતના ભાંગા ૩૬**-તે ક્રોધ, લોભ, ભય અને હાસ્ય એ ચારને મન-વચન અને કાયા સાથે ગુણતાં બાર ભેદ થયા અને તેને કરવું નહિ, કરાવવું નહિ અને અનુમોદવું નહિ સાથે ગુણતા ૧૨×૩=૩૬ ભેદ થાય. જેમકે-

ક્રોધથી મન વડે અસત્ય બોલું નહિ.
„ „ „ બોલાવું „
„ „ „ બોલનારને અનુમોદું નહિ.
„ વચન વડે „ બોલું નહિ.
„ „ „ બોલાવું „

„ „ „ બોલનારને અનુમોદું નહિ.
„ કાયા વડે „ બોલું નહિ.
„ „ „ બોલાવું નહિ.
„ „ „ બોલનારને અનુમોદું નહિ.

એ રીતે ૯ ભેદ ક્રોધ સાથે થયા, તેવી રીતે લોભ, ભય અને હાસ્ય સાથે ૯-૯ ભેદ ગણુતા ૯×૪=૩૬ ભેદ થાય.

**તૃતીય મહાવ્રતના ૫૪ ભાંગા**—अप्पं वा, बहुं वा, अणु वा, थूलं वा, चित्तमंतं वा, अचित्तमंतं वा, (૧) અલ્પ એટલે થોડી ચોરી કરવી, બહુ એટલે ઘણી ચોરી કરવી, અણુ એટલે નાની ચોરી કરવી, સ્થૂલ કહેતા મોટી ચોરી, સચિત્ત અને અચિત્ત એ છ ભેદને મન-વચન અને કાયા સાથે ગુણતાં ૧૮ ભેદ થાય અને તે ૧૮ ભેદને કરૂં નહિ, કરાવું નહિ, અને કરતાને અનુમોદું નહિ એમ ત્રણ કરણ સાથે ગુણતાં ૧૮×૩=૫૪ ભેદ થાય.

**ચતુર્થ મહાવ્રતના ૨૭ ભાંગા**—दिव्वं वा, माणुसं वा, तिरिक्खजोणिअं वा. એટલે કે દેવસંબંધી મૈથુન, મનુષ્ય-સંબંધી મૈથુન અને તિર્યંચસંબંધી મૈથુન, સેવું નહિ, સેવરાવું નહિં અને સેવતાને સારા માનું નહિ. એમ ૩×૩=૯ ભેદ થાય, તેને મન-વચન-કાયા સાથે ગુણતાં ૯×૩=૨૭ ભેદ થાય.

**પંચમ મહાવ્રતના ૫૪ ભાંગા**—अप्पं वा, बहुं वा, अणु वा, थूलं वा, चित्तमंतं वा, अचित्तमंतं वा. એ છ ભેદ ત્રીજા વ્રત પ્રમાણે લેવા. તેમાં જેમ ‘ ચોરી કરૂં નહિ ’ તેમ

છે, તેને બદલે 'પરિગ્રહ રાખું નહિ' એ પ્રમાણે લેવું. એટલે ૬ ભેદને ત્રણ યોગ સાથે ગુણતા ૬×૩=૧૮ અને તેને ત્રણ કરણ સાથે ગુણતાં ૧૮×૩=૫૪ ભેદ થાય.

બધાં મળીને ૮૧+૨૬+૫૪+૨૭+૫૪=૨૫૨ ભાંગા પાંચ મહાવ્રતના જાણવા.

## પાંચ મહાવ્રતની ૨૫ ભાવના

**૧ પહેલા મહાવ્રતની પાંચ ભાવના**-(૧) ઈર્યાસમિતિ, (૨) ભાષાસમિતિ, (૨) એષણાસમિતિ, (૪) આદાનભંડમત્ત-નિક્ષેપણા સમિતિ, (૫) પારિષ્ઠાપનિકા સમિતિ એ પાંચ સમિતિરૂપ પાંચ ભાવના જાણવી.

**૨ બીજા મહાવ્રતની પાંચ ભાવના**-(૧) ક્રોધથી જુઠું ન બોલે, (૨) માનથી જુઠું ન બોલે, (૩) માયાથી જુઠું ન બોલે, (૪) લોભથી જુઠું ન બોલે અને (૫) સાવદ્ય વ્યાપાર ન કરે.

**૩ ત્રીજા મહાવ્રતની પાંચ ભાવના**-(૧) કોઈની તૃણ માત્ર વસ્તુ પણ વગર આપે લે નહિ, (૨) વનસ્પતિ તોડે નહિ. (૩) રાજ્યપિંડ લે નહિ, (૪) નિર્દોષ ઉપાશ્રયમાં રહે, (૫) ગુરુ આદિકની વૈયાવચ્ચ કરે.

**૪ ચોથા મહાવ્રતની પાંચ ભાવના**-(૧) સ્ત્રી-પુરુષ સુતાં હોય તેની એક ભીંતને આંતરે ન રહે. (૨) સ્ત્રીનાં અંગોપાંગ જુએ નહિ. (૩) પૂર્વની કામકથાને સંભારે નહિ (૪) અતિ આહાર લે નહિ. (૫) શરીરની શોભા કરે નહિ.

**૫ પાંચમા મહાવ્રતની પાંચ ભાવના**-(૧) શબ્દ, (૨) રૂપ, (૩) રસ, (૪) ગંધ અને (૫) સ્પર્શ એ પાંચ ઉપર મૂર્ચ્છા ન રાખવી.

## પાંચ આચાર

જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર એ પાંચ આચારો છે.

૧ **જ્ઞાનાચાર**-જ્ઞાન ભણે-ભણાવે, જ્ઞાન, જ્ઞાનનાં સાધનો અને જ્ઞાનની આશાતના ન કરે.

૨ **દર્શનાચાર**-દર્શન એટલે સમ્યક્ત્વ. શ્રદ્ધા. દેવ-ગુરુ-ધર્મમાં દૃઢ શ્રદ્ધા રાખવી તે. તેઓની આશાતના ન કરવી.

૩ **ચારિત્રાચાર**-ચારિત્ર એટલે સંયમ. મન-વચન-કાયાથી ચારિત્રમાં સ્થિર રહેવું; અષ્ટ પ્રવચનમાતાનું પાલન કરવું. વિરાધના ન કરવી તે.

૪ **તપાચાર**-છ પ્રકારે બાહ્ય તપ અને છ પ્રકારે અભ્યંતર તપ કોઇપણ જાતની અભિલાષા વિના કેવલ કર્મની નિર્જરા માટે જ કરવો તે.

૫ **વીર્યાચાર**-જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપ આદિ આચારોમાં મન-વચન-કાયાના બળનો ઉપયોગ કરવો. આત્માના બળને ગોપવવું નહિ.

## બ્રહ્મચર્ય (શિયળ) ની નવ વાડો

वसहि–कह–निसिज्जि–दिय–कुडींतर–पुव्वकीलिये पणिए ।
अइमायाहार–विभूसणा य नव बंभचेर–गुत्तीओ ॥

૧ **વસતિ**—જ્યાં ઘણા પશુઃ પંખીઃ સંબંધી મૈથુન જોવામાં આવે એવા સ્થાનમાં ન રહેવું.

૨ **કુથા**—સ્ત્રીની સાથે મીઠા વચનોપૂર્વક સરાગદૃષ્ટિથી નજર મીલાવીને વાતો ન કરવી. તેમજ સ્ત્રીની સાથે એકાંતમાં ગુપ્ત વાતો ન કરવી.

૩ **નિસિજ્જ=આસન**—સ્ત્રી બેઠેલ હોય તે જગ્યા ઉપર પુરુષ બેઘડી સુધી બેસે નહિં પુરુષ બેઠેલ હોય તે સ્થાન ઉપર સ્ત્રી ત્રણ પહોર સુધી બેસે નહિં.

૪ **ઈંદ્રિય**—સ્ત્રીના અંગોપાંગોને સરાગપણે જુએ નહિં, તે.

૫ **કુડચંતર**—એક ભીંતને આંતરે અગર પરિચિત ભૂમિ પ્રમુખને આંતરે જ્યાં સ્ત્રી-પુરુષ શયન કરતા હોય અથવા હાસ્ય-વિનોદ કરતા હોય, ત્યાં ન રહે.

૬ **પૂર્વક્રીડિત**—પૂર્વે સંસારમાં જે કામ-વિલાસ આદિનું સેવન કર્યું હોય તેને યાદ ન કરે.

૭ **પ્રણીત**—સ્નિગ્ધ આહાર ન કરે.

૮ **અતિમાત્રાહાર**—અતિમાત્રા-નિરસ એવો પણ અધિક આહાર ન કરે.

૯ **વિભૂષણા**—શરીરની વિભૂષા-ટાપટીપ ન કરે.

## અષ્ટ પ્રવચન-માતા

પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ મળી ૮ પ્રવચન-માતા ગણાય છે. સમિતિ એટલે અર્હંતધર્મને અનુસારે સન્માર્ગમાં પ્રવૃત્તિ કરવી. અને ગુપ્તિ એટલે કુશલમાં ( સન્માર્ગમાં )

પ્રવૃત્તિ તથા અકુશલથી નિવૃત્તિ કરવી તે. એ આઠથી સંવર-ધર્મરૂપી પુત્ર ઉત્પન્ન થાય છે. અને તે ધર્મપુત્રનું પાલન-પોષણ થાય છે, માટે તે प्रवचनमाता કહેવાય છે.

૧ **ઇર્યાસમિતિ**—યતનાપૂર્વક યુગ માત્ર ( ૩।। હાથ ) ભૂમિને દૃષ્ટિથી જોતાં ઉપયોગ રાખી સજીવભાગનો ત્યાગ કરીને ચાલવું, તે.

૨ **ભાષાસમિતિ**—સમ્યક્ પ્રકારે નિર્દોષ ભાષા બોલવી તે.

૩ **એષણાસમિતિ**—સિદ્ધાન્તમાં કહેલી વિધિ પ્રમાણે ૪૨ દોષરહિત આહાર, વસ્ત્ર, પાત્ર આદિ ગ્રહણ કરવું તે.

૪ **આદાન-નિક્ષેપણાસમિતિ**—વસ્ત્ર-પાત્ર આદિ ઉપ-કરણોને જોઇ-પ્રમાર્જી લેવાં, મૂકવાં તે.

૫ **પારિષ્ઠાપનિકાસમિતિ**—જીવોથી રહિત ભૂમિ જોઇને તથા પૂંજીને વિધિપૂર્વક મળ-મૂત્રાદિકનો ત્યાગ કરવો તે.

૬ **મનોગુપ્તિ**—મનને સાવદ્યમાર્ગના વિચારમાંથી રોકવું, અને સમ્યક્ વિચારમાં પ્રવર્તાવવું તે.

૭ **વચનગુપ્તિ**—સાવદ્ય વચન ન બોલવું અને નિરવદ્ય વચન બોલવું તે.

૮ **કાયગુપ્તિ**—કાયાને પાપમાર્ગથી રોકી નિરવદ્ય ક્રિયામાં જોડવી તે.

## પર અનાચારો

૧ **ઔદ્દેશિક**—સાધુના માટે કરેલ સાધુને ન કલ્પે.

૨ **ક્રીત**—વેચાતું લાવેલ હોય તો ન કલ્પે.

૩ **આમંત્રણ**—બોલાવે અગર આમંત્રણ કરે તે ન કલ્પે.

૪ **અભ્યાહૃત**—સામે લાવેલ આહાર ન કલ્પે.

૫ **રાત્રિભક્ત**—રાત્રિભોજન સાધુને ન કલ્પે.

૬ **સ્નાન**—સ્નાન કરવું તે સાધુને ન કલ્પે.

૭ **ગંધ**—ચંદન વગેરે ગંધનો ઉપયોગ ન કલ્પે.

૮ **માલ્ય**—પુષ્પની માળા પહેરવી ન કલ્પે.

૯ **વિંજન**—પવન ખાવો ન કલ્પે.

૧૦ **ગૃહિપાત્ર**—ગૃહસ્થના વાસણમાં ખાવું ન કલ્પે.

૧૧ **સંનિધિ**—ખાદ્ય પદાર્થ રાત્રે રાખવા ન કલ્પે.

૧૨ **રાજપિંડ**—અતિપોષક એવો રાજાઓનો આહાર ન કલ્પે.

૧૩ **કિમિચ્છિત**-સાધુને પૂછીને ગૃહસ્થ બનાવે તે ન કલ્પે.

૧૪ **સમ્લાહણ**-તેલ વગેરે માલીસ કરાવવું ન કલ્પે.

૧૫ **દંતપ્રશોધન**-દાતણ કરવું ન કલ્પે.

૧૬ **સંપૃચ્છના**—ગૃહસ્થના યોગક્ષેમની વાર્ત્તામાં રસ લેવો ન કલ્પે.

૧૭ **દેહપ્રલોકન**-શરીરના રૂપને આરીસામાં જોવું ન કલ્પે.

૧૮ **અઠાવયે**-આઠ પાસા જુગારાદિ રમવું ન કલ્પે.

૧૯ **નલીયા**-નાલીકા બાજી-શેતરંજ વગેરે રમવું ન કલ્પે.

૨૦ **છત્રધારણ**-છત્રીનો ઉપયોગ કરવો ન કલ્પે.

૨૧ **ચિકિત્સા**–શરીરના રોગની ચિકિત્સા–દવા કરાવવી ન કલ્પે.

૨૨ **વાહણાયાયે**–( ઉપાનહ્-યાત )—પગરખા પહેરવા ન કલ્પે.

૨૩ **સમારંભી ચ જોઇણો**–અગ્નિનો આરંભ-સમારંભ કરાવવો ન કલ્પે.

૨૪ **સિજ્જાયરપિંડ**–( શય્યાતરપિંડ )–જે ગૃહસ્થે રહેવા માટે મકાન આપેલ હોય ત્યાંથી આહાર લેવો સાધુને ન કલ્પે.

૨૫ **આછંદિ**–માંચા ઉપર બેસવું ન કલ્પે.

૨૬ **ગિહિંતર નિસિજ્જા**–( ગૃહાંતર નિષિદન ) ગ્રહસ્થના ઘરે બેસવું કે રહેવું ન કલ્પે.

૨૭ **ગાયસુવટ્ટણાણિ ય**–શરીરે પીઠી ચોળવી, મેલ ઉતારવો ન કલ્પે

૨૮ **ગિહિણો વેયાવડિય**–ગૃહસ્થની સેવા લેવી–દેવી ન કલ્પે.

૨૯ **આજીવવત્તીયા**–પોતાનું કુળ કે જાતની ઓળખાણ આપી ભિક્ષા લેવી તે ન કલ્પે.

૩૦ **તત્તાનિવુડભોઇત્તં**–ઉકાળ્યા વિનાનું કે થોડું ઉકાળેલ પાણી લેવું ન કલ્પે.

૩૧ **આઉર-સરણાણિ ય**–મુશ્કેલીમાં કોઇનું શરણ ઇચ્છી દીનતા કરવી ન કલ્પે.

૩૨ **મૂલયે**–મૂળા ન કલ્પે.

૩૩ **સિંગબેરે**–આદુ ન કલ્પે.

૩૪ **ઉચ્છુખંડે**-શેરડીના કટકા ન કલ્પે.

૩૫ **અનિઉકે**-સુરણ વગેરે કંદ ન કલ્પે.

૩૫ **જડિબુટ્ટી**-જડીબુટ્ટી ન કલ્પે.

૩૭ **બીચે**-અજીવ ફલ બીજ સહિત ન કલ્પે.

૩૮ **ફલે**-સચિત્ત ફલ-ધાન્ય વગેરે ન કલ્પે.

૩૯ **સોવચ્ચલે**-ખાણનું સંચળ ન કલ્પે.

૪૦ **સિંધવે**-સિંધાલુન સાધુને ન કલ્પે.

૪૧ **લોણે**-કાચું મીઠું ન કલ્પે.

૪૨ **સોમાલોણે આમચે**-કાચો રોમફખાર ન કલ્પે.

૪૩ **સામુદ્દે**-સમુદ્રનું મીઠું ન કલ્પે.

૪૪ **પંસુખારે**-પાંસુખારો ન કલ્પે.

૪૫ **કાલાલોણે**-કાચું મીઠું ન કલ્પે.

૪૬ **ધુવણે**-ધૂપથી કપડા વગેરે સુગંધિત કરવા ન કલ્પે.

૪૭ **વમણે**-ઔષધ દ્વારા ઉલટી કરાવવી ન કલ્પે.

૪૮ **વત્થીકમ્મ**-વિરેચન કરાવવા બસ્તી લેવી ન કલ્પે.

૪૯ **વિરેયણે**-વિરેચનની દવા લેવી ન કલ્પે.

૫૦ **અંજલે**-આંખમાં સુરમો અંજન વગેરે આંજવું ન કલ્પે.

૫૧ **દંતવર્ણ**-દાંત રંગવા ન કલ્પે.

૫૨ **ગાય-ભંગ-વિભૂસણે**-શરીરની શોભા, વિભૂષા કરવી સાધુને ન કલ્પે.

## સાધુની સાત પ્રકારની માંડલી

सुत्तत्थ-भोयणकाले आवस्सए य सज्झाए।
संथारये चेव तहा सत्तविहा मंडली हुंति ॥

૧ સૂત્રની, ૨ અર્થની, ૩ ભોજનની, ૪ કાલની, ૫ આવશ્યકની, ૬ સ્વાધ્યાયની, અને ૭ સંથારાની એમ સાત પ્રકારની માંડલી હોય છે.

## ચરણસિત્તરી તથા કરણસિત્તરી

### ૧ ચરણસિત્તરી—

५ १० १७ १० ९
वय समणधम्म संजम वेयावच्चं च बंभगुत्तीओ।
३ १२ ४
नाणाइतियं तव कोहनिग्गहा इइ चरणमेयं ॥ १ ॥

પાંચ મહાવ્રત, દશવિધ યતિધર્મ, સત્તર ભેદે સંયમ, દશ પ્રકારે વૈયાવચ્ચ, નવવિધ બ્રહ્મચર્યની વાડ, ત્રણ જ્ઞાનાદિ આત્મગુણો (જ્ઞાન-દર્શન-ચારિત્ર) બાર પ્રકારનો તપ અને ક્રોધાદિ (ક્રોધ-માન-માયા-લોભ) ચાર કષાયોનો નિગ્રહ એમ (૫+૧૦+૧૭+૧૦+૯+૩+૧૨+૪=૭૦) સિત્તેર પ્રકારને **ચરણસિત્તરી** કહી છે.

### ૨ કરણસિત્તરી

४ ५ १२ १२ ५
पिंडविसोही समिई भावण पडिमा य इंदियनिरोहो।
२५ ३ ४
पडिलेहण गुत्तीओ अभिग्गहा चेव करणं तु ॥

ચાર પ્રકારના પિંડની (આહાર, વસ્ત્ર, પાત્ર અને વસતિની) વિશુદ્ધિ તે ચાર, પાંચ સમિતિનું પાલન તે પાંચ,

બાર ભાવનાઓ ભાવવી તે બાર, ભિક્ષુની બાર પડિમાનું પાલન તે બાર, પાંચ ઇંદ્રિયોના વિકારનો નિરોધ તે પાંચ, વસ્ત્રાદિની પચીસ પ્રતિલેખના રૂપ પચીશ, ત્રણ ગુપ્તિના પાલન રૂપ ત્રણ અને દ્રવ્યાદિ ( દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ ) ચાર પ્રકારના અભિગ્રહો ધારવા તે ચાર એમ આ ( ૪+૫+૧૨+૧૨+૫+૨૫+૩+૪=૭૦ ) સિત્તેર ગુણોને **કરણસિત્તરી** કહે છે.

## ગોચરીના ૪૭ દોષો

सोलस उग्गमदोसा सोलस उप्पायणाए दोसाओ ।
दस एसणाए दोसा संजोयणमाइ पंचे वा ॥ १ ॥

आहाकम्मुद्देसिय पूइकम्मे अ मीसजाए अ ।
ठवणा पाहुडियाए पाओअर कीय पामिच्चे ॥ २ ॥

परिअट्टिए अभिहडु-ब्भिन्ने मालोहडे अ अच्छिज्जे ।
अणिसिट्ठे अज्झोअर सोलस पिंडुग्गमे दोसा ॥ ३ ॥

धाई दूई निमित्ते आजीव वणीमगे तिगिच्छा य ।
कोहे माणे माया लोहे अ हवंति दस एए ॥ ४ ॥

पुव्विंपच्छा-संथव विज्जा मंते अ चुन्न जोगे अ ।
उप्पायणाइ दोसा सोलसमे मूलकम्मे अ ॥ ५ ॥

संकिअ मक्खिअ निक्खित्त पिहिअ साहरिअ दायगुम्मिस्से ।
अपरिणय लित्त छड्डिअ एसणदोसा दस हवंति ॥ ६ ॥

संओजणा पमाणे इगाले धूम कारणे चेव ।

**૧ સોળ ઉદ્ગમ (ગૃહસ્થથી ઉપજતા) દોષો:—**

૧ **આધાકર્મ**—સાધુ-સાધ્વીના નિમિત્તે કરે તે.

૨ **ઔદ્દેશિક**—પોતાને માટે તૈયાર કરેલું હોય તેમાં પુનઃ સાધુ-સાધ્વી માટે સંસ્કાર કરેલું.

૩ **પૂતિકર્મ**—સુઝતા આહાર ભેગો લેશ માત્ર પણ આધાકર્મી નાખે તે.

૪ **મિશ્રજાત**—પ્રથમથી જ પોતાના અને સાધુના ઉદ્દેશથી ભેગું તૈયાર કરેલું.

૫ **સ્થાપના**—સાધુને નિમિત્તે કેટલોક વખત મૂકી રાખવું તે.

૬ **પ્રાભૃતિકા**=સાધુ-સાધ્વીના માટે ઉત્સવ-જમણવાર લગ્ન વગેરે આઘા-પાછા કરે તે.

૭ **પ્રાદુષ્કરણ**—અંધારે દીવાનો પ્રકાશ કરીને આહાર આપે તે.

૮ **ક્રીત**-વેચાતું લઈને આપે તે.

૯ **પ્રામિત્યક**-ઉછીતું લઈને આપે તે.

૧૦ **પરાવર્તિત**-ખરાબ વસ્તુ બીજાને આપી અને તેની પાસેથી સારી વસ્તુ બદલાવીને આપે તે.

૧૧ **અભ્યાહૃત**-સામે લાવીને વહોરાવે તે.

૧૨ **ઉદ્ભિન્ન**-કુડલા આદિમાંથી ઘી વગેરે કાઢવા માટે તેમના મોઢા આદિ ઉપરથી માટી વગેરે કાઢવાથી દોષ લાગે તે.

૧૩ **માલોપહૃત**-માળ એટલે ઉપલી ભૂમિ, શિકા વગેરે ભોંયરામાં કે ઉંચે મૂકેલું સાધુ માટે લાવે તે.

૧૪ **આચ્છેદ્ય**—જે પારકું બલાત્કારે લઈને આપે તે.

૧૫ **અનિસૃષ્ટ**—સહીયારાની વસ્તુ એક-બીજાની અનુમતિ વિના આપે તે.

૧૬ **અધ્યવપૂરક**—સાધુ-સાધ્વીનું આગમન સાંભળી તેના માટે પોતાને માટે પકાવવા આપેલમાં વધારે રંધાવે તે.

આ સોળ દોષો ગૃહસ્થથી લાગે.

**૨ સોળ ઉત્પાદન ( લેનારથી લાગે તે ) દોષો—**

૧ **ધાત્રીદોષ**—ગૃહસ્થના બાળકને રમાડીને આહાર લે તે.

૨ **દૂતીદોષ**—સંદેશો કહીને આહાર લે તે.

૩ **નિમિત્તદોષ**—નિમિત્ત પ્રકાશી આહારાદિ લે તે.

૪ **આજીવદોષ**—જાતિ-કુલ જણાવી આહારાદિ લે તે.

૫ **વનીપકદોષ**—શ્રમણ, બ્રાહ્મણ, તાપસ, અતિથિ કે કૂતરાઓના ભક્તોની સામે આહારાદિ માટે સાધુ પણ પોતાને 'તેનો તેનો હું પણ ભક્ત હતો' એમ જણાવી આહારાદિ મેળવે તે.

૬ **ચિકિત્સાદોષ**—ઔષધ વગેરે વૈદું બતાવી આહાર લે તે.

૭ **ક્રોધદોષ**—ક્રોધ કરી, ભય દેખાડી આહાર લે તે.

૮ **માનદોષ**—અભિમાન કરી આહારાદિ લે તે.

૯ **માયાદોષ**—માયા-કપટ કરી આહારાદિ લે તે.

૧૦ **લોભદોષ**—મનોભિષ્ટ આહારાદિને મેળવવાના લોભે ઘણાં ઘરોમાં ફરનારનો લાવેલ આહાર તે.

૧૧ પૂર્વ-પશ્ચાત્સંસ્તવ દોષ—પૂર્વનાં (માત-પિતાદિ) અને પછીના (સાસુ-સસરા આદિ) સંબંધીઓ જેવા દાન આપનારને જણાવી આહારાદિ લાવે તે.

૧૨ વિદ્યાદોષ—વિદ્યા શીખવીને આહારાદિ લે તે.

૧૩ મંત્રદોષ—મંત્ર શીખવીને આહારાદિ લે તે.

૧૪ ચૂર્ણ દોષ—નેત્રાદિમાં અંજન કરવાથી અદૃશ્ય થઈ શકાય, રૂપ બદલી શકાય એવા પ્રકારની શક્તિવાળા ચૂર્ણો આપી આહારાદિ લે તે.

૧૫ યોગપિંડદોષ—સૌભાગ્ય-દૌર્ભાગ્ય-સ્થંભન-મોહન-કામણ વગેરે યોગનો ઉપયોગ કરીને મેળવેલ આહારાદિ લે તે.

૧૬ મૂલકર્મ દોષ—ભિક્ષા માટે ગર્ભ થંભાવવો, ધારણ કરાવવો, ગળાવવો, રાખડી બાંધવી વગેરે ચારિત્રનો મૂળમાંથી નાશ કરનાર કર્મ કરીને આહારાદિ મેળવવાં તે.

આ દોષો સાધુથી લાગે છે.

૩ ગ્રહણૈષણા—(દેનાર તથા લેનાર)ના દશ દોષો:—

૧ શંકિત—સાધુ આધાકર્મ આદિ દોષથી હૃદય શંકિત હોવા છતાં આહારાદિ લે તે.

૨ મ્રક્ષિત—સચિત્ત-અચિત્ત ખરડાયેલી વસ્તુવાળો પિંડ ગ્રહણ કરે તે.

૩ નિક્ષિપ્ત—અચિત્ત પણ આહારાદિ સચિત્ત ઉપર મૂકેલ હોય તે ગ્રહણ કરે તે.

૪ **પિહિત**—સચિત્તથી ઢાંકેલ ગ્રહણ કરે તે.

૫ **સંહૃત**-સચિત્ત વસ્તુ વાસણમાંથી ખાલી કરીને તેમાં અચિત્ત લઇને આપે તે ગ્રહણ કરે તે.

૬ **દાયક**—બાળ, વૃદ્ધ, નપુંસક, આંધળો, લંગડો, અને ગર્ભિણી સ્ત્રી વગેરેના હાથથી વહોરે તે.

૭ **ઉન્મિશ્ર**—દાનમાં આપવાની અચિત્ત વસ્તુ પણ સચિત્ત ધાન્યના કણીયા વગેરેથી મિશ્રિત હોય તેવી વસ્તુ ગ્રહણ કરે તે.

૮ **અપરિણત**—પૂર્ણ અચિત્ત થયા વિનાનું એટલે કંઈક સચિત્ત અને કંઇક અચિત્ત હોય તે ગ્રહણ કરે તે.

**લિપ્ત**—કોઇ ઘી-દહિં-દુધ-ખીર આદિથી હાથ કે ભાજન ખરડીને આપે તે ગ્રહણ કરે તે.

૧૦ **છર્દિત**—ઘી આદિના છાંટાં પડતા આપે તેવા આહારાદિ લે તે.

**૪ ગ્રાસૈષણાના પાંચ દોષોઃ—**

૧ **સંયોજના**—રસના લોભથી રોટલી વગેરે દ્રવ્યોને ખાંડ-ઘી વગેરે મિશ્રિત ( સંયોજિત ) કરવા તે.

૨ **પ્રમાણ**—પ્રમાણ ઉપરાંત વધુ ખાય તે.

૩ **અંગાર**—દેનારના અગર સારા આહારના વખાણ કરીને ગોચરી વાપરે તે. અંગાર એટલે રાગરૂપ અગ્નિથી ચારિત્રને અંગારા ( કોલસા ) સરખું બનાવે તે.

૪ **ધૂમ્ર**—બેસ્વાદ કે અનિષ્ટ અન્નાદિની કે તેના દેનારની નિંદા કરતો ભોજન કરે, તે ચારિત્રને નિંદારૂપી ધૂમાડાથી કાળું બનાવે છે.

૫ **કારણાભાવ**—નીચે બતાવેલા છ કારણ વિના ભોજન કરવાથી સાધુને કારણાભાવ દોષ લાગે છે. તે છ કારણો આ પ્રમાણે:—

वेअणवेयावच्चे इरिअट्ठाए अ संजमट्ठाए ।
तह पाणवत्तिआए छट्ठं पुण धम्मचिंताए ॥१॥

(૧) ક્ષુધાવેદના શમાવવા માટે (૨) આચાર્યાદિની વૈયાવચ્ચ માટે (૩) ઈર્યાસમિતિની શુદ્ધિ માટે. (૪) સંયમના અર્થે. (૫) પ્રાણોને ટકાવી રાખવા માટે. અને (૬) ધર્મધ્યાનમાં સ્થિર થવા માટે. આમ છ કારણોએ સાધુને આહાર લેવાનું કહ્યું છે.

આ પ્રમાણે ૧૬ ઉદ્ગમ દોષો, ૧૬ ઉત્પાદન દોષો, ૧૦ ગ્રહણૈષણાના દોષો, અને ૫ ગ્રાસૈષણાના દોષો મળી ૪૭ ગોચરીના દોષો થાય છે. તે દોષોનો ત્યાગ કરવો.

## અઢાર હજાર શીલાંગ રથ

जोए करणे सन्ना इंदिय भोमाइ समणधम्मे य ।
सीलंग-सहस्साणं अट्ठारस-सहस्स णिप्फत्ती ॥

"યોગ, કરણ, સંજ્ઞા, ઈંદ્રિય, પૃથ્વીકાય આદિ તથા શ્રમણ ધર્મ એ રીતે શીલના અઢાર હજાર અંગોની નિષ્પત્તિ-સિદ્ધિ થાય છે" વિશેષ સમજ નીચે પ્રમાણે—

યતિધર્મ દશ પ્રકારનો છે-૧ ક્ષમા, ૨ માર્દવ, ૩ આર્જવ, ૪ મુક્તિ, ૫ તપ, ૬ સંયમ, ૭ સત્ય, ૮ શૌચ, ૯ અકિંચનપણું, અને ૧૦ બ્રહ્મચર્ય. એ શીલના દશ અંગ થયા.

હવે એ દશ યતિધર્મથી યુક્ત એવા મુનિએ ૧ પૃથ્વીકાય-સમારંભ, ૨ અપ્કાય-સમારંભ, ૩ તેજસ્કાય-સમારંભ, ૪ વાયુકાય-સમારંભ, ૫ વનસ્પતિકાય-સમારંભ, ૬ દ્વીન્દ્રિય-સમારંભ, ૭ ત્રીન્દ્રિય-સમારંભ, ૮ ચતુરિન્દ્રિય-સમારંભ, ૯ પંચેન્દ્રિય-સમારંભ, ૧૦ અજીવ-સમારંભ. એ દશ સમારંભોનો ત્યાગ કરવાનો છે, તેથી દશ યતિધર્મ રૂપ દશ ગુણો દસ-દસ પ્રકારના થતાં ૧૦×૧૦=૧૦૦ શીલનાં અંગો થયા.

આ યતિધર્મ યુક્ત યતના (૧૦×૧૦=૧૦૦ ભેદો) પાંચ ઇંદ્રિયોના જયપૂર્વક કરવાની છે, તેથી તે સો પ્રકારને પાંચ ઇંદ્રિયોના જયરૂપ પાંચ પ્રકારે ગુણતાં ૧૦૦×૫=૫૦૦ ભેદ થયા.

તે યતિધર્મ-યુક્ત યતના વડે કરવામાં આવેલ ઇંદ્રિયજય (૧૦×૧૦×૫=૫૦૦) આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા અને પરિગ્રહ સંજ્ઞાથી રહિત હોવો જોઇએ. તેથી ૫૦૦×૪=૨૦૦૦ ભેદ થયા.

તે દરેક ભેદ મન-વચન-કાયાથી ન કરવા રૂપ, ન કરાવવા રૂપ અને ન અનુમોદવા રૂપ હોવાથી (૩×૩=૯) દરેક ભેદના ૯-૯ ભેદ થવાથી (૨૦૦૦×૯=૧૮૦૦૦) અઢાર હજાર શીલના ભેદો થાય છે.

તેની સ્પષ્ટ સમજ માટે અહીં **શીલાંગ રથ** આપવામાં આવે છે.

# શીલાંગ-રથ

કુલ ૧૮૦૦૦

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ન કરે ૬૦૦૦ | ન કરાવે ૬૦૦૦ | નઅનુમોદે ૬૦૦૦ | | | | | | | |
| મન યોગ ૨૦૦૦ | વચન યોગ ૨૦૦૦ | કાય યોગ ૨૦૦૦ | | | | | | | |
| આહાર સંજ્ઞા ૫૦૦ | ભય સંજ્ઞા ૫૦૦ | મૈથુન સંજ્ઞા ૫૦૦ | પરિગ્રહ સંજ્ઞા ૫૦૦ | | | | | | |
| સ્પર્શે૦ નિગ્રહ ૧૦૦ | રસનેંદ્રિય નિગ્રહ ૧૦૦ | ઘ્રાણેંદ્રિય નિગ્રહ ૧૦૦ | ચક્ષુરિંદ્રિય નિગ્રહ ૧૦૦ | શ્રોત્રેંદ્રિય નિગ્રહ ૧૦૦ | | | | | |
| પૃથ્વી ૧૦ | અપ્ ૧૦ | તેઉ ૧૦ | વાયુ ૧૦ | વનસ્પતિ૦ ૧૦ | બેઇંદ્રિય ૧૦ | તેઇંદ્રિય ૧૦ | ચઉરિંદ્રિય ૧૦ | પંચેંદ્રિય ૧૦ | અજીવ ૧૦ |
| ક્ષમા ૧ | માર્દવ ૨ | આર્જવ ૩ | મુક્તિ ૪ | તપ ૫ | સંયમ ૬ | સત્ય ૭ | શૌચ ૮ | અકિંચ૦ ૯ | બ્રહ્મચર્ય ૧૦ |

## સાધ્વીજીના ઉપકરણ કેટલાં ?

૧ અવગ્રહાંતક=લંગોટ ઓડીના આકાર જેવો.

૨ પટ્ટા=કમરે બાંધવાનો પટ્ટો.

૩ અધોસિકા=નાની ચડ્ડી.

૪ ચલણિકા=મોટી ચડ્ડી ( કસ બંધાય તેવી ).

૫ અભ્યંતર નિવસની=અંદરનો નાનો સાડો.

૬ બાહિર નિવસની=ઉપરનો મોટો સાડો.

૭ કંચુક=કંચવો કસવાલો.

૮ ઉપકક્ષિકા=જમણી બાજુ કસથી બાંધવાનો પાટો.

૯ વિકક્ષિકા=ડાબી બાજુથી કસથી બાંધવાનો પાટો.

૧૦ થી ૧૩ સંઘાટિ=ચાર કપડાં, બે હાથનો, ત્રણ હાથનો, ચાર હાથનો અને છ હાથનો.

૧૪ સ્કંધકરણી કામલ.

આ ઉપરાંત નીચેના—

(૧) પાત્ર=પાત્રા

(૨) પાત્રબંધ=ઝોળી

(૩) પાત્રસ્થાન=અર્ધીકાંબલ

(૪) પાત્રકેશરી=પૂંજણી

(૫) પટલ-પડલા

(૬) રજસ્રાણ=રતાંજણીઓ

(૭) ગોચ્છક=ગૂચ્છા

(૮)

(૯) રજોહરણ=ઓઘો

(૧૦) મુખવસ્રિકા=મુહપત્તિ

(૧૧) માત્રક=માત્રાનું પાત્ર

## સાત પ્રકારની ગોચરીની રીત

૧ **ખીરગોચરી**—ખીર જેવું કરીને એટલે એવું માનીને વાપરે.

૨ **અમૃતગોચરી**—આહારને અમૃત જેવો માને.

૩ **મધુકરગોચરી**—ગૃહસ્થને ઘરેથી ભ્રમરની જેમ થોડો થોડો આહાર ગ્રહણ કરે તે.

૪ **ગૌગોચરી**—ગાય જેમ ખેતરમાંથી થોડું થોડું ચરે તેમ થોડું થોડું લાવે તે.

૪ **રૂદ્રગોચરી**—કષાય કરતો રૌદ્રપરિણામ રાખી આહાર ગ્રહણ કરીને વાપરે તે.

૬ **અજગરગોચરી**—અજગરની જેમ ખાધા જ કરે તે.

૭ **ગલ્હાગોચરી**—એક જ ઘરેથી ઘણું વહોરી લેવું તે.

આ સાત પ્રકારમાંથી પ્રથમના ચાર ઉત્તમ અને પાછળના ત્રણ વર્જનીય છે.

## સાધુ છ કાયની રક્ષા કરે તેનાં નામ

| | | | | |
|---|---|---|---|---|
| ૧ ઈન્દ્ર ( પૃથ્વી ) | સ્થાવરકાય | જીવની | રક્ષા | કરે |
| ૨ બ્રમ ( અપ્ ) | ,, | ,, | ,, | ,, |
| ૩ શિષ્ય ( તેઉ ) | ,, | ,, | ,, | ,, |
| ૪ સુમતિ ( વાયુ ) | ,, | ,, | ,, | ,, |
| ૫ પ્રજાપતિ (વનસ્પતિ ) | ,, | ,, | ,, | ,, |
| ૬ જંગમ ( ત્રસ ) | ત્રસકાય | ,, | ,, | ,, |

## સાધુ નવકોટી શુદ્ધ આહાર લે તેની સમજ

૧ મન-વચન-કાયાથી રસવતી બનાવે નહિ, બનાવરાવે નહિ અને બનાવતાને ભલો જાણે નહિ. ૩

૨ મન-વચન-કાયાથી ખરીદે નહિ, ખરીદાવે નહિ, અને ખરીદતાને ભલો જાણે નહિ. ૩

૩ મન-વચન-કાયાથી છેદન-ભેદન કરે નહિ, કરાવે નહિ અને કરતાને ભલો જાણે નહિ. ૩

એમ કુલ નવકોટી થાય. ૯

## પાંચ પ્રમાદ (સવિસ્તર)

૧ મદ, ૨ વિષય, ૩ કષાય, ૪ નિદ્રા અને વિકથા એ પાંચ મુખ્ય પ્રમાદો છે.

**૧ મદનાં આઠ ભેદ—**

૧ **જાતિમદ**—ઉત્તમ જાતિમાં ઉત્પન્ન થવાનો અહંકાર કરવો તે.

૨ **કુળમદ**—મોટા-સારા કુળમાં ઉત્પન્ન થવાનો અહંકાર કરવો તે.

૩ **બળમદ**—શરીર બળવાન હોય તેનું અભિમાન કરવું તે.

૪ **રૂપમદ**— અત્યંત સ્વરૂપવાન હોય, તે રૂપનો અહંકાર કરવો તે.

૫ **તપમદ**—ઘણો તપ કરે તેનો અહંકાર કરવો તે.

૬ **ઋદ્ધિમદ**—ઋદ્ધિનો-ઐશ્વર્યનો મદ કરવો તે.

૭ **વિદ્યામદ**—જ્ઞાનનો અહંકાર કરવો તે.

૮ **લાભમદ**—લાભ થાય તેમ લોભ વધે, લોભથી મળેલ વસ્તુનો અહંકાર કરવો તે.

૨ **વિષય**—પાંચ ઇંદ્રિયોના વશમાં રહેવું તે પાંચ ઇન્દ્રિયોના વિષયો ૨૩ થાય છે.

(૧) **સ્પર્શનેન્દ્રિયના આઠ**—૧ હલકો, ૨ ભારે, ૩ લુખો, ૪ ચોપડેલો, ૫ સુંવાળો, ૬ ખરબચડો, ૭ ટાઢો અને ૮ ઉષ્ણ.

(૨) **રસનેન્દ્રિયના પાંચ**— ૧ તીખો, ૨ કડવો ૩ કસાયેલો, ૪ ખાટો અને ૫ મધુર.

(૩) **ઘ્રાણેન્દ્રિયના બે**—૧ સુરભિગંધ અને ૨ દુરભિગંધ.

(૪) **ચક્ષુરિન્દ્રિયના પાંચ**—૧ કાળો, ૨ ધોળો, ૩ લીલો, ૪ પીળો અને ૫ રાતો.

**શ્રોત્રેન્દ્રિયના ત્રણ**— ૧ સચિત્ત, ૨ અચિત્ત અને ૩ મિશ્ર.

## પાંચ ઇન્દ્રિયોના ૨૫૨ વિકારો.

૧ **સ્પર્શનેન્દ્રિયના ૯૬ વિકારો**—આઠ સ્પર્શને સચિત્ત, અચિત્ત અને મિશ્ર સાથે ગુણતાં ૮×૩=૨૪ થાય. તેને શુભ અને અશુભ સાથે ગુણતાં ૨૪×૨=૪૮ થાય. અને તેને રાગ અને દ્વેષ એ બે સાથે ગુણતાં ૪૮×૨=૯૬ થાય.

૨ **રસનેન્દ્રિયના ૬૦ વિકારો**—પાંચ રસને સચિત્ત, અચિત્ત અને મિશ્ર સાથે ગુણતાં ૫×૩=૧૫ થાય. તેને શુભ

અને અશુભ સાથે ગુણતાં ૧૫×૨=૩૦ થાય છે. તેને રાગ અને દ્વેષ સાથે ગુણતાં ૩૦×૨=૬૦ થાય.

૩ **ઘ્રાણેન્દ્રિયના ૨૪ વિકારો**—બે ગંધને સચિત્ત, અચિત્ત અને મિશ્ર સાથે ગુણતાં ૨×૩=૬ થાય. તેને શુભ અને અશુભ સાથે ગુણતાં ૬×૨=૧૨ થાય. તેને રાગ અને દ્વેષ સાથે ગુણતાં ૧૨×૨=૨૪ થાય.

૪ **ચક્ષુરિન્દ્રિયના ૬૦ વિકારો**—પાંચ વર્ણને સચિત્ત, અચિત્ત અને મિશ્ર સાથે ગુણતાં ૫×૩=૧૫ થાય. તેને શુભ અને અશુભ સાથે ગુણતાં ૧૫×૨=૩૦ થાય. તેને રાગ અને દ્વેષ સાથે ગુણતાં ૩૦×૨=૬૦ થાય.

૫ **શ્રોત્રેન્દ્રિયના ૧૨ વિકારો**—સચિત્ત, અચિત્ત અને મિશ્ર એ ત્રણ પ્રકારના શબ્દને શુભ અને અશુભ સાથે ગુણતાં ૩×૨=૬ થાય. અને તેને રાગ અને દ્વેષ સાથે ગુણતાં ૬×૨=૧૨ થાય.

આ પ્રમાણે પાંચ ઈન્દ્રિયોના ૨૫૨ વિકારો થાય છે.

૩ **કષાય**—ત્રીજો પ્રમાદ કષાય તે ક્રોધ-માન-માય-લોભ વગેરે જાણવા.

૪ **નિદ્રા**—ચોથો પ્રમાદ નિદ્રા તે ધર્મકાર્યમાં આળસ કરે, ઉદ્યમવંત ન બને તે.

૫ **વિકથા**—પાંચમો પ્રમાદ વિકથા એટલે પારકી નિંદા-કુથલી કરે તે, રાજકથા, ભક્તકથા, દેશકથા અને સ્ત્રી-કથા એમ ચાર ભેદે છે.

## પાંચ મેરુનાં નામો

૧ સુદર્શનમેરુ, ૨ વિજયમેરુ, ૩ અચલમેરુ, ૪ પુષ્કારાર્ધ (મંદર) મેરુ અને ૫ વિદ્યુન્માલી.

૧ **જંબૂદ્વીપમાં**—સુદર્શનમેરુ.

૨ **ધાતકીખંડમાં**—વિજય અને અચલ.

૩ **પુષ્કરાર્ધદ્વીપમાં**—પુષ્કરાર્ધ અને વિદ્યુન્માલી.

## પાંચ ઇન્દ્રિયોનો વિષય

૧ **સ્પર્શનેન્દ્રિયનો** વિષય બાર યોજનનો છે.

૨ **રસનેન્દ્રિયનો** વિષય અપ્રાપ્યકારી છે.

૩ **ઘ્રાણેન્દ્રિયનો** વિષય નવ યોજન છે.

૪ **ચક્ષુરિન્દ્રિયનો** વિષય ૧ લાખ યોજન છે.

૫ **શ્રોત્રેન્દ્રિયનો** વિષય બાર યોજન છે.

તે આ રીતે—

૧ સ્પર્શનેન્દ્રિયથી ઠંડી અગર ગરમ હવા લે.

૨ રસનેન્દ્રિયથી લીંબુ આદિને યાદ કરવાથી મોઢામાં પાણી આવે.

૩ ઘ્રાણેન્દ્રિયથી વરસાદની સુગંધ આવે.

૪ ચક્ષુરિન્દ્રિયથી વૈક્રિયશરીર એક લાખ જોજનનું હોય તે પણ દેખે.

૫ શ્રોત્રેન્દ્રિયથી વરસાદ ગાજતો સાંભળે.

## આઠ આત્માનાં નામ

૧ દ્રવ્યાત્મા, ૨ કષાયાત્મા, ૩ યોગાત્મા, ૪ ઉપયોગાત્મા, ૫ જ્ઞાનાત્મા, ૬ દર્શનાત્મા, ૭ ચારિત્રાત્મા અને ૮ વીર્યાત્મા.

## એકસો સીત્તેર (૧૭૦) તીર્થંકરોનો વિચાર

ઉત્કૃષ્ટ કાળે ૧૭૦ તીર્થંકરો હોય છે. કયા કયા કાળે કેટલા હોય તે આ પ્રમાણે—

ઉત્સર્પિણી (ચઢતો કાળ) માં ભરતક્ષેત્રમાં આઠમા તીર્થંકર વિચરતા હોય ત્યારે ૧૭૦ તીર્થંકરો ઉપજે. તેની સંખ્યા આ પ્રમાણે–૫ ભરત, ૫ ઐરવત તથા પાંચ મહાવિદેહની ૩૨×૫=૧૬૦ વિજય મળી ૧૭૦ ક્ષેત્રમાં એક એક તીર્થંકર વિચરે. તે તીર્થંકરો અવસર્પિણી (પડતો કાળ) ના સોળમા તીર્થંકર સુધી હોય. જ્યારે ભરત-ઐરવતે ૧૦ તીર્થંકર ન હોય ત્યારે મહાવિદેહમાં ૧૬૦ વિચરતા હોય. કોઇ કેવળી, કોઇ પરણેલ, કોઇ બાળક હોય, એક મોક્ષે જાય ત્યારે બીજાને કેવળજ્ઞાન થાય. પાંચ મહાવિદેહમાં ઉત્સર્પિણીના આઠમા તીર્થંકરથી અવસર્પિણીના સોળમા તીર્થંકર સુધી વિરહ ન પડે. ભરત-ઐરવતમાં વિરહ પડે, પણ મહાવિદેહમાં ૧૬૦ હોય. જ્યારે અવસર્પિણીકાળમાં સોળમા તીર્થંકર મોક્ષે જાય ત્યારે ૧૭૦ સર્વે મોક્ષે જાય. એ વખતે દશ ક્ષેત્રે સાથે વિરહ પડે. ત્યારપછી પાંચ ભરત અને પાંચ ઐરવતના મળી ૧૦ ઉપજે, વધારે નહિ. એ દશ જઘન્ય જાણવા.

ભરત-ઐરવતના દશે મોક્ષે જાય ત્યારે એકેક મહાવિદેહમાં ચાર ચાર જન્મે એટલે પાંચ મહાવિદેહમાં (૫×૪=૨૦)

વીશ તીર્થંકર ભરત ક્ષેત્રના સત્તરમા તથા અઢારમા તીર્થંકરની વચ્ચે થાય. એ જઘન્યથી જાણુવા.

એમ મહાવિદેહના ૨૦ તીર્થંકર ભરતક્ષેત્રના ૨૦ મા તથા ૨૧ મા તીર્થંકરની વચ્ચે સંયમ લઇને કેવળી થાય. તે વખતે પાંચ ભરતના, પાંચ ઐરવતના અને મહાવિદેહના ૨૦ મળી કુલ ૩૦ તીર્થંકરો હોય તે મધ્યમથી જાણુવા.

જ્યારે ભરતમાં ચોવીશમા તીર્થંકર મોક્ષમાં જાય ત્યારે મહાવિદેહમાં વીશ વિચરતા છે, એમ જાણુવું.

હમણુા મહાવિદેહમાં ૨૦ તીર્થંકરો વિચરે છે, તે આવતી ચોવીશીના ભરતક્ષેત્રમાંના સાતમા જિનના વારે મોક્ષે જશે. અને આઠમા તીર્થંકર નહિં જન્મે ત્યાં સુધી પંદરે ક્ષેત્રમાં સાથે વિરહ થશે, એમ જાણુવું.

આ પ્રમાણે પછી આઠમા તીર્થંકરથી જેમ પૂર્વે કહ્યું તે રીતે ૧૭૦ થશે, એમ ૧૭૦-૨૦-૩૦ થયા, થાય અને થશે.

તીર્થંકરના ચ્યવન કલ્યાણક અને જન્મ કલ્યાણક અર્ધી રાત્રે થાય. ભરત ને ઐરવતમાં રાત્રિ હોય ત્યારે મહાવિદેહમાં દિવસ હોય. તે માટે એકી સાથે ૨૦ ને ૧૦ નો જ જન્મ હોય.

તીર્થંકરદેવોનો જન્માભિષેક મેરુ પર્વત ઉપર પાંડુકવનમાં આવેલી શીલાઓ ઉપરના સિંહાસન ઉપર કરવામાં આવે છે, પ્રથમ જણાવ્યા મુજબ પાંચ મેરુ છે. દરેક મેરુ ઉપરના પાંડુકવનમાં ચાર દિશામાં એકેક મળી ચાર શીલાઓ છે. તેમાં જે શીલા પૂર્વ અને પશ્ચિમ દિશામાં છે તેના ઉપર બબ્બે સિંહાસનો છે અને જે શીલા ઉત્તર અને દક્ષિણુ

દિશામાં છે, તેના ઉપર એકેક સિંહાસન છે, જયારે એકેક મહાવિદેહમાં એકી સમયે ચાર—ચાર તીર્થંકર જન્મે ત્યારે પાંચ મહાવિદેહના ( ૫×૪=૨૦ ) વીશ તીર્થંકરોનો જન્માભિષેક એક સમયે થાય, પાંચ ભરત અને પાંચ ઐરવતના મળી ૧૦ તીર્થંકરો એકી સમયે જન્મે ત્યારે દશ જન્માભિષેક એક સમયે થાય.

એ રીતે એક સમયે વીશ અથવા દસ જન્મે, વધારે નહિ, થોડા સમય ( કલાક ) બાદ બીજા જન્મે, એ રીતે પાંચ મહાવિદેહની સર્વ વિજયોના મળી ૧૬૦ પુરા થાય. પણ તે સર્વે એકી સમયે જન્મે નહિ. કારણ કે સર્વે મળીને સિંહાસન ત્રીશ છે. તો દરેકનો જન્માભિષેક એકી સાથે કેવી રીતે થાય ? માટે એક સમયમાં તો વીશ અથવા દશ જન્મે, વધારે નહિં.

૧૬૦ તીર્થંકરોનું ૮૪ લાખ પૂર્વનું આયુષ્ય ૫૦૦ ધનુષ્યનું દેહમાન હોય.

ભરત અને ઐરવત ક્ષેત્રોમાં ઉત્સર્પિણીનાં ત્રીજા, ચોથા અને પાંચમા આરામાં અને અવસર્પિણી કાળના ત્રીજા, ચોથા અને પાંચમા આરામાં ધર્મ હોય. મહાવિદેહ ક્ષેત્રમાં સદાય ચોથા આરાનો ભાવ, હોય ત્યાં ચડતો–પડતો કાળ ન હોય.

વર્તમાન કાળે પાંચ મહાવિદેહમાં થઈને ૨૦ તીર્થંકરો વિચરી રહ્યા છે, માટે તે ૨૦ વિહરમાન કહેવાય છે. જંબૂદ્વીપના ૧ મહાવિદેહમાં સીમંધર સ્વામી આદિ ચાર, ધાતકીખંડના ૨ મહાવિદેહના મળી ૮, અને અર્ધ પુષ્કરવરદ્વીપના

૨ મહાવિદેહના મળી ૮, એમ કુલ ૨૦ વિહરમાન જિન થાય છે. તે દરેક ભગવંતનો પરિવાર ૧૦૦ ક્રોડ સાધુ, ૧૦૦ ક્રોડ સાધ્વીજી અને ૧૦ લાખ કેવળી હોય છે. પાંચ મહાવિદેહના મળી ૨ ક્રોડ કેવળી ભગવંતો વર્ત્તમાન કાલે વિચરી રહ્યા છે.

**ચાર શાશ્વત તીર્થંકરો**—દેવલોક વગેરે સ્થાને શાશ્વત જિનમંદિરોમાં જે પ્રતિમાઓ છે, તેમના નામ આ મુજબ છે. ૧ **ઋષભ**, ૨ **ચંદ્રાનન**, ૩ **વારિષેણ**, અને ૪ **વર્ધમાન.**

## સહસ્રકૂટમાં (૧૦૨૪) એક હજાર ને ચોવિશ પ્રતિમા

પાંચ ભરત, પાંચ ઐરવત એ દશ ક્ષેત્રની અતીત, અનાગત અને વર્ત્તમાન ચોવીશીના મળી (૧૦×૩×૨૪=૭૨૦) સાતસો ને વીશ પ્રતિમાજી થયા.

પાંચ મહાવિદેહમાં ૩૨–૩૨ વિજયો છે. તેથી (૩૨×૫=૧૬૦) પાંચ મહાવિદેહની વિજયોના એકસો સાઠ જિનપ્રતિમાજી લેવા.

વર્ત્તમાન ચોવીશીના ૨૪ તીર્થંકરના પાંચ પાંચ કલ્યાણકો મળી ૧૨૦ કલ્યાણક થાય, તે સંબંધી ૧૨૦ પ્રતિમાજી લેવા.

તેમજ ૨૦ વિહરમાનજિનના ૨૦ પ્રતિમાજી તથા ચાર શાશ્વતા તીર્થંકરના ચાર પ્રતિમાજી લેવા.

આ રીતે (૭૨૦+૧૬૦+૧૨૦+૨૦+૪=૧૦૨૪) એક હજાર ને ચોવીશ પ્રતિમાજી સહસ્રકૂટમાં હોય છે.

## મૌન એકાદશીના (૧૫૦) દોઢસો કલ્યાણક

પાંચ ભરત અને પાંચ ઐરાવત એ દશ ક્ષેત્રમાં પાંચ-પાંચ કલ્યાણક લેવા તે આ પ્રમાણે:—

એક જન્મ કલ્યાણુક, બે દીક્ષા કલ્યાણુક અને બે કેવળજ્ઞાન કલ્યાણુક. એ પાંચ કલ્યાણુક દશ ક્ષેત્રમાં લેતાં ( ૫×૧૦=૫૦ ) પચાસ થાય તેને અતીત, અનાગત અને વર્ત્તમાનકાળ સાથે ગુણુતાં ( ૫૦×૩=૧૫૦ ) દોઢસો કલ્યાણુક થાય.

તેમાં તીર્થંકરના ત્રણુ નામ લેવા. ત્રણુ તીર્થંકરના પાંચ કલ્યાણુક થાય. એક તીર્થંકરના ત્રણુ કલ્યાણુક અને બે તીર્થંકરના એક-એક કલ્યાણુક મળી પાંચ થાય. એટલે એક-એક ક્ષેત્રમાં તીર્થંકર ત્રણુ-ત્રણુ એટલે દશ ક્ષેત્રે ત્રણુ-ત્રણુ લેતા ૩૦ થાય, અતીત, અનાગત અને વર્તમાને ગુણુતાં ૯૦ તીર્થંકરના દોઢસો કલ્યાણુકો મૌન એકાદશીના દિવસે થાય છે.

## એકાદશીના ૩૦૦ કલ્યાણુકો

ઋષભદેવ, અજિતનાથ, સુમતિનાથ, પદ્મપ્રભપ્રભુ અને સુપાર્શ્વનાથ એ પાંચ. તેને પાંચ ભરત અને ઐરાવત મળી ૧૦ ક્ષેત્રે ગુણુતાં ૫૦ થાય. તેને અતીત, અનાગત અને વર્ત્તમાને ગુણુતાં (૫×૧૦=૫૦×૩=૧૫૦). દોઢસો થાય. અને મૌન એકાદશીના ઉપર કહેલ ૧૫૦ ભેળવતાં ૩૦૦ કલ્યાણુક એકાદશીના થાય.

## પાંચસો (૫૦૦) કલ્યાણુકો

વિમલનાથથી માંડીને નેમનાથ પર્યંત ૧૦ જિનેશ્વરના પાંચ પાંચ કલ્યાણુક હોવાથી ૧૦ ×૫=૫૦ થાય. તેને ભરતાદિક દશ ક્ષેત્રે ગુણુતાં ૫૦×૧૦=૫૦૦ થાય. આ પ્રમાણે ૫૦૦ કલ્યાણુકો લેવા.

## શાશ્વતી આયંબીલની ઓળીનું તેર હજાર ગણણું

| | | | |
|---|---|---|---|
| (૧) અરિહંતના | ૧૨ | (૬) દર્શનના | ૫ |
| (૨) સિદ્ધના | ૮ | (૭) જ્ઞાનના | ૫ |
| (૩) આચાર્યના | ૩૬ | (૮) ચારિત્રના | ૧૦ |
| (૪) ઉપાધ્યાયના | ૨૫ | (૯) તપના | ૨ |
| (૫) સાધુના | ૨૭ | | |
| | | કુલ | ૧૩૦ |

એટલે પહેલા પદની બાર નવકારવાળી, બીજા પદની ૮ નવકારવાળી એવી રીતે દરેક પદની મળી ૧૩૦ નવકારવાળી ગણીએ તો તેર હજાર ગણણું થાય.

અને ગુણોનું તેર હજાર ગણણું ગણવું હોય તો એકેક ગુણે એક એક નવકારવાળી ગણીએ તો તેર હજાર ગણણું થાય.

## ત્રેસઠ શલાકા પુરુષો

ઋષભદેવાદિ ૨૪ તીર્થંકરો, ૧૨ ચક્રવર્ત્તિઓ, ૯ બળદેવ, ૯ વાસુદેવ અને ૯ પ્રતિવાસુદેવ મળી કુલ ૬૩ શલાકાપુરુષ થાય છે.

**૧૨ ચક્રવર્તિનાં નામ**—૧ ભરત, ૨ સગર, ૩ મઘવા, ૪ સનત્કુમાર, ૫ શાંતિનાથ, ૬ કુંથુનાથ, ૭ અરનાથ, ૮ સુભૂમ, ૯ મહાપદ્મ, ૧૦ હરિષેણ, ૧૧ જય અને ૧૨ બ્રહ્મદત્ત.

**૯ વાસુદેવનાં નામ**—૧ ત્રિપૃષ્ઠ, ૨ દ્વિપૃષ્ઠ, ૩ સ્વયંભૂ, ૪ પુરુષોત્તમ, ૫ પુરુષસિંહ, ૬ પુંડરીક, ૭ દત્ત, ૮ નારાયણ (લક્ષ્મણ) અને ૯ કૃષ્ણ.

**૯ બળદેવનાં નામ**—૧ અચલ, ૨ વિજય, ૩ સુભદ્ર, ૪ સુપ્રભ, ૫ સુદર્શન, ૬ આનંદ, ૭ નંદન, ૮ રૂપ (રામ) અને ૯ રામ (બલદેવ).

**૯ પ્રતિવાસુદેવનાં નામ**—૧ અશ્વગ્રીવ, ૨ તારક, ૩ મેરક, ૪ મધુ, ૫ નિશુભ, ૬ બલીન્દ્ર, ૭ પ્રહ્લાદ, ૮ રાવણ અને ૯ જરાસંધ.

એ પ્રમાણે ૨૪+૧૨+૯+૯+૯=૬૩ શલાકાપુરુષો થાય છે.

## ૬૩ શલાકાપુરુષના માતા-પિતા-જીવ વગેરે

**૬૩ શલાકાપુરુષના પિતા ૫૨**—બલદેવ અને વાસુદેવના પિતા એક જ હોય છે. એટલે ૯ ઓછા. તેમજ શાંતિનાથ, કુંથુનાથ અને અરનાથ એ ત્રણ તીર્થંકર અને ચક્રવર્ત્તી હતા. તેથી એ ત્રણ ઓછા એટલે કુલ ૧૨ ઓછા થવાથી ૫૧ થાય, જ્યારે મહાવીરસ્વામીના ગર્ભ પરાવર્ત્તનની અપેક્ષાએ માત-પિતા બે ગણીએ તો ૫૨ પિતા થાય.

**૬૩ શલાકાપુરુષની માતા ૬૧**—શાંતિનાથ, કુંથુનાથ અને અરનાથ એ ત્રણ તીર્થંકર તથા ચક્રવર્ત્તી હોવાથી ૩ ઓછા કરવાથી ૬૦ થાય. જ્યારે મહાવીરસ્વામીના ગર્ભપરાવર્ત્તનની અપેક્ષાએ બે માતા થયા તેથી ૬૦+૧=૬૧ થાય.

**૬૩ શલાકાપુરુષના શરીર ૬૦**—શાંતિનાથ, કુંથુનાથ અને અરનાથ એક જ ભવમાં તીર્થંકર અને ચક્રવર્ત્તી થવાથી ૩ ઓછા ગણવાથી ૬૦ શરીર થાય.

**૬૩ શલાકાપુરુષના જીવ ૫૯**—ત્રણ તીર્થંકરો (૧૬-૧૭-૧૮ મા) તીર્થંકર તથા ચક્રવર્ત્તીપદ પામ્યા તેથી તે ત્રણ

ઓછા, તેમજ શ્રી મહાવીરસ્વામીનો જીવ વાસુદેવ થયેલ, તેથી તે એક ઓછા એમ કુલ ૪ ઓછા થવાથી જીવ ૫૯ થાય.

તીર્થંકરો પાંચે ય વર્ણના હોય છે. ચક્રવર્ત્તી સુવર્ણવર્ણવાળા હોય છે. વાસુદેવ શ્યામ હોય છે. બળદેવ ઉજ્જવલ હોય છે.

### ૬૩ શલાપુરુષોની ગતિ—

(૧) હરેક તીર્થંકરો મોક્ષમાં જાય છે.

(૨) **ચક્રવર્ત્તીઓમાં**—(अ) સુભૂમ અને બ્રહ્મદત્ત સાતમી નરકમાં ગયા.
(आ) મઘવા અને સનત્કુમાર ત્રીજા દેવલોકમાં ગયા.
(इ) બાકીના ૮ મોક્ષમાં ગયા.

(૩) **વાસુદેવોમાં**— (अ) પહેલા વાસુદેવ સાતમી નરકમાં.
(आ) ૨-૩-૪-૫-૬ વાસુદેવ ૬ ટ્ઠી નરકમાં.
(इ) સાતમા વાસુદેવ પાંચમી નરકે ગયા.
(ई) આઠમા અને નવમા વાસુદેવ ત્રીજી નરકમાં ગયા.

(૪) **પ્રતિવાસુદેવોમાં**-(अ) ૧ લા સાતમી નરકમાં.
(आ) ૨-૩-૪-૫-૬ છટ્ઠી નરકમાં.
(इ) સાતમા પાંચમી નરકમાં.
(ई) ૮-૯ મા ચોથી નરકમાં.

(૫) બળદેવોમાં— (अ) આઠ બળદેવો મોક્ષમાં ગયા છે.
(आ) નવમા બળદેવ બ્રહ્મદેવલોકમાં ગયા છે.

## તીર્થંકરદેવોના માતા-પિતાની ગતિ

(૧) ભગવાનના પિતાની ગતિ—

अ ઋષભદેવ ભગવાનના પિતા- નાગકુમારમાં.
आ ૨ થી ૮ ભગવાનના પિતા ઈશાન દેવલોકમાં.
इ ૯ થી ૧૬ ભગવાનના પિતા સનત્કુમાર દેવલોકમાં
ई ૧૭ થી ૨૪ ભગવાનના પિતા મહેન્દ્ર દેવલોકમાં.

(૨) ભગવાનના માતાની ગતિ—

अ ૧ થી ૮ ભગવાનની માતા મોક્ષમાં.
आ ૯ થી ૧૬ ભગવાનની માતા ત્રીજા દેવલોકમાં.
इ ૧૭ થી ૨૪ ભગવાનની માતા ચોથા દેવલોકમાં.

## તપ ચિંતવણીનો કાઉસ્સગ્ગ

રાઈય પ્રતિક્રમણમાં-આયરિય ઉવજ્ઝાએ૦ સૂત્ર કહ્યા પછી કરેમિભંતે૦ ઇચ્છામિ ઠામિ૦ અને અન્નત્થ૦ સૂત્ર કહ્યા પછી મુખ્યપણે તપ ચિંતવવારૂપ તપચિંતવણીનો કાઉસ્સગ્ગ કરવામાં આવે છે (જેઓને ન આવડે તે ૧૬ નવકાર ગણે છે) તે તપ-ચિંતવન (પ્રશ્ન અને ઉત્તરરૂપે) આ પ્રમાણે થાય છે—

રાજગૃહી નગરીમાં નાલંદા પાડામાં પ્રભુ મહાવીરસ્વામીએ છદ્મસ્થપણે છ માસી તપ કરેલ તે તપ હે ચેતન! તારાથી થશે? મારી શક્તિ નથી અને પરિણામ નથી.

તેમાંથી પાંચ ઉણા થશે ? શક્તિ નથી પરિણામ નથી.
તેમાંથી દશ ઉણા થશે ? શક્તિ નથી પરિણામ નથી.
તેમાંથી પંદર ઉણા થશે ? શક્તિ નથી પરિણામ નથી.
તેમાંથી વીશ ઉણા થશે ? શક્તિ નથી પરિણામ નથી.
તેમાંથી પચ્ચીશ ઉણા થશે ? શક્તિ નથી પરિણામ નથી.
તેમાંથી ૨૬-૨૭-૨૮-૨૯ થશે ? શક્તિ નથી પરિણામ નથી.
પાંચ માસી તપ થશે ? શક્તિ નથી પરિણામ નથી.
તેમાંથી પાંચ ઉણા થશે ? શક્તિ નથી પરિણામ નથી.
તેમાંથી દશ ઉણા થશે ? શક્તિ નથી પરિણામ નથી.
તેમાંથી પંદર ઉણા થશે ? શક્તિ નથી પરિણામ નથી.
તેમાંથી વીશ ઉણા થશે ? શક્તિ નથી પરિણામ નથી.
તેમાંથી પચ્ચીશ ઉણા થશે ? શક્તિ નથી પરિણામ નથી.
તેમાંથી ઓગણત્રીશ ઉણા થશે ? શક્તિ નથી પરિણામ નથી.

એવી રીતે ચાર માસ થશે ? તે યાવત્ ૨૯ સુધી કહેવું. ત્યારપછી ત્રણ માસથી અઢી માસ સુધી પાંચ–પાંચ ઉણા કરવા. પછી બે માસથી પાંચ–પાંચ ઉણા કરવા. દોઢ માસ સુધી બોલવા. પછી દોઢ માસથી પાંચ–પાંચ ઉણા કરતા માસખમણ સુધી ઉતરવું. પછી માસખમણથી બે–બે ઉપવાસ ઉતરતા ચૌદ ઉપવાસ સુધી બોલવા. પછી એક ઉણો કરતાં તેર ઉપવાસ થશે. પછી હે ચેતન ! ચોત્તીસ ભત્તં થશે ? શક્તિ નથી પરિણામ નથી. એ રીતે બત્રીશ–ત્રીશ–અઠ્યાવીશ યાવત્ બબ્બે ઉતરતા દશ ભક્ત સુધી ઉત્તરવું. પછી અટ્ઠમભત્તં, છટ્ઠભત્તં, ચોથભત્તં, ઉપવાસ યાવત્ નીવી–એકાસણું, બીયાસણું, અવટ્ઠ, પુરિમડ્ઢ, સાઢપોરિસી, પોરિસી, નવકારશી સુધી ઉતરતા જ્યારે

જે દિવસે જે પચ્ચક્ખાણ કરવાનું હોય તે આવે ત્યારે શક્તિ છે ને પરિણામ છે એમ કહેવું. વિશેષ એ છે કે-પૂર્વે એકી-સાથે જેટલું તપ કરેલ હોય અને તે દિવસે તે તપ ન કરવાનું હોય તો 'શક્તિ છે પણ પરિણામ નથી' એમ કહેવું અને જે તપ કરવું હોય ત્યાં 'શક્તિ છે ને પરિણામ પણ છે' એમ કહેવું અને કાઉસ્સગ્ગ પારવો. આ તપચિંતવણીનો કાઉસ્સગ્ગ મનની શુદ્ધતાથી મનની એકાગ્રતાપૂર્વક કરવાથી છમાસી તપનો લાભ થાય છે.

## યોગની આઠ દૃષ્ટિ

યોગ સંબંધિ દૃષ્ટિ, યોગમાર્ગને અનુસરતી દૃષ્ટિ તે યોગ દૃષ્ટિ કહેવાય. તે આઠ છે. ૧ મિત્રા, ૨ તારા, ૩ બલા, ૪ દીપ્રા, ૫ સ્થિરા, ૬ કાન્તા, ૭ પ્રભા અને ૮ પરા.

૧ **મિત્રાદૃષ્ટિ**—આ દૃષ્ટિનું મુખ્ય લક્ષણ સર્વ જગત્ પ્રત્યે મિત્રભાવ હોવાથી તેનું **મિત્રા** નામ યથાર્થ છે. આ દૃષ્ટિમાં જે દર્શન-સત્ શ્રદ્ધાવાળો બોધ હોય છે, તે મંદ-અલ્પશક્તિવાળો હોવાથી તૃણ-અગ્નિકણની ઉપમા ઘટે છે. જેમ ઘાસના અગ્નિનો પ્રકાશ ઇષ્ટ પદાર્થનું દર્શન કરાવવા સમર્થ થતો નથી. તેમ આ દૃષ્ટિનો બોધ પરમાર્થથી ઇષ્ટપદાર્થનું દર્શન કરાવી શકતો નથી. તૃણના અગ્નિ સરખો અલ્પ બોધ હોય.

પાંચ યમ ( અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ ) પ્રાપ્ત થાય, દાનાદિ શુભ કાર્યોમાં આળસ ન થાય, બીજા દર્શનીઓના તથાપ્રકારના ભાવો દેખી દ્વેષ ન

ઉપજે. યોગનાં બીજ આ દૃષ્ટિમાં ગ્રહણ કરે, શ્રી જિનેશ્વરદેવને શુદ્ધ પ્રણામ કરે. ભાવાચાર્યની સેવા કરે. સંસારથી ઉદાસીનતા તેજ મોક્ષ પ્રાપ્તિ કરાવનાર છે એમ જાણે. દ્રવ્ય અભિગ્રહોનું પાલન કરે. આગમવિધિપૂર્વક દાનાદિ આપે. બહુમાનપૂર્વક પુસ્તકો લખાવે. સિદ્ધાંત લખાવવામાં તથા જિનબિંબોના પૂજનમાં દ્રવ્યાદિ સામગ્રી આપવામાં સાવધાન હોય. સિદ્ધાંતની વાચના આપનારનો યોગ મેળવવા ઉદ્યમ કરે. વાચના આદિ પ્રાંચ પ્રકારનો સ્વાધ્યાય કરે. ભાવ–આસ્થાદિકના કારણો વધારે તેના ચિંતવન અને ભાવનાની ચાહના કરે.

યોગના અંગની કથા સાંભળી રોમાંચિત શરીરયુક્ત થાય. આવા બાહ્ય સંયોગો મળવાથી યોગનું અવંચકપણું પ્રાપ્ત થાય. તેથી ધર્મસ્નેહ પામે. ઉત્તમગુરુનો યોગ પામી વંદનાદિ ક્રિયા કરે, તેનાથી મનના વિશુદ્ધપણારૂપ **યોગ અવંચક**, વચન અને કાયાને નિરવદ્ય પ્રવર્તાવવારૂપ **ક્રિયા અવંચક** અને કષાયાદિની હીનતા થવાથી શુભગતિ પ્રમુખ ફલની પ્રાપ્તિરૂપ **ફળ અવંચક** પણ થાય.

અહિં અપૂર્વકરણના સમીપપણાથી સ્થિતિ અને રસમાં મંદપણે મિથ્યાત્વ ગુણસ્થાને હોય.

૨ **તારાદૃષ્ટિ**—આ દૃષ્ટિમાં બોધ **ગોમય–અગ્નિ**=છાણના અગ્નિ સરખો બોધ હોય છે. જેમ છાણાનો અગ્નિ ધીમે ધીમે વધે તેમ બોધ વધતો જાય. તેનાથી મન નિર્મળ રહે, સંતોષ પ્રાપ્ત થાય, તપ કરે, સ્વાધ્યાય કરે, પરમાત્માનું ધ્યાન કરે. પાંચ યમ પાળે, ક્રિયામાં ઉદ્વેગ ન પામે, ગુણતત્ત્વની જિજ્ઞાસા

થાય. કદાગ્રહ ન હોય, આ દષ્ટિમાં વર્ત્તતો પ્રાણી યોગકથામાં બહુ પ્રેમ ધારણ કરે. આત્માને અનુચિત કાર્ય ન કરે. કોઇનો સમજાવ્યો સમજે. પોતાનાથી અધિક ગુણવંતનો વિનય કરે, પોતાનામાં ગુણહીનતા જુએ. સંસારના ભયથી ત્રાસ પામે, શિષ્ટ પુરુષોના વચનને પ્રમાણ કરે. ખોટો આડંબર ન કરે.

૩ **બલાદષ્ટિ**—આ દષ્ટિમાં શાસ્ત્રશ્રવણથી કાષ્ઠના અગ્નિ સરખો દૃઢ બોધ હોય. સિદ્ધાંત સાંભળવાની તીવ્ર ઇચ્છા કરે, જેમ કોઇ યુવાન પુરુષ ધનાઢ્ય અને સુખી હોય, વળી સુંદર સ્ત્રીએ યુક્ત હોય, તે જેમ દેવ-ગાંધર્વના ગીત-ગાન શ્રવણ કરવાની ચાહના કરે તેવી રીતે આ દષ્ટિવંત પ્રાણી તત્ત્વજ્ઞાન-શ્રવણની ચાહના કરે, વળી આ દષ્ટિવાળા વિનયવંત પણ હોય, શાસ્ત્રશ્રવણથી હર્ષ પામે, શરીરે રોમાંચિત થાય. આ દષ્ટિમાં વર્ત્તતાં ધર્મકાર્યમાં પ્રાયઃ અંતરાય ન થાય. કારણ કે આ દષ્ટિમાં અનાચારનો ત્યાગ હોય છે.

૪ **દીપ્રાદષ્ટિ**—આ દષ્ટિમાં દીપકની પ્રભા સરખો બોધ હોય છે. મતલબ કે સૂક્ષ્મ બોધ હોય છે. આ દષ્ટિમાં વર્તતો પ્રાણી ધર્મને માટે પ્રાણને તજે છે, પણ પ્રાણાંત સંકટમાં પણ ધર્મને તજે નહિ. સંસાર ઉપર વિરાગભાવ ધારણ કરે, ભવાભિનંદિપણાનો ત્યાગ થાય, ગુરુભક્તિ કરનારો બને. આ દષ્ટિમાં પણ સમકિત નહિ હોવાથી સૂક્ષ્મ બોધ ન હોય. છતાં પરિણામ ઘણા ઉંચા હોય છે.

ઉપરની ચાર દષ્ટિમાં સમ્યક્ત્વ હોતું નથી.

૫ **સ્થિરાદષ્ટિ**—ગ્રંથિભેદ થવાથી આ દષ્ટિમાં સમ્યગ્દર્શન

નિત્ય હોય તે રત્નની કાંતિ સમાન હોય, લેશમાત્ર ભ્રાન્તિ ન હોય. તત્ત્વાર્થરૂપ સૂક્ષ્મબોધનું યથાર્થ જ્ઞાન હોય. સરળ બુદ્ધિ હોય. આ દૃષ્ટિવંત પ્રાણીને સંસારની સર્વ ચેષ્ટા બાળકોએ બનાવેલા ધૂળના ગૃહની જેમ અસત્ય ભાસે છે. નીચે મુજબ ગુણો પ્રગટ થાય છે.

ચંચળતા ચાલી જાય છે. સ્થિરતા પ્રગટે છે. પ્રાયઃરોગ રહિત હોય. મળ-મૂત્ર ઓછા થાય, ભવ્યતા સુંદર દેખાય. કંઠ સુંદર થઇ જાય. દરેક જીવ ઉપર મિત્રતા રહે. પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં આસક્ત ન થાય. ધર્મનો પ્રભાવ વિસ્તારે. શરૂ કરેલું કાર્ય પૂર્ણ કરવાની ધીરતા હોવાથી ઈચ્છિત વસ્તુ મેળવી શકે. મનુષ્યોને પ્રિય લાગે. ઉદયમાં આવેલા સુખો દુઃખ આવતા દબાઈ જતા નથી. મારા–તારાપણું નીકળી જાય. સમસ્ત વિશ્વને કુટુંબ જ માને. આ દૃષ્ટિમાં તત્ત્વજ્ઞાનને જ સાર માને અને સંસારના સર્વ ઉપાય-પ્રપંચને અસાર માને. દર્શન મોહનીય કર્મના ક્ષયોપશમ અથવા ઉપશમથી આ દૃષ્ટિ હોય છે.

૬ **કાંતાદૃષ્ટિ**—આ દૃષ્ટિમાં આકાશના તારા સરખો જ્ઞાનનો પ્રકાશ હોય. જેમ તારાના પ્રકાશનો અભાવ થતો નથી, તેમ જ્ઞાનનો અભાવ થતો નથી, તત્ત્વની જ વિચારણા હોય છે. તત્વ ઉપર દૃઢ ધારણા હોય, અન્યશ્રુત (મિથ્યાશ્રુત) ની લેશમાત્ર વાસના ન હોય.

જેમ પતિવ્રતા સ્ત્રીનું મન ઘરના અન્ય કાર્યો કરવા છતાં પણ પોતાના પતિ સાથે જોડાયેલું હોય, તેમ કાંતા દૃષ્ટિવાળો

પ્રાણી સંસારમાં રહ્યો થકો સર્વ કાર્ય કરે, તો પણ તેનું મન અરિહંત ભગવંતે પ્રરૂપેલા ધર્મમાં જ જોડાયેલું હોય, સંસારના કાર્યોમાં આસક્તિ ન હોય. સમ્યગ્જ્ઞાનના જ આદરવાળો હોય. તેથી ધર્મમાં વિઘ્ન કરનાર કારણોને નિવારણ કરે, વિષયાદિકમાં પોતાનું મન ન જોડે. તેથી તેને ભોગ પણ સંસારના હેતુભૂત થતા નથી. માયાનું ઉલ્લંઘન કરે, જ્ઞાન અને શ્રદ્ધાએ યુક્ત હોવાથી ભવપ્રપંચમાં ફસાય નહિ, ઇંદ્રિયોના ભોગને ખરાબ જાણે. યોગમાં સ્થિર થાય છે. અહિં યોગનું **ધારણા** અંગ પ્રાપ્ત થાય છે. કોઇપણ ધ્યેય પ્રદેશને ૪૮ મીનીટ ધારી રાખે છે. ચિત્તની એકાગ્રતા કરવી તે ધારણા કહેવાય. આવા સ્થિરતાવાળા યોગીને જોઇને સર્વને સ્વાભાવિક પ્રેમ આવે છે.

૭ **પ્રભાદૃષ્ટિ**—આ દૃષ્ટિમાં બોધનો પ્રકાશ સૂર્યની પ્રભા સરખો હોય. અર્થાત્ સૂર્યનો પ્રકાશ જેમ અંધકારનો નાશ કરે, તેમ આ દૃષ્ટિવંત પ્રાણી અજ્ઞાનનો નાશ કરે. આ દૃષ્ટિમાં ધ્યાન પ્રિય હોય. તત્ત્વનો આદર હોય, રોગ ન હોય, સુખની પુષ્ટિ હોય, 'પરપુદ્ગલાદિકને વશવર્ત્તીપણું તે જ દુઃખનું લક્ષણ છે, અને આત્મસ્વભાવમાં જ વર્ત્તવું તે સુખનું લક્ષણ છે' એ પ્રમાણે આ દૃષ્ટિમાં આત્મગુણથી પરમાનંદ સુખ પ્રગટે છે. આ દૃષ્ટિમાં પ્રાણીને નિર્મળ બોધનો પ્રકાશ થવાથી નિરંતર ધર્મધ્યાન અને શુક્લધ્યાન સાચા હોય. આત્મા મોક્ષના પરિણામવાળો આ દૃષ્ટિમાં હોય છે. અહિં યોગનું સાતમું અંગ ધ્યાન પ્રાપ્ત થાય છે.

**પરાદૃષ્ટિ**—આ દૃષ્ટિ મુખ્યપણે આત્મસમાધિરૂપ છે.

આત્મા સ્વ-સ્વભાવમાં પૂર્ણપણે પ્રવર્ત્તે છે, બોધનો પ્રકાશ સંપૂર્ણ ચંદ્રમા જેવો નિર્મળ અને પ્રશાંત હોય છે. આ દૃષ્ટિમાં પ્રવર્ત્તતો યોગી નિરતિચારપણે પ્રવર્તે છે. કોઇપણ વખત અતિચારાદિમાં પ્રવર્તે નહિ.

શરીરનો ગંધ ચંદન સમાન હોય, વચન પણ શીતળ હોય, ક્ષમાદિક ધર્મ સહજ રીતે હોય. પરગુણની વાંછા ન કરે. સંસારના આસંગથી રહિત હોય. સર્વ ક્રિયા આત્માના ગુણ માટે થાય, તે ક્રિયા એવી હોય કે જે અક્રિય ગુણને સાધે. અપૂર્વકરણાદિ ગુણસ્થાનકના કારણ સાધતા અનુક્રમે આ દૃષ્ટિમાં મુનિરાજ કેવલજ્ઞાનને પામે. આ દૃષ્ટિવાળા આત્માનું જીવન પૂર્ણ આત્મસ્પર્શી હોય. સમસ્ત લબ્ધિના ફળના ભોગી થાય. ભવ્યજીવોને અત્યંત ઉપકારી થાય. પોતે સયોગી ગુણસ્થાને વર્ત્તી, અયોગી ગુણસ્થાને અયોગી પદ લહી સિદ્ધિ પામે. સર્વ કર્મરૂપ શત્રુઓ ક્ષય કરતાં રોગાદિ સર્વ વ્યાધિઓનો પણ નાશ કરે. એ પ્રમાણે સર્વ ઇચ્છા પૂર્ણ થવાથી કેવળ આત્મ સ્વરૂપમા લીન થવાથી એકરૂપતા પામે. સંપૂર્ણ સુખ પામે. અને પૂર્ણ આત્માનંદી થાય.

આ આઠ દૃષ્ટિનું વિશેષ વિવેચન જાણવાને ઇચ્છુક જનોએ **શ્રી યશોવિજયજી** ઉપાધ્યાય કૃત **આઠ દૃષ્ટિની સજ્ઝાય** તથા આ૦ **શ્રી હરિભદ્રસૂરિ** કૃત **યોગ દૃષ્ટિ સમુચ્ચય** ગ્રંથનું અધ્યયન કરવું જરૂરી છે.

## ૪પ આગમો

જૈનધર્મના મુખ્ય ગ્રંથોને આગમ કહેવાય છે. તેની સંખ્યા પીસ્તાલીશ છે. ૧૧ અંગો, ૧૨ ઉપાંગો, ૧૦ પયન્ના

૬ છેદ સૂત્રો, ૪ મૂળ સૂત્રો અને ૨ ચૂલિકા સૂત્રો એ રીતે કુલ ૪૫ થાય છે.

**૧૧ અંગસૂત્રો**—૧ આચરાંગ સૂત્ર, ૨ સૂયગડાંગ સૂત્ર, ૩ ઠાણુાંગ સૂત્ર, ૪ સમવાયાંગ સૂત્ર. ૫ ભગવતી સૂત્ર, (વિવાહ પન્નત્તી) ૬ જ્ઞાતા ધર્મકથા સૂત્ર, ૭ ઉપાસક દશાંગ સૂત્ર, ૮ અંતગડ દશાંગ સૂત્ર, ૯ અણુત્તરોવવાઇ સૂત્ર, ૧૦ પ્રશ્ન વ્યાકિરણ સૂત્ર, ૧૧ વિપાક સૂત્ર.

આ અગિયાર અંગોમાંથી આચારાંગ અને સૂયગડાંગ સૂત્રની ટીકા આ૦ શ્રી શીલાંકાચાર્યે બનાવી છે. અને બાકીના સૂત્રોની ટીકા આ. શ્રી અભયદેવસૂરિજી મ૦ તેમજ આ. શ્રી મલયગિરિજીએ બનાવેલી છે. અગીયાર અંગના મૂળ શ્લોકોની સંખ્યા ૩૫૬૫૯, અને ટીકાના શ્લોકો ૭૩૫૪૪, ચૂર્ણિના શ્લોકો ૨૨૭૦૦, નિર્યુક્તિની શ્લોક સંખ્યા ૭૦૦ મળી કુલ સંખ્યા ૧૩૨૬૦૩ છે.

**૧૨ ઉપાંગ સૂત્રો**—૧ ઉવવાઇ સૂત્ર, ૨ રાયપસેણી સૂત્ર, ૩ જીવાભિગમ સૂત્ર, ૪ પન્નવણા સૂત્ર, ૫ સૂરપન્નત્તિ સૂત્ર, ૬ જંબૂદીવ પન્નત્તિ સૂત્ર, ૭ ચંદપન્નત્તિસૂત્ર, ૮ કપ્પિયા સૂત્ર, (નિરયાવલી), ૯ કપ્પવડંસિયા સૂત્ર, ૧૦ પુપ્ફિયા સૂત્ર, ૧૧ પુપ્ફચૂલિયા સૂત્ર, અને ૧૨ વહ્નિદશા સૂત્ર.

બાર મૂળ ઉપાંગ સૂત્રોની શ્લોક સંખ્યા ૨૫૪૨૦ છે, ટીકાની ૬૭૯૩૬, લઘુ ટીકા ૬૮૨૮, ચૂર્ણિ ૩૩૦૭ એમ બધાની મળીને કુલ શ્લોક સંખ્યા ૧૦૩૫૪૪ છે.

**૧૦ પયન્ના**—૧ ચઉસરણ પયન્નો, ૨ આઉરપચ્ચકખાણ સૂત્ર, ૩ ભત્તપરિન્ના, ૪ સંથારગ પયન્નો, ૫ તંદુલ વેયાલિય

પયન્નો, ૬ ચંદાવિજ્જય પયન્નો, ૭ દેવિંદત્થવ પયન્નો, ૮ ગણિવિજ્જા પયન્નો, ૯ મહા પચ્ચક્ખાણ સૂત્ર; અને ૧૦ વીરત્થવ સૂત્ર.

દશ પયન્નાની મૂળ ગાથાઓ કુલ ૨૩૦૫ છે.

૬ છેદ સૂત્રો—૧ નિશીથ, ૨ મહાનિશીથ, ૩ બૃહત્કલ્પ, ૪ વ્યહારસૂત્ર, ૫ દશાશ્રુતસ્કંધ અને ૬ જીતકલ્પસૂત્ર. આ સૂત્રની મૂળ કુલ ગાથાઓ ૨૧૭૬૨૩ છે.

ચાર મૂળ સૂત્રો—૧ આવશ્યક સૂત્ર, ૨ દશવૈકાલિક સૂત્ર ૩ પિંડનિર્યુક્તિ–ઓઘનિર્યુક્તિ, ૪ ઉત્તરાધ્યયન સૂત્ર.

આમાં મૂલની કુલ ગાથા ૨૨૦૬૦૦ છે.

બે ચૂલિકા સૂત્ર—૧ નંદીસૂત્ર, ૨ અનુયોગદ્વાર સૂત્ર, આ બન્ને સૂત્રની કુલ ગાથા ૨૭૦૪૭ છે.

આ રીતે આગમ સંખ્યા ૪૫ થાય છે.

## દશ વસ્તુ અનંતી છે

૧ સિદ્ધ, ૨ નિગોદ, ૩ કાલ, ૪ પુદ્દગલ, ૫ આકાશ ૬ અલોક, ૭ કેવલજ્ઞાન, ૮ કેવલદર્શન, ૯ વનસ્પતિ અને ૧૦ પરમાણુ.

## અઢાર ભાર વનસ્પતિ

चत्वारः पुष्पिता भाराः अष्टौ च फलसंयुताः ।
वल्लयो भारषट्कं च वासुदेवेन कीर्तितम् ॥

૪ ભાર ફુલ, ૮ ભાર ફલ, ૬ ભાર વેલડી મળીને ૧૮ ભાર વનસ્પતિ થાય.

## જિનેશ્વરદેવ અઢાર દોષ રહિત હોય તે દોષોનાં નામ

૧ દાનાંતરાય, ૨ લાભાંતરાય, ૩ ભોગાંતરાય, ૪ ઉપભોગાંતરાય, ૫ વીર્યાંતરાય, ૬ હાસ્ય, ૭ રતિ, ૮ શોક, ૯ અરતિ, ૧૦ ભય, ૧૧ દુર્ગંચ્છા, ૧૨ કામ, ૧૩ મિથ્યાત્વ, ૧૪ અજ્ઞાન, ૧૫ નિદ્રા, ૧૬ અવિરતિ, ૧૭ રાગ અને ૧૮ દ્વેષ આ અઢાર દોષ રહિત વીતરાગ ભગવંત હોય છે.

## ૨૫૦ અભિષેક

તીર્થંકર દેવોના જન્મ સમયે ઇંદ્રાદિકદેવ ભગવંતને મેરુગિરિ પર લઇ જઈને જુદા જુદા ૨૫૦ અભિષેક કરે છે. દરેક અભિષેક ૬૪૦૦૦ કળશોનો હોય છે. ૬૪૦૦૦×૨૫૦=૧૬૦૦૦૦૦૦ કુલ કળશોનો અભિષેક થાય.

| | | |
|---|---|---|
| ૬૨ | અભિષેક | ૬૨ ઇંદ્રના. |
| ૪ | ,, | ૪ લોકપાલના. |
| ૬૬ | ,, | ૬૬ ચંદ્રના. |
| ૬૬ | ,, | ૬૬ સૂર્યના. |
| ૧ | ,, | ૧ ગુરુસ્થાનકદેવનો. |
| ૧ | ,, | સામાનિકદેવનો. |
| ૧૬ | ,, | સૌધર્મ-ઇશાનની ઇંદ્રાણીઓનો. |
| ૧૦ | ,, | અસુરની ૧૦ ઇંદ્રાણીના. |
| ૧૨ | ,, | નાગકુમારની ૧૨ ઇંદ્રાણીના. |
| ૪ | ,, | વ્યંતરની ઇંદ્રાણીના. |
| ૪ | ,, | જ્યોતિષીની ઇંદ્રાણીના. |
| ૧ | ,, | ત્રણ પર્ષદાનો. |

| | | |
|---|---|---|
| ૧ | ,, | કટકપતિનો |
| ૧ | ,, | અંગરક્ષકનો. |
| ૧ | ,, | પરચુરણસુરનો. |
| ૨૫૦ | | |

એ પ્રકારે કુલ ૨૫૦ અભિષેક થાય.

## ચાર અનુયોગ

૧ દ્રવ્યાનુયોગ—સિદ્ધાંત-તત્ત્વજ્ઞાન સંબંધી જ્ઞાન જેમાં આવે તે.

૨ કથાનુયોગ—મહાપુરુષોની કથાઓ જેમાં હોય તે.

૩ ચરણ-કરણાનુયોગ—ચારિત્ર અને ક્રિયા સંબંધી જ્ઞાન જેમાં આવે તે.

૪ ગણિતાનુયોગ—ગણિતનો તથા જ્યોતિષનો વિષય જેમાં આવે તે.

## ૭ દર્શનોનાં નામ

૧ જૈનદર્શન, ૨ બૌદ્ધદર્શન, ૩ નૈયાયિકદર્શન ૪ સાંખ્ય-દર્શન, ૫ વૈશેષિકદર્શન અને ૬ મીમાંસાદર્શન.

## પાંચ પ્રકારનાં દાન

૧ સુપાત્રદાન—કંચન-કામિનીના ત્યાગી પંચ મહાવ્રતધારી સાધુ—સાધ્વીજી મહારાજને આપવું તે.

૨ અનુકંપાદાન—દીન-ગરીબ ઉપર દયા લાવવી અને તેને જે આપવું તે.

૩ અભયદાન—શરણે આવેલાનું રક્ષણ કરવું. કોઇપણ જીવને મરણના ભયથી બચાવી લેવો તે.

૪ ઉચિતદાન—વ્યવહારથી જે સંબંધીઓને અપાય તે.

૫ કીર્તિદાન—જે દાનથી જગતના લોકો વખાણ કરે, જે દાનને જગતના લોકો જોઇ શકે તે.

## દાનનાં પાંચ ભૂષણો

૧ પાત્રને દેખી દાતારની આંખમાં હર્ષના આંસુ આવે તે.

૨ પાત્રને દેખી દાતારની રોમરાજી વિકસ્વર થાય.

૩ પાત્રને દેખી બહુમાનની લાગણી ઉત્પન્ન થાય.

૪ પાત્રને દેખી તેમની અનુમોદના કરે.

૫ પાત્રને દેખી મીઠા વચનોથી બોલાવે.

## દાનનાં પાંચ દૂષણો

૧ દાન આપવામાં જરાપણ આદર જણાય નહિ.

૨ દાન આપતાં વિલંબ કરે.

૩ દાન આપતાં કડવાં વચન બોલે.

૪ દાન આપતાં મોઢું ચડાવે.

૫ દાન આપીને પાછળથી પશ્ચાત્તાપ કરે.

## સાત ભયોનાં નામ

૧ આલોકભય, ૨ પરલોકભય, ૩ આદાનભય, ૪ અકસ્માત-ભય, ૫ આજીવિકાભય, ૬ મરણભય અને ૭ અપયશભય.

## પાંચ પ્રકારની ક્રિયાનાં નામ

૧ વિષક્રિયા—આભવના સુખ માટે જે ક્રિયા કરવામાં આવે તે.
૨ ગરલક્રિયા—પરભવના સુખ માટે જે ક્રિયા કરવામાં આવે તે.
૩ અનનુષ્ઠાનક્રિયા—ઉપયોગ વિના જે ક્રિયા કરવામાં આવે તે.
૪ તદ્‌હેતુક્રિયા—સમજણુસહિત, પરંતુ વીર્યના ઉલ્લાસ વિના જે ક્રિયા કરવામાં આવે તે.
૫ અમૃતક્રિયા—સમજસહિત અને વીર્યના ઉલ્લાસસહિત જે ક્રિયા કરવામાં આવે તે.

## એક રાજનું પ્રમાણ

૩, ૮૧, ૧૨, ૯૭૭ મણુને એક ભાર થાય. એવા એક હજાર ભારનો લોઢાનો ગોળો હોય, તેને સુધર્મા દેવલોકથી કોઇ દેવ પૃથ્વી ઉપર નીચે પડતો મૂકે, તેમાં તે ગોળાને આવતાં છ માસ, છ દિવસ, છ પહોર, છ ઘડી અને છ પળ એટલો કાળ લાગે, અને તે ગોળો ઘનઘાત-તનવાતથી હણાતો નીચે આવતા સોપારી જેટલો થઈ જાય અને નીચે પડે. એટલા ક્ષેત્ર પ્રમાણુને એક રાજ કહેવાય છે.

## કયા જીવનું કેટલું ઝેર હોય ?

વીંછીમાં સો યોજનનું, દેડકામાં ૩૨ યોજનનું, સર્પમાં લાખ યોજનનું, મનુષ્યમાં અઢીદ્વીપનું ઝેર હોય. એટલે જે જગ્યાએ ડંખ દીધો હોય ત્યાંથી ઉપર કહ્યા પ્રમાણે ઉંચું ઝેર ચડે.

## સમજવા લાયક વસ્તુ

સૂર્ય ને ચન્દ્ર બે વટેમાર્ગુ કહેવાય.
યૌવન ને ધન બે પરોણુા કહેવાય.

જીવ ને પવન એ પરદેશી ગણાય.
સંતોષી ને શીયલવાન એ સાધુ કહેવાય.
અન્ન ને પાણી એ છત્ર કહેવાય.
સાધુ ને જળ એ નિર્મળ કહેવાય.
બકરો ને માંકડ એ ગરીબ કહેવાય.
દીકરીનો બાપ ને કરજદાર એ બે હાર્યા કહેવાય.

## સાત નયોનો વિચાર

૧ નૈગમનય, ૨ સંગ્રહનય, ૩ વ્યવહારનય, ૪ ઋજુસૂત્ર-નય, ૫ શબ્દનય, ૬ સમભિરૂઢનય, અને ૭ એવંભૂતનય. એ સાત નય છે.

૧ **નૈગમનય**—આ નય પદાર્થના અંશને ગ્રહણ કરે છે. જેમકે નિગોદના જીવને અંશ જ્ઞાન છે, છતાં તેને જ્ઞાન કહેવાય છે. તેમ જેમાં જેમાં અંશ વસ્તુની સત્તા હોય તો પણ તેમાં આખું માને, તે નૈગમનયનો મત છે. જેમ માટી છે, પણ તેમાં ઘટ થવાની સત્તા છે, તેથી તેમાં ઘટ માને છે. તે નૈગમનય ભૂત, ભવિષ્ય અને વર્ત્તમાન ત્રણેય કાળને માને છે.

૨ **સંગ્રહનય**—આ નય સત્તાગ્રાહી છે. એટલે દરેક જીવ સત્તામાં સરખા છે. સામાન્ય માત્રને ગ્રહણ કરવાવાળું જ્ઞાન સંગ્રહનયમાં છે. એટલે સંપૂર્ણ વિશેષપણું સરખું હોય એટલે નૈગમનયની જેમ ન માને. જેમ એકઠી કરેલી વસ્તુ, બગીચો, સેના, ફોજ તેમ ઘરની સામગ્રી એકઠી કરેલી હોય તો ઘર માને.

૩ **વ્યવહારનય**—બાહ્યગુણગ્રાહી સંગ્રહનય જેમ માને તેમ ન માને, પણ ઘરની ક્રિયા શરૂ થાય તો જ ઘર માને.

એટલે વ્યવહાર ભાષાને સત્ય માને. જેમ કોઈ ગામ જતું હોય અને સામે ગામ દેખાય, ત્યારે બોલે કે-'ગામ આવ્યું' તે વ્યવહાર. ગામ નહિં આવ્યાં છતાં જનાર ગામ નજીક આવેલ છે તેથી તે વ્યવહારનયથી સત્ય કહેવાય.

૪ **ઋજુસૂત્રનય**—આ નય હંમેશા વર્તમાનકાળની ક્રિયાને ગ્રહણ કરે છે. એટલે જેમ ઘટ બનાવતા દેખે ત્યારે જ માને કે ઘટ છે.

૫ **શબ્દનય**—અર્થના ગૌણપણાથી અને શબ્દના મુખ્યપણાથી જે માનવામાં આવે તે શબ્દનય. જેમ કે, ઋજુસૂત્રનય ઘટ બનાવતાં જ ઘટ માને તેમ માનતો નથી, પણ ઘડો તૈયાર થયા પછી તે નામથી 'આ ઘટ છે' માને છે.

૬ **સમભિરૂઢનય**—એક વસ્તુનું સંક્રમણ બીજી વસ્તુમાં થાય ત્યારે તે વસ્તુ અવસ્તુ થઇ જાય. એટલે તે ન રહે. આ મત સમભિરૂઢ નયનો છે. જેમ ઘટ તૈયાર હોય તેમાં જળ સિવાય બીજી વસ્તુ મદિરાદિ ભરેલી હોય તો ઘટ ન માને. પણ જે જળ ભરવાનો ઘટ હોય હોય તો જ ઘટ માને.

૭ **એવંભૂતનય**—આ નય જે વખતે જે ક્રિયા જે પરિણામને પામેલી હોય તે પરિણામને જ માન્ય રાખે છે. જેમ સમભિરૂઢનય પાણી ભરવાના ઘટને ઘટ માને તેમ આ નય ન માને, પણ સંપૂર્ણ પાણીથી ભરેલ ઘટ હોય તો જ માને.

એ રીતે સાતે નયના મત જુદા જુદા છે. તેમ જૈનમત સાતે નયને જુદી જુદી અપેક્ષાએ સત્ય માને. દરેકનો યોગ્ય સમન્વય કરે, એટલે જૈનમત સ્યાદ્વાદી છે.

# ૨૪ તીર્થંકરોનાં

| નંબર | તીર્થંકરનું નામ | પિતા | માતા | જન્મસ્થાન |
|---|---|---|---|---|
| ૧ | ઋષભદેવ | નાભિ | મરુદેવા | અયોધ્યા |
| ૨ | અજિતનાથ | જિતશત્રુ | વિજયા | ,, |
| ૩ | સંભવનાથ | જિતારિ | સેના | શ્રાવસ્તી |
| ૪ | અભિનંદન | સંવર | સિદ્ધાર્થા | અયોધ્યા |
| ૫ | સુમતિનાથ | મેઘરથ | સુમંગલા | ,, |
| ૬ | પદ્મપ્રભ | શ્રીધર | સુસીમા | કૌશાંબી |
| ૭ | સુપાર્શ્વનાથ | સુપ્રતિષ્ઠિત | પૃથ્વી | કાશી |
| ૮ | ચંદ્રપ્રભ | મહાસેન | લક્ષ્મણા | ચંદ્રપુરી |
| ૯ | સુવિધિનાથ | સુગ્રીવ | રામા | કાકંદી |
| ૧૦ | શીતલનાથ | દૃઢરથ | નંદા | ભદ્દિલપુર |
| ૧૧ | શ્રેયાંસનાથ | વિષ્ણુરાજ | વિષ્ણુ | સિંહપુર |
| ૧૨ | વાસુપૂજ્ય | વસુપૂજ્ય | જયા | ચંપા |
| ૧૩ | વિમલનાથ | કૃતવર્મા | શ્યામા | કાંપિલ્યપુર |
| ૧૪ | અનંતનાથ | સિંહસેન | સુયશા | અયોધ્યા |
| ૧૫ | ધર્મનાથ | ભાનુ | સુવ્રતા | રત્નપુર |
| ૧૬ | શાંતિનાથ | વિશ્વસેન | અચિરા | હસ્તિનાપુર |
| ૧૭ | કુંથુનાથ | સૂર | શ્રી | ,, |
| ૧૮ | અરનાથ | સુદર્શન | દેવી | ,, |
| ૧૯ | મલ્લિનાથ | કુંભ | પ્રભાવતી | મિથિલા |
| ૨૦ | મુનિસુવ્રત | સુમિત્ર | પદ્મા | રાજગૃહ |
| ૨૧ | નમિનાથ | વિજય | વપ્રા | મિથિલા |
| ૨૨ | નેમિનાથ | સમુદ્રવિજય | શિવા | શૌરિપુર |
| ૨૩ | પાર્શ્વનાથ | અશ્વસેન | વામા | કાશી |
| ૨૪ | વર્ધમાનસ્વામી | સિદ્ધાર્થ | ત્રિશલા | ક્ષત્રિયકુંડ |

# માત-પિતાદિનો કોઠો

| લાંછન | શરીર પ્રમાણ | વર્ણ | આયુષ્ય |
|---|---|---|---|
| વૃષભ | ૫૦૦ ધનુષ | સુવર્ણ | ૮૪ લાખ પૂર્વ |
| હસ્તિ | ૪૫૦ ,, | ,, | ૭૨ ,, ,, |
| અશ્વ | ૪૦૦ ,, | ,, | ૬૦ ,, ,, |
| વાનર | ૩૫૦ ,, | ,, | ૫૦ ,, ,, |
| ક્રૌંચ | ૩૦૦ ,, | ,, | ૪૦ ,, ,, |
| પદ્મ | ૨૫૦ ,, | રક્ત | ૩૦ ,, ,, |
| સ્વસ્તિક | ૨૦૦ ,, | સુવર્ણ | ૨૦ ,, ,, |
| ચંદ્ર | ૧૫૦ ,, | શ્વેત | ૧૦ ,, ,, |
| મગર | ૧૦૦ ,, | ,, | ૨ ,, ,, |
| શ્રીવત્સ | ૯૦ ,, | સુવર્ણ | ૧ ,, ,, |
| ગેંડો | ૮૦ ,, | ,, | ૮૪ ,, વર્ષ |
| પાડો | ૭૦ ,, | રક્ત | ૭૨ ,, ,, |
| વરાહ | ૬૦ ,, | સુવર્ણ | ૬૦ ,, ,, |
| સિંચાણો | ૫૦ ,, | ,, | ૩૦ ,, ,, |
| વજ્ર | ૪૫ ,, | ,, | ૧૦ ,, ,, |
| મૃગ | ૪૦ ,, | ,, | ૧ ,, ,, |
| બકરો | ૩૫ ,, | ,, | ૯૫ હજાર ,, |
| નંદ્યાવર્ત્ત | ૩૦ ,, | ,, | ૮૪ ,, ,, |
| કુંભ | ૨૫ ,, | નીલ | ૫૫ ,, ,, |
| કાચબો | ૨૦ ,, | શ્યામ | ૩૦ ,, ,, |
| નીલકમલ | ૧૫ ,, | સુવર્ણ | ૧૦ ,, ,, |
| શંખ | ૧૦ ,, | શ્યામ | ૧ ,, ,, |
| સર્પ | ૯ હાથ | નીલ | ૧૦૦ વર્ષ |
| સિંહ | ૭ હાથ | સુવર્ણ | ૭૨ ,, |

# જિનેશ્વર દેવોનું બળ કેટલું ?

ઘણા માણસોને પહોંચી શકે તે ૧ યોદ્ધો

૧૨ યોદ્ધાનું બળ એક બળદમાં હોય.

૧૦ બળદનું બળ એક ઘોડામાં હોય.

૧૨ ઘોડાનું બળ એક પાડામાં હોય.

૧૫ પાડાનું બળ એક સિંહમાં હોય.

૨૦૦૦ સિંહનું બળ એક અષ્ટાપદ પક્ષીમાં હોય.

૧૦ લાખ અષ્ટાપદનું બળ ૧ બળદેવમાં હોય.

૨ બળદેવનું બળ એક વાસુદેવમાં હોય.

૨ વાસુદેવનું બળ એક ચક્રવર્તિમાં હોય.

૧ લાખ ચક્રવર્તિનું બળ એક નાગેંદ્રમાં હોય.

૧ ક્રોડ નાગેન્દ્રનું બળ ૧ ઇંદ્રમાં હોય.

એવા અનંત ઇંદ્રનું બળ શ્રી તીર્થંકરદેવોની એક ટચલી આંગળીમાં હોય છે.

# માર્ગાનુસારી જીવના ૩૫ ગુણ

न्यायसंपन्नविभवः शिष्टाचारप्रशंसकः ।
कुलशीलसमैः सार्द्धं कृतोद्वाहोऽन्यगोत्रजैः ॥ ४७ ॥
पापभीरुः प्रसिद्धं च देशाचारं समाचरन् ।
अवर्णवादी न क्वापि राजादिषु विशेषतः ॥ ४८ ॥
अनतिव्यक्तगुप्ते च स्थाने सुप्रातिवेश्मिके ।
अनेक निर्गमनद्वार-विवर्जितनिकेतनः ॥ ४९ ॥
कृतसङ्गः सदाचारै-र्माता-पित्रोश्च पूजकः ।
त्यजन्नुपप्लुतं स्थान-मप्रवृत्तश्च गर्हिते ॥ ५० ॥

व्ययमायोचितं कुर्वन् वेषं वित्तानुसारतः ।
अष्टभिर्धीगुणैर्युक्तः शृण्वानो धर्ममन्वहम् ॥ ५१ ॥
अजीर्णे भोजनत्यागी काले भोक्ता च सात्म्यतः ।
अन्योन्याप्रतिबन्धेन त्रिवर्गमपि साधयन् ॥ ५२ ॥
यथावदतिथौ साधौ दीने च प्रतिपत्तिकृत् ।
सदानभिनिविष्टश्च पक्षपाती गुणेषु च ॥ ५३ ॥
अदेशाकालयोश्चर्यां त्यजन् जानन् बलाबलम् ।
वृत्तस्थज्ञानवृद्धानां पूजकः पोष्यपोषकः ॥ ५४ ॥
दीर्घदर्शी विशेषज्ञः कृतज्ञो लोकवल्लभः ।
सलज्जः सदयः सौम्यः परोपकृतिकर्मठः ॥ ५५ ॥
अन्तरङ्गारिषड्वर्ग-परिहारपरायणः ।
वशीकृतेन्द्रियग्रामो गृहिधर्माय कल्पते ॥ ५६ ॥

(યોગશાસ્ત્ર પ્રથમ પ્રકાશ શ્લોક ૪૭ થી ૫૬)

મોક્ષે જવાના માર્ગ ઉપર ચઢેલો જીવ તે માર્ગાનુસારી જીવ કહેવાય. તેના ૩૫ ગુણો નીચે પ્રમાણે:-

૧ જેણે પોતાની સંપત્તિ ન્યાયપૂર્વક પેદા કરી હોય.

૨ ઉત્તમ પુરુષોના આચારની પ્રશંસા કરવી.

૩ વિવાહ સમાન કુલ-શીલાદિવાળા પણ અન્ય ગોત્રી સાથે કરવો.

૪ પાપથી ડરતા રહેવું.

૫ પ્રસિદ્ધ દેશાચારનું પાલન કરવું.

૬ કોઈનો અવર્ણવાદ બોલવો નહિ. કોઈની નિંદા ન કરવી.

૭ રહેવાનું મકાન બહુ ખુલ્લા તથા બહુ ગુપ્ત ભાગમાં ન હોય, સારા પાડોશવાળું હોય તથા અવરજવર માટે અનેક દરવાજાવાળું ન હોય.

૮ સદાચારી પુરુષોની સોબત કરવી.

૯ માતા-પિતાનો પૂજક. ભક્તિપૂર્વક આદર સત્કાર કરે.

૧૦ ઉપદ્રવવાળા સ્થાનનો ત્યાગ કરે.

૧૧ નિંદિત કાર્યમાં પ્રવૃત્તિ ન કરવી.

૧૨ આવક પ્રમાણે ખર્ચ કરવો.

૧૩ પોતાની સંપત્તિ અનુસારે પહેરવેશ રાખવો.

૧૪ બુદ્ધિના આઠ ગુણોને સેવવા. તે ગુણો નીચે પ્રમાણે-

शुश्रुषा श्रवणं चैव ग्रहणं धारणं तथा ।
उहापोहोऽर्थविज्ञानं तत्त्वज्ञानं च धीगुणाः ॥ १ ॥

(૧) શાસ્ત્ર-સારી વાત સાંભળવાની ઇચ્છા, (૨) તેને સાંભળવું (૩) તેનો અર્થ સમજવો (૪) તેને યાદ રાખવું (૫) ગ્રહણ કરેલા અર્થના આધારે તર્ક ઉઠાવવો (૬) ઉઠાવેલા તર્કમાં તાત્ત્વિક બાબતને રાખી, અતાત્ત્વિક બાબતનો ત્યાગ કરવો (૭) અર્થનું સમ્યગ્જ્ઞાન કરવું. અને (૮) તત્ત્વનો નિશ્ચય કરવો. એ બુદ્ધિના આઠ ગુણ છે.

૧૫ નિત્ય ધર્મ સાંભળવો.

૧૬ અજીર્ણ થતાં ભોજન કરવું નહિ.

૧૭ પ્રકૃતિને અનુકૂળ અવસરે ભોજન કરવું.

૧૮ ધર્મ, અર્થ અને કામને પરસ્પર બાધા ન આવે તે રીતે સાધવા.

૧૯ દેવ, અતિથિ અને દીનજનોની સેવા કરવી.

૨૦ કદાગ્રહી થવું નહિ.

૨૧ ગુણને વિષે પક્ષપાત કરવો.

૨૨ દેશ અને કાલથી વિરૂદ્ધ ચાલવું નહિ.

૨૩ પોતાની શક્તિ અનુસાર કામનો આરંભ કરવો.

૨૪ સદાચારી અને જ્ઞાનવૃદ્ધોની સેવા કરવી.

૨૫ ભરણપોષણ કરવા યોગ્ય કુટુંબ પરિવારનું ભરણપોષણ કરવું.

૨૬ દીર્ઘદર્શી થવું.

૨૭ વિશેષજ્ઞ-વિવેકી થવું.

૨૮ કૃતજ્ઞ-પોતાના પર કરેલા ઉપકારને જાણનાર થવું.

૨૯ લોકપ્રિય-લોકોના પ્રેમને સંપાદન કરનાર થવું.

૩૦ લજ્જાશીલ થવું.

૩૧ દયાળુ થવું.

૩૨ આકૃતિ સૌમ્ય રાખવી.

૩૩ પરોપકારપરાયણ બનવું.

૩૪ અંતરના છ શત્રુઓ ( કામ, ક્રોધ, લોભ, માન, મદ અને મત્સર ) ને જીતવા.

૩૫ ઇંદ્રિયોને વશ રાખવી.

આવા પ્રકારના ગુણવાન માણસ ગૃહસ્થધર્મનું પાલન કરવા યોગ્ય થાય છે.

## દશ પ્રકારના કલ્પવૃક્ષો

દશ પ્રકારના કલ્પવૃક્ષો યુગલીકોને ઇચ્છિત વસ્તુઓ આપે છે તે નીચે પ્રમાણેઃ-

| | |
|---|---|
| ૧ મદ્યાંગ— | પીવા યોગ્ય પદાર્થ આપે. |
| ૨ ભૃંગ— | ભાજન-પાત્ર આપે. |
| ૩ તૂર્યાંગ— | વાજિંત્ર આપે. |
| ૪ જ્યોતિ શિખાંગ— | સૂર્ય સરખો પ્રકાશ આપે. |
| ૬ ચિત્રાંગ— | દીપક સરખો પ્રકાશ આપે. |
| ૭ ચિત્રરસ— | આહાર ભોજન આપે. |
| ૮ મણ્યંગ— | આભૂષણો આપે. |
| ૯ ગેહાકાર— | ઘર આપે. |
| ૧૦ અનગ્ન— | દિવ્ય વસ્ત્રો આપે. |

## ચાર પ્રકારના મેઘ

૧ **પુષ્કરાવર્ત્ત**—એક વખત વરસવાથી દશ હજાર વર્ષ સુધી ભૂમિ સ્નિગ્ધ રહે. તે પહેલા આરામાં હોય.

૨ **પ્રદ્યુમ્ન**—એક જ વાર વરસવાથી એક હજાર વર્ષ સુધી ભૂમિ સ્નિગ્ધ રહે. તે બીજા આરામાં હોય.

૩ **જીમૂત**—એક જ વાર વરસવાથી દશ વરસ સુધી ભૂમિ સ્નિગ્ધ રહે. તે ત્રીજા-ચોથા આરામાં હોય.

૪ **નિરૂહ**-ઘણીવાર વરસે તો પણ ફળ ઓછું આપે તે પાંચમા આરામાં.

આ ક્રમ અવસર્પિણી કાળનો છે.

## લાખ યોજનની ચાર વસ્તુ

૧ સાતમી નરકનો અપ્રતિષ્ઠાન નામનો નરકાવાસો.

૨ સર્વાર્થસિદ્ધ નામનું વિમાન.

૩ જંબૂદ્વીપ.

૪ મેરુ પર્વત.

## ૪૫ લાખ યોજનની ચાર વસ્તુ

૧ રત્નપ્રભા નારકીનો સીમંત નામનો નરકાવાસો.

૨ મનુષ્ય ક્ષેત્ર.

૩ સૌધર્મ દેવલોકમાં ઉડુ નામનું વિમાન.

૪ સિદ્ધ શિલા.

# વિભાગ ૨ જો.

★

શ્રી

## જિનેન્દ્રાગમ વિવિધ વિષયરૂપ-
## ગુણ-સંગ્રહ

★

## પ્રકરણાદિ-સાર-સંગ્રહ

★

મંગલાચરણ

धम्मो मंगलमुक्किट्ठं अहिंसा संजमो तवो ।
देवा वि तं नमंसंति जस्स धम्मे सया मणो ॥

# જીવવિચાર સાર–સંગ્રહ

## જીવના ૫૬૩ ભેદો

એકેન્દ્રિયના ૨૨ ભેદો–પૃથ્વીકાય, અપ્‌કાય, તેઉકાય, વાયુકાય અને સાધારણ વનસ્પતિકાય તેના સૂક્ષ્મ અને બાદર ગણુતાં ૧૦ ભેદ અને પ્રત્યેક વનસ્પતિકાય બાદર જ હોય તેથી તેનો એક ભેદ ગણુતાં ૧૧ ભેદ થાય તે ૧૧ ભેદ પર્યાપ્તા અને ૧૧ ભેદ અપર્યાપ્ત ગણુતાં ૧૧×૨=૨૨ ભેદ થાય. તેની છૂટક અનુક્રમવાર ગણુત્રી નીચે પ્રમાણે થાય.

| | |
|---|---|
| ૧ પૃથ્વીકાય સૂક્ષ્મ પર્યાપ્ત | ૧૩ વાયુકાય સૂક્ષ્મ પર્યાપ્ત |
| ૨ ,, ,, અપર્યાપ્ત | ૧૪ ,, ,, અપર્યાપ્ત |
| ૩ ,, બાદર પર્યાપ્ત | ૧૫ ,, બાદર પર્યાપ્ત |
| ૪ ,, ,, અપર્યાપ્ત | ૧૬ ,, ,, અપર્યાપ્ત |
| ૫ અપ્‌કાય સૂક્ષ્મ પર્યાપ્ત | ૧૭ સાધારણ વનસ્પતિકાય સૂક્ષ્મ પર્યાપ્ત |
| ૬ ,, ,, અપર્યાપ્ત | ૧૮ ,, ,, ,, અપર્યાપ્ત |
| ૭ ,, બાદર પર્યાપ્ત | ૧૯ ,, ,, બાદર પર્યાપ્ત |
| ૮ ,, ,, અપર્યાપ્ત | ૨૦ ,, ,, ,, અપર્યાપ્ત |
| ૯ તેજસ્કાય સૂક્ષ્મ પર્યાપ્ત | ૨૧ પ્રત્યેક ,, ,, પર્યાપ્ત |
| ૧૦ ,, ,, અપર્યાપ્ત | ૨૨ ,, ,, ,, અપર્યાપ્ત |
| ૧૧ ,, બાદર પર્યાપ્ત | |
| ૧૨ ,, ,, અપર્યાપ્ત | |

**વિકલેન્દ્રિયના ૬ ભેદો**—બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિંદ્રિયના પર્યાપ્તા અને અપર્યાપ્તા ગણતાં ૬ ભેદ થાય.

**પંચેન્દ્રિય તિર્યંચના ૨૦ ભેદો**—૧ જલચર, ૨ થી ૪ સ્થલચરના ત્રણ (૧) ચતુષ્પદ (૨) ઉરપરિસર્પ અને (૩) ભુજપરિસર્પ અને ૫ ખેચર. એ પાંચ ગર્ભજ અને સંમૂર્ચ્છિમ એમ બે બે ભેદ હોય તેથી ૫×૨=૧૦ ભેદ થાય. તે ૧૦ પર્યાપ્તા અને ૧૦ અપર્યાપ્તા ગણતાં ૧૦×૨=૨૦ ભેદ થાય.

**મનુષ્યના ૩૦૩ ભેદ**—૫ ભરત, ૫ ઐરવત અને ૫ મહાવિદેહ એ **૧૫ કર્મભૂમિ;** ૫ હિમવંત, ૫ હિરણ્યવંત, ૫ હરિવર્ષ, ૫ રમ્યક્, ૫ દેવકુરુ અને ૫ ઉત્તરકુરુ એ **૩૦ અકર્મભૂમિ;** તથા **૫૬ અંતર્દ્વિપ** મળી કુલે ૧૫+૩૦+૫૬=૧૦૧ ક્ષેત્ર. તે ૧૦૧ ગર્ભજ પર્યાપ્ત અને ગર્ભજ અપર્યાપ્ત મળી ૨૦૨ થાય અને ૧૦૧ સંમૂર્ચ્છિમ ( ગર્ભજ મનુષ્યના મળ-મૂત્રાદિ ૧૪ અશુચિ સ્થાનમાં ઉત્પન્ન થનારા ) મનુષ્યના ભેદ મળી ૩૦૩ ભેદો મનુષ્યના થાય.

**નારકીના ૧૪ ભેદો**—૧ ઘમ્મા, ૨ વંશા, ૩ શૈલા, ૪ અંજના, ૫ રિષ્ટા, ૬ મઘા અને ૭ માઘવતી એ સાત નારકના પર્યાપ્તા અને અપર્યાપ્તા મળી ૧૪ ભેદ થાય. અહિં અપર્યાપ્તા તે ઉત્પત્તિ સમયની અપેક્ષાએ=કરણ અપર્યાપ્તની અપેક્ષાએ સમજવા. લબ્ધિની અપેક્ષાએ તો દરેક નારકી લબ્ધિપર્યાપ્ત હોય છે.

**દેવતાના ૧૯૮ ભેદો**—૧૦ ભવનપતિ, ૧૫ પરમાધાર્મિક, ૮ વ્યંતર, ૮ વાણવ્યંતર, ૧૦ તિર્યક્જૃંભક, ૫ ચર જ્યોતિષ્ ૫ સ્થિર જ્યોતિષ, ૩ કિલ્બીષિક, ૯ લોકાંતિક, ૧૨ વૈમાનિક

૯ ગ્રૈવેયક અને ૫ અનુત્તર મળી ૯૯ ભેદ થાય. તે ૯૯ ને પર્યાપ્ત અને અપર્યાપ્ત સાથે ગુણતાં ૯૯×૨=૧૯૮ ભેદ થાય.

અહિં પણ અપર્યાપ્ત એ કરણઅપર્યાપ્તની અપેક્ષાએ સમજવા. લબ્ધિથી દરેક દેવો લબ્ધિપર્યાપ્ત હોય છે.

એ પ્રમાણે તિર્યંચના ( ૨૨+૬+૨૦=૪૮ ) ૪૮, મનુષ્યના ૩૦૩, નારકીના ૧૪, અને દેવતાના ૧૯૮ મળી ૫૬૩ ભેદ થાય.

**ઇરિયાવહિયંના ૧૮૨૪૧૨૦ ભાંગા**—ઉપરના ૫૬૩ જીવભેદને ઇરિયાવહિયંના **અભિહયાથી જીવિયાઓ વવરોવિયા** સુધીના ૧૦ પદો સાથે ગુણતા ૫૬૩૦ થાય. તેને રાગ અને દ્વેષ સાથે ગુણતાં ૧૧૨૬૦ થાય. તેને મન-વચન-કાયાએ ગુણતાં ૩૩૭૮૦ થાય. તેને કરવું-કરાવવું-અનુમોદવું સાથે ગુણતાં ૧૦૧૩૪૦ થાય. તેના અતીત, અનાગત અને વર્ત્તમાનકાળ સાથે ગુણતાં ૩૦૪૦૨૦ થાય. તેન અરિહંત, સિદ્ધ, સાધુ, દેવ, ગુરુ અને આત્મા એ છની સાક્ષીએ ગુણતાં ૧૮૨૪૧૨૦ ઇરિયાવહિયંના मिच्छा मि दुक्कडं ના ભાંગા થાય.

## ૮૪ લાખ જીવયોનિમાં ઇન્દ્રિયોની ન્યૂનાધિકતા

### ૮૪ લાખ જીવયોનિની સંખ્યા નીચે પ્રમાણે—

| | | | |
|---|---|---|---|
| પૃથ્વીકાય | ૭ લાખ | અપ્કાય | ૭ લાખ |
| તેઉકાય | ૭ લાખ | વાયુકાય | ૭ લાખ |
| પ્રત્યેક વનસ્પતિકાય | ૭ લાખ | સાધારણ વનસ્પતિકાય | ૧૪ લાખ |
| બેઇન્દ્રિય | ૨ લાખ | તેઇંદ્રિય | ૨ લાખ |
| ચૌરિંદ્રિય | ૨ લાખ | દેવતા | ૪ લાખ |
| નારકી | ૪ લાખ | તિર્યંચ પંચેન્દ્રિય | ૪ લાખ |
| મનુષ્ય | ૧૪ લાખ | | |

એ પ્રમાણે કુલ ૮૪ લાખ જીવયોનિ થાય તેમાં ઈન્દ્રિયોની ન્યૂનાધિકતા નીચે પ્રમાણે—

| જીવભેદ | મુંગા | રસનેંદ્રિયવાળા=બોલતા | ઘ્રાણ=નાકવાળા | ચક્ષુ=આંખવાળા | શ્રોત્ર=કાનવાળા |
|---|---|---|---|---|---|
| પૃથ્વીકાય ૭ લાખ | મુંગા | ૦ | ૦ | ૦ | ૦ |
| અપ્કાય ૭ લાખ | ,, | ૦ | ૦ | ૦ | ૦ |
| તેઉકાય ૭ લાખ | ,, | ૦ | ૦ | ૦ | ૦ |
| વાયુકાય ૭ લાખ | ,, | ૦ | ૦ | ૦ | ૦ |
| પ્રત્યેક વનસ્પતિકાય ૧૦ લાખ | ,, | ૦ | ૦ | ૦ | ૦ |
| સાધારણ વનસ્પતિકાય ૧૪ લાખ | ,, | ૦ | ૦ | ૦ | ૦ |
| બેઇન્દ્રિય ૨ લાખ | ૦ | બોલતા | ૦ | ૦ | ૦ |
| તેઇન્દ્રિય ૨ લાખ | ૦ | ,, | ઘ્રાણવાળા | ૦ | ૦ |
| ચૌરિંદ્રિય ૨ લાખ | ૦ | ,, | ,, | ચક્ષુવાળા | ૦ |
| તિર્યંચ પંચેંદ્રિય ૪ લાખ | ૦ | ,, | ,, | ,, | શ્રોત્રવાળા |
| દેવતા ૪ લાખ | ૦ | ,, | ,, | ,, | ,, |
| નારકી ૪ લાખ | ૦ | ,, | ,, | ,, | ,, |
| મનુષ્ય ૧૪ લાખ | ૦ | ,, | ,, | ,, | ,, |
| સર્વ સંખ્યા | ૫૨ લાખ | ૩૨ લાખ | ૩૦ લાખ | ૨૮ લાખ | ૨૬ લાખ |

લક્ષ ચોરાશી યોનિમેં, મુંગા બાવન લાખ;
બત્રીશ કહીયે બોલતાં, ચોપનને નહિ નાક. ૧
ચોપનને નહિં નાક, ત્રીશ લાખ નાક વખાણું;
છપ્પન આંખે હીણ, અઠ્યાવીશ દેખતાં જાણું. ૨
છવ્વીસ કાને સાંભળે, અઠાવન કાને હીણ;
કવિ સુરગંગ વિનાત કરે, લક્ષ ચોરાશી યોન એમ. ૩

## ૮૪ લાખ યોનિઓની ઇન્દ્રિયો, પ્રાણો, પર્યાપ્તિઓ

૮૪ લાખ યોનિઓની ઇન્દ્રિયો ૨ ક્રોડ-પૃથ્વીકાય, ૭ લાખ, અપ્‌કાય ૭ લાખ, તેઉકાય ૭ લાખ, વાયુકાય ૭ લાખ, પ્રત્યેક વનસ્પતિકાય ૧૦ લાખ, સાધારણ વનસ્પતિકાય ૧૪ લાખ, બેઇંદ્રિય ( ૨ લાખ ×૨= ) ૪ લાખ, તેઇંદ્રિય ( ૨ લાખ×૩= ) ૬ લાખ, ચૌરિંદ્રિય ( ૨ લાખ×૪= ) ૮ લાખ, દેવતા ( ૪ લાખ×૫= ) ૨૦ લાખ, નારકી ( ૪×૫= ) ૨૦ લાખ, તિર્યંચ પંચેંદ્રિય ( ૪ લાખ×૫= ) ૨૦ લાખ, મનુષ્ય ( ૧૪ લાખ×૫= ) ૭૦ લાખ, એ પ્રમાણે સર્વ મળી ૨ ક્રોડ ઇન્દ્રિયો થાય છે.

## ૮૪ લાખ જીવયોનિના પ્રાણો પાંચ ક્રોડ અને ૧૦ લાખ

પૃથ્વીકાયાદિ એકેન્દ્રિયની ૫૨ લાખ યોનિને ૪-૪ પ્રાણ હોવાથી ચાર ગુણા કરતાં ૨ ક્રોડ અને ૮ લાખ થાય. બેઇંદ્રિયના બાર લાખ, તેઇંદ્રિયના ચૌદ લાખ, અને ચઉરિંદ્રિયના સોળ લાખ એમ ત્રણ વિકલેંદ્રિયના બેંતાલીશ લાખ થયા. દેવતાના ચાલીશ લાખ, નારકીના ચાલીશ લાખ, તિર્યંચ પંચેંદ્રિયના ચાલીશ લાખ અને મનુષ્યના એક ક્રોડ ને ચાલીશ લાખ થાય. એમ સર્વ મળીને પાંચ ક્રોડ અને દશ લાખ પ્રાણ થાય.

## ૮૪ લાખ જીવયોનિની પર્યાપ્તિ ૩ ક્રોડ અને ૪ લાખ

એકેન્દ્રિયની ૫૨ લાખ યોનિઓને ચાર-ચાર પર્યાપ્તિ હોવાથી ચારે ગુણતા બે ક્રોડ અને આઠ લાખ પર્યાપ્તિ થાય.

તેવી રીતે બેઇંદ્રિયને પાંચ પર્યાપ્તિ હોવાથી દશ લાખ, તેઇંદ્રિયને પાંચ પર્યાપ્તિ હોવાથી દશ લાખ, ચૌરિંદ્રિયને પાંચ પર્યાપ્તિ હોવાથી દશ લાખ, દેવતાને છ પર્યાપ્તિ હોવાથી ચોવીશ લાખ, નારકીને છ પર્યાપ્તિ હોવાથી ચોવીશ લાખ, તિર્યંચ પંચેંદ્રિયને છ પર્યાપ્તિ હોવાથી ચોવીશ લાખ, મનુષ્યને છ પર્યાપ્તિ હોવાથી ચોરાશી લાખ પર્યાપ્તિ થાય.

એમ સર્વ મળીને ૮૪ લાખ યોનિની કુલ પર્યાપ્તિ ત્રણ ક્રોડ અને ૯૪ લાખ થાય.

## ૮૪ લાખ જીવયોનિની ઇન્દ્રિય-પ્રાણ અને પર્યાપ્તિનું યંત્ર

| જીવયોનિ | ઇન્દ્રિયો | પ્રાણો | પર્યાપ્તિઓ |
|---|---|---|---|
| ૭ લાખ પૃથ્વીકાય | ૭૦૦૦૦૦ | ૨૮૦૦૦૦૦ | ૨૮૦૦૦૦૦ |
| ૭ લાખ અપ્કાય | ૭૦૦૦૦૦ | ૨૮૦૦૦૦૦ | ૨૮૦૦૦૦૦ |
| ૭ લાખ તેઉકાય | ૭૦૦૦૦૦ | ૨૮૦૦૦૦૦ | ૨૮૦૦૦૦૦ |
| ૭ લાખ વાયુકાય | ૭૦૦૦૦૦ | ૨૮૦૦૦૦૦ | ૨૮૦૦૦૦૦ |
| ૧૦ લાખ પ્રત્યેક વનસ્પતિકાય | ૧૦૦૦૦૦૦ | ૪૦૦૦૦૦૦ | ૪૦૦૦૦૦૦ |
| ૧૪ લાખ સાધારણ વનસ્પતિકાય | ૧૪૦૦૦૦૦ | ૫૬૦૦૦૦૦ | ૫૬૦૦૦૦૦ |
| ૨ લાખ બેઇંદ્રિય | ૪૦૦૦૦૦ | ૧૨૦૦૦૦૦ | ૧૦૦૦૦૦૦ |
| ૨ લાખ તેઇંદ્રિય | ૬૦૦૦૦૦ | ૧૪૦૦૦૦૦ | ૧૦૦૦૦૦૦ |
| ૨ લાખ ચઉરિંદ્રિય | ૮૦૦૦૦૦ | ૧૬૦૦૦૦૦ | ૧૦૦૦૦૦૦ |
| ૪ લાખ દેવતા | ૨૦૦૦૦૦૦ | ૪૦૦૦૦૦૦ | ૨૪૦૦૦૦૦ |
| ૪ લાખ નારકી | ૨૦૦૦૦૦૦ | ૪૦૦૦૦૦૦ | ૨૪૦૦૦૦૦ |
| ૪ લાખ તિર્યંચ પંચેંદ્રિય | ૨૦૦૦૦૦૦ | ૪૦૦૦૦૦૦ | ૨૪૦૦૦૦૦ |
| ૧૪ લાખ મનુષ્ય | ૭૦૦૦૦૦૦ | ૧૪૦૦૦૦૦૦ | ૮૪૦૦૦૦૦ |
| કુલ | ૨૦૦૦૦૦૦૦ | ૫૧૦૦૦૦૦૦ | ૩૯૪૦૦૦૦૦ |

# ચોરાશી લાખ જીવયોનીની ગણત્રીની સમજ

જીવોના મૂળ ભેદોને [1]પાંચ વર્ણ, [2]બે ગંધ, [3]પાંચ રસ, [4]આઠ સ્પર્શ અને [5]પાંચ સંસ્થાને ગુણવાથી યોનીની સંખ્યા આવે છે. જેમકે-પૃથ્વીકાયના મૂળ ૩૫૦ ભેદને પાંચવર્ણ વડે ગુણતાં ૧૭૫૦ થાય, તેને બે ગંધે ગુણતાં ૩૫૦૦ થાય, તેને પાંચ રસે ગુણતાં ૧૭૫૦૦ થાય, તેને આઠ સ્પર્શે ગુણતાં ૧૪૦૦૦૦ થાય, તેને પાંચ સંસ્થાને ગુણતાં ૭૦૦૦૦૦ થાય. આ રીતે દરેકને ગુણવાથી સંખ્યા પ્રાપ્ત થશે. તેનું યંત્ર આ પ્રમાણેઃ—

---

૧ શ્વેતવર્ણ, પીતવર્ણ, રક્તવર્ણ, નીલવર્ણ, અને કૃષ્ણવર્ણ, એ પાંચ મૂળ વર્ણ છે.

૨ સુરભિગંધ, અને દુરભિગંધ એ બે ગંધ છે.

૩ તિક્ત, કટુ, કષાય, આમ્લ, અને મધુર એ પાંચ રસ છે.

૪ શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, રુક્ષ, લઘુ, ગુરુ, મૃદુ, અને કર્કશ એ આઠ સ્પર્શ છે.

૫ બંગડી જેવું ગોળ, થાળી જેવું ગોળ, ત્રણ ખુણાવાળું, ચાર ખૂણાવાળું, અને લાંબું એ પાંચ સંસ્થાન છે.

# ૮૪ લાખ જીવયોનિનું યંત્ર

| જીવયોની | મૂળ ભેદ | ૫ વર્ણે ગુણતાં | ૨ ગંધે ગુણતા | ૫ રસે ગુણતાં | ૮ સ્પર્શે ગુણતાં | પાંચ સંસ્થાને ગુણતાં |
|---|---|---|---|---|---|---|
| પૃથ્વીકાય | ૩૫૦ | ૧૭૫૦ | ૩૫૦૦ | ૧૭૫૦૦ | ૧૪૦૦૦૦ | ૭૦૦૦૦૦ |
| અપ્કાય | ૩૫૦ | ૧૭૫૦ | ૩૫૦૦ | ૧૭૫૦૦ | ૧૪૦૦૦૦ | ૭૦૦૦૦૦ |
| તેઉકાય | ૩૫૦ | ૧૭૫૦ | ૩૫૦૦ | ૧૭૫૦૦ | ૧૪૦૦૦૦ | ૭૦૦૦૦૦ |
| વાયુકાય | ૩૫૦ | ૧૭૫૦ | ૩૫૦૦ | ૧૭૫૦૦ | ૧૪૦૦૦૦ | ૭૦૦૦૦૦ |
| પ્રત્યેક વનસ્પતિ૦ | ૫૦૦ | ૨૫૦૦ | ૫૦૦૦ | ૨૫૦૦૦ | ૨૦૦૦૦૦ | ૧૦૦૦૦૦૦ |
| સાધારણ વન૦ | ૭૦૦ | ૩૫૦૦ | ૭૦૦૦ | ૩૫૦૦૦ | ૨૮૦૦૦૦ | ૧૪૦૦૦૦૦ |
| બેઈંદ્રિય | ૧૦૦ | ૫૦૦ | ૧૦૦૦ | ૫૦૦૦ | ૪૦૦૦૦ | ૨૦૦૦૦૦ |
| તેઇન્દ્રિય | ૧૦૦ | ૫૦૦ | ૧૦૦૦ | ૫૦૦૦ | ૪૦૦૦૦ | ૨૦૦૦૦૦ |
| ચૌરિંદ્રિય | ૧૦૦ | ૫૦૦ | ૧૦૦૦ | ૫૦૦૦ | ૪૦૦૦૦ | ૨૦૦૦૦૦ |
| દેવતા | ૨૦૦ | ૧૦૦૦ | ૨૦૦૦ | ૧૦૦૦૦ | ૮૦૦૦૦ | ૪૦૦૦૦૦ |
| નારકી | ૨૦૦ | ૧૦૦૦ | ૨૦૦૦ | ૧૦૦૦૦ | ૮૦૦૦૦ | ૪૦૦૦૦૦ |
| તિર્યંચ પંચેંદ્રિય | ૨૦૦ | ૧૦૦૦ | ૨૦૦૦ | ૧૦૦૦૦ | ૮૦૦૦૦ | ૪૦૦૦૦૦ |
| મનુષ્ય | ૭૦૦ | ૩૫૦૦ | ૭૦૦૦ | ૩૫૦૦૦ | ૨૮૦૦૦૦ | ૧૪૦૦૦૦૦ |
| | | | | | | ૮૪૦૦૦૦૦ |

# જીવના ૫૬૩ ભેદમાંથી કયા કયા સ્થાને કેટલા ભેદ હોય ? તેનું યંત્ર

| સ્થાનનું નામ | નારકીના ભેદ | તિર્યંચના ભેદ | મનુષ્યના ભેદ | દેવના ભેદ | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|
| ભરત ક્ષેત્રમાં | ૦ | ૪૮ | ૩ | ૦ | ૫૧ |
| મહાવિદેહમાં | ૦ | ૪૮ | ૩ | ૦ | ૫૧ |
| જંબૂદ્વીપમાં | ૦ | ૪૮ | ૨૭ | ૦ | ૭૫ |
| લવણ સમુદ્રમાં | ૦ | ૪૮ | ૧૬૮ | ૦ | ૨૧૬ |
| ધાતકી ખંડમાં | ૦ | ૪૮ | ૫૪ | ૦ | ૧૦૨ |
| કાલોદધિ સમુદ્રમાં | ૦ | ૪૮ | ૦ | ૦ | ૪૮ |
| અર્ધપુષ્કરવર દ્વીપમાં | ૦ | ૪૮ | ૫૪ | ૦ | ૧૦૨ |
| અધોલોકમાં | ૧૪ | ૪૮ | ૩ | ૫૦ | ૧૧૫ |
| નંદીશ્વરદ્વીપ પ્રમુખ દ્વીપોમાં | ૦ | ૪૬ | ૦ | ૦ | ૪૬ |
| નંદીશ્વર સમુદ્ર પ્રમુખ સમુદ્રોમાં | ૦ | ૪૬ | ૦ | ૦ | ૪૬ |
| તિર્ચ્છાલોકમાં | ૦ | ૪૮ | ૩૦૩ | ૭૨ | ૪૨૩ |
| ઉર્ધ્વલોકમાં | ૦ | ૪૬ | ૦ | ૭૬ | ૧૨૨ |
| મેરુગિરિમાં | ૦ | ૪૮ | ૦ | ૦ | ૪૮ |
| અઢી દ્વીપમાં | ૦ | ૪૮ | ૩૦૩ | ૦ | ૩૫૧ |
| ૧૨ દેવલોકમાં | ૦ | ૨૦ | ૦ | ૪૮ | ૬૮ |
| ૯ ગ્રૈવેયકમાં | ૦ | ૧૪ | ૦ | ૧૮ | ૩૨ |
| લોકને છેડે | ૦ | ૧૨ | ૦ | ૦ | ૧૨ |
| અધોગ્રામમાં | ૦ | ૪૮ | ૩ | ૦ | ૫૧ |
| મુઠીમાં | ૦ | ૧૨ | ૦ | ૦ | ૧૨ |

## નવતત્ત્વ સંક્ષિપ્ત વિચાર

[1]જીવ, [2]અજીવ, [3]પુણ્ય, [4]પાપ, [5]આશ્રવ, [6]સંવર, [7]નિર્જરા [8]બંધ [9]મોક્ષ એ નવ તત્ત્વો છે. તેના ભેદો નીચે પ્રમાણે છેઃ—

| | |
|---|---|
| જીવતત્ત્વના ૧૪ | સંવરતત્ત્વના ૫૭ |
| અજીવતત્ત્વના ૧૪ | નિર્જરાતત્ત્વના ૧૨ |
| પુણ્યતત્ત્વના ૪૨ | બંધતત્ત્વના ૪ |
| પાપતત્ત્વના ૮૨ | મોક્ષતત્ત્વના ૯ |
| આશ્રવતત્ત્વના ૪૦ | |

## નવ તત્ત્વોની વ્યાખ્યા

૧ **જીવતત્ત્વ**—जीवति-प्राणान् धारयतीति जीवः એટલે કે ઇન્દ્રિયાદિ દ્રવ્યપ્રાણોને અને જ્ઞાનાદિક ભાવપ્રાણોને ધારણ કરે તે.

૨ **અજીવતત્ત્વ**—જીવથી વિપરીત સ્વભાવવાળું ચેતના રહિત હોય તે.

૩ **પુણ્યતત્ત્વ**—જે શુભ કર્મના ઉદયથી સુખનો અનુભવ થાય તે.

૪ **પાપતત્ત્વ**—જે અશુભ કર્મના ઉદયથી દુઃખનો અનુભવ થાય તે.

૫ **આશ્રવ**—મિથ્યાત્વાદિ હેતુઓ દ્વારા કર્મનું આવવું તે.

૬ **સંવર**—જેનાથી આવતા કર્મને રોકાવાય તે.

૭ **નિર્જરા**—આવતા કર્મને રોકવા અને પૂર્વે બાંધેલા કર્મોનો દેશથી ક્ષય કરવો તે.

૮ બંધ—આત્મા અને કર્મનો સંબંધ થવો તે.

૯ મોક્ષ—સર્વથા કર્મનો ક્ષય થવો તે.

## જીવતત્ત્વના ચૌદ ભેદો

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સૂક્ષ્મ એકેન્દ્રિય | | પર્યાપ્ત | ૮ | તેઇન્દ્રિય | | અપર્યાપ્ત |
| ૨ | ,, | ,, | અપર્યાપ્ત | ૯ | ચૌરિંદ્રિય | | પર્યાપ્ત |
| ૩ | બાદર | ,, | પર્યાપ્ત | ૧૦ | ,, | | અપર્યાપ્ત |
| ૪ | ,, | ,, | અપર્યાપ્ત | ૧૧ | અસંજ્ઞી પંચેંદ્રિય | | પર્યાપ્ત |
| ૫ | બેઇન્દ્રિય | | પર્યાપ્ત | ૧૨ | ,, | ,, | અપર્યાપ્ત |
| ૬ | ,, | | અપર્યાપ્ત | ૧૩ | સંજ્ઞી | ,, | પર્યાપ્ત |
| ૭ | તેઇન્દ્રિય | | પર્યાપ્ત | ૧૪ | ,, | ,, | અપર્યાપ્ત |

આ રીતે ચૌદ ભેદ થાય. તે રૂપી છે.

જીવનું લક્ષણ—જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય અને ઉપયોગ.

છ પર્યાપ્તિ—૧ આહાર, ૨ શરીર, ૩ ઇન્દ્રિય, ૪ શ્વાસોચ્છ્વાસ, ૫ ભાષા અને ૬ મન. આ છ પર્યાપ્તિઓ છે.

એકેન્દ્રિય જીવોને એક સ્પર્શનેંદ્રિય, આહાર, શરીર અને શ્વાસોચ્છ્વાસ એ ચાર પર્યાપ્તિ હોય.

વિકલેન્દ્રિય જીવોને તથા અસંજ્ઞી પંચેંદ્રિયને ઉપરની ચાર તથા ભાષાપર્યાપ્તિ સહિત પાંચ પર્યાપ્તિ હોય.

સંજ્ઞી જીવોને છ યે પર્યાપ્તિ હોય છે.

૧૦ **પ્રાણો**—૫ ઇન્દ્રિય, ૩ મનબળ-વચનબળ-અને કાયબળ, ૧ શ્વાસોચ્છ્વાસ અને ૧ આયુષ્ય એમ કુલ ૧૦ પ્રાણો છે.

એકેંદ્રિયને ૧ સ્પર્શનેન્દ્રિય, ૨ કાયબળ, ૩ શ્વાસોશ્વાસ અને ૪ આયુષ્ય એમ ચાર પ્રાણો હોય છે.

બેઇંદ્રિયને રસનેન્દ્રિય અને વચનબળ સહિત છ પ્રાણો હોય.

તેઇંદ્રિયને ઘ્રાણેન્દ્રિય સહિત ૭ પ્રાણો હોય.

ચૌરિન્દ્રિયને ચક્ષુરિંદ્રિય સહિત ૮ પ્રાણો હોય.

અસંજ્ઞી પંચેંદ્રિયને મનબળ વિના ૯ પ્રાણો હોય.

સંજ્ઞી પંચેંદ્રિયને દશે ય પ્રાણો હોય.

## અજીવતત્ત્વના ૧૪ ભેદો

**ધર્માસ્તિકાયના** ત્રણ ભેદ-સ્કંધ, દેશ અને પ્રદેશ.

**અધર્માસ્તિકાયના** ત્રણ ભેદ-સ્કંધ, દેશ અને પ્રદેશ.

**આકાશાસ્તિકાયના** ત્રણ ભેદ-સ્કંધ, દેશ અને પ્રદેશ.

**પુદ્‌ગલાસ્તિકાયના** ચાર ભેદ-સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુ.

**કાળનો** વર્ત્તમાન સમયરૂપ એક ભેદ.

એમ કુલ અજીવતત્ત્વના ૧૪ ભેદો છે.

ધર્માસ્તિકાય જીવ અને પુદ્‌ગલોને ચાલવામાં સહાય આપે.

અધર્માસ્તિકાય જીવ અને પુદ્‌ગલોને સ્થિર રહેવામાં સહાય આપે.

આકાશાસ્તિકાય દરેક પદાર્થોને અવકાશ=જગ્યા આપે.

પુદ્ગલાસ્તિકાય પૂરણ અને ગલન સ્વભાવયુક્ત અને વર્ણાદિયુક્ત છે.

કાળ વર્ત્તના સ્વરૂપ છે.

## અજીવ દ્રવ્યના ૫૬૦ ભેદો

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાળ એ ચાર અરૂપી અજીવદ્રવ્યના દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ અને ગુણ ગણતાં ૪×૫=૨૦ ભેદ થાય. તેમ જ અગાઉ કહ્યા મુજબ ધર્માસ્તિકાયના ત્રણ, અધર્માસ્તિકાયના ત્રણ, આકાશાસ્તિકાયના ત્રણ, અને કાળનો એક એમ ૧૦ ભેદ મેળવતાં અરૂપી અજીવના ૩૦ ભેદ છે.

**રૂપી અજીવ ( પુદ્ગલાસ્તિકાય ) ના ૫૩૦ ભેદ**—૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ, ૮ સ્પર્શ અને પાંચ સંસ્થાન એ ૨૫ ગુણમાંના જે ગુણના ભેદ ગણાતા હોય, તે ગુણ અને તેના વિરોધી-સ્વજાતીય ગુણ સિવાયના શેષ સર્વ ગુણોના ભેદ તે ગુણમાં પ્રાપ્ત થાય. જેમ-કૃષ્ણાદિ પાંચ વર્ણ રહિત-કૃષ્ણ-વર્ણના ૨૦ ગુણભેદ થાય. અને એ રીતે દરેક વર્ણના ૨૦-૨૦ ગણતાં વર્ણના ૧૦૦ ભેદ થાય. ૨ ગંધના ૪૬, ૫ રસના ૧૦૦, ૮ સ્પર્શના [ વિરોધી સ્પર્શ બબ્બે હોવાથી, તે બાદ કરતાં દરેક સ્પર્શના ૨૩-૨૩ ગણતાં ] ૧૮૪, ૫ સંસ્થાનના ૧૦૦ ગુણભેદ થાય. એમ સર્વ મળીને ૫૩૦ ભેદ પુદ્ગલદ્રવ્યના થાય, તે પૂર્વોક્ત ૩૦ અજીવ સાથે મેળવતાં ૫૬૦ ભેદ અજીવના થાય.

## અજીવના ૫૬૦ ભેદમાંથી ક્યાં કેટલા હોય ?

| સ્થાન | ધર્માસ્તિ-કાય | અધર્મા-સ્તિકાય | આકાશા-સ્તિકાય | કાલ | પુદ્ગલા-સ્તિકાય | કુલ |
|---|---|---|---|---|---|---|
| ભરતક્ષેત્ર | ૭ | ૭ | ૭ | ૬ | ૫૩૦ | ૫૫૭ |
| જંબૂદ્વીપ | ૭ | ૭ | ૭ | ૬ | ૫૩૦ | ૫૫૭ |
| લવણસમુદ્ર | ૭ | ૭ | ૭ | ૬ | ૫૩૦ | ૫૫૭ |
| નંદીશ્વરદ્વીપ | ૭ | ૭ | ૭ | ૦ | ૫૩૦ | ૫૫૧ |

જીવ અને પુદ્ગલ એ બે પરિણામી છે.

જીવ એ જીવ છે. પુદ્ગલ રૂપી છે.

કાલ સિવાય પાંચ સપ્રદેશી છે.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય એ ત્રણ એક છે.

આકાશાસ્તિકાય ક્ષેત્ર છે.

જીવ અને પુદ્ગલ એ બે ક્રિયાવાન છે.

ધર્મ, અધર્મ, આકાશ અને કાળ એ નિત્ય છે.

જીવ એક જ કર્ત્તા છે, બાકીના પાંચ દ્રવ્ય કારણ છે.

આકાશ એક સર્વવ્યાપી છે, બાકીના દેશગત છે.

છએ દ્રવ્ય અપ્રવેશી છે. એક-બીજામાં મળતાં નથી.

## પુણ્યતત્ત્વ

પુણ્ય બાંધવાના ૯ પ્રકારો—સાધુ પ્રમુખને ૧ અન્ન આપવાથી, ૨ પાન આપવાથી, ૩ સ્થાન આપવાથી, ૪ શયન

( પાટ ) આપવાથી, ૫ વસ્ત્ર આપવાથી, ૬ મન, ૭ વચન, ૮ કાયાના શુભ વ્યાપારથી અને ૯ દેવ-ગુરુ વગેરેને નમસ્કાર કરવાથી પુણ્યબંધ થાય છે.

**પુણ્ય ભોગવવાના ૪૨ પ્રકારો**—૧ શાતાવેદનીય, ૨ ઉચ્ચગોત્ર, ૩ મનુષ્યગતિ, ૪ મનુષ્યાનુપૂર્વી, ૫ દેવગતિ, ૬ દેવાનુપૂર્વી, ૭ પંચેન્દ્રિયજાતિ, ૮ ઔદારિકશરીર, ૯ વૈક્રિયશરીર, ૧૦ આહારકશરીર, ૧૧ તૈજસશરીર, ૧૨ કાર્મણશરીર, ૧૩ ઔદારિકોપાંગ, ૧૪ વૈક્રિયોપાંગ, ૧૫ આહારકોપાંગ, ૧૬ વજ્ર-ઋષભનારાચ સંઘયણ, ૧૭ સમચતુરસ્ર સંસ્થાન, ૧૮ શુભવર્ણ, ૧૯ શુભરસ, ૨૦ શુભગંધ, ૨૧ શુભસ્પર્શ, ૨૨ અગુરુલઘુ, ૨૩ પરાઘાત, ૨૪ ઉચ્છ્વાસ, ૨૫ આતપ, ૨૬ ઉદ્યોત, ૨૭ ૨૭ શુભવિહાયોગતિ, ૨૮ નિર્માણ નામકર્મ, ૨૯ દેવાયુ, ૩૦ મનુષ્યાયુ, ૩૧ તિર્યંગાયુ, ૩૨ ત્રસ, ૩૩ બાદર, ૩૪ પર્યાપ્ત, ૩૫ પ્રત્યેક, ૩૬ સ્થિર, ૩૭ શુભ, ૩૮ સુભગ, ૩૯ સુસ્વર, ૪૦ આદેય, ૪૧ યશ અને ૪૨ તીર્થંકર નામકર્મ.

## પાપતત્ત્વ

અઢાર પાપસ્થાનકોનું સેવન કરવાથી પાપ બંધાય છે.

**પાપ ભોગવવાના ૮૨ પ્રકારો—ભેદો**—૫ જ્ઞાનાવરણ, ૯ દર્શનાવરણ, ૫ અંતરાય, ૧ નીચગોત્ર, ૧ અશાતા વેદનીય, ૧ મિથ્યાત્વ મોહનીય, ૩ નરકત્રિક, ૪ અનંતાનુબંધી ક્રોધ-માન માયા-લોભ, ૪ અપ્રત્યાખ્યાની ક્રોધ-માન-માયા-લોભ, ૪ પ્રત્યાખ્યાની ક્રોધ-માન-માયા-લોભ, ૪ સંજવલન ક્રોધ-માન-માયા-લોભ, ૬ હાસ્ય-રતિ-અરતિ-શોક-ભય-જુગુ-

ષ્સા, ૩ પુરુષવેદ-સ્રીવેદ-નપુંસકવેદ, ૨ તિર્યંચગતિ-તિર્યંચાનુ-પૂર્વી, ૪ એકેન્દ્રિય-બેઇંદ્રિય-તેઇંદ્રિય-ચૌરિંદ્રિય જાતિ ૧ અશુભ વિહાયોગતિ, ૧ ઉપઘાત નામ, ૪ અશુભ વર્ણ-ગંધ-રસ-સ્પર્શ, ૫ પ્રથમ સિવાયના પાંચ સંઘયણ, ૫ પ્રથમ સિવાયના પાંચ સંસ્થાન, ૧૦ સ્થાવર દશક-તે સ્થાવર-સૂક્ષ્મ-અપર્યાપ્ત-સાધારણ-અસ્થિર-અશુભ-દૌર્ભાગ્ય-દુઃસ્વર-અનાદેય-અપયશ-એ પ્રમાણે પાપતત્ત્વના ૮૨ ભેદો જાણવા.

## પુણ્ય-પાપની ચતુર્ભંગી

**૧ પુણ્યાનુબંધી** પુણ્ય-પુણ્યનો ભોગવટો કરતા નવું પુણ્ય ઉપાર્જન કરે તે. શાલિભદ્રશ્રેષ્ઠી વગેરે.

**૨ પુણ્યાનુબંધી** પાપ-પાપનો ભોગવટો કરતાં નવું પુણ્ય ઉપાર્જન કરે તે. ચંડકૌશિક સર્પ વગેરે.

**૩ પાપાનુબંધી** પુણ્ય-પુણ્યનો ભોગવટો કરતાં નવું પાપ ઉપાર્જન કરે તે. બ્રહ્મદત્તચક્રી વગેરે.

**૪ પાપાનુબંધી** પાપ-પાપનો ભોગવટો કરતાં નવું પાપ ઉપાર્જન કરે તે, મચ્છીમાર વગેરે.

## આશ્રવતત્ત્વના ૪૨ ભેદો

૫ પાંચ ઇંદ્રિયોની અવિરતિ.

૪ ક્રોધ-માન-માયા અને લોભ એ ૪ કષાય.

૫ પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહ એ પાંચ અવ્રત.

૩ મનયોગ, વચનયોગ અને કાયયોગ એ ત્રણ યોગ.

૨૫ ક્રિયાઓ તે આ પ્રમાણે-૧ કાયિકી, ૨ અધિકરણિકી, ૩ પ્રાદ્વેષિકી, ૪ પારિતાપનિકી, ૫ પ્રાણાતિપાતિકી, ૬ આરંભિકી, ૭ પારિગ્રહિકી, ૮ માયા પ્રત્યયિકી, ૧૦ મિથ્યાદર્શન પ્રત્યયિકી, ૧૦ અપ્રત્યાખ્યાનિકી, ૧૧ દૃષ્ટિકી, ૧૨ પૃષ્ટિકી, ૧૩ પ્રાતિત્યકી, ૧૪ સામંતોપનિપાતિકી, ૧૫ નૈસૃષ્ટિકી, ૧૬ સ્વાહસ્તિકી, ૧૭ આજ્ઞાપનિકી, ૧૮ વિદારણિકી, ૧૯ અનાભોગિકી, ૨૦ અનવકાંક્ષ પ્રત્યયિકી, ૨૧ પ્રાયોગિકી, ૨૨ સમાદાનિકી, ૨૩ પ્રેમકી, ૨૪ દ્વેષિકી, અને ૨૫ ઇર્યાપથિકી.

—

૪૨ કુલ ભેદો થાય.

## સંવરતત્ત્વના ૫૭ ભેદો

૫ સમિતિ, ૩ ગુપ્તિ, ૨૨ પરિસહો, ૧૦ યતિધર્મ, ૧૨ ભાવના અને ૫ ચારિત્ર એમ સંવરતત્ત્વના ૫૭ ભેદો સમજવા.

સમિતિ અને ગુપ્તિનું વર્ણન આગળ આવી ગયેલ છે.

**૨૨ પરિષહો**—૧ ક્ષુધા, ૨ પિપાસા, ૩ શીત, ૪ ઉષ્ણ, ૫ દંશ, ૬ અચેલક, ૭ અરતિ, ૮ સ્ત્રી, ૯ ચર્યા, ૧૦ નૈષેધિકી ૧૧ શય્યા, ૧૨ આક્રોશ, ૧૩ વધ, ૧૪ યાચના, ૧૫ અલાભ, ૧૬ રોગ, ૧૭ તૃણસ્પર્શ, ૧૮ મલ, ૧૯ સત્કાર, ૨૦ પ્રજ્ઞા, ૨૧ અજ્ઞાન અને ૨૨ સમ્યક્ત્વ એ બાવીશ પરિષહો છે. એ પરિષહોને આત્માએ સહન કરવા.

**૧૦ પ્રકારે યતિધર્મ:-**

૧ **ક્ષમા**-ક્રોધ ન કરે, ક્ષમા રાખે.

૨ **માર્દવ**—માન ન રાખે, નમ્રતા રાખે.

૩ **આર્જવ**—માયાનો ત્યાગ, સરળતા રાખે.

૪ **મુક્તિ**—નિર્લોભતા, લોભનો ત્યાગ.

૫ **તપ**-ઇચ્છાનો રોધ, મમતા ન રાખે.

૬ **સંયમ**-સત્તર પ્રકારે સંયમ પાલે.

૭ **સત્ય**-સાચું બોલે, જુઠું ન બોલે.

૮ **શૌચ**-શરીરની સ્વચ્છતા માટે હાથ વગ વગેરે ધોયા ન કરે, તે દ્રવ્ય શૌચ. દોષ રહિત આહાર લે અને આત્માના શુદ્ધ પરિણામ રાખે તે ભાવ શૌચ.

૯ **આકિંચન્ય**-સમગ્ર પરિગ્રહ ઉપર મૂર્છાનો ત્યાગ.

૧૦ **બ્રહ્મચર્ય**-નવ પ્રકારે ઔદારિક તથા નવ પ્રકારે વૈક્રિય સંબંધી મૈથુનનો ત્યાગ.

**નવ પ્રકારે ઔદારિક**-મન, વચન અને કાયાથી સેવવું નહિ, સેવરાવવું નહિ અને સેવતાને ભલો જાણવો નહિ.

**નવપ્રકારે વૈક્રિય**-મન-વચન-કાયાથી સેવવું નહિ, સેવરાવવું નહિ અને સેવનારને ભલો જાણવો નહિ.

**૧૨ ભાવનાઓ**-૧ અનિત્ય, ૨ અશરણ, ૩ સંસાર, ૪ એકત્વ, ૫ અન્યત્વ, ૬ અશુચિત્વ, ૭ આશ્રવ ૮ સંવર ૯ નિર્જરા, ૧૦ લોકસ્વભાવ, ૧૧ સમ્યક્ત્વ અને ૧૨ ધર્મભાવના.

બીજી પણ ચાર ભાવનાઓ નીચે મુજબ છે.

૧ **મૈત્રી**—પારકાના હિતની ચિંતા કરવી તે.

૨ **પ્રમોદ**—ગુણીજનોના ગુણો દેખીને રાજી થવું તે.

૩ **કારુણ્ય**—દુઃખી જીવો ઉપર દયા રાખવી તે.

૪ **માધ્યસ્થ**—અજ્ઞાની જીવ ઉપર સમભાવ રાખવો તે.

૫ **ચારિત્ર**—૧ સામાયિક, ૨ છેદોપસ્થાપનીય, ૩ પરિહારવિશુદ્ધિ, ૪ સૂક્ષ્મસંપરાય અને ૫ યથાખ્યાત. એમ ચારિત્ર પાંચ જાણવા.

એ પ્રમાણે કુલ ૫+૩+૨૨+૧૦+૧૨+૫=૫૭ સંવરતત્ત્વના ભેદો જાણવા.

## નિર્જરાતત્ત્વના ૧૨ ભેદ

છ પ્રકારે બાહ્યતપ અને છ પ્રકારે અભ્યંતરતપ મળી તપના બાર ભેદો તે નિર્જરા જાણવી.

**છ બાહ્યતપ**—૧ અનશન, ૨ ઉનોદરિકા, ૩ વૃત્તિસંક્ષેપ, ૪ રસત્યાગ, ૫ કાયક્લેશ અને ૬ સંલીનતા.

**છ અભ્યંતરતપ**—૧ પ્રાયશ્ચિત્ત, ૨ વિનય, ૩ વૈયાવૃત્ય, ૪ સ્વાધ્યાય, ૫ ધ્યાન અને ૬ કાયોત્સર્ગ.

## બંધતત્ત્વના ૪ ભેદ

૧ **પ્રકૃતિબંધ**—કર્મોનો સ્વભાવ તે.

૨ **સ્થિતિબંધ**—કર્મોના કાળનું માન તે.

૩ **રસબંધ**—કર્મોનો તીવ્ર-મંદ રસ તે. અનુભાગ=રસ.

૪ **પ્રદેશબંધ**—કર્મના દલિકોનું માન-માપ તે.

## મોક્ષતત્ત્વના ૯ ભેદો

૧ **સત્પદપ્રરૂપણાદ્વાર**—મોક્ષ એક પદ છે, શુદ્ધપદ છે. તેથી મોક્ષ વિદ્યમાન છે.

૨ **દ્રવ્યપ્રમાણદ્વાર**—સિદ્ધના જીવો અનંતા છે.

૩ **ક્ષેત્રદ્વાર**—સિદ્ધના જીવો અસંખ્યાતા આકાશપ્રદેશને અવગાહીને રહ્યા છે. એક સિદ્ધ તથા સર્વસિદ્ધ લોકના અસંખ્યાતમા ભાગના ક્ષેત્રને અવગાહીને રહ્યા છે.

૪ **સ્પર્શનાદ્વાર**—ક્ષેત્ર કરતા સ્પર્શના અધિક છે.

૫ **કાલદ્વાર**—એક સિદ્ધ આશ્રયી સાદિ અનંત, ને સર્વ સિદ્ધ આશ્રયી અનાદિ અનંતકાલ છે.

૬ **અંતર દ્વાર**—સિદ્ધના જીવોને પરસ્પર અંતર નથી.

૭ **ભાગ દ્વાર**—સિદ્ધના જીવો સંસારી જીવોના અનંતમા ભાગે છે.

૮ **ભાવદ્વાર**—ક્ષાયિક અને પારિણામિક એ બે ભાવો સિદ્ધોને છે.

૯ **અલ્પબહુત્વ દ્વાર**—સર્વ કરતા થોડાં નપુંસકલિંગે સિદ્ધ છે. તે કરતા સ્રીલિંગ સિદ્ધ અને પુરુષલિંગ સિદ્ધ અનુક્રમે સંખ્યાત ગુણા છે.

**સિદ્ધના પંદર ભેદો**—૧ જિનસિદ્ધ, ૨ અજિનસિદ્ધ, ૩ તીર્થસિદ્ધ, ૪ અતીર્થ સિદ્ધ, ૫ ગૃહસ્થલિંગ સિદ્ધ ૬ અન્ય લિંગ સિદ્ધ, ૭ સ્વલિંગ સિદ્ધ, ૮ સ્રીલિંગ સિદ્ધ, ૯ પુરુષલિંગ સિદ્ધ, ૧૦ નપુંસકલિંગ સિદ્ધ, ૧૧ પ્રત્યેક બુદ્ધ સિદ્ધ, ૧૨ સ્વયંબુદ્ધ સિદ્ધ, ૧૩ બુદ્ધબોધિત સિદ્ધ, ૧૪ એક સિદ્ધ અને ૧૫ અનેક સિદ્ધ.

# માર્ગણા વિચાર

૧૪ મૂળ માર્ગણા અને ૬૨ ઉત્તર માર્ગણા છે. **૧૪ મૂળ માર્ગણા**—૧ ગતિ, ૨ ઇન્દ્રિય, ૩ કાય, ૪ યોગ, ૫ વેદ, ૬ કષાય, ૭ જ્ઞાન, ૮ સંયમ, ૯ દર્શન, ૧૦ લેશ્યા, ૧૧ ભવ્ય, ૧૨ સમ્યક્ત્વ, ૧૩ સંજ્ઞી, અને ૧૪ આહારી એ ચૌદ મૂળ માર્ગણા જાણવી.

**૬૨ ઉત્તરમાર્ગણા—**

**ગતિ**—૪ નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ.

**ઇન્દ્રિય (જાતિ)**—૫ એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇંદ્રિય, ચૌરેંદ્રિય, અને પંચેંદ્રિય.

**કાય**—૬ પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય ને ત્રસકાય.

**યોગ**—૩ મનોયોગ, વચનયોગ, અને કાયયોગ.

**વેદ**—૩ પુરુષવેદ, સ્ત્રીવેદ અને નપુંસકવેદ.

**કષાય**—૪ ક્રોધ, માન, માયા અને લોભ.

**જ્ઞાન-અજ્ઞાન**—૮ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન.

**સંયમ**—૭ સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મ સંપરાય, યથાખ્યાત, દેશવિરતિ અને અવિરતિ.

**દર્શન**—૪ ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન અને કેવલદર્શન.

**લેશ્યા**—૬ કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ અને શુકલ.

**ભવ્ય**—૨ ભવ્ય અને અભવ્ય.

**સમ્યક્ત્વ**—૬ ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, મિશ્ર, સાસ્વાદન અને મિથ્યાત્વ.

**સંજ્ઞી**—૨ સંજ્ઞી અને અસંજ્ઞી.

**આહારી**—૨ આહારી અને અણાહારી.

## કઈ કઈ માર્ગણામાંથી મોક્ષે જઈ શકાય ?

૧ મનુષ્યગતિ, ૨ પંચેંદ્રિયજાતિ, ૩ ત્રસકાય, ૪ ભવ્ય, ૫ સંજ્ઞી ૬ યથાખ્યાત ચારિત્ર, ૭ ક્ષાયિક સમ્યક્ત્વ, ૮ અનાહાર, ૯ કેવળદર્શન અને ૧૦ કેવળજ્ઞાનમાંથી છે. બાકીની માર્ગણાઓમાં નથી.

## નવતત્ત્વના ૨૭૬ ભેદોનું જીવ-અજીવાદિ યંત્ર

| તત્ત્વનાં નામ | ૨૭૬ ભેદમાં જીવ-અજીવ | ૨૭૬ ભેદમાં રૂપી-અરૂપી | ૨૭૬ ભેદમાં [1]હેય [2]જ્ઞેય [3]ઉપાદેય |
|---|---|---|---|
| જીવ તત્ત્વના | ૧૪-૦ | ૧૪-૦ | ૦-૧૪-૦ |
| અજીવ તત્ત્વના | ૦-૧૪ | ૪-૧૦ | ૦-૧૪-૦ |
| પુણ્ય તત્ત્વના | ૦-૪૨ | ૪૨-૦ | ૦—૦-૪૨ |
| પાપ તત્ત્વના | ૦-૮૨ | ૮૨-૦ | ૮૨-૦-૦ |
| આશ્રવ તત્ત્વના | ૦-૪૨ | ૪૨-૦ | ૪૨-૦-૦ |
| સંવર તત્ત્વના | ૫૭-૦ | ૦-૫૭ | ૦—૦-૫૭ |
| નિર્જરા તત્ત્વના | ૧૨-૦ | ૦-૧૨ | ૦—૦-૧૨ |
| બંધ તત્ત્વના | ૦-૪ | ૪-૦ | ૪—૦-૦ |
| મોક્ષ તત્ત્વના | ૯-૦ | ૦-૯ | ૦—૦-૯ |
| | ૯૨-૧૮૪ | ૧૮૮-૮૮ | ૧૨૮-૨૮-૧૨૦ |

૧ હેય=ત્યાગ કરવા યોગ્ય, ૨ જ્ઞેય=જાણવા યોગ્ય, ૩ ઉપાદેય=આદરવા યોગ્ય.

# દંડક પ્રકરણ તથા બૃહત્સંગ્રહણીનો સંક્ષિપ્ત વિચાર

**દંડકના ૨૯ દ્વારો**—૧ નામદ્વાર, ૨ લેશ્યાદ્વાર, ૩ શરીર-દ્વાર, ૪ અવગાહના દ્વાર, ૫ સંઘયણ દ્વાર, ૬ સંજ્ઞા દ્વાર, ૭ સંસ્થાન દ્વાર, ૮ કષાય દ્વાર, ૯ ઇન્દ્રિય દ્વાર, ૧૦ સમુદ્ઘાત દ્વાર, ૧૧ દૃષ્ટિ દ્વાર, ૧૨ દર્શન દ્વાર, ૧૩ જ્ઞાન દ્વાર, ૧૪ યોગ દ્વાર, ૧૫ ઉપયોગ દ્વાર ૧૬ ઉપપાત દ્વાર, ૧૭ ૧ચ્યવન દ્વાર, ૧૮ આયુષ્ય દ્વાર, ૧૯ પર્યાપ્તિ દ્વાર, ૨૦ આહાર દ્વાર, ૨૧ ગત્યાગતિ દ્વાર, ૨૨ વેદ દ્વાર, ૨૩ ભવન દ્વાર, ૨૪ પ્રાણ દ્વાર, ૨૫ સંપદા દ્વાર, ૨૬ ધર્મ દ્વાર, ૨૭ જીવયોનિ દ્વાર, ૨૮ કુલ-કોટી દ્વાર, ૨૯ અલ્પબહુત્વ દ્વાર. એ મુજબ ૨૯ દ્વારો છે.

**૧ નામદ્વાર**—સાત નરકનો એક દંડક છે. તેનાં નામો-ધમ્મા, વંશા, શેલા, અંજના, રિષ્ટા, મઘા અને માઘવતી.

દશ ભવનપતિના દશ દંડક છે, તેનાં નામ-૧ અસુરકુમાર, ૨ નાગકુમાર, ૩ સુવર્ણકુમાર, ૪ વિદ્યુત્કુમાર, ૫ અગ્નિકુમાર, ૬ દ્વીપકુમાર, ૭ ઉદધિકુમાર, ૮ દિશિકુમાર, ૯ વાયુકુમાર અને ૧૦ સ્તનિતકુમાર.

પાંચ સ્થાવરના પાંચ દંડકઃ—૧ પૃથ્વીકાય, ૨ અપ્કાય, ૩ તેઉકાય, ૪ વાયુકાય, અને ૫ વનસ્પતિકાય.

વિકલેન્દ્રિયના ત્રણ દંડક-૧ બેઇંદ્રિય, ૨ તેઇંદ્રિય અને ચઉરિંદ્રિય.

૧ તિર્યંચપંચેંદ્રિયનો, ૧ મનુષ્યનો, ૧ વ્યંતરનો, ૧ જ્યોતિષિનો અને ૧ વૈમાનિકનો, એમ ૨૪ દંડક જાણવા.

૨ **લેશ્યાદ્વાર**–૧ કૃષ્ણ, ૨ નીલ, ૩ કાપોત, ૪ તેજો, ૫ પદ્મ ૬ શુક્લ એમ છ લેશ્યા છે.

નારકી, તેઉકાય, વાયુકાય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચૌરિંદ્રિય એ છ દંડકે પ્રથમની ત્રણ લેશ્યા હોય.

તિર્યંચ પંચેંદ્રિય અને મનુષ્યને છ યે લેશ્યા હોય.

દશ ભવનપતિ, વ્યંતર, પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિકાય એ ચૌદ દંડકે પ્રથમથી ચાર લેશ્યા હોય.

જ્યોતિષી, સૌધર્મ અને ઇશાનદેવલોકે એક તેજો લેશ્યા.

ત્રીજે-ચોથે અને પાંચમે દેવલોકે પદ્મ લેશ્યા.

છઠ્ઠા દેવલોકથી ઉપર બધે જ શુક્લલેશ્યા હોય.

૩ **શરીરદ્વાર**—૧ ઔદારિક, ૨ વૈક્રિય, ૩ આહારક, ૪ તૈજસ અને ૫ કાર્મણ એ પાંચ શરીરો છે.

નારકી, દશ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક એ ચૌદ દંડકે વૈક્રિય, કાર્મણ અને તૈજસ એ ત્રણ શરીરો હોય છે.

પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વનસ્પતિકાય, બેઇન્દ્રિય તેઇન્દ્રિય અને ચૌરિંદ્રિય એ સાત દંડકે ઔદારિક, તૈજસ અને કાર્મણ એ ત્રણ શરીર હોય છે.

વાયુકાય અને તિર્યંચ પંચેંદ્રિય એ બે દંડકે આહારક વિના ચાર શરીર હોય.

મનુષ્યને પાંચે શરીરો હોય.

**ચોથું અવગાહના દ્વાર**—સમુચ્ચયપણે નારકીની જઘન્ય

અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ પાંચસો ધનુષ્ય છે. પૃથક્ પૃથક્ નીચે મુજબ છે.

| નારકોમાં | જઘન્ય અવગાહના | ઉત્કૃષ્ટ અવગાહના |
|---|---|---|
| ૧ રત્ન પ્રભામાં | ૩ હાથ | ૭ાા ધનુ ૦૬ અંગુલ |
| ૨ શર્કરા પ્રભામાં | ૭ાા ધ. ૬ અંગુલ | ૧૫ાા ધ. ૧૨ અંગુલ |
| ૩ વાલુકા પ્રભામાં | ૧૫ાા ધ. ૧૨ અંગુલ | ૩૧ા ધનુષ્ય |
| ૪ પંક પ્રભામાં | ૩૧ા ધ૦ | ૬૨ાા ધ૦ |
| ૫ ધૂમ પ્રભામાં | ૬૨ાા ધ૦ | ૧૨૫ ધ૦ |
| ૬ તમઃ પ્રભામાં | ૧૨૫ ધ૦ | ૨૫૦ ધ૦ |
| ૭ તમસ્તમપ્રભામાં | ૨૫૦ ધ૦ | ૫૦૦ ધ૦ |

દશ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી, એ બાર દંડકે જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટથી સાત હાથ, વૈમાનિકમાં–જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ, પહેલે–બીજે દેવલોકે સાત હાથ, ત્રીજે–ચોથે દેવલોકે છ હાથ, પાંચમે છઠે દેવલોકે પાંચ હાથ, સાતમે–આઠમે દેવલોકે ચાર હાથ, નવમે–દશમે–અગ્યારમે ને બારમે દેવલોકે ત્રણ હાથ, નવગ્રૈવેયકે બે હાથ અને પાંચ અનુત્તરે એક હાથની ઉંચાઇ હોય છે.

એ તેર દેવતાના દંડકમાં ઉત્તરવૈક્રિય શરીર કરે તો લાખ યોજનની અવગાહના હોય છે.

પૃથ્વી, પાણી, અગ્નિ, અને વાયુ એ ચાર દંડકે જઘન્ય તથા ઉત્કૃષ્ટ અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ હોય.

પ્રત્યેક વનસ્પતિકાયની જઘન્ય અવગાહના અંગુલનો

અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ અવગાહના એક હજાર યોજનથી કોઈક અધિક હોય.

બેઇન્દ્રિયની ૧૨ યોજન, તેઈન્દ્રિયની ત્રણ કોશ, ચઉરિંદ્રિયની ચાર કોશ, તિર્યંચ પંચેંદ્રિયની હજાર યોજનની, અને ઉત્તરવૈક્રિય કરે તો નવસો યોજન, મનુષ્યની ત્રણ ગાઉની અને ઉત્તરવૈક્રિય કરે તો લાખ યોજનની અવગાહના જાણવી.

**૫ સંઘયણ દ્વાર**—૧ વજ્રઋષભ નારાચ, ૨ ઋષભ નારાચ, ૩ નારાચ, ૪ અર્ધનારાચ, ૫ કીલિકા, અને ૬ છેવટ્ઠું એ છ સંઘયણ છે, હાડકાની રચનાને સંઘયણ કહેવાય છે.

નારકી, ૧૦ ભવનપતિ, વ્યંતર, જયોતિષી, વૈમાનિક, પાંચ સ્થાવર એ ૧૯ દંડકે સંઘયણ ન હોય. અસંઘયણી હોય.

બેઇન્દ્રિય, તેઇંદ્રિય, અને ચૌરિંદ્રિય એમ ત્રણ દંડકે એક છેવટ્ઠું સંઘયણ હોય.

પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્ય એ બે દંડકમાં છયે સંઘયણ હોય.

**૬ સંજ્ઞા દ્વાર**—૧ આહારસંજ્ઞા, ૨ ભયસંજ્ઞા, ૩ મૈથુન સંજ્ઞા, અને ૪ પરિગ્રહ સંજ્ઞા, એ ચારે સંજ્ઞા ચોવીશેય દંડકમાં હોય છે.

**૭ સંસ્થાન દ્વાર**—૧ સમચતુરસ્ર, ૨ ન્યગ્રોધ પરિમંડલ, ૩ સાદિ, ૪ વામન, ૫ કુબ્જ અને ૬ હુંડક એ છ સંસ્થાન છે.

નારકી, પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય એ નવ દંડકે હુંડક સંસ્થાન હોય.

૧૦ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક એ તેર દંડકે સમચતુરસ્ર સંસ્થાન હોય.

પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યને છયે સંસ્થાન હોય.

સંમૂર્ચ્છિમ મનુષ્યને હુંડક સંસ્થાન હોય.

૮ **કષાય દ્વાર**—૧ ક્રોધ, ૨ માન, ૩ માયા અને ૪ લોભ, એ ચારેય કષાય ચોવીશેય દંડકમાં હોય છે.

૯ **ઇન્દ્રિય દ્વાર**—૧ સ્પર્શનેન્દ્રિય, ૨ રસનેન્દ્રિય, ૩ ઘ્રાણેન્દ્રિય, ૪ ચક્ષુરિન્દ્રિય, અને ૫ શ્રોત્રેન્દ્રિય, એ પાંચ ઇન્દ્રિય છે.

નારકી, દશ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી, વૈમાનિક તિર્યંચ પંચેંદ્રિય અને મનુષ્ય એ સોળ દંડકમાં પાંચે ઇંદ્રિયો હોય.

પાંચ સ્થાવરને એક સ્પર્શનેન્દ્રિય, બેઇંદ્રિય જીવોને સ્પર્શના અને રસના એ બે ઇંદ્રિય, તેઇન્દ્રિય જીવોને સ્પર્શના, રસના અને ઘ્રાણ (નાક) એ ત્રણ ઇન્દ્રિયો હોય, અને ચૌરિંદ્રિય જીવોને સ્પર્શના, રસના, ઘ્રાણ અને ચક્ષુ એ ચાર ઇન્દ્રિયો હોય.

૧૦ **સમુદ્ઘાત દ્વાર**—સમુદ્ઘાત સાત છે. ૧ વેદના, ૨ કષાય, ૩ મરણ, ૪ વૈક્રિય, ૫ તૈજસ, ૬ આહારક અને ૭ કેવળી સમુદ્ઘાત.

નારકી અને વાયુને પહેલા ચાર સમુદ્ઘાત હોય.

૧૦ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી, વૈમાનિક, તિર્યંચ પંચેન્દ્રિય એ ચૌદ દંડકે પહેલા પાંચ સમુદ્ઘાત હોય.

પૃથ્વી, પાણી, અગ્નિ, વનસ્પતિ, ત્રણ વિકલેન્દ્રિય એ સાત દંડકે પહેલા ત્રણ સમુદ્ઘાત હોય.

મનુષ્યને સાતે ય સમુદ્ઘાત હોય.

**૧૧ દૃષ્ટિ દ્વાર**—દૃષ્ટિ ૩ છે, ૧ સમ્યગ્દૃષ્ટિ, ૨ મિશ્રદૃષ્ટિ અને ૩ મિથ્યાદૃષ્ટિ.

નારકી, દશ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી, વૈમાનિક, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય એ સોળે દંડકે ત્રણે દૃષ્ટિ હોય.

પાંચ સ્થાવરને એક મિથ્યાદૃષ્ટિ હોય.

૩ વિકલેન્દ્રિયને સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ એ બે દૃષ્ટિ હોય.

**૧૨ દર્શન દ્વાર**—૧ ચક્ષુદર્શન, ૨ અચક્ષુદર્શન, ૩ અવધિદર્શન અને ૪ કેવલદર્શન એ ચાર દર્શન છે.

નારકી, ૧૦ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી, વૈમાનિક, તિર્યંચ પંચેન્દ્રિય એ પંદર દંડકે પ્રથમના ત્રણ દર્શન હોય.

પાંચ સ્થાવર, બેઇન્દ્રિય, તેઈન્દ્રિયને એક અચક્ષુદર્શન હોય.

ચૌરિન્દ્રિયને ચક્ષુ અને અચક્ષુ એ બે દર્શન હોય.

મનુષ્યને ચારે ય દર્શન હોય.

**૧૩ જ્ઞાન દ્વાર**—પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન મળી આઠ ભેદે છે, તે આ પ્રમાણે-૧ મતિજ્ઞાન, ૨ શ્રુતજ્ઞાન, ૩ અવધિજ્ઞાન, ૪ મનઃપર્યવજ્ઞાન, ૫ કેવળજ્ઞાન, ૬ મતિઅજ્ઞાન, ૭ શ્રુતઅજ્ઞાન અને ૮ વિભંગજ્ઞાન.

નારકી, દશ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી, વૈમાનિક અને

તિર્યંચ પંચેંદ્રિય એ પંદર દંડકે ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન એ છ હોય.

પાંચ સ્થાવરને મતિઅજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન એ બે હોય.

ત્રણ વિકલેન્દ્રિયને બે જ્ઞાન અને બે અજ્ઞાન એ ચાર હોય.

મનુષ્યને પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન એ આઠે ય હોય.

**૧૪ યોગદ્વાર**—મનના ચાર–૧ સત્યમનોયોગ, ૨ અસત્ય મનોયોગ, ૩ મિશ્ર મનોયોગ અને ૪ અસત્ય અમૃષા મનોયોગ. વચનના ચાર–૧ સત્ય વચનયોગ, ૨ અસત્ય વચનયોગ, ૩ મિશ્ર વચનયોગ અને ૪ અસત્ય અમૃષા વચનયોગ. કાયાના સાત–૧ ઔદારિક કાયયોગ, ૨ ઔદારિક મિશ્ર કાયયોગ, ૩ વૈક્રિય કાયયોગ, ૪ વૈક્રિય મિશ્ર કાયયોગ, ૫ આહારક કાયયોગ, ૬ આહારક મિશ્ર કાયયોગ અને કાર્મણ કાયયોગ.

નારકી, દશ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક એ ચૌદ દંડકે—મનના ચાર, વચનના ચાર, વૈક્રિય, વૈક્રિયમિશ્ર અને કાર્મણ કાયયોગ એમ ૧૧ યોગ હોય.

પૃથ્વી, પાણી, અગ્નિ અને વનસ્પતિ એ ચાર દંડકે ઔદારિક, ઔદારિકમિશ્ર અને કાર્મણ કાયયોગ હોય.

વાયુકાયને ઔદારિક, ઔદારિકમિશ્ર, વૈક્રિય, વૈક્રિયમિશ્ર અને કાર્મણ એ પાંચ યોગ હોય.

વિકલેન્દ્રિયને ઔદારિક, ઔદારિક મિશ્ર, કાર્મણ અને અસત્ય અમૃષા એ ચાર યોગ હોય.

પંચેન્દ્રિય તિર્યંચને મનના ચાર, વચનના ચાર, ઔદારિક, ઔદારિકમિશ્ર, વૈક્રિય, વૈક્રિયમિશ્ર અને કાર્મણ એમ તેર યોગ હોય.

મનુષ્યને પંદરેય યોગ હોય.

**૧૫ ઉપયોગ દ્વાર**—પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ચાર દર્શન મળી કુલ ૧૨ ઉપયોગ છે.

નારકી, દશ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી, વૈમાનિક અને તિર્યંચ પંચેન્દ્રિય એ પંદર દંડકે—ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ત્રણ દર્શન એમ ૯ ઉપયોગ હોય.

પાંચ સ્થાવરને-મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને અચક્ષુદર્શન એ ત્રણ ઉપયોગ હોય.

બેઇન્દ્રિય અને તેઇન્દ્રિયને ૨ જ્ઞાન, ૨ અજ્ઞાન અને અચક્ષુદર્શન એમ પાંચ ઉપયોગ હોય.

ચૌરિંદ્રિયને બે જ્ઞાન, બે અજ્ઞાન અને બે દર્શન એમ છ ઉપયોગ હોય.

મનુષ્યને બારેય ઉપયોગ હોય.

**૧૬-૧૭ ઉપપાત અને ચ્યવનદ્વાર**—નારકી, દશ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી, વૈમાનિક, ત્રણ વિકલેન્દ્રિય, ગર્ભજ તિર્યંચ એ અઢાર દંડકે-એક સમયમાં એકથી માંડીને અસંખ્યાતા ઉપજે તથા ચ્યવે.

પાંચ સ્થાવર એક સમયે અસંખ્યાતા ઉપજે તથા ચ્યવે સાધારણ વનસ્પતિકાય અનંતા ઉપજે તથા ચ્યવે.

મનુષ્ય એક-એથી માંડીને સંખ્યાતા ઉપજે તથા ચ્યવે.

૧૮ આયુષ્ય દ્વાર—નારકીનું સમુચ્ચયપણે જઘન્ય આયુષ્ય ૧૦ હજાર વર્ષનું અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૩૩ સાગરોપમ છે. પૃથક્ પૃથક્ નીચે મુજબ છે.

| નરક | જઘન્ય આયુષ્ય | ઉત્કૃષ્ટ આયુષ્ય |
|---|---|---|
| ૧ લી નરકે | ૧૦ હજાર વર્ષ | ૧ સાગરોપમ |
| ૨ જી નરકે | ૧ સાગરોપમ | ૩ ,, |
| ૩ જી નરકે | ૩ ,, | ૭ ,, |
| ૪ થી નરકે | ૭ ,, | ૧૦ ,, |
| ૫ મી નરકે | ૧૦ ,, | ૧૭ ,, |
| ૬ ઠી નરકે | ૧૭ ,, | ૨૨ ,, |
| ૭ મી નરકે | ૨૨ ,, | ૩૩ ,, |

દશ ભવનપતિના ૨૦ ઇન્દ્રોનાં નામ—૧ ચમરેન્દ્ર, ૨ બલીન્દ્ર, ૩ ધરણેન્દ્ર. ૪ ભૂતાનેંદ્ર, ૫ વેણુદેવ, ૬ વેણુદાલી, ૭ હરિકાંત, ૮ હરિસ્સહ, ૯ અગ્નિશિખ, ૧૦ અગ્નિમાનવ, ૧૧ પૂરણ, ૧૨ વિશિષ્ટ, ૧૩ જલકાંત, ૧૪ જલપ્રભ, ૧૫ અમિતગતિ, ૧૬ અમૃતવાહન, ૧૭ વેલંભ, ૧૮ પ્રભંજન, ૧૯ ઘોષ અને ૨૦ મહાઘોષ. એ વીશ નામો છે.

એ વીશ મધ્યે ચમરેન્દ્રનું ઉત્કૃષ્ટ આયુષ્ય એક સાગરોપમ અને તેની દેવીનું સાડાત્રણ પલ્યોપમ પ્રમાણ છે.

બલીન્દ્રનું ઉત્કૃષ્ટ એક સાગરોપમથી અધિક છે. અને

તેની દેવીનું સાડાચાર પલ્યોપમ પ્રમાણ છે. તેઓનું જઘન્ય આયુષ્ય દશ હજાર વર્ષનું છે.

હવે દક્ષિણ પાસાના ધરણેન્દ્ર આદિ નવ ઇન્દ્રનું જઘન્ય દશ હજાર વર્ષનું, ઉત્કૃષ્ટ દોઢ પલ્યોપમનું. તે નવ ઇન્દ્રની દેવીનું જઘન્ય દશ હજાર વર્ષ, અને ઉત્કૃષ્ટ અર્ધ પલ્યોપમ આયુષ્ય છે.

ઉત્તર પાસાના ભૂતાદિ નવ ઇન્દ્રોનું જઘન્ય દશ હજાર વર્ષનું, ઉત્કૃષ્ટ દેશોન બે પલ્યોપમ, અને તેની દેવીનું જઘન્ય દશ પલ્યોપમ, ઉત્કૃષ્ટ દેશોન એક પલ્યોપમ.

પૃથ્વીકાયનું જઘન્ય આયુષ્ય અંતર્મુહૂર્ત્તનું અને ઉત્કૃષ્ટ આયુષ્ય ૨૨ હજાર વર્ષનું. બાદર પૃથ્વીકાય છ ભેદે છે. (૧) સુંવાળી પૃથ્વી તે ગોપીચંદનાદિકનું ઉત્કૃષ્ટ એક હજાર વર્ષનું (૨) શુદ્ધ પૃથ્વી તે નદીની મેખલાદિકનું ઉત્કૃષ્ટ ૧૨ હજાર વર્ષનું, (૩) વાલુકા તે સચિત્ત રેતી વગેરેનું ઉત્કૃષ્ટ ૧૪ હજાર વર્ષનું, (૪) મણુશીલ નામે પૃથ્વી તેનું ઉત્કૃષ્ટ ૧૬ હજાર વર્ષનું, (૫) પત્થરના કાંકરાનું ૧૮ હજાર વર્ષનું અને (૬) ખર નામે પૃથ્વી તે રત્નાદિક, તેનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૨૨ હજાર વર્ષનું છે.

અપકાય તે પાણી તેનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૭ હજાર વર્ષ છે.

અગ્નિનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ અહોરાત્રિ.

વાયુનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ હજાર વર્ષ.

વનસ્પતિનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૧૦ હજાર વર્ષ.

બેઇન્દ્રિયનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૧૨ વર્ષ.

તેઇંદ્રિયનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૪૯ દિવસ.

ચૌરિંદ્રિયનું ઉત્કૃષ્ટ આયુષ્ય છ માસ.

પાંચ સ્થાવર અને ત્રણ વિકલેંદ્રિયનું જઘન્ય આયુષ્ય અંતમુહૂર્ત્ત જાણવું.

હવે તિર્યંચ પંચેંદ્રિયના દશ ભેદનું આયુષ્ય કહે છે.

| | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|
| (૧) ગર્ભજ જલચર | અંતર્મુહૂર્ત્ત | ૧ પૂર્વક્રોડ વર્ષ |
| (૨) સંમૂર્ચ્છિમ ,, | ,, | ,, |
| (૩) ગર્ભજ ચતુષ્પદ | ,, | ૩ પલ્યોપમ |
| (૪) સંમૂર્ચ્છિમ ,, | ,, | ૮૪ હજાર વર્ષ |
| (૫) ગર્ભજ ઉરપરિસર્પ | ,, | ૧ પૂર્વક્રોડ વર્ષ |
| (૬) સંમૂર્ચ્છિમ ,, | ,, | ૫૩ હજાર વર્ષ |
| (૭) ગર્ભજ ભૂજપરિસર્પ | ,, | ૧ પૂર્વક્રોડ વર્ષ |
| (૮) સંમૂર્ચ્છિમ ,, | ,, | ૪૨ હજાર વર્ષ |
| (૯) ગર્ભજ ખેચર | ,, | પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ. |
| (૧૦) સંમૂર્ચ્છિમ ,, | ,, | ૭૨ હજાર વર્ષ |

દેવતાઓનું જઘન્ય-ઉત્કૃષ્ટ આયુષ્ય નીચે મુજબ છે.

| નામ | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|
| વ્યંતરદેવનું | ૧૦ હજાર વર્ષ | ૧ પલ્યોપમ |
| વ્યંતરદેવીનું | ,, ,, ,, | ૦॥ પલ્યોપમ |
| ચંદ્રનું | ૦। પલ્યોપમ | ૧ પલ્યોપમ ને ૧ લાખ વર્ષ |

| | | | |
|---|---|---|---|
| | ચંદ્રની દેવીનું | | ૦।। પલ્યો૦ ને ૫૦ હજાર વર્ષ |
| | સૂર્યનું | | ૧ પલ્યોપમ ને ૧ હજાર વર્ષ |
| | સૂર્યની દેવીનું | | ૦।। પલ્યોપમ ને ૫૦૦ વર્ષ |
| | ગ્રહનું | | ૧ પલ્યોપમ |
| | ગ્રહની દેવીનું | | ૦।। ,, |
| | નક્ષત્રનું | | ૦।। ,, |
| | નક્ષત્રની દેવીનું | | ૦। ,, |
| | તારાનું | ૧/૮ પલ્યોપમ | ૦। ,, |
| ૧ | લા સૌધર્મ દેવલોકે | ૧ પલ્યોપમ | ૨ સાગરોપમ |
| ૨ | જા ઇશાન ,, | ૧ ,, અધિક | ૨ ,, અધિક |
| ૩ | જા સનત્કુમાર ,, | ૨ સાગરોપમ | ૭ સાગરોપમ |
| ૪ | થા માહેન્દ્ર ,, | ૨ ,, અધિક | ૭ ,, અધિક |
| ૫ | મા બ્રહ્મ ,, | ૭ સાગરોપમ | ૧૦ સાગરોપમ |
| ૬ | ઠા લાંતક ,, | ૧૦ ,, | ૧૪ ,, |
| ૭ | મા મહાશુક્ર ,, | ૧૪ ,, | ૧૭ ,, |
| ૮ | મા સહસ્રાર ,, | ૧૭ ,, | ૧૮ ,, |
| ૯ | મા આનત ,, | ૧૮ ,, | ૧૯ ,, |
| ૧૦ | મા પ્રાણુત ,, | ૧૯ ,, | ૨૦ ,, |
| ૧૧ | મા આરણુ ,, | ૨૦ ,, | ૨૧ ,, |
| ૧૨ | મા અચ્યુત ,, | ૨૧ ,, | ૨૨ ,, |
| ૧ | લી ગ્રૈવેયકે ,, | ૨૨ ,, | ૨૩ ,, |
| ૨ | જી ,, ,, | ૨૩ ,, | ૨૪ ,, |
| ૩ | જી ગ્રૈવેયકે | ૨૪ સાગરોપમ | ૨૫ સાગરોપમ |
| ૪ | થી ,, | ૨૫ ,, | ૨૬ ,, |

| | | | |
|---|---|---|---|
| ૫ | મી ગ્રૈવેયકે | ૨૬ સાગરોપમ | ૨૭ સાગરોપમ |
| ૬ | ઠી „ | ૨૭ „ | ૨૮ „ |
| ૭ | મી „ | ૨૮ „ | ૨૯ „ |
| ૮ | મી „ | ૨૯ „ | ૩૦ „ |
| ૯ | મી „ | ૩૦ „ | ૩૧ „ |
| | ૪ અનુત્તરે | ૩૧ „ | ૩૩ „ |
| વિજય-વિજયવંત-જયંત અપરાજિત ) | | | |
| સવાર્થસિદ્ધ | | ૩૩ „ | ૩૩ „ |

**૧૯ પર્યાપ્તિઓ**—પર્યાપ્તિ છ છે-૧ આહાર, ૨ શરીર, ૩ ઇન્દ્રિય, ૪ શ્વાસોચ્છવાસ, ૫ ભાષા અને ૬ મનઃપર્યાપ્તિ.

નારકી, દશ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી, વૈમાનિક, તિર્યંચ પંચેદ્રિય ને મનુષ્ય એ સોળ દંડકે છ પર્યાપ્તિ હોય.

પાંચ સ્થાવરને પ્રથમની ચાર પર્યાપ્તિ હોય. બેઇન્દ્રિય, તેઇંદ્રિય, ચૌરિંદ્રિય અને અસંજ્ઞી પંચેંદ્રિયને મન વિના પાંચ પર્યાપ્તિ હોય.

**૨૦ આહાર દ્વાર**—આહાર ત્રણ પ્રકારે છે ૧ ઓજાહાર, લોમાહાર અને ૩ કવલાહાર.

નારકી, દશ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી, વૈમાનિક અને પાંચ સ્થાવર એ ૧૯ દંડકે ઓજાહાર અને લોમાહાર એમ બે આહાર હોય.

ત્રણ વિકલેંદ્રિય, પંચેંદ્રિય તિર્યંચ અને મનુષ્ય એ પાંચ દંડકે ત્રણે આહાર હોય.

## ૨૧ ગતિ-આગતિ દ્વાર—

નારકીમાંથી ચ્યવીને તિર્યંચ પંચેંદ્રિય અને મનુષ્યમાં જાય, અને એ બેમાંથી મરીને નારકી થાય.

૧૦ ભવનપતિ, વ્યંતર, જયોતિષી અને ૧ લા ૨ જા દેવલોકની ગતિ-આગતિ આ પ્રમાણે-પૃથ્વી, પાણી, વનસ્પતિ, પંચેદ્રિય તિર્યંચ અને મનુષ્ય એ પાંચ દંડકમાં ગતિ, અને મનુષ્ય તથા પંચેંદ્રિય તિર્યંચમાંથી આગતિ.

ત્રીજા દેવલોકમાંથી માંડીને આઠમા દેવલોક સુધીના દેવની મનુષ્ય અને તિર્યંચ એ બે દંડકમાં ગતિ અને એ બેમાંથી આગતિ.

આઠમાથી માંડી સર્વાર્થસિદ્ધ સુધીના દેવતાની મનુષ્યમાં ગતિ ને તેમાંથી જ આગતિ.

મનુષ્યની ૨૪ દંડકમાં ગતિ, અને તેઉ-વાયુ વિના બાવીશમાંથી આગતિ. (તેઉ-વાયુ મરીને મનુષ્ય ન થાય.)

તિર્યંચ પંચેંદ્રિયની ૨૪ દંડકમાં ગતિ અને ૨૪ દંડકમાંથી આગતિ.

ત્રણ વિકલેન્દ્રિયની-૫ સ્થાવર, ૩ વિકલેંદ્રિય, ૧ પંચેંદ્રિય તિર્યંચ અને ૧ મનુષ્ય એ દશ દંડકમાં ગતિ અને દશમાંથી આગતિ.

પૃથ્વી, પાણી અને વનસ્પતિ એ ત્રણની ઉપરના દશ દંડકમાં ગતિ અને નારકી વિના ૨૩ માંથી આગતિ.

તેઉ-વાયુની-૫ સ્થાવર, ૩ વિકલેંદ્રિય અને ૧ તિર્યંચ

પંચેંદ્રિય એમ ૯ દંડકમાં ગતિ અને ૧૩ દેવતાના અને ૧ નરકના સિવાય બાકીના ૧૦ દંડકમાંથી આગતિ થાય.

૨૨ વેદદ્વાર—વેદ ત્રણ છે. ૧ પુરુષવેદ, ૨ સ્ત્રીવેદ અને નપુંસક વેદ.

નારકી, ૫ સ્થાવર, ૩ વિકલેંદ્રિય એ નવ દંડકે ૧ નપુંસકવેદ હોય.

તિર્યંચ પંચેંદ્રિય અને મનુષ્યને ત્રણે વેદ હોય.

દેવતાના ૧૩ દંડકે સ્ત્રીવેદ અને પુરુષવેદ એમ બે વેદ હોય.

**૨૩ ભવનદ્વાર—**

| | |
|---|---|
| ૧ લી નરકે ૩૦ લાખ નરકાવાસા | ૫ મી નરકે ૩ લાખ નરકવાસા. |
| ૨ જી નરકે ૨૫ લાખ નરકાવાસા | ૬ ટ્ઠી „ ૯૯૯૯૫ „ |
| ૩ જી „ ૧૫ „ „ | ૭ મી „ ૫ „ |
| ૪ થી „ ૧૦ „ „ | |

સર્વ થઇને ૮૪ લાખ નરકવાસા છે.

દશ ભવનપતિના વીશ ઇંદ્ર, તેમાં દક્ષિણ પાસાના દશ ઇન્દ્રના ભવન કહે છે-ચમરેન્દ્રને ૩૪ લાખ, ધરણેન્દ્રને ૪૪ લાખ, વેણુદેવને ૩૮ લાખ, હરિકંતને ૪૦ લાખ, અગ્નિસિંહને ૪૦ લાખ, પૂર્ણને ૪૦ લાખ, જલકંતને ૪૦ લાખ, અમિતગતિને ૪૦ લાખ, વેલંબને ૫૦ લાખ, ઘોષને ૪૦ લાખ, એ દક્ષિણ પાસાના ઇન્દ્રોના ચાર ક્રોડ ને છ લાખ ભવન જાણવા.

હવે ઉત્તરના દશ ઈન્દ્રના ભવન કહે છે. દક્ષિણ દિશાના ઇન્દ્રો કરતા ઉત્તર દિશાના ઇન્દ્રોને તે પ્રત્યેક ચાર-ચાર લાખ ઓછા જાણવા. સર્વ થઈને ભવનપતિના સાતક્રોડ ને બહોંતર

લાખ ભવન થાય છે. હવે ભવનપતિના ભવનો ક્યાં છે? તે કહે છે.

રત્નપ્રભા પૃથ્વીનો પીંડ એક લાખ ને એંશી હજાર યોજનનો છે. તે મધ્યે ઉપર એક હજાર યોજન અને નીચે એક હજાર યોજન બાદ કરી બાકીના વચમાં રહેલા એક લાખ ને અઠ્યોતર હજાર જોજનથી પહોળાઈ છે. તે માંહે સંખ્યાતા અસંખ્યાતા ભવનપતિના ભવનો છે.

બાદર વાયુકાય અને પાંચે સૂક્ષ્મ સ્થાવરો ચૌદે રાજલોકમાં રહેલા છે. બાદરપૃથ્વી, અપ્ અને વનસ્પતિકાય બારે દેવલોક સુધી, ત્રણ વિકલેંદ્રિય અને તિર્યંચ પંચેંદ્રિય પ્રાયઃ તિરછીલોકમાં છે. મનુષ્ય તથા બાદર અગ્નિકાય અઢીદ્વીપમાં છે.

**વ્યંતર દેવતા**—રત્નપ્રભા પૃથ્વીનો ઉપલો ભાગ એક હજાર યોજનનો છે. તેમાંથી એકસો યોજન ઉપર અને એકસો યોજન નીચે મૂકીએ વચમાં આઠસો યોજનમાં વ્યંતરોના અસંખ્યાતા નગરો રહેલા છે. તે જઘન્ય ભરત જેવડા, મધ્યમ મહાવિદેહ જેવડા અને ઉત્કૃષ્ટ જંબૂદ્વીપ જેવડા છે.

હવે જ્યોતિષીના વિમાન અસંખ્યાતા છે. સમભૂતલા પૃથ્વીથી માપતા ૭૯૦ યોજન ઊંચે તારાના વિમાનો છે. ત્યાંથી ૧૦ યોજન ઉપર સૂર્ય છે. તેના ઉપર ૮૦ યોજને ચંદ્રમા છે. તે ઉપર ચાર યોજને નક્ષત્રો છે. તે ઉપર ચાર યોજને બુધ છે. તે ઉપર ત્રણ યોજને શુક્ર છે. તે ઉપર ત્રણ યોજને ગુરુ છે. તે ઉપર ત્રણ યોજને મંગળ છે. તે ઉપર ત્રણ યોજને શનૈશ્ચર છે.

હવે વૈમાનિક દેવોના વિમાનોની સંખ્યા કહે છે.

| | | | |
|---|---|---|---|
| સૌધર્મકલ્પે | ૩૨૦૦૦૦૦ | સહસ્રાર દેવલોકે | ૬૦૦૦ |
| ઇશાનકલ્પે | ૨૮૦૦૦૦૦ | આનત-પ્રાણત દેવલોકે | ૪૦૦ |
| સનત્કુમારે | ૧૨૦૦૦૦૦ | આરણ-અચ્યુત ,, | ૩૦૦ |
| માહેન્દ્રદેવલોકે | ૮૦૦૦૦૦ | પહેલી ત્રણ ગ્રૈવેયકે | ૧૧૧ |
| બ્રહ્મદેવલોકે | ૪૦૦૦૦૦ | બીજી ત્રણ ,, | ૧૦૭ |
| લાંતકદેવલોકે | ૫૦૦૦૦ | ત્રીજી ત્રણ ,, | ૧૦૦ |
| મહાશુક્રદેવલોકે | ૪૦૦૦૦ | અનુત્તર વિમાને | ૫ |

તેના ઉપર બાર યોજને સિદ્ધશિલા છે. તેની ઉપર એક યોજને લોકાંત છે.

૨૪ પ્રાણદ્વાર—૫ ઇન્દ્રિય, ૩ બળ, ૧ શ્વાસોચ્છ્વાસ અને ૧ આયુષ્ય એ દશ પ્રાણો છે.

નારકી, ૧૩ દેવદંડક, મનુષ્ય અને તિર્યંચ પંચેંદ્રિય એ ૧૬ દંડકે દશ પ્રાણો હોય છે.

પાંચ સ્થાવરને સ્પર્શનેન્દ્રિય, કાયબળ, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય એ ચાર પ્રાણ હોય છે.

બેઇંદ્રિયને—સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, વચનબળ, કાયબળ, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય એ છ પ્રાણો હોય છે.

તેઇન્દ્રિયને ઘ્રાણેન્દ્રિય સહિત સાત પ્રાણો હોય છે.

ચઉરિંદ્રિયને ચક્ષુરિન્દ્રિય સહિત આઠ પ્રાણો હોય છે.

૨૫ સંપદાદ્વાર—સંપદાઓ ત્રેવીશ છે. તેનાં નામ-ચક્રરત્ન, છત્રરત્ન, દંડરત્ન, ખડ્ગરત્ન, કાકિણીરત્ન, ચર્મરત્ન,

મણિરત્ન, એ સાત એકેન્દ્રિય રત્ન; ગાથાપતિ, સેનાપતિ, પુરોહિત, વાર્ધકી, અશ્વરત્ન, ગજરત્ન, સ્ત્રીરત્ન એ સાત પંચેંન્દ્રિય રત્ન; તીર્થંકર, ચક્રવર્તિ, બલદેવ, વાસુદેવ, કેવલી, સાધુ, શ્રાવક, સમ્યગ્દૃષ્ટિ, મંડલિક રાજા, એ નવ નિધાનો છે.

પ્રથમ નરકનો નિકળેલો જીવ સાત એકેન્દ્રિય વિના સોળ સંપદા પામે. બીજી નરકનો નિકળેલો જીવ સાત એકેન્દ્રિય રત્ન અને ચક્રવર્તિ વિના પંદર સંપદા પામે. ત્રીજી નરકનો નિકળેલો જીવ સાત એકેન્દ્રિય રત્ન, ચક્રવર્તિ, બલદેવ અને વાસુદેવ વિના તેર સંપદા પામે, ચોથી નરકનો નિકળેલો જીવ તીર્થંકર વિના બાર સંપદા પામે. પાંચમી નરકનો નિકળેલો જીવ કેવલી વિના અગ્યાર સંપદા પામે. છઠ્ઠી નરકનો નિકળેલો જીવ સાધુ વિના દશ સંપદા પામે. સાતમી નરકનો નિકળેલો જીવ અશ્વ, ગજ અને સમકિત એ ત્રણ સંપદા પામે.

દશ ભવનપતિ, વ્યંતર, જયોતિષી એ બાર દંડકના નિકળેલ જીવ તે તીર્થંકર, વાસુદેવ વિના એકવીશ સંપદા પામે.

પૃથ્વી, પાણી, વનસ્પતિ, તિર્યંચ પંચેંદ્રિય અને મનુષ્ય એ પાંચ દંડકના નિકળેલ જીવ તીર્થંકર, ચક્રવર્તિ, બળદેવ અને વાસુદેવ વિના ઓગણીશ સંપદા પામે.

તેઉ-વાયુનો નિકળેલો જીવ સાત એકેન્દ્રિય રત્ન, અશ્વ અને ગજ સહિત નવ સંપદા પામે.

ત્રણ વિકલેન્દ્રિયનો નિકળેલો જીવ તીર્થંકર, ચક્રવર્તિ, બળદેવ વાસુદેવ અને કેવલી વિના અઢાર સંપદા પામે.

વૈમાનિકમાં—પહેલા બે દેવલોકનો નીકળેલો જીવ ત્રેવીશ સંપદા પામે. બીજા દેવલોકથી માંડીને આઠમા દેવલોક સુધીનો નિકળેલો જીવ સાત એકેન્દ્રિય રત્ન વિના સોળ સંપદા પામે. નવમા દેવલોકથી માંડીને નવ ગ્રૈવેયકમાંથી નિકળેલો જીવ સાત એકેન્દ્રિય રત્ન, અશ્વરત્ન અને ગજ રત્ન વિના ચૌદ સંપદા પામે. પાંચ અનુત્તર વિમાનનો નિકળેલો જીવ વાસુદેવ વિના આઠ નિધાનો પામે.

**૨૬ ધર્મદ્વાર**—તિર્યંચ પંચેંદ્રિય અને મનુષ્યને કરણીરૂપ ધર્મ છે, અને બાવીશ દંડકે કરણીરૂપ ધર્મ નથી.

**૨૭ યોનિદ્વાર**—સાત લાખ પૃથ્વીકાયની, સાત લાખ અપ્કાયની, સાત લાખ તેઉકાયની, સાત લાખ વાયુકાયની, ૧૦ લાખ પ્રત્યેક વનસ્પતિકાયની, ચૌદ લાખ સાધારણ વનસ્પતિકાયની, બે લાખ બેઇંદ્રિય, બે લાખ તેઇન્દ્રિય, બે લાખ ચૌરિંદ્રિય, ચાર લાખ દેવતા, ચાર લાખ નારકી; ચાર લાખ તિર્યંચ પંચેંદ્રિય અને ચૌદ લાખ મનુષ્યની મળી કુલ ચોરાશી લાખ જીવયોનિ છે.

**૨૮ કુલકોટીદ્વાર**—નારકીની ૨૫ લાખ, દેવતાની ૨૬ લાખ, પૃથ્વીની ૧૨ લાખ, પાણીની ૭ લાખ, અગ્નિની ૩ લાખ, વાયુની ૭ લાખ, વનસ્પતિની ૨૮ લાખ, બેઇંદ્રિયની ૭ લાખ, તેઇંદ્રિયની ૮ લાખ, ચૌરિંદ્રિયની ૯ લાખ, મનુષ્યની ૧૨ લાખ, તિર્યંચપંચેંદ્રિયના પાંચ ભેદ છે તેમાં જલચરની ૧૨॥ લાખ, ચતુષ્પદ-સ્થલચરની દશ લાખ, ઉરપરિસર્પ-સ્થલચરની ૧૦ લાખ, ભુજપરિસર્પ-સ્થલચરની દશ લાખ,

અને ખેચરની ૧૨ લાખ કુલકોટી છે. સર્વે મળીને એક ક્રોડ અને સાડી સત્તાણું લાખ કુલકોટી જાણવી.

**૨૯ અલ્પબહુત્વ દ્વાર**—સર્વથી થોડા ગર્ભજ મનુષ્ય, તેથી બાદર અગ્નિના જીવ અસંખ્યાત ગુણ વધારે, તેથી વૈમાનિકના જીવ અસંખ્યાત ગુણ, તેથી નારકીના જીવ અસંખ્યાત ગુણા, તેથી વ્યંતરના જીવ અસંખ્યાત ગુણા, તેથી ચોરિંદ્રિયના જીવ અસંખ્યાત ગુણા, તેથી પંચેંદ્રિય તિર્યંચના જીવ વિશેષાધિક, તેથી બેઇંદ્રિયના જીવ વિશેષાધિક, તેથી તેઇંદ્રિયના જીવ વિશેષાધિક, તેથી પૃથ્વીકાયના જીવ અસંખ્યાત ગુણા, તેથી તેઉકાયના જીવ અસંખ્યાત ગુણા, તેથી વાયુકાયના જીવ અસંખ્યાત ગુણા, તેથી અપકાયના જીવ અસંખ્યાતગુણા અને તેથી વનસ્પતિકાયના જીવ અનંત ગુણા જાણવા.

॥ इति २९ द्वार वर्णनम् ॥

લઘુ-બૃહત્

## સંગ્રહણી તથા ક્ષેત્રસમાસ વિચાર

જંબૂદ્વીપ એક લાખ યોજન પ્રમાણને છે, તે આ પ્રમાણે ભરત ક્ષેત્ર ૧ ખંડુક પ્રમાણ છે તેનું માપ ૫૨૬$\frac{૬}{૧૯}$ છે. આખો જંબૂદ્વીપ ૧૯૦ ખંડુક પ્રમાણ છે, તેથી ૫૨૬ યોજન અને ૬ કળાને ૧૯૦ એ ગુણવાથી ( ૫૨૬$\frac{૬}{૧૯}$×૧૯૦=૧૦૦૦૦૦ ) એક લાખ થાય. ૧૯૦ ખંડુક નીચે પ્રમાણે થાય છે.

| ખંડુક | ક્ષેત્ર કે પર્વત | ખંડુક પ્રમાણ | ક્ષેત્ર કે પર્વત |
|---|---|---|---|
| ૧ | ભરતક્ષેત્ર | ૧ | ઐરાવત ક્ષેત્ર |
| ૨ | હિમવંત પર્વત | ૨ | શિખરી પર્વત |
| ૪ | હિમવંત ક્ષેત્ર | ૪ | હિરણ્યવંત ક્ષેત્ર |
| ૮ | મહાહિમવંત પર્વત | ૮ | રૂકમી પર્વત |
| ૧૬ | હરિવર્ષ ક્ષેત્ર | ૧૬ | રમ્યક્ ક્ષેત્ર |
| ૩૨ | નિષધ પર્વત | ૩૨ | નીલવંત પર્વત |
| ૬૩ | | ૬૩ | |

અને ૬૪ ખંડુક પ્રમાણ મહાવિદેહ ક્ષેત્ર છે. એ સર્વ (૬૩+૬૩+૬૪) ભેગા મળી ૧૯૦ ખંડુક પ્રમાણ જંબૂદ્વીપ છે.

જંબૂદ્વીપની પરિધિ ૩૧૬૨૨૭ યોજન, ૩ ગાઉ, ૧૨૮ ધનુષ્ય અને ૧૩ાા આંગળ અધિક થાય છે. પરિધિ એટલે ગોળ વસ્તુને ઘેરાવો.

જંબૂદ્વીપનું ક્ષેત્રફળ, જંબૂદ્વીપની પરિધિને ૨૫૦૦૦ ગુણ-વાથી પ્રાપ્ત થાય છે. કુલ ક્ષેત્રફળ ૭૯૦૫૬૯૪૧૫૦ યોજન એક ગાઉ, પંદરસો પંદર ધનુષ્ય અને સાઠ આંગુલ થાય. એટલે કે જંબૂદ્વીપમાં ૧ એક એક યોજનના સમચોરસ ટુકડા ઉપરની સંખ્યા મુજબ ગોઠવી શકાય. ઉપર કહ્યા મુજબ જંબૂદ્વીપની પરિધિ ૩૧૬૨૨૭ યોજન, ૩ ગાઉ એકસો અઠયા-વીસ ધનુષ્ય અને સાડાતેર આંગુલ છે તેને ૨૫૦૦૦ ગુણવાથી ઉપર મુજબ ક્ષેત્રફળ આવે જેમકે-

૧ યોજન—૩૧૬૨૨૭×૨૫૦૦૦=૭૯૦૫૬૭૫૦૦૦ યોજન.

૨ ગાઉ ૩×૨૫૦૦૦=૭૫૦૦૦ ગાઉ.

૩ ધનુષ્ય ૧૨૮×૨૫૦૦૦=૩૨૦૦૦૦૦ ધનુષ્ય.

૪ આંગુલ ૧૩॥×૨૫૦૦૦=૩૩૭૫૦૦ આંગુલ.

હવે તે હરેકના યોજન વગેરે કાઢવા માટે—

૧ આંગુલ ૩૩૭૫૦૦÷૯૬=૩૫૧૫ ૬૦/૯૬ ધનુષ્ય.

૨ ધનુષ્ય ૩૨૦૦૦૦૦+૩૫૧૫=૩૨૦૩૫૧૫÷૨૦૦૦=૧૬૦૧ ૧૫૧૫/૨૦૦૦ ગાઉ.

૩ ગાઉ ૭૫૦૦૦+૧૬૦૧=૭૬૬૦૧ ગાઉ÷૪=૧૯૧૫૦ ૧/૪ યોજન

૪ ૭૯૦૫૬૭૫૦૦૦+૧૯૧૫૦= જંબૂદ્વીપનું ક્ષેત્રફળ } ૭૯૦૫૬૯૪૧૫૦ યોજન<br>૧ ગાઉ<br>૧૫૧૫ ધનુષ્ય<br>૬૦ આંગુલ

**પર્વતો**—૪ વૃત્ત વૈતાઢ્ય, ૩૪ દીર્ઘ વૈતાઢ્ય, ૧૬ વક્ષસ્કાર પર્વત, ૧ ચિત્ર, ૧ વિચિત્ર, ૧ જમક, ૧ શમક, ૨૦૦ કંચનગિરિ, ૪ ગજદંતગિરિ, ૧ સુમેરુ, અને ૬ વર્ષધરપર્વત મળી કુલ ૨૬૯ પર્વતો જંબૂદ્વીપમાં છે.

**કૂટો**—( શિખરો ) ૧૬ વક્ષસ્કાર પર્વત ઉપર ચાર-ચાર કૂટ હોવાથી કુલ ૬૪ કૂટો, સૌમનસ અને ગંધમાદન એ બે ગજદંતગિરિ ઉપર સાત-સાત શિખરો હોવાથી બન્નેના મળી ૧૪, રૂક્મિ અને મહા હિમવંત એ બે વર્ષધર પર્વત ઉપર આઠ-આઠ કૂટ હોવાથી બન્નેના મળી ૧૬; ૩૪ વૈતાઢ્ય,

વિદ્યુત્પ્રભ ગજદંત, નિષધ અને નીલવંત એ બે વર્ષધર પર્વત માલ્યવંત ગજદંત અને મેરૂ પર્વત ઉપર નંદનવનમાં એ કુલ ૩૯ પર્વતો ઉપર નવ નવ શિખરો હોવાથી ૩૫૧, અને હિમવંત અને શિખરી એ બે વર્ષધર પર્વત ઉપર અગ્યાર-અગ્યાર શિખરો હોવાથી ૨૨ શિખરો છે, સર્વ મળીને (૬૪+૧૪+૧૬+૩૫૧+૨૨=૪૬૭) કુલ ૪૬૭ શિખરો છે.

**ભૂમિકૂટો**—૩૪ વિજયોને વિષે ૩૪ ઋષભકૂટ છે. તથા મેરુ પર્વત, જંબૂવૃક્ષ અને દેવકુરુ એ ત્રણમાં આઠ આઠ ભૂમિકૂટો છે. એટલે કે મેરુની પાસે ભદ્રશાળવનમાં ૮, ઉત્તર-કુરુ ક્ષેત્રમાં આઠ અને દેવકુરુને વિષે શાલ્મલીવનમાં આઠ તથા હરિકૂટ અને હરિસ્સહકૂટ મળી કુલ ૬૦ ભૂમિકૂટો છે.

**૧૦૨ તીર્થો**—જળસ્થાનમાં ઉતરવા માટેનો નીચાણવાળો ઢાળ (ઓવારો) તે અહિં તીર્થ શબ્દનો અર્થ સમજવો. તે મહાવિદેહ ક્ષેત્રની ૩૨ વિજયો, એક ભરત અને એક ઐરવત એમ કુલ ૩૪ ક્ષેત્રમાં માગધ, વરદામ, અને પ્રભાસ એમ ત્રણ ત્રણ તીર્થ હોવાથી કુલ ૧૦૨ તીર્થ થાય.

**૧૩૬ શ્રેણી**—૩૪ દીર્ઘ વૈતાઢ્ય પર્વત ઉપર વિદ્યાધર મનુષ્યોની બબ્બે અને આભાયોગિક દેવોની બબ્બે મળી કુલ ચાર-ચાર શ્રેણી હોવાથી કુલ (૩૪×૪=) ૧૩૬ શ્રેણીઓ જંબૂદ્વીપમાં છે.

**૩૪ વિજયો**—૧ ભરત, ૧ ઐરવત અને મહાવિદેહ ક્ષેત્રની ૩૨ વિજય મળી કુલ ૩૪ વિજયો (ચક્રવર્તીને જીતવા લાયક ક્ષેત્રો) જંબૂદ્વીપમાં છે.

**નદીઓ**—કુલ નદીઓ ચૌદ લાખ અને છપ્પન્ન હજાર છે, તે આ પ્રમાણે—

ભરત અને ઐરવત એ બે ક્ષેત્રોની ગંગા, સિંધુ, રક્તા અને રક્તવતી એ ચાર નદીઓનો એક-એકનો પરિવાર ચૌદ ચૌદ હજાર નદીઓનો હોવાથી ૫૬૦૦૦ નદીઓ થઇ.

હેમવત અને ઐરણ્યવંત એ બે ક્ષેત્રોની રોહિતા, રોહિતાંશા, રૂપ્યકૂલા અને સુવર્ણકૂલા એ ચાર નદીઓનો એકેકનો ૨૮-૨૮ હજારનો પરિવાર હોવાથી સર્વ મળી ૧૧૨૦૦૦ નદીઓ થઇ.

હરિવર્ષ અને રમ્યક્ એ બે ક્ષેત્રની હરિકાંતા, હરિસલિલા, નરકાંતા અને નારીકાંતા એ ચાર નદીઓનો એકેકનો ૫૬-૫૬ હજારનો પરિવાર હોવાથી સર્વ મળી ૨૨૪૦૦૦ નદીઓ થઇ.

મહાવિદેહ ક્ષેત્રમાં સીતોદા નદી નિષધ પર્વત ઉપરના તિગિચ્છિદ્રહમાંથી નીકળી સીતોદા પ્રપાતકુંડમાં પડી દેવકુરુમાં વહી મેરુ પાસે વાંકી વળી દેવકુરુક્ષેત્રની ૮૪૦૦૦ નદીઓના પરિવાર સાથે અને પશ્ચિમ મહાવિદેહની ૧૬ વિજયોની ૨-૨ નદીઓ મળી ૩૨ નદીઓનો એક-એકનો ૧૪૦૦૦ નો પરિવાર ગણતાં (૩૨×૧૪૦૦૦=) ૪૪૮૦૦૦ નદીઓના પરિવાર સાથે અને ૬ અંતરનદી સાથે પશ્ચિમ તરફ વહી લવણસમુદ્રમાં મળે છે. એજ પ્રમાણે-

સીતાનદી નીલવંત પર્વતના કેસરી દ્રહમાંથી નીકળી સીતા પ્રપાતકુંડમાં પડી ઉત્તરકુરુમાં વહી મેરુ પર્વત પાસે વાંકી વળી ઉત્તરકુરુમાં ૮૪૦૦૦ નદીઓના પરિવાર સાથે અને પૂર્વ

મહાવિદેહની ૧૬ વિજયોની ૨-૨ નદીઓ મળી ૩૨ નદીઓના એક-એકના ૧૪૦૦૦ નો પરિવાર ગણતાં ( ૩૨×૧૪૦૦૦= ) ૪૪૮૦૦૦ નદીઓના પરિવાર સાથે અને ૬ અંતર્નદીઓ સાથે પૂર્વ તરફ વળી લવણુસમુદ્રને મળે છે.

સીતા અને સીતોદા એ બન્ને નદીનો પરિવાર ૧૦૬૪૦૧૨+ ૬૪ ( ૩૨ વિજયોની ૨-૨ મુખ્ય નદીઓ હોવાથી ) તથા ૨ ( સીતા અને સીતોદા ) મેળવતાં ૧૦૬૪૦૭૮ થાય, તેમાં ભરત વગેરે ક્ષેત્રની પૂર્વ ગણાવેલી ૩૯૨૦૧૨ નદીઓ ભેળવતાં કુલ ૧૪૫૬૦૯૦ નદીઓ જંબૂદ્વીપમાં છે.

ગંગા, સિંધુ, રક્તા અને રક્તવતી એ ચાર નદીઓ મૂળમાં ૬। યોજન અને છેડે ૬૨॥ યોજન પહોળી છે.

રોહિતા, રોહિતાંશા, રૂપ્યકૂલા અને સુવર્ણકૂલા એ ચાર નદીઓ મૂળમાં ૧૨॥ યોજન અને છેડે ૧૨૫ યોજન છે. હરિકાંતા, હરિસલિલા, નરકાંતા અને નારીકાંતા એ ચાર નદીઓ મૂળમાં ૨૫ યોજન અને છેડે ૨૫૦ યોજન પહોળી છે.

સીતા અને સીતોદા એ બે નદીઓ મૂળમાં ૫૦ યોજન અને છેડે ૫૦૦ યોજન પહોળી છે.

**પર્વતોનો વર્ણ અને ઉંચાઇ**—લઘુ હિમવંત અને શિખરી સોનાના છે અને એકસો યોજન ઉંચા છે. રૂકિમ અને મહાહિમવંત એ બે પર્વતો ૨૦૦ ઉંચા છે. રૂકિમપર્વત રૂપાનો છે અને મહાહિમવંત પર્વત સોનાનો છે. નિષધ અને નીલ-વંત ચારસો યોજન ઉંચા છે, નિષધ પર્વત તપાવેલા સોના જેવો અને નીલવંતપર્વત વૈડૂર્ય રત્ન જેવો લીલો છે.

પાંચ મેરુ સિવાયના હરેક પર્વતો પોતાની ઉંચાઇથી ચોથા ભાગે જમીનમાં દટાયેલા છે. પાંચમેરુમાં જંબૂદ્વીપનો મધ્યમેરુ એક હજાર યોજન જમીનમાં અને ૯૯ હજાર યોજન ઉપર એમ મળીને એક લાખ યોજનનો છે અને બીજા ચાર મેરુ હજાર યોજન જમીનમાં અને ત્યાસી હજાર બહાર મળી કુલ ૮૪૦૦૦ યોજનના છે.

## જ્યોતિષી દેવતાના માંડલા

ચંદ્રમાના પંદર માંડલા અને ચૌદ આંતરા છે. તેમાં એકેક માંડલાનું પ્રમાણ કેટલું છે ? તે કહે છે.

એક યોજનના ૬૧ ભાગ કરીએ એવા છપ્પન્ન ભાગ ($\frac{૫૬}{૬૧}$)નું એક માંડલું જાણવું. ચંદ્રમાને વિચરવાનું ક્ષેત્ર ૫૧૦ યોજન અને એકસઠીયા અડતાલીશ ભાગ ( ૫૧૦$\frac{૪૮}{૬૧}$ ) નું છે.

ચંદ્રમાને હરેક માંડલાનું કેટલું કેટલું અંતર છે ? તે જણાવે છે. પાંત્રીશ યોજન અને એક યોજનના એકસઠીયા ત્રીશ ભાગ અને એકસઠીયા ૧ ભાગના સાત ભાગ કરીએ એવા ચાર ભાગ ( ૩૫$\frac{૩૦}{૬૧}$-$\frac{૪}{૭}$ ) એટલું હરેક માંડલે અંતર જાણવું.

હવે સૂર્યના એકસો ચોરાશી માંડલા છે. તેના આંતરા એકસોને ત્યાશી છે. એકેકા માંડલાને બે-બે યોજનનું આંતરૂં છે. એકસો ત્યાશીને બમણા કરીયે ત્યારે ત્રણસો છાસઠ યોજન આંતરાના થાય. વળી સૂર્યના એકેક માંડલામાં વિમાનનું જાડાપણું એક યોજનના અડતાલીશ ભાગનું છે તેને એકસો

ચોરાશી માંડલે ગુણીયે ત્યારે ૮૮૩૨ ભાગ થાય તેના યોજન કરવા માટે એકસઠે ભાગવાથી એકસો ચુમાલીશ (૧૪૪) યોજન અને એકસઠીયા અડતાલીશ ભાગ વધે. તે પૂર્વોક્ત આંતરના ૩૬૬ યોજનમાં ભેળવીયે ત્યારે સર્વ મળી પાંચસો દશ યોજન અને એકસઠીયા અડતાલીશ ભાગ એટલું સૂર્ય વિમાનને વિચરવાનું ક્ષેત્ર છે.

હવે ચંદ્રમાના કેટલા માંડલા જંબૂદ્વીપમાં અને કેટલા માંડલા લવણ સમુદ્રમાં છે તે કહે છે.

ચંદ્રમાના દશ માંડલા લવણસમુદ્રમાં છે અને પાંચ માંડલા જંબૂદ્વીપમાં છે. એ રીતે પંદર માંડલા જાણવા.

સૂર્યના નિષધ પર્વત ઉપર ૬૫ માંડલા છે અને લવણ-સમુદ્રમાં ૧૧૯ માંડલા છે.

હવે ચંદ્ર-સૂર્યનું જંબૂદ્વીપમાં અને લવણસમુદ્રમાં ચાર, ક્ષેત્ર કેટલું છે? તે કહે છે.

ચંદ્ર-સૂર્યનું ચાર ક્ષેત્ર જંબૂદ્વીપમાં એકસો એંશી યોજન અને એક યોજનના એકસઠીયા અડતાલીશ ભાગ (૧૮૦$\frac{૪૮}{૬૧}$) છે અને લવણસમુદ્રમાં ૩૩૦ યોજન છે.

હવે મનુષ્યક્ષેત્રમાં ચરજ્યોતિષી મેરુપર્વતથી કેટલા યોજન દૂર ચાલે છે? તથા તિર્ચ્છાલોકમાં છેડે અલોકથી કેટલી અબાધાયે જ્યોતિષના વિમાનો છે તે કહે છે.

મેરુપર્વતથી ૧૧૨૧ યોજન દૂર જ્યોતિષચક્ર ચાલે છે. અને લોકના છેડા થકી ૧૧૧૧ યોજન ચાર દિશાયે અંદર-

અભ્યંતરે અલોકની અબાધાએ એટલે અંતરે જયોતિષચક્ર સ્થિર રહે છે. એટલે મનુષ્યક્ષેત્રમાં ચર છે અને મનુષ્યક્ષેત્રની બહાર સ્થિર છે.

ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારાઓ અનુક્રમે શીઘ્ર-શીઘ્રતર ગતિવાળા જાણવા. એટલે કે ચંદ્રની ગતિ મંદ છે, તે થકી સૂર્ય શીઘ્રતર છે, તે થકી ગ્રહની ગતિ ઉતાવળી છે, તે થકી નક્ષત્રની ગતિ વધારે છે. તે થકી તારાની ગતિ ઉતાવળી છે. ગ્રહમાં બુધ થકી શુક્રની ગતિ શીઘ્ર છે. શુક્રથી મંગળ, મંગળથી બૃહસ્પતિ, અને તેનાથી શનિની ગતિ શીઘ્ર જાણવી. એ રીતે યથોત્તરપણે એકેકથી શીઘ્ર ગતિવાળા છે.

મહર્દ્ધિકપણું ગતિથી વિપરીતપણે કહેવું તે આ પ્રમાણે-

સર્વ થકી અલ્પઋદ્ધિવાળા તારા, તે થકી નક્ષત્ર મહર્દ્ધિક છે, તે થકી ગ્રહ મહર્દ્ધિક છે, તે થકી સૂર્ય મહર્દ્ધિક છે, તે થકી ચંદ્રમા મહર્દ્ધિક છે.

હવે તે પાંચે જયોતિષીના વિમાનવાહક દેવોની સંખ્યા આ પ્રમાણે છે-પ્રથમ ચંદ્રના વિમાનવાહક દેવો સોળ હજાર છે, સૂર્યના વિમાનવાહક દેવો સોળ હજાર છે. ગ્રહના વિમાન-વાહક દેવો આઠ હજાર છે, નક્ષત્રના વિમાનવાહક દેવો ચાર હજાર છે, અને તારાના વિમાનવાહક દેવો બે હજાર છે.

જગત્‌સ્વભાવે ચંદ્રાદિકના વિમાનો નિરાલંબન આકાશને વિષે પોતાની મેળે જ ફરે છે. પણ આદેશકારી પોતાની પ્રભુતા વધારવા અર્થે અથવા પોતાની સરખા દેવોમાં બહુ-માન દેખાડવા અર્થે સ્વભાવે તે સેવક દેવતા વિમાનતળે

સિંહાદિકરૂપે નીચે વહે છે. પણ તે આભિયોગિક દેવોને વિમાન તળે વહેતા વિમાનનો ભાર લાગે નહિ. જેમ કોઈ ઉન્નત સ્ત્રીને ઘણા આભૂષણોનો ભાર લાગે નહીં તેમ આભિયોગિક દેવોને પણ તથાવિધ કર્મોદયથી ચાલવાને વિષે રતિ છે. માટે સ્વભાવે વહેતા વિમાનોને તલે એ પણ વહેતા રહે.

તે પાંચ જયોતિષના વિમાનોના ચલાવનાર દેવો તે સરખા ચોથે ચોથે ભાગે ચારે દિશાયે જુદા જુદા હોય તે કહે છે—પૂર્વ દિશાયે સિંહના રૂપે, દક્ષિણ દિશાયે હાથીના રૂપે, પશ્ચિમ દિશાએ વૃષભના રૂપે હોય. અને ઉત્તરદિશાએ અશ્વના રૂપે હોય છે. અનુક્રમે એ વિમાનવાહક દેવો જાણવા.

હવે એ જયોતિષીઓમાં અધિક ઋદ્ધિમંત ચંદ્રમા છે. માટે ચંદ્રમાનો પરિવાર કહે છે—

મંગળાદિક અઠયાવીસ ગ્રહ, અભિજિત પ્રમુખ ૮૮ નક્ષત્ર અને ૬૬૯૭૫ કોડાકોડી તારા આટલો એક ચંદ્રમાનો પરિવાર જાણવો.

અઢી દ્વીપમાં સૂર્ય અને ચંદ્ર કેટલા? તેની ગણત્રી આ પ્રમાણે છે—

જંબૂદ્વીપમાં બે ચંદ્ર અને બે સૂર્ય હોય, લવણસમુદ્રમાં ચાર ચંદ્ર તથા ચાર સૂર્ય હોય, ધાતકીખંડમાં બાર ચંદ્ર તથા બાર સૂર્ય હોય. કાલોદધિમાં ૪૨ ચંદ્ર તથા ૪૨ સૂર્ય હોય. અર્ધ પુષ્કરાર્ધમાં ૭૨ ચંદ્ર તથા ૭૨ સૂર્ય હોય. મનુષ્યલોકમાં ચંદ્ર-સૂર્યની બે બે પંક્તિઓ એકેકના આંતરે છે. પંક્તિમાં ૬૬ ચંદ્ર, બીજી પંક્તિમાં ૬૬ સૂર્ય, ત્રીજી

પંક્તિમાં ૬૬ ચંદ્ર અને ચોથી પંકિતમાં ૬૬ સૂર્ય હોય છે. તે ચારે પંકિત મેરૂપર્વતને પ્રદક્ષિણા દેતી થકી મનુષ્ય-ક્ષેત્રને વિષે પરિભ્રમણ કરે છે. એટલે જંબૂદ્વીપના મેરુ-થકી એક સૂર્ય દક્ષિણ દિશાએ પરિભ્રમણ કરે, ત્યારે બીજો સૂર્ય ઉત્તર દિશાએ ફરે, તેમજ લવણસમુદ્રની એકેક દિશાએ બે બે સૂર્ય ચાર ચરે, ધાતકીના છ, કાલોદધિના એકવીશ, પુષ્કરાર્દ્ધના છત્રીશ એમ સર્વ મળી છાસઠ સૂર્ય દક્ષિણ-દિશાએ અને છાસઠ સૂર્ય ઉત્તર દિશાએ એ બંને સૂર્યની સમ-શ્રેણીએ બે પંક્તિ મળે ૧૩૨ સૂર્ય, તેમજ છાસઠ-છાસઠ ચંદ્રની બે પંક્તિ મળે ૧૩૨ ચંદ્ર મનુષ્યલોક માંહે ચાર ચરે.

હવે વૈમાનિક દેવોના પ્રતરો કહે છે—

સૌધર્મ ને ઇશાન દેવલોકે તેર પ્રતર, સનત્કુમાર ને માહેન્દ્ર દેવલોકે બાર પ્રતર, બ્રહ્મ દેવલોકે છ પ્રતર, લાંતક દેવલોકે પાંચ પ્રતર, મહાશુક્ર દેવલોકે ચાર પ્રતર, સહસ્રાર દેવલોકે ચાર પ્રતર, આનત-પ્રાણત દેવલોકે ચાર પ્રતર, આરણ-અચ્યુત દેવલોકે ચાર પ્રતર, નવ ગ્રૈવેયકમાં એકેક ગ્રૈવેયકે ૧-૧ પ્રતર, અને પાંચ અનુત્તર દેવોનું એક એમ કુલ ૬૨ પ્રતરો છે.

## ચૌદ રાજલોક

મેરુપર્વતના મધ્ય ભાગે ગોસ્તનાકારે ચાર રૂચકપ્રદેશ ઉપર છે અને ચાર નીચે છે. એમ કુલ આઠ રૂચકપ્રદેશ છે. ત્યાંથી સાતરાજ લોક ઉપર ઉર્ધ્વલોક અને સાત રાજ નીચે અધોલોકે મળી ચૌદ રાજ ઉંચાઇવાળો લોકાકાશ છે.

રત્નપ્રભાના ઉપરના તળીયાથી શર્કરાપ્રભાના ઉપરના તળીયા સુધી અસંખ્યાત કોટાકોટી યોજન પ્રમાણ એક રાજલોક છે. તેની અંદર રત્નપ્રભા પૃથ્વી, ઘનવાત, તનવાત, ઘનોદધિ અને આકાશ છે.

એવી રીતે સાતે નરકપૃથ્વી થઇને અધોલોક સાતરાજ પ્રમાણ ઊંચાઇમાં છે.

રત્નપ્રભાના ઉપરના તલા ( સમભૂતલા ) થી માંડીને સૌધર્મ દેવલોકના તેરમા પ્રતરના વિમાનની ધ્વજાના અંત સુધી એક રાજલોક. મહેન્દ્રના બારમા પ્રતરના વિમાનના અંતભાગ સુધી બીજો રાજલોક, લાંતકના પાંચમા પ્રતરના અંત સુધી ત્રીજો રાજલોક, સહસ્રારના ચોથા પ્રતરના અંત સુધી ચોથો રાજ-લોક, અચ્યુતના છેલ્લા પ્રતરના અંત સુધી પાંચમો રાજલોક, નવમા ગ્રૈવેયકના અંત સુધી છઠ્ઠો રાજલોક અને લોકાન્ત સુધી સાતમો રાજલોક થાય.

એમ સાતરાજ પ્રમાણ અધોલોક અને સાતરાજ પ્રમાણ ઉર્ધ્વલોક મળી ૧૪ રાજલોક થાય.

## ઉર્ધ્વલોકના દેવોના વિમાનની તથા જિનભવનોની સંખ્યા

ઉર્ધ્વલોકમાં વિમાનોની તેમજ જિનભવનોની સંખ્યા ૮૪૯૭૦૨૩ ની છે. બાસઠ પ્રતરને વિષે બાસઠ ઇંદ્રક વિમાન છે. ઇંદ્રક વિમાન પ્રતરના મધ્યભાગમાં હોય છે. પહેલા પ્રતરના મધ્યભાગે ઉડુ નામના વિમાનની ચારે દિશાએ બાસઠ-બાસઠ વિમાનની ચાર પંક્તિઓ છે. ઉપરના દરેક પ્રતરોમાં એકેકા

ઓછા વિમાનની પંક્તિ છે. જેમ કે બીજા પ્રતરે એકસઠ વિમાનની પંક્તિ, એમ પ્રતરે પ્રતરે પંક્તિમાંથી એકેક વિમાન ઘટાડતાં સર્વાર્થસિદ્ધ નામના બાસઠમા પ્રતરની ચારે દિશાયે એકેક પંક્તિ દેવદ્વીપ ઉપર છે.

દરેક દેવલોકે જેટલા જેટલા વિમાનો છે, તેટલામાં દરેકને વિષે એકેક શાશ્વત જિનભવન હોય છે. એટલે સૌધર્મ દેવલોકે બત્રીશ લાખ વિમાન, તેમ જ બત્રીશ લાખ શાશ્વત જિન-ભવન હોય છે. તે પ્રમાણે દરેક દેવલોકે સમજી લેવું.

**દરેક દેવલોકના વિમાનની ઉંચાઈ**—પહેલા બે દેવ-લોકે પૃથ્વીપિંડ ૨૭૦૦ યોજન અને વિમાનની ઉંચાઈ ૫૦૦ યોજન છે. તે પૃથ્વીપિંડમાંથી એકેક સો યોજન ઘટાડવું અને વિમાનોમાં એકેક સો યોજન વધારવું. એમ બે દેવલોકે, બે દેવલોકે, ચાર દેવલોકે, નવ ગ્રૈવેયકે અને યાવત્ પાંચ અનુત્તર સુધી કરતાં પાંચ અનુત્તરે ૨૧૦૦ યોજન પૃથ્વીપીંડ અને વિમાનની ઉંચાઈ ૧૧૦૦ યોજન થાય છે. સર્વ ઠેકાણે પૃથ્વી-પિંડ અને વિમાનની ઉંચાઈ મેળવતાં ૩૨૦૦ યોજન થાય છે.

## ઇન્દ્રોના સામાનિક દેવો વગેરેની સંખ્યા

સૌધર્મેન્દ્રના સામાનિક દેવો ૮૪ હજાર, ઇશાનેન્દ્રનાં ૮૦ હજાર, સનત્કુમારના ૭૨ હજાર, માહેન્દ્રના ૭૦ હજાર, બ્રહ્મ-દેવલોકના ૬૦ હજાર, લાંતકના ૫૦ હજાર, મહાશુક્રના ૪૦ હજાર, સહસ્રારના ૩૦ હજાર, પ્રાણતના ૨૦ હજાર, અચ્યુતના ૧૦ હજાર.

સામાનિકદેવોથી આત્મરક્ષક દેવો ચાર ગુણા છે.

દેવલોકોને વિષે પાંચ **સભા** હોય છે ૧ **ઉપપાતસભા.** તેમાં દેવદૂષ્ય વડે ઢંકાયેલી શય્યામાં દેવ ઉપજે. ૨ **અભિષેકસભા**માં સ્નાન કરે. ૩ **અલંકારસભા**માં આભૂષણ પહેરે. ૪ **વ્યવસાયસભા**માં ધાર્મિક પુસ્તક વાંચે. ઉત્પત્તિ વખતે કોઇક ઇન્દ્ર મિથ્યાદૃષ્ટિ પણ હોય, પરંતુ વ્યવસાયસભામાં ધાર્મિક પુસ્તક વાંચવાનો આચાર હોવાથી તે ઇન્દ્ર અવશ્ય સમ્યક્ત્વ પામે જ. પછી ૫ **સુધર્માસભા**માં સિદ્ધાયતનમાં જિનબિંબને પૂજે.

## દેવીઓનું સ્વરૂપ

દેવીઓની ઉત્પત્તિ ભવનપતિથી લઈને સૌધર્મ અને ઇશાન દેવલોક સુધી છે. આગળ નથી. ઉપરના દેવલોકે અપરિગૃહીતા દેવીઓનું ગમનાગમન છે. અપરિગૃહીતા એટલે નહીં પરણેલી (વેશ્યા સરખી) હોય છે.

હવે પહેલા બે દેવલોકે કાયાવડે મૈથુન સેવનારા દેવો હોય છે. તે પછી બે દેવલોકને વિષે સ્પર્શસેવી, પછીના બે દેવલોકે રૂપસેવી, પછીના બે દેવલોકે શબ્દસેવી, ઉપલા ચાર દેવલોકે મનસેવી દેવો હોય છે એટલે કે જે દેવો સ્પર્શસેવી છે તે દેવીઓનો સ્પર્શ કરે ત્યારે તે દેવોને સંતોષ થાય. રૂપસેવી દેવો–દેવીઓના રૂપ જુએ તો સંતોષ થાય. શબ્દસેવી દેવો હાસ્યવિનોદ ઝાંઝરના ઝમકાર આદિ સાંભળીને સંતોષ પામે, મનસેવી દેવ તે દેવીને મનમાં યાદ કરે ત્યાં તે દેવ સંતોષ પામે.

આ રીતે ઉપરના દેવો કાયસેવી દેવો કરતાં પણ અનંતગુણા સુખી હોય છે. એમ જાણવું.

નવગ્રૈવેયક તથા અનુત્તર વિમાનવાસી દેવો વિષય રહિત છે, તો પણ તે બ્રહ્મચારી ન ગણાય. કારણ કે દેવો અવિરતિ છે, માટે.

દેવીઓનું ગમનાગમન સહસ્રાર દેવલોક સુધીના દેવોના ભોગ માટે થાય છે. તેથી ઉપરના દેવલોકે દેવીઓનું ગમનાગમન નથી.

બારમા દેવલોક પછી ઉપરના દેવલોકોમાં દેવોનું પણ ગમનાગમન નથી. ઉપરના દેવો ત્યાં બેઠા થકા જ તીર્થંકરોના કલ્યાણકોમાં પણ નમસ્કારાદિ ભક્તિ સાચવે છે. અને શંકાઓ પણ ત્યાં બેઠા બેઠા જ મનોવર્ગણાએ કરી તીર્થંકરને પૂછે છે.

દેવીના વિમાન તથા સૌધર્મ દેવલોકની દેવી કયા દેવને ભોગ યોગ્ય થાય છે, તે કહે છેઃ—

અપરિગૃહીતા દેવીના છ લાખ વિમાન સૌધર્મ દેવલોકમાં છે. એક પલ્યોપમથી માંડીને યાવત્ દશ પલ્યોપમના આયુષ્યવાળી દેવીઓ તે સનત્કુમારના દેવોને ઉપભોગ યોગ્ય જાણવી. અને વીશ પલ્યોપમ સુધીના આયુષ્યવાળી દેવી બ્રહ્મદેવલોકને ઉપભોગ યોગ્ય જાણવી. વીશ પલ્યોપમથી ત્રીશ પલ્યોપમના આયુષ્યવાળી દેવી તે મહાશુક્રને ઉપભોગ યોગ્ય જાણવી. ત્રીશથી ચાલીશ પલ્યોપમના આયુષ્યવાળી દેવી આનત દેવલોકના દેવોને ઉપભોગ યોગ્ય જાણવી. ચાલીશથી પચાસ પલ્યોપમના આયુષ્યવાળી દેવી આરણ દેવલોકના દેવોને ઉપભોગ યોગ્ય હોય છે.

ઈશાન દેવલોકમાં અપરિગૃહીતા દેવીઓના ચાર લાખ વિમાનો છે. એક પલ્યોપમ અધિક આયુષ્યવાળી અપરિગૃહીતા

દેવી ઈશાન દેવલોકના દેવોને ઉપભોગ યોગ્ય જાણવી. પલ્યોપમથી અધિક યાવત્ પંદર પલ્યોપમના આયુષ્યવાળી દેવીઓ માહેન્દ્ર દેવલોકના દેવોને ઉપભોગ યોગ્ય જાણવી. પંદરથી અધિક પાંત્રીશ પલ્યોપમ સુધીના આયુષ્યવાળી દેવી સહસ્રાર દેવોને ઉપભોગ યોગ્ય જાણવી પાંત્રીશ પલ્યોપમથી અધિક અને પીસ્તાલીશ પલ્યોપમ સુધીના આયુષ્યવાળી દેવી પ્રાણુત દેવલોકના દેવોને ઉપભોગ યોગ્ય જાણવી. પીસ્તાલીશથી અધિક અને પંચાવન પલ્યોપમ સુધીના આયુષ્યવાળી દેવી અચ્યુત દેવલોકના દેવોને ઉપભોગ યોગ્ય જાણવી.

## ભવનપતિ આદિ ઇન્દ્રોની અગ્રમહિષીઓની સંખ્યા

ચમરેન્દ્ર અને બલીન્દ્રને પાંચ પાંચ પટ્ટરાણી, નાગકુમાર આદિ ૯ ની છ છ પટ્ટરાણી, આઠ વ્યંતર અને આઠ વાણુવ્યંતરના કુલ બત્રીશ ઇન્દ્રો છે. તે દરેકની ચાર ચાર પટ્ટરાણીઓ છે. જ્યોતિષી સૂર્ય-ચંદ્રના બે ઇંદ્રને ચાર ચાર પટ્ટરાણીઓ છે. કુલ ૨૭૦ અગ્રમહિષીઓ છે.

ઉપરના દેવો આઠ કારણથી મનુષ્યલોકમાં આવે છે–તીર્થંકરના પાંચ કલ્યાણકોમાં, કોઇ મહાઋષિના તપના પ્રભાવથી, પૂર્વભવના સ્નેહથી અને પૂર્વના દ્વેષથી એટલે વૈરથી આ આઠ કારણે આવે. કારણ મનુષ્યલોકની ગંધ ઉપર પાંચસો યોજન સુધી જાય છે તે કારણથી દેવો નીચે આવતા નથી.

## ૬૪ ઇન્દ્રોની ગણત્રી કેવી રીતે થાય ?

દશ ભવનપતિના વીશ ઇન્દ્રો, વ્યંતર અને વાણુવ્યંતર

એ સોળના બત્રીશ ઇન્દ્રો, સૂર્ય અને ચન્દ્ર, એ બે ઈન્દ્રો, બાર દેવલોકના દશ ઇન્દ્રો (તેમાં આરણ અને અચ્યુતનો એક ઇન્દ્ર લેવો અને આનત અને પ્રાણત એ બે દેવલોકનો એક ઇન્દ્ર લેવો) આ પ્રમાણે ૨૦+૩૨+૨+૧૦=૬૪ ઇન્દ્રો થાય.

## ત્રણ પ્રકારના અંગુલ

અંગુલ ત્રણ પ્રકારના છે—૧ આત્માંગુલ, ૨ ઉત્સેધાંગુલ અને ૩ પ્રમાણાંગુલ.

જે કાળે જેટલું શરીર હોય તેને અનુસારે પોત-પોતાના ઘર-હાટ-ભોંયરા-કુવા તળાવ વગેરે મપાય તે **આત્માંગુલ.** જેમકે- ભરતચક્રવર્તિના વખતે તેમના અંગુલથી માપવું તે. અને મહાવીરસ્વામિના વખતે તેમના અંગુલથી માપવું તે. એટલે તે વખતે તે પ્રમાણથી લોકો ઘર-હાટ કરતા હતા.

**ઉત્સેધાંગુલથી**—દેવતાઓના શરીર મપાય.

પ્રમાણાંગુલથી પર્વત, સાત નરક પૃથ્વી, સૌધર્માદિ દેવલોકના વિમાનો, ભવનો, નરકાવાસા, દ્વીપો અને સમુદ્રો મપાય છે. ઋષભદેવ અને ભરત ચક્રવર્તિનું શરીર આત્માંગુલે ૧૨૦ આંગળ ઉંચું હતું. ભરત ચક્રવર્તિના આત્માંગુલની બરાબર પ્રમાણાંગુલ જાણવું. એક પ્રમાણાંગુલે ૪૦૦ ઉત્સેધાંગુલ થાય, તો ૧૨૦ પ્રમાણાંગુલે અડતાલીશ હજાર ઉત્સેધાંગુલ થાય. ૯૬ ઉત્સેધાંગુલનો એક ધનુષ્ય થાય. માટે અડતાલીશ હજારને છન્નુએ ભાગતાં ૫૦૦ ધનુષ્ય (ઉત્સેધાંગુલના પ્રમાણના) પ્રમાણ ભરતનું દેહમાન હતું.

# નારકીની દશ પ્રકારની વેદના

ક્ષુધા ઘણી જ હોય ચાલવાનું ક્ષેત્ર ઘણું જ ખરાબ હોય. સંસ્થાન ખરાબ હોય. અશુભ વર્ણ, અશુભ સ્પર્શ, અશુભ શબ્દ, અંધકાર ઘણો, ક્ષેત્ર મલીન જ લાગે, દુર્ગંધ ઘણી હોય. મરી ગયેલા બીલાડાની જેવી ગંધ ખરાબ હોય. આ રીતે દશ વેદના હોય છે.

બીજી પણ વેદનાઓ હોય છે. તે આ પ્રમાણે-(૧) **શીતવેદના**-જેમ પોષ મહિનાની ઠંડીમાં હિમાલયમાં જે ઠંડી લાગે તેનાથી અનંતગણી ઠંડી નારકીના જીવને લાગે છે. (૨) **ઉષ્ણવેદના**-નારકીના જીવને જેઠ મહિનાના તાપથી તપેલી ભૂમિમાં ખેરના અંગારામાં સુવરાવે અને ભયંકર ઉષ્ણ ઋતુમાં ભડભડતા એન્જીનના બોઈલરમાં સુવરાવે તો તે જીવને ત્યાં નિરાંતે ઉંઘ આવે, એનાથી અનંતગણી ઉષ્ણતા નારકીમાં છે. (૩) **ક્ષુધાવેદના**-અઢી દ્વીપના ધાન્ય ખાઇ જાય તો પણ ક્ષુધા ન સમાય. એવી ક્ષુધા નારકીમાં હોય છે. (૪) **તૃષાવેદના**-દરેક દ્વીપ અગર સમુદ્રનાં પાણી પી જાય તો પણ તૃષા શમે નહિ. એનાથી અધિક તૃષા નારકીના જીવોને હોય છે. (૫) **ખણુજ**-શરીરે ખણુજ-ખંજવાળ ઘણી જ હોય. (૬) **તાવ**-તાવ ઘણો જ હોય, અંદર લાય લાય બળતી હોય (૭) **પરમાધામીની કરેલી** તાડના, તર્જના, બાળવું, પછાડવું, ઘાણીમાં પીલવું વગેરે વેદનાઓ હોય છે.

ઉપરની ત્રણ નારકીમાં જ પરમાધામીકૃત વેદના હોય, અને નીચેની ચાર નારકીમાં ક્ષેત્રવેદના અને પરસ્પરકૃત

વેદના હોય છે, એટલે નીચેની ચાર નારકીમાં પરમાધામીથી થતી વેદના નથી પણ ક્ષેત્રવેદના પ્રથમની ત્રણ નારક કરતાં અનંતગુણી હોય છે.

## ચૈત્યવંદન ભાષ્ય વિચાર

પ્રથમ ચોવીશ દ્વારો અને તેના ઉત્તરભેદ બતાવે છે.

૧ દશત્રિક, ૨ પાંચ અભિગમ, ૩ બે દિશી, ૪ ત્રણ અવગ્રહ, ૫ ત્રણ પ્રકારે ચૈત્યવંદન, ૬ પંચાંગપ્રણિપાત-ખમાસમણ, ૭ નમસ્કાર (શ્લોક), ૮ સોળસો સુડતાલીશ અક્ષરો, ૯ એકસો એકાશી પદો, ૧૦ સત્તાણું સંપદા, ૧૧ પાંચ દંડક, ૧૨ બાર અધિકાર, ૧૩ ચાર વાંદવા યોગ્ય, ૧૪ એક સ્મરણ કરવા યોગ્ય, ૧૫ ચાર પ્રકારે જિન, ૧૬ ચાર પ્રકારે સ્તુતિ, ૧૭ આઠ નિમિત્ત, ૧૮ બાર હેતુ, ૧૯ કાઉસ્સગ્ગના સોળ આગાર, ૨૦ કાઉસ્સગ્ગના ઓગણીશ દોષ, ૨૧ કાઉસ્સગ્ગનું પ્રમાણ, ૨૨ વીતરાગનું સ્તવન, ૨૩ સાત પ્રકારે ચૈત્યવંદન, અને ૨૪ દશ મોટી આશાતનાનો ત્યાગ.

### ૧ દશ ત્રિક

૧ નિસીહિ ત્રિક—(૧) દેરાસર જતાં ઘર સંબંધી વ્યાપાર તજવાની પહેલી નિસીહિ, (૨) દેરાસરના મુખ્ય બારણે દેરાસર સંબંધી વ્યાપાર તજવા સંબંધી બીજી નિસીહિ. (૩) દેરાસરમાં ગભારા પાસે દ્રવ્યપૂજા સંબંધી વ્યાપાર તજવા સંબંધી ત્રીજી નિસીહિ. સાવદ્ય વ્યાપારનો મન-વચન-કાયાથી ત્યાગ કરવો તેનું નામ નિસીહિ.

૨ **પ્રદક્ષિણા ત્રિક**—પ્રભુની જમણી બાજુથી જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધના માટે ત્રણ પ્રદક્ષિણા દેવી, તે પ્રદક્ષિણા ત્રિક.

૩ **પ્રણામત્રિક**—(૧) **અંજલીબદ્ધ** એટલે પ્રભુને દેખીને બે હાથ જોડવા તે. (૨) **અર્ધાવનત** એટલે અડધું અંગ નમાવવું તે, (૩) **પંચાંગ** એટલે પાંચ અંગ ભૂમિને અડાડવાપૂર્વક નમસ્કાર કરવો તે.

૪ **પૂજાત્રિક**—(૧) **અંગપૂજા**—પ્રભુને અડીને જે ક્રિયા-પૂજા થાય તે. (૨) **અગ્રપૂજા**—તે પ્રભુની આગળ ધૂપ-દીપક આદિ કરાય તે. (૩) **ભાવપૂજા**—તે પ્રભુની આગળ સ્તવનાદિ બોલવા તે.

૫ **અવસ્થાત્રિક**—(૧) સ્નાત્ર તથા દ્રવ્યપૂજા વખતે પ્રભુની છદ્મસ્થ અવસ્થાનો વિચાર કરવો તે **પિંડસ્થ**, (૨) આઠ પ્રાતિહાર્ય વડે કેવળીપણાનો વિચાર કરવો તે **પદસ્થ** અવસ્થા. (૩) પર્યંકાસન મુદ્રા અથવા કાયોત્સર્ગ મુદ્રા વડે સિદ્ધ અવસ્થાનો વિચાર કરવો તે **રૂપાતીત** અવસ્થા.

છદ્મસ્થ અવસ્થા ત્રણ પ્રકારે છે-૧ જન્મ અવસ્થા, ૨ રાજ્ય અવસ્થા અને ૩ શ્રમણ અવસ્થા. (૧) ન્હવણ કરતાં જેમ મેરૂ પર્વત ઉપર દેવોએ પ્રભુને અભિષેક કર્યો એવા ક્ષમાસાગર પ્રભુને ધન્ય હો, એમ જે ભાવવું તે જન્મ અવસ્થા. (૨) કેશર, ચંદન, પુષ્પ, અલંકાર, મુકુટ વગેરે ચઢાવતા રાજ્ય અવસ્થા ભાવવી કે આવા પ્રકારની રાજ્યઋદ્ધિનો ત્યાગ કરી પ્રભુ શ્રમણ થયા, ધન્ય હો આવા પ્રભુને. તે

રાજ્ય અવસ્થા. (૩) કેશરહિત મસ્તક અને મુખ જોઈને શ્રમણ અવસ્થા ભાવવી કે ધન્ય હો પ્રભુના ત્યાગી જીવનને!

૬ **દિશિનિરીક્ષણવર્જનત્રિક**—પ્રભુના દર્શન-પૂજન-ચૈત્યવંદન આદિ કરતાં પોતાની દૃષ્ટિ પ્રભુની સન્મુખ રાખવી. (૧) પાછળ (૨) જમણી બાજુ અને (૩) ડાબી બાજુ નજર ન કરે તે ત્રણ દિશા તરફ જોવાના ત્યાગ કરવારૂપ ત્રિક છે.

૭ **પ્રમાર્જનાત્રિક**—પગની નીચેની ભૂમિને ત્રણ વખત પ્રમાર્જવી તે.

૮ **આલંબનત્રિક**—(૧) ચૈત્યવંદન કરતાં સૂત્રનાં અક્ષરોનો વિચાર કરવો તે **વર્ણાલંબન**, (૨) સૂત્રના અર્થનો વિચાર કરવો તે **અર્થાલંબન**, અને (૩) જિનપ્રતિમા તરફ જ ધ્યાન રાખવું તે **પ્રતિમાલંબન**.

૯ **મુદ્રાત્રિક**—મુદ્રા એટલે હાથ-પગની આકૃતિ. તે ત્રણ ભેદે છે. ૧ યોગમુદ્રા, ૨ જિનમુદ્રા અને ૩ મુક્તા-શુક્તિ મુદ્રા.

(૧) **યોગમુદ્રા**—એટલે બે હાથને કમળના ડોડાને આકારે જોડી કપાળે જોડવા તે. આ મુદ્રાથી ચૈત્યવંદન, સ્તવન આદિ કહેવા.

(૨) **જિનમુદ્રા**—કાયોત્સર્ગ કરતી વખતે બે પગ વચ્ચેનું આગળના ભાગમાં ચાર અંગુલનું અંતર રાખવું તે.

(૩) **મુક્તાશુક્તિમુદ્રા**—બે હાથ છીપની જેમ જોડીને પોલા રાખવા તે. આ મુદ્રા વડે જાવંતિ ચેઈઆઈં, જાવંત કેવિ સાહૂ અને જયવીયરાય સૂત્ર બોલાય છે.

૧૦ પ્રણિધાનત્રિક—જાવંતિ ચેઇઆઇ, જાવંતિ કે વિ સાહૂ અને જયવીયરાય એ ત્રણ પ્રણિધાન સૂત્રો છે. તેમ જ મન-વચન-કાયાની એકાગ્રતા રૂપ પ્રણિધાનત્રિક જાણવું.

## ૨ પાંચ અભિગમ

અભિગમ એટલે જિનમંદિરમાં જતાં સાચવવા લાયક આચાર.

૧ સચિત્ત વસ્તુનો ત્યાગ કરવો, ૨ અચિત્તનો ત્યાગ ન કરવો, ૩ મનની એકાગ્રત રાખવી. ૪ એક વસ્રનું ઉત્તરાસંગ કરવું અને ૫ પ્રભુજીને દેખતાં જ બે હાથ જોડીને મસ્તકે લગાડવા.

અને રાજા વગેરે હોય તેમણે. ૧ છત્ર, ૨ મોજડી, ૩ તલવાર, ૪ મુકુટ અને ૫ ચામર એ પાંચ વસ્તુ તજીને જિનમંદિરમાં પ્રવેશ કરવો તે.

## ૩ દિશી દ્વાર

પ્રભુની જમણી બાજુ ઉભા રહીને પુરુષો સ્તુતિ કરે અને ડાબી બાજુ ઉભા રહીને સ્રીઓ સ્તુતિ કરે. તેથી વિનય અને મર્યાદા સચવાય.

## ૪ ત્રણ પ્રકારના અવગ્રહ

અવગ્રહ એટલે જિનેશ્વરથી કેટલા દૂર રહીને ચૈત્યવંદના કરવી તે. (૧) જિનેશ્વરદેવથી નવ હાથ દૂર રહી ચૈત્યવંદન કરવું તે જઘન્ય અવગ્રહ. (૨) જો દેરાસર વિશાળ હોય તો ઉત્કૃષ્ટથી ૬૦ હાથ દૂર રહી ચૈત્યવંદન કરે તે ઉત્કૃષ્ટ અવગ્રહ. (૩) બાકી વચલું અંતર તે મધ્યમ અવગ્રહ જાણવો.

પૂજા કરનારાઓએ આશાતના ન થાય તે માટે પોતાનાં કપડાં પ્રભુજીને ન લાગે તેનો ખાસ ખ્યાલ રાખવો. ભક્તિ પૂરતું ગભારામાં રહેવું, તે પણ આઠપડો મુખકોશ બાંધીને ઉભું રહેવાય.

## ૫ ચૈત્યવંદન દ્વાર

(૧) નમસ્કાર કરવાથી જઘન્ય ચૈત્યવંદન જાણવું. (૨) એક થોય જોડા વડે દેવવંદન કરવું તે મધ્યમ ચૈત્યવંદન જાણવું અને (૩) બે થોય જોડા તથા પાંચ નમુત્થુણં, ત્રણ પ્રણિધાન સહિત ઉત્કૃષ્ટ ચૈત્યવંદન જાણવું.

## ૬ પ્રણિપાત દ્વાર

બે હાથ, બે ઢીંચણ અને મસ્તક એ પાંચ અંગ ભૂમિએ લગાડી પંચાંગ પ્રણામ કરવો તે પ્રણિપાત.

## ૭ નમસ્કાર દ્વાર

મોટા અર્થવાળા, અત્યંત આનંદકારી એવા એકથી માંડીને એકસો આઠ સુધી શ્લોકો પ્રભુ સન્મુખ કહેવા તે.

## ૮ અક્ષર દ્વાર

કયા સૂત્રમાં કેટલા વર્ણ (અક્ષરો) હોય તે જાણવા.

નવકારના ૬૮ અક્ષરો, ખમાસમણના ૨૮ અક્ષરો, ઈરિયાવહિયંના ૧૯૯ અક્ષરો, નમુત્થુણંના ૨૯૭ અક્ષરો, અરિહંતચેઈઆણુંના ૨૨૯ અક્ષરો, લોગસ્સના ૨૬૦ અક્ષરો, પુક્ખરવરદીના ૨૧૬ અક્ષરો, સિદ્ધાણં બુદ્ધાણંના ૧૯૮ અક્ષરો, પ્રણિધાન સૂત્રના ૧૫૨ અક્ષરો છે. આ પ્રમાણે સર્વ મળીને ૧૬૪૭ અક્ષરો થાય છે. તે શુદ્ધ ઉચ્ચારથી બોલવા.

## ૯ મું પદસંખ્યાદ્વારઃ ૧૦ મું સંપદાદ્વારઃ

| સૂત્ર | પદ | સંપદા |
|---|---|---|
| નવકાર સૂત્ર | ૯ | ૮ |
| ઇરિયાવહિયં | ૩૨ | ૮ |
| નમુત્થુણં | ૩૩ | ૯ |
| અરિહંત ચેઈઆણં | ૪૩ | ૮ |
| લોગસ્સ | ૨૮ | ૨૮ |
| પુક્ખરવરદી | ૧૬ | ૧૬ |
| સિદ્ધાણં બુદ્ધાણં | ૨૦ | ૨૦ |
| કુલ | ૧૮૧ | ૯૭ |

**પદ—એટલે જ્યાં અર્થ સમજાય ને પૂરો થાય તે.**

**સંપદા—એટલે વિસામો લેવાનું સ્થાન.**

## અક્ષર-પદાદિનું યંત્ર

| સૂત્ર સૂત્રોના બીજા નામો | પદ | સંપદા | સર્વે અક્ષર | અક્ષર ગુરૂ | અક્ષર લઘુ |
|---|---|---|---|---|---|
| નવકાર-પંચમંગલસૂત્ર | ૯ | ૮ | ૬૮ | ૭ | ૬૧ |
| ઈચ્છામિખમાસમણો-પ્રણિપાત (પંચાંગ) | ૦ | – | ૨૮ | ૩ | ૨૫ |
| ઇરિયાવહીયં-પડિક્કમણસૂત્ર | ૩૨ | ૮ | ૧૯૯ | ૨૪ | ૧૭૫ |
| નમુત્થુણં-શક્રસ્તવ | ૩૩ | ૯ | ૨૯૭ | ૩૩ | ૩૬૪ |
| અરિહંત ચેઇઆણં-ચૈત્યસ્તવ | ૪૩ | ૮ | ૨૨૯ | ૨૯ | ૨૦૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| લોગસ્સ-નામસ્તવ | ૨૮ | ૨૮ | ૨૬૦ | ૨૮ | ૨૩૨ |
| પુખ્ખરવરદી-શ્રુતસ્તવ | ૧૬ | ૧૬ | ૨૧૬ | ૩૪ | ૧૮૨ |
| સિદ્ધાણં બુદ્ધાણં-સિદ્ધસ્તવ | ૨૦ | ૨૦ | ૧૯૮ | ૩૧ | ૧૬૭ |
| જાવંતિ ચેઈઆઈં – પ્રણિધાન | – | – | ૩૫ | ૩ | ૩૨ |
| જાવંત કે વિ સાહૂ ,, | – | – | ૩૮ | ૧ | ૩૧ |
| જય વીયરાય (૨ ગાથા) ,, | – | – | ૭૯ | ૮ | ૭૧ |
| સર્વસંખ્યા | ૧૮૧ | ૯૭ | ૧૬૪૭ | ૨૦૧ | ૧૪૪૬ |

## સાત મુદ્રાઓ

૧ નમુત્થુણંમાં યોગમુદ્રા, ૨ અરિહંતચેઇ૦ માં જિનમુદ્રા, ૩ જય વીયરાયમાં મુક્તાશુક્તિમુદ્રા. ૪ પડિક્કમણ ઠાવવમાં મયૂરમુદ્રા, ૫ વાંદણામાં યથાજાત મુદ્રા. ૬ વંદિત્તામાં ધનુષ્યમુદ્રા. અને ૭ ગુરુવંદનમાં પંચાંગમુદ્રા કરવી.

## ૧૧ પાંચ દંડક દ્વાર

૧ શક્રસ્તવ એટલે નમુત્થુણં, ૨ ચૈત્યસ્તવ એટલે અરિહંત ચેઇઆણં, ૩ નામસ્તવ એટલે લોગસ્સ, ૪ શ્રુતસ્તવ એટલે પુક્ખરવરદી અને ૫ સિદ્ધસ્તવ એટલે સિદ્ધાણં બુદ્ધાણં એ પાંચ દંડક કહેવાય.

## ૧૨ બાર અધિકાર

અધિકાર એટલે કયા સૂત્રમાં કોની સ્તુતિ-સ્તવના થાય છે તે.

નમુત્થુણમાં દ્રવ્યજિન તથા ભાવજિનને વંદન કરવારૂપ બે અધિકાર. અરિહંત-ચેઇઆણંમાં સ્થાપનાજિનને વંદન કરવા રૂપ એક અધિકાર. લોગસ્સમાં નામજિનને વંદન કરવારૂપ તથા

ત્રણુ ભુવનના સ્થાપનાજિનને વંદન કરવારૂપ બે અધિકાર. પુક્ખરવરદીમાં અઢી દ્વીપમાં વિચરતા જિનોને વંદન કરવારૂપ તથા શ્રુતજ્ઞાનને વંદન કરવારૂપ બે અધિકાર, સિદ્ધાણું બુદ્ધાણુંમાં પાંચ અધિકાર છે, તે આ પ્રમાણે-૧ સર્વસિદ્ધોને, ૨ શાસનનાયક શ્રી વીરપ્રભુને, ૩ ગિરનાર તીર્થપતિ શ્રી નેમિનાથને, ૪ અષ્ટાપદ પર્વત ઉપર બીરાજમાન ચોવીશ જિનોને નમસ્કાર અને સ્તુતિ કરવારૂપ તથા ૫ સમ્યગ્દષ્ટિ દેવોને સ્મરણુ કરવારૂપ એમ પાંચ છે. એ પ્રમાણે સર્વ મળીને બાર અધિકારો છે.

## ૧૩ વંદન દ્વાર

કોને કોને વંદન થાય તે વંદન દ્વાર. અરિહંત ભગવંતો સિદ્ધ ભગવંતો અને મુનિ ભગવંતો વંદન કરવા યોગ્ય છે. તથા શ્રુત-સિદ્ધાંત વંદન કરવા યોગ્ય છે.

## ૧૪ સ્મરણ દ્વાર

શાસનમાં જે સમકિતદૃષ્ટિ દેવ-દેવીયો છે, તે સ્મરણુ કરવા યોગ્ય છે.

## ૧૫ ચાર પ્રકારના જિન

૧ તીર્થંકરનું નામ તે નામજિન, ૨ પ્રતિમા પગલા વગેરેની સ્થાપના તે સ્થાપના જિન, ૩ જે જિનેશ્વરો થઇ ગયા અને કેવલજ્ઞાન પામીને થશે તેઓના જીવો તે દ્રવ્યજિન અને ૪ સમવસરણુમાં બીરાજમાન તીર્થંકરો તે ભાવજિન છે.

## ૧૬ સ્તુતિ દ્વાર

પહેલી સ્તુતિમાં એક અથવા પાંચ જિનને વંદન થાય છે. બીજી સ્તુતિમાં સર્વ જિનોને વંદન થાય છે ત્રીજી સ્તુતિમાં જ્ઞાનને વંદન થાય છે અને ચોથી સ્તુતિમાં સંઘની સેવા-ભક્તિ કરનાર શાસનસેવક સમ્યગ્દૃષ્ટિ દેવતાઓનો ઉપયોગ જાગૃત કરવા સ્મરણુ કરવામાં આવે છે.

## ૧૭ કાયોત્સર્ગના આઠ નિમિત્તો

૧ ગમનાગમનથી થયેલ પાપ ખપાવવા માટે ઇરિયાવહિયં કરવા નિમિત્તે, ૨ પ્રભુને વંદન કરવા નિમિત્તે, ૩ ચંદનાદિકથી પૂજવા નિમિત્તે, ૪ પ્રભુના સ્તવનાદિ ગુણુ નિમિત્તે, ૫ પ્રભુનો આભરણુાદિકથી સત્કાર કરવા નિમિત્તે, ૬ સમ્યક્ત્વના લાભ નિમિત્તે, ૭ જન્મ-મરણુાદિ ઉપસર્ગ ટાળવા ( મોક્ષ પ્રાપ્તિ ) નિમિત્તે, અને ૮ શાસન ( સિદ્ધાંત ) ના અધિષ્ઠાયક દેવોને સ્મરણુ કરવા નિમિત્તે, આ આઠ નિમિત્તે કાઉસ્સગ્ગ કરવો.

## ૧૮ દેવ વાંદવાના ૧૨ હેતુ

૧ પાપોની શુદ્ધિ માટે, ૨ આલોચનાનું તપ કરવા માટે, ૩ રાગ-દ્વેષ ટાળવા રૂપ આત્મવિશુદ્ધિ માટે, ૪ માયાશલ્ય, નિયાણુશલ્ય અને મિથ્યાત્વશલ્યરૂપ ત્રણુ શલ્ય રહિત થવા માટે, ૫ શ્રદ્ધા, ૬ નિર્મળ બુદ્ધિ, ૭ ધીરજ, ૮ ચિત્તની સ્થિરતા, ૯ તેમાં એકાગ્રતા માટે, ૧૦ વૈયાવચ્ચ માટે, ૧૧ શાંતિ કરે અને ૧૨ સમ્યગ્દૃષ્ટિ જીવોને સમાધિ કરનાર દેવના સ્મરણુ માટે.

## ૧૯ કાયોત્સર્ગના ૧૬ આગારો

કાયાના વ્યાપારનો ત્યાગ કરવા રૂપ કાયોત્સર્ગમાં જે છૂટ રાખવામાં આવે છે, તે આગાર કહેવાય.

૧ ઉંચો શ્વાસ લેવાથી, ૨ નીચો શ્વાસ મૂકવાથી, ૩ ખાંસી કે ઉધરસ આવવાથી, ૪ છીંક આવવાથી, ૫ બગાસુ આવવાથી, ૬ ઓડકાર આવવાથી, ૭ વાછૂટ થવાથી, ૮ ભમરી (ચક્કર) આવવાથી, ૯ પિત્તના ઉછાળાથી, ૧૦ સૂક્ષ્મ અંગ ચાલવાથી, ૧૧ સૂક્ષ્મ થૂંક–ગળફો આવવાથી, ૧૨ સૂક્ષ્મદૃષ્ટિ ચાલવાથી, કાયોત્સર્ગ ન ભાંગે. તે સિવાય બાકીના ચાર આગારો આ પ્રમાણે છે. ૧૩ અગ્નિનો ઉપદ્રવ થયે છતે, દીવા પ્રમુખનો પ્રકાશ થયે છતે અન્યત્ર જવું પડે તો, ૧૪ મૂષકાદિક જીવનું છેદન–ભેદન થતું હોય તો અન્યત્ર જઈ કાયોત્સર્ગ કરે, ૧૫ રાજા અથવા ચોર આદિકના પરાભવથી ધર્મની હાનિ થતી હોય તો અને સર્પ આદિ ઝેરી જીવો ડંખ દેવાને આવતા હોય તો તેમના ભયથી અન્યત્ર જઈને કાઉસ્સગ્ગ કરે તો ભંગ ન થાય.

## ૨૦ કાઉસ્સગ્ગના ૧૯ દોષો

૧ ઘોડાની જેમ પગ ઉંચો રાખે, ૨ શરીરને લતાની જેમ ધુણાવે, ૩ ભીંતનો ટેકો લે, ૪ માળ અથવા મેડીને માથું અડાડે, ૫ બે પગ ભેળા રાખે, ૬ પગ પહોળા રાખે, ૭ હાથને ગુહ્ય સ્થાને રાખે, ૮ રજોહરણ અવળું રાખે, ૯ શરમથી મોઢું નીચું રાખે, ૧૦ અજ્ઞાનથી–લજ્જાથી હૃદયને ઢાંકે, ૧૧ શીતાદિકના કારણે ખભા વગેરેને ઢાંકે, ૧૨ આંગ-

ળીઓના વેઢા ગણીને કાઉસ્સગ્ગ કરે, ૧૩ નેત્રને જેમ તેમ ફેરવ્યા કરે, ૧૪ કપડાને સંકોચી રાખે, ૧૫ મસ્તક ધુણાવે, ૧૬ હુંકાર કરે, બડબડ અવાજ કરે, ૧૭ આમતેમ જુએ. ૧૮ પ્રમાણ રહિત ચોલપટ્ટો રાખે, ૧૯ ડાંસ આદિના ભયથી શરીરને ઢાંકે, એ ઓગણીશ દોષ કાઉસ્સગ્ગમાં ત્યજવા. શ્રાવક અને સાધુને બધા દોષો હોય. તેમાંથી શીતાદિ, ચોલપટ્ટો તથા હૃદયના એ ત્રણ દોષ સાધ્વીજીને ન હોય, અને વધૂ દોષ સહિત ચાર દોષ શ્રાવિકાને ન લાગે. એટલે સાધ્વીજીને ૧૬ દોષ અને શ્રાવિકાને પંદર દોષ લાગે. આવી ચેષ્ટા વડે કાઉસ્સગ્ગ કરવાથી જોઈએ તેવો લાભ ન થાય, માટે દોષ ન લાગે તેવી રીતે મનની સ્થિરતાથી કાઉસ્સગ્ગ કરવો.

## ૨૧ કાઉસ્સગ્ગનું પ્રમાણ

એક લોગસ્સના કાઉસ્સગ્ગના (ચંદેસુ નિમ્મલયરા સુધી) પચીશ શ્વાસોશ્વાસ થાય છે. અને નવકારના આઠ શ્વાસોશ્વાસ થાય તે પ્રમાણે લેવું. (શ્વાસોશ્વાસ એટલે નાડીના ધબકારા.)

## ૨૨ સ્તવન દ્વાર

મધુર કંઠે, ગંભીર પણે મોટા અર્થવાળું સ્તવન કહેવું.

## ૨૩ સાતવાર ચૈત્યવંદન

૧ સવારે પ્રતિક્રમણ વખતે વિશાલલોચન, સ્ત્રીઓને સંસારદાવા, ૨ દેરાસરમાં, ૩ પચ્ચક્ખાણ પારતી વખતે, ૪ જમ્યાબાદ જગચિંતામણિનું, ૫ સાંજના નમોઽસ્તુ વર્ધમા-

નાય અને સ્ત્રીઓને સંસારદાવાનું, ૬ ચઉક્કસાયનું અને ૭ સવારે જગચિંતામણિનું એ સાત વાર ચૈત્યવંદન કરાય છે.

## ૨૪ દશ આશાતનાનો ત્યાગ કરવો

૧ દેરાસરમાં મુખવાસ ન ખવાય, ૨ પાણી ન પીવાય, ૩ નાસ્તો ન થાય, ૪ બુટ-ચપાટ વગેરે પહેરી ન જવાય, ૫ મૈથુનસેવન ન કરાય એટલે સરાગદૃષ્ટિથી પણ કોઇના સામું ન જોવાય. ૬ સુવાય નહિ, ૭ થુંકાય નહિ, ૮ પેસાબ ( માત્રું ) ન કરાય, ૯ ઝાડો ( સ્થંડિલ ) ન થાય. અને ૧૦ જુગટું ન રમાય. આ રીતે કરવાથી મોટી આશાતના ન લાગે. દેરાસરના ઓટલા ઉપર પણ ન થાય.

આ પ્રમાણે જે માણસ વિધિ સહિત જિનાલયમાં જાય અને દર્શન કરે તેને જ્ઞાનીઓએ કહેલ દર્શનનું ફળ પ્રાપ્ત થાય છે.

## પ્રભુ દર્શનનું ફળ

દેરાસરે જવા મન કરે તે એક ઉપવાસના ફળને પામે, દર્શન કરવાને ઉભાં થતાં બે ઉપવાસ, જવાની તૈયારી કરતાં ત્રણ ઉપવાસ, ડગલું ભરતાં ચાર ઉપવાસ, માર્ગે ચાલતાં પાંચ ઉપવાસ, અર્ધ રસ્તો ઓળંગતા પંદર ઉપવાસ, દેરાસર દૃષ્ટિગોચર થતાં એક માસોપવાસ, જિનેશ્વર પ્રભુ પાસે પહોંચતા છ માસના ઉપવાસ, પ્રભુની સન્મુખ આવતાં એક વરસ, ત્રણ પ્રદક્ષિણા દેતાં સો ઉપવાસ, જિનેશ્વરને નજરે જોતાં હજાર ઉપવાસ, પ્રભુની સ્તુતિ કરતાં અનંતગણું ફળ પામે. પ્રભુની પૂજા કરતાં તેનાથી સોગણું ફળ પામે, ફૂલની માળા ચઢા-

વતાં તેનાથી અધિક, એ પ્રમાણે ગીત, નાટય, વાજિંત્ર આદિ વડે ભાવ-પૂજા કરતાં અધિક અધિક ફળની પ્રાપ્તિ કરે છે, અને પરંપરાએ અક્ષયસુખ પામે છે.

## ગુરુવંદન ભાષ્ય વિચાર

ગુરુવંદન ત્રણ પ્રકારે છે. ૧ ફેટા વંદન; ૨ થોભવંદન, અને ૩ દ્વાદશાવર્ત વંદન.

૧ મસ્તક નમાવવું અને હાથ જોડવા તે ફેટા વંદન, ૨ બે ખમાસમણ પૂર્વક અબ્ભુટ્ઠિઓ ખામવો તે થોભવંદન અને ૩ પચીશ આવશ્યક સહિત વંદન તે દ્વાદશાવર્ત વંદન કહેવાય.

૧ કોઇપણ પંચ મહાવ્રતધારી, ત્યાગી ગુરુ આદિકને દેખીને મસ્તક નમાવવારૂપ ફેટાવંદન. ૨ સાધુ ભગવંતને થોભવંદન અને ૩ આચાર્યો, ઉપાધ્યાય, પંન્યાસ આદિ પદવીધરોને દ્વાદશાવર્ત વંદન થાય છે.

હવે **૨૫ આવશ્યકો** આ રીતે થાય છે—વાંદણામાં બે **અવનત** એટલે બે હાથ જોડીને અડધું અંગ નમાવવું. **એક યથાજાત** એટલે જન્મની આકૃતિ અગર દીક્ષા લેતા જ્યારે ઓઘો આપે તે લેતા વખતની આકૃતિ. **બાર આવર્ત્ત** એટલે વાંદણામાં ‘ અહો ’ એ પદ બોલતાં જ્યારે ‘ અ ’ બોલીયે ત્યારે ગુરુના ચરણે હાથ લગાડવા ‘ હો ’ બોલીયે ત્યારે આપણા મસ્તકે હાથ લગાડવાં. એ રીતે ‘કા’ બોલીયે ત્યારે ગુરુના ચરણે હાથ લગાડવા. એમ ‘ય’ બોલતાં આપણા મસ્તકે હાથ લગાડવો. ‘ કા ’ બોલતાં ગુરુના ચરણે

અને 'ય' બોલતાં આપણાં મસ્તકે એ ત્રણ અને 'જત્તા' બોલતાં ગુરુના ચરણે અને 'ભે' બોલતાં આપણા મસ્તકે 'જવ' બોલતાં ગુરુના ચરણે અને 'ણિ' બોલતા આપણા મસ્તકે 'જં ચ' બોલતાં ગુરુના ચરણે અને 'મે' બોલતાં આપણા મસ્તકે હાથ લગાડવો. આ રીતે બે વાંદણામાં થઈને ૧૨ આવર્તો થાય. **ચાર વાર શીર્ષનમન** એટલે જ્યારે ત્રણ અવનત થયા પછી 'સંફાસં ખમણિજ્જો' બોલીયે ત્યારે શીર નમાવવું અને બીજા ત્રણ અવનત પછી 'ખામેમિ ખમાસમણો' બોલતાં શીર નમન કરવું. એટલે એક વંદનનાં બે અને બીજા વંદનનાં બે મળી કુલ ચાર શીર્ષનમન થાય. **મન-વચન-કાયાની એકાગ્રતા** અને **બે વાર પ્રવેશ કરવો** અને **એક વાર નીકળવું** એ ત્રણ. એ રીતે ૨ અવનત, ૧ યથાજાત, ૧૨ આવર્ત્ત, ૪ શિર્ષનમન, ૩ ગુપ્તિ, ૨ પ્રવેશ અને ૧ નિષ્ક્રમણ તે રીતે ૨૫ આવશ્યકો થાય.

આ પ્રમાણે વિધિપૂર્વક વંદના કરવાથી ગુરુ આદિની આશાતનાથી બચાય છે અને વિનય સચવાય છે.

## મુહપત્તિની પચીસ પડિલેહણા

૧ દૃષ્ટિ પડિલેહણા, ૬ ઉર્ધ્વપપ્ફોડા (ઉંચેથી મુહપત્તિનો છેડો ખંખેરવો તે) ૯ અક્ખોડા (ત્રણ ત્રણ વાર આંતરે) ૯ પ્રમાર્જના (અક્ખોડાના આંતરે ત્રણ ત્રણ વાર પૂંજવું તે)

## અંગની પચીસ પડિલેહણા

જમણા હાથમાં વધૂટક કરેલી મુહપત્તિ વડે પ્રથમ ડાબા હાથના મધ્ય, જમણા અને ડાબા ભાગને અનુક્રમે પ્રમાર્જવો

તે **વામભૂજાની** ૩ પડિલેહણા જાણવી. ત્યારબાદ મુહપત્તિને ડાબા હાથમાં વધૂટક કરી જમણા હાથની ત્રણ પ્રમાર્જના કરવી તે **દક્ષિણ ભૂજાની** ૩ પડિલેહણા, ત્યારબાદ વધૂટક છૂટા કરી દઇ બે હાથથી બે છેડે ગ્રહણ કરેલી મુહપત્તિ વડે મસ્તકના મધ્ય, જમણા તથા ડાબા ભાગને અનુક્રમે પ્રમાર્જવા તે **શીર્ષની** ૩ પડિલેહણા, ત્યારબાદ એ જ ક્રમ પ્રમાણે **મુખની** ૩ તથા **હૃદયની** ૩ મળી પાંચ અંગની ૧૫ પડિલેહણા થઇ.

ત્યાર બાદ મુહપત્તિને જમણા હાથમાં લઈ જમણા ખભા પરથી ફેરવીને પીઠનો ઉપરનો જમણો ભાગ પ્રમાર્જવો, પછી મુહપત્તિ ડાબા હાથમાં લઇ ખભા ઉપરથી ફેરવી પીઠનો ડાબો ઉપરનો ભાગ પ્રમાર્જવો, તથા તે જ હાથમાં મુહપત્તિ રાખી જમણા હાથની કક્ષા (કાખ) સ્થાને ફેરવીને જમણા વાંસાનો નીચેનો ભાગ પ્રમાર્જવો તે પીઠની અથવા ચાલુ રીતિ પ્રમાણે કાખની ત્રીજી પડિલેહણા થઈ. ત્યારબાદ મુહપત્તિ જમણા હાથમાં લઇ ડાબી કક્ષા (કાખ)ના સ્થાને ફેરવી ડાબા વાંસાની નીચેનો ભાગ પ્રમાર્જવો.

એ પ્રમાણે **પીઠની–વાંસાની ૪ પ્રમાર્જના** થઇ. એ ૪ પડિલેહણાને ૨ ખભાની અને ૨ પીઠની પડિલેહણા ગણવાનો વ્યવહાર છે. ત્યારબાદ ચરવલા અથવા ઓઘાવડે પ્રથમ જમણા પગનો મધ્યભાગ, જમણો ભાગ, ડાબો ભાગ અનુક્રમે પ્રમાર્જવો. ત્યારબાદ એ જ રીતે ડાબા પગની પણ ૩ પ્રમાર્જના કરવી. એ પ્રમાણે **બે પગની ૬ પ્રમાર્જના** થઇ. જેથી સર્વ મળીને પચીસ પડિલેહણા થઇ.

વિધિ સહિત ગુરુવંદન કરવાથી શિષ્ય આરાધક બને છે અને મોક્ષના સુખને પ્રાપ્ત કરે છે.

## ગુરુવંદનથી થતું ફલ

ગુરુવંદનથી–(૧) વિનયનું આરાધન થાય છે. (૨) માનાદિકનો નાશ (૩) ગુરુની ભક્તિ (૪) તીર્થંકરની આજ્ઞાનું પાલન (૫) શ્રુતધર્મનું આરાધન અને (૬) મોક્ષ. આ રીતે છ પ્રકારના ફલોની પ્રાપ્તિ થાય છે.

## ગુરુની વર્જવા યોગ્ય તેત્રીશ આશાતના

નીચે પ્રમાણે વર્તન કરવાથી ગુરુની આશાતના થાય છે. માટે તેવા પ્રકારનું વર્તન વર્જવા લાયક છે. તે આ પ્રમાણે–

(૧) ગુરુની આગળ ચાલે તો, (૨) આગળ ઉભો રહે તો, (૩) આગળ બેસે તો, (૪) ગુરુની બાજુમાં સમાન ચાલે તો, (૫) સમાન આસને બેસે તો, (૬) સમાન ઉભો રહે તો, (૭) ગુરુની અત્યંત નજીક અડીને રહે તો, (૮) બાજુમાં અડકીને ઉભો રહે તો, (૯) અડીને બેસે તો. ( ખાસ કારણ હોય તો તેમ કરવું પડે તો આશયશુદ્ધિથી અને ઘણા લાભના કારણે દોષ ગણાતો નથી. ) (૧૦) ગુરુની સાથે વડીનીતિ માટે ગયેલ શિષ્ય ગુરુની પહેલા હાથ-પગની શુદ્ધિ કરે તો, અથવા આહારાદિ વખતે પણ પહેલી મુખશુદ્ધિ કરવાથી પણ એ જ આશાતના લાગે છે. (૧૧) બહારથી ઉપાશ્રયે ગુરુની સાથે આવ્યા છતાં ગુરુની પહેલા ગમનાગમન આલોવે તો. (૧૨) કોણ જાગે છે ? કોણ ઉંઘે છે ? એ પ્રમાણે રાત્રે ગુરુ પૂછે

ત્યારે શિષ્ય જાગતો હોય તો પણ જાણે ન સાંભળતો હોય તેમ જવાબ ન આપે તો, (૧૩) આવેલ ગૃહસ્થાદિકને ગુરુએ બોલાવ્યાં પહેલાં પોતે બોલાવે તો, (૧૪) ગોચરી લાવીને પ્રથમ બીજા કોઇ સાધુ પાસે આલોચી પછી ગુરુ આગળ આલોચે તો, (૧૫) લાવેલી ગોચરી ગુરુને દેખાડ્યા પહેલાં બીજા કોઇ સાધુને દેખાડે તો, (૧૬) લાવેલા આહાર-પાણી વાપરવા માટે પહેલા બીજા સાધુઓને નિમંત્રણ કરે અને ત્યારપછી ગુરુને નિમંત્રણ કરે તો, (૧૭) આહાર લાવીને ગુરુની આજ્ઞા વિના પોતે જ બીજા સાધુઓને જેમ ઘટે તેમ મધુર-સ્નિગ્ધ આદિ આહાર યથાયોગ્ય વહેંચી આપે તો, (૧૮) આહાર લાવીને ગુરુને કંઇક થોડો આપી જે સ્નિગ્ધ અને મધુર આહાર ઉત્તમ દ્રવ્યોનો બનેલો હોય તે પોતે વાપરે તો, (૧૯) ગુરુ બોલાવે ત્યારે ન બોલવું તે ( દિવસે બોલાવે ત્યારે ) (૨૦) મોટા ઘાંટા પાડીને ગુરુ સાથે બોલવું તે, (૨૧) ગુરુ બોલાવે ત્યારે પોતાના આસને બેઠા બેઠા જવાબ આપે તો, (૨૩) ગુરુ બોલાવે ત્યારે કેમ ? શું છે ? શું કહો છો ? ઇત્યાદિ બોલે તો, ( ગુરુ પાસે નમ્ર વચન બોલવા જોઇએ ) (૨૩) ગુરુને તું, તને, તારા ઇત્યાદિ તોછડાઇવાળા શબ્દોથી તુંકારીને બોલાવે તો. (૨૪) ગુરુ જે શિખામણના વચનો કહે તે જ વચન પ્રમાણે ગુરુને ઉલટો જવાબ આપે તો. (૨૫) ગુરુ કથા કહેતા હોય ત્યારે પ્રશંસા વચન ન બોલે પણ મનમાં દુભાતો હોય તેમ વર્તે તો. (૨૬) ગુરુ ધર્મકથા કહેતા હોય ત્યારે તમને આ અર્થ યાદ નથી, એ અર્થ એ પ્રમાણે ન હોય એમ કહે તો. (૨૭) ગુરુ ધર્મકથા કહેતા હોય ત્યારે ' એ

કથા હું તમને પછીથી સારી રીતે સમજાવીશ' ઇત્યાદિ કહે તો. (૨૮) ગુરુ ધર્મકથા કહેતા હોય તે વખતે વચમાં આવીને ગોચરીનો વખત થઇ ગયો છે' ઇત્યાદિ બોલી પર્ષદાનો ભંગ કરે તો. (૨૯) ગુરુ કથા કહી રહ્યા બાદ સભા ઉઠી ન હોય તેટલામાં પોતાની ચતુરાઇ બતાવવા તે જ કથા વિસ્તારથી કહે તો. (૩૦) ગુરુના સંથારાને પગ લગાડે તો. (૩૧) ગુરુના સંથારા ઉપર ઉભા રહે, બેસે અથવા સૂએ તો (૩૨) ગુરુથી ઉંચા આસને બેસે તો. (૩૩) ગુરુથી અથવા ગુરુની આગળ સરખા આસને બેસે તો. આ પ્રકારોથી ગુરુમહારાજની આશાતના થાય છે. તે આશાતનાઓનો ત્યાગ કરવો.

## પ્રત્યાખ્યાન ( પચ્ચક્ખાણ ) ભાષ્યવિચાર

**પચ્ચક્ખાણના નવ દ્વારો**—(૧) દશ પચ્ચક્ખાણ (૨) ચાર પ્રકારની વિધિ (૩) ચાર પ્રકારનો આહાર (૪) બીજી વાર ન કહેલા બાવીશ આગાર (૫) દશ વિગઇઓ (૬) ત્રીશ નીવીયાતાં (૭) મૂળગુણ અને ઉત્તરગુણ રૂપ બે ભાંગા (૮) પચ્ચક્ખાણની છ શુદ્ધિ. અને (૯) પચ્ચક્ખાણથી આ લોક અને પરલોકમાં થતાં ફલ.

### દશ પચ્ચક્ખાણ

૧ **અનાગત**—કારણસર આગળથી તપ કરી લેવો પડે તે.

૨ **અતિક્રાંત**—પાક્ષિક, ચાતુર્માસિક અને સાંવત્સરિક વગેરેનો તપ ચૌદશ આદિ વીતી ગયા પછી કરે તે.

૩ **કોટીસહિત**—સરખેસરખા પચ્ચક્ખાણની સંધી મેળવવી તે. **સમકોટી**—એટલે એકાસણા ઉપર એકાસણું કરવું વગેરે. અને **વિષમકોટી** એટલે એકાસણા ઉપર આયંબીલ કરવું વગેરે.

૪ **નિયંત્રિત**—અમુક દિવસે અમુક જ પચ્ચક્ખાણ કરીશ તેમ નિશ્ચયથી ધારીને તપ કરવો તે. પ્રથમ સંઘયણવાળા કરી શકે.

૫ **અનાગાર**—અન્નત્થણાભોગેણં અને સહસાગારેણં એ બે આગાર તો દરેક પચ્ચક્ખાણમાં આવે જ. પણ તે સિવાયના મહત્તરાગારેણં વગેરે આગારો જેમાં ન હોય તે. આ અનાગાર અને નિયંત્રિત એ બે પચ્ચક્ખાણ હાલ તેવા પ્રકારના સંઘયણ ન હોવાથી વિચ્છેદ ગયા છે.

૬ **સાગાર**—આગાર સહિત પચ્ચક્ખાણ કરવું તે.

૭ **અનશન**—સર્વથા આહાર-પાણીનો ત્યાગ.

૮ **પરિમાણ કૃત**—પરિમાણ રાખેલ એક દત્તી વગેરે પ્રમાણ વાપરવું અખંડધારાએ આપે તે દત્તી.

૯ **સાંકેતિક**—સંકેતવાળું. તેના આઠ ભેદ છે-(૧) **મુટ્ઠિસહિયં**-મુઠીમાં અંગુઠો રાખીને વાપરવું તે. (૨) **અંગુટ્ઠસહિયં**-વીંટી વગેરેથી વાપરવું તે. (૩) **ગંઠસહિયં** ગાંઠ છોડીને વાપરવું તે. (૪) **સ્વેદસહિયં**-પરસેવો સુકાય ત્યાં સુધી ન પારે તે. (૫) **ઘરસહિયં**—ઘરે જાઉં ત્યારે પારૂં એમ ધારવા રૂપ. (૬) **ઉસાસસહિયં** અમુક શ્વાસોચ્છ્વાસ લઉં ત્યારે જ પારૂં એમ ધારવારૂપ.

(૭) સ્તિબુકસહિયં-હાથ, પગ કે ભાજન ઉપર રહેલા જળબિંદુ સુકાઇ જાય તો જ પચ્ચક્ખાણુ પારૂં તે. (૮) જ્યોતિષ્કસહિયં-દીવા પ્રમુખની જ્યોત જ્યાં લગે રહે ત્યાં સુધી પચ્ચક્ખાણુ ન પારવું તે.

૧૦ અદ્ધા—કાળ, તે મુહૂર્ત્ત, પ્રહર, બે પ્રહર, દિવસ, પક્ષ, માસ ઇત્યાદિ જાણવો. અને તે મુહૂર્ત્ત આદિ કાળની મર્યાદાવાળું જે નવકારસી–પોરિસી, સાર્દ્ધપોરિસી–પુરિમડ્ઢ–અવડ્ઢ–એકાસણું ઉપવાસ વગેરે પચ્ચક્ખાણુ તે અદ્ધા પચ્ચક્ખાણુ કહેવાય.

કયું પચ્ચક્ખાણુ કયારે આવે ? તે કહે છે, નવકારશી સૂર્યોદય પછી બે ઘડી વીત્યા બાદ, પોરિસી સૂર્યોદયથી એક પ્રહર પછી, સાર્ધપોરિસી સૂર્યોદય પછી દોઢ પ્રહરે, પુરિમડ્ઢ સૂર્યોદય પછી બે પ્રહરે.

જો રાત્રે ચોવિહાર કર્યો હોય તો જ સવારે ચોથભક્તનું પચ્ચક્ખાણુ થાય છે, ન કર્યો હોય તો અભતટ્ઠનું જ થાય.

પચ્ચક્ખાણુમાં પ્રાસુક પાણી કયારે વપરાય તે કહે છે—એકાસણા, બીયાસણા, આયંબિલ વગેરેમાં વપરાય છે.

અશન—અનાજ, પકવાન્નાદિ, રોટલા, રોટલી, દુધ, રાબ, વગેરે.

પાન—પાણીમાં છાશની આસ, જવનું પાણી, કેરનું પાણી, કાકડીનું પાણી વગેરે.

ખાદિમ—શેકેલા ધાન્ય અને ફળ વગેરે.

**સ્વાદિમ**—સુંઠ, જીરૂ, અજમા. ધાણા, વરીયાળી વગેરે તંબોલ.

## કયા પચ્ચક્ખાણમાં કયા કયા આગાર હોય ?

**નવકારશીમાં**—૧ અન્નત્થણાભોગેણું, ૨ સહસાગારેણું.

**પોરિસીમાં**—૧ અન્નત્થણાભોગેણું, ૨ સહસાગારેણું. ૩ પચ્છન્નકાલેણું, ૪ દિસામોહેણું, ૫ સાહુવયણેણું, ૬ સવ્વસમાહિ વત્તિયાગારેણું, એ છ આગાર પોરિસી અને સાઢપોરસીના છે.

**એકાસણુ, બીયાસણુ અને એકલઠાણાના** આગાર **કહે** છે-૧ અન્નત્થણાભોગેણું, ૨ સહસાગારેણું, ૩ સાગારિઆગારેણું, ૪ આઉંટણપસારેણું, ૫ ગુરુ અબ્ભુટ્ઠાણેણું, ૬ પારિટ્ઠાવણિયાગારેણું, ૭ મહત્તરાગારેણું અને ૮ સવ્વસમાહિવત્તિયાગારેણું એ આઠ આગાર એકાસણા અને બીયાસણમાં આવે, તેમાંથી આઉંટણપસારેણું વિના સાત આગાર એકલઠાણામાં આવે.

**વિગઇ, નીવી અને આયંબિલના** આગાર કહે છે-૧ અન્નત્થણાભોગેણું, ૨ સહસાગારેણું, ૩ લેવાલેવેણું, ૪ ગિહત્થસંસટ્ઠેણું, ૫ ઉક્ખિત્તવિવેગેણું, ૬ પડુચ્ચમક્ખિએણું, ૭ પારિટ્ઠાવણિયાગારેણું, ૮ મહત્તરાગારેણું, ૯ સવ્વસમાહિવત્તિયાગારેણું એ નવ વિગઇ અને નીવીમાં આવે. પડુચ્ચમક્ખિએણું વિના આઠ આગાર આયંબિલમાં આવે.

**ઉપવાસ, પાણસ્સ અને અભિગ્રહાદિકમાં** (૧) અન્નત્થણાભોગેણું, ૨ સહસાગારેણું, ૩ પારિટ્ઠાવણિયાગારેણું

૪ મહત્તરાગારેણં અને ૫ સવ્વસમાહિવત્તિયાગારેણં એ પાંચ ઉપવાસમાં (૧) લેવેણ વા, ૨ અલેવેણ વા, ૩ અચ્છેણ વા, ૪ બહુલેવેણ વા, ૫ સસિત્થેણ વા અને ૬ અસિત્થેણ વા એ છ આગાર પાણીના, સાંજના દિવસ-ચરિમં અંગુટ્ઠસહિયં વગેરેમાં અને અભિગ્રહમાં ૧ અન્નત્થણાભોગેણં, ૨ સહસાગારેણં, ૩ મહત્તરાગારેણં અને ૪ સવ્વસમાહિવત્તિયાગારેણં એ ચાર આગાર હોય છે.

**આગાર**—છૂટ. હવે આગારોના અર્થ કહે છે.

૧ **અન્નત્થણાભોગેણં**—ઉપયોગ વિના ભૂલથી કોઇપણ ચીજ મુખમાં નખાઈ જાય તે.

૨ **સહસાગારેણં**—પોતાની મેળે કોઈ ચીજ ઓચીંતી મુખમાં આવી પડે તે. જેમકે છાશ વલોવતાં છાશનો છાંટો મુખમાં પડે તે.

૩ **પચ્છન્નકાલેણં**—વાદળમાં સૂર્ય હોવાથી ન દેખાય અને અનુમાનથી ઓછા ટાઇમે ભૂલથી પચ્ચક્ખાણ પારે તે.

૪ **દિસામોહેણં**—આંધિ વગેરેથી દિશામાં ફેરફાર થવાથી ખબર ન પડે ને પચ્ચક્ખાણ પારે તે.

૫ **સાહુવયણેણં**—છ ઘડીયે સાધુને બહુ પડિપુન્ના પોરિસી ભણતાં સાંભળીને ઓછા ટાઇમે પચ્ચક્ખાણ પારે તે.

૬ **સવ્વસમાહિ વત્તિયાગારેણં**—રોગની શાંતિ તથા સમાધિ માટે પચ્ચક્ખાણ પારે તે.

૭ **મહત્તરાગારેણં**—મોટાની આજ્ઞાથી સંઘાદિના કાર્યના માટે પચ્ચક્ખાણ પારવું પડે તે.

૮ સાગારિઆગારેણં—કોઇ ચારણાદિ અગર ગૃહસ્થ શંકા લાવવા લાયક હોય અને એકાશન આદિ કરતાં કદાચ ઉઠવું પડે તે.

૯ આઉંટણપસારેણં—હાથ પગ વગેરે અંગોને સંકોચીને રાખવા તે.

૧૦ ગુરુઅબ્ભુટ્ઠાણેણં—ગુરુ અગર વડીલ સાધુ પધારે તેમનો વિનય સાચવવા ઉભું થવું તે.

૧૧ પારિટ્ઠાવણિયાગારેણં—કોઈકારણસર આહાર પરઠવવો પડે તેમ હોય તે વખતે ગુરુ તપસ્વી શિષ્યને જો વપરાવે તો પચ્ચક્ખાણ ન ભાંગે તે.

૧૨ ચોલપટ્ટાગારેણં—જિતેન્દ્રિય મુનિ અભિગ્રહને લીધે વસ્ત્ર રહિત હોય તે વખતે કોઇ ગૃહસ્થ આવે તો ચોલપટ્ટો પહેરી લેવો તે.

૧૩ લેવાલેવેણં—અકલ્પનીય વસ્તુથી ખરડાયેલ વાસણમાં લઇને આપે તો આયંબીલ કે નીવીનો ભંગ ન થાય તે.

૧૪ ગિહત્થસંસટ્ઠેણં—શાખ તથા માંડાદિક ઘી-તેલથી વઘારેલા હોય તે મુનિને વહોરાવે તો નીવી આદિમાં પચ્ચક્ખાણનો ભંગ ન થાય.

૧૫ ઉક્ખિત્તવિવેગેણં—રોટલા રોટલી ઉપરથી પિંડ વિગઇને એટલે ચીકાશવાળા પદાર્થને ગૃહસ્થ લઈ લે અને અલગ મૂકે, તેવો પદાર્થ વાપરવાથી મુનિને નિવિ વગેરેમાં પચ્ચક્ખાણ ન ભાંગે.

૧૬ પડુચ્ચમક્ખિએણં—કાંઇક ઘી આદિકથી આંગળીઓ વડે કણક મસળેલી હોય તો તે વાપરતાં મુનિને નિવિ આદિનો ભંગ ન થાય.

૧૭ લેવેણ વા—કોઇ વાસણ ઓસામણ અગર દ્રાક્ષ, આમલી વગેરેથી લેપાયેલું હોય, તેમાં પાણી હોય તે લેતા દોષ ન લાગે.

૧૮ અલેવેણ વા—છાશની આશનું પાણી લેવાથી દોષ ન લાગે.

૧૯ અચ્છેણ વા—ત્રણ ઉકાળાથી ઉકાળેલું પાણી તે નિર્મળ પાણી.

૨૦ બહુલેવેણ વા—ચોખા, ફળ વગેરેનું ધોવણ તે.

૨૧ સસિત્થેણ વા—આટાના રજકણ સહિત પાણી તે.

૨૨ અસિત્થેણ વા—તે પાણીને લુગડાંથી ગાળેલ હોય તે.

આ રીતે પચ્ચક્ખાણમાં આગારો રખાય છે. આ આગારો=છૂટો હોવાથી પચ્ચક્ખાણનો ભંગ ન થાય. પચ્ચક્ખાણ મન, વચન, કાયાથી શુદ્ધ જ કરવું જોઇએ. વિના કારણે આગારોનો=છૂટનો ઉપયોગ ન કરવો જોઇએ. ભવભીરૂ આત્મા વિના કારણે દોષ ન લગાડે.

## પચ્ચક્ખાણની છ શુદ્ધિ

૧ ફાસિયં-વિધિપૂર્વક ઉચિત કાલે જે પ્રાપ્ત થાય તે.

૨ પાલિયં—વારંવાર યાદ કરવું તે.

૩ **સોહિયં**—ગુરુ આદિનો વિનય કરી, નિમંત્રણ કરીને વાપરે તે.

૪ **તીરિયં**—ઉતાવળ ન કરતાં સમય વીતી ગયા પછી પચ્ચક્ખાણ પારે તે.

૫ **કીટ્ટિયં**—વાપરતી વખતે 'અમુક પચ્ચક્ખાણ છે' એમ યાદ કરે તે.

૬ **આરાહિયં**—આ પ્રમાણે આચરેલું પચ્ચક્ખાણ આરાધ્યું કહેવાય.

આ રીતે પચ્ચક્ખાણ કરતાં આ લોક અને પરલોકમાં સુખના ભાજન થવાય છે. આ લોકમાં **ધમ્મિલકુમાર** વગેરેને અને પરલોકમાં **દામનક** વગેરેને ફળ મળ્યાના દૃષ્ટાંતો છે.

## પચ્ચક્ખાણથી થતો લાભ

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| નવકારસીનું | પચ્ચક્ખાણ | કરવાથી | સો | વર્ષનું | નરકનું | આયુષ્ય | તુટે છે |
| પોરસીનું | ,, | ,, | એક હજાર | ,, | ,, | ,, | ,, |
| સાઢપોરસિનું | ,, | ,, | દશ હજાર | ,, | ,, | ,, | ,, |
| પુરિમડ્ઢનું | ,, | ,, | એક લાખ | ,, | ,, | ,, | ,, |
| નીવીનું | ,, | ,, | એક ક્રોડ | ,, | ,, | ,, | ,, |
| એકલઠાણાનું | ,, | ,, | દશ ક્રોડ | ,, | ,, | ,, | ,, |
| દત્તીનું | ,, | ,, | સો ક્રોડ | ,, | ,, | ,, | ,, |
| આયંબીલનું | ,, | ,, | દશ હજાર ક્રોડ | ,, | ,, | ,, | ,, |
| ઉપવાસનું | ,, | ,, | સો હજાર ક્રોડ | ,, | ,, | ,, | ,, |

આગળ આગળ એકેક પચ્ચક્ખાણ વધે ને દશગુણો લાભ વધારવો.

ઉપર કહ્યા પ્રમાણે લાભો મન-વચન-કાયાની એકાગ્રતાથી કરવાથી મળે. **કાયમ નવકારશી કરનારને નરકમાં જવું પડતું નથી.**

**નમસ્કાર મંત્રના એક અક્ષર, એક પદ અને એક નવકારથી દેવતાનું કેટલું આયુષ્ય બંધાય?**

નવકારનો એક અક્ષર બોલવાથી સાત સાગરોપમનું દેવતાનું આયુષ્ય બંધાય.

નવકારનું એક પદ બોલવાથી પચાસ સાગરોપમનું દેવતાનું આયુષ્ય બંધાય.

સંપૂર્ણ એક નવકાર ગણવાથી પાંચસો સાગરોપમનું દેવતાનું આયુષ્ય બંધાય.

છુટા પારાની નવકારવાળી ગણવાથી ચોપન હજાર સાગરોપમનું દેવાયુ બંધાય.

બાધા પારાની એક નવકારવાળી ગણવાથી પાંચ લાખ સાગરોપમનું દેવાયુ બંધાય.

જેણે નારકીનું આયુષ્ય ન બાંધેલું હોય તેને દેવાયુ બંધાય અને જેણે નારકીનું આયુષ્ય બાંધ્યું હોય તેને ઉપર પ્રમાણે નમસ્કાર મંત્ર ગણવાથી તેટલું નારકીનું આયુષ્ય તુટે છે.

**રાઇય-દેવસિય-પક્ખિય-ચોમાસી અને સંવચ્છરી પ્રતિક્રમણમાં કેટલા શ્વાસોચ્છ્વાસ પ્રમાણ કાઉસ્સગ્ગ હોય?**

એક લોગસ્સના પચીસ શ્વાસોચ્છવાસ થાય અને એક નવકારના આઠ શ્વાસોચ્છ્વાસ થાય.

૧ રાઈય પ્રતિક્રમણમાં પચાસ શ્વાસોચ્છ્વાસ (બે લોગસ્સ) પ્રમાણ કાઉસ્સગ્ગ કરવાનો હોય છે.

૨ દેવસિય પ્રતિક્રમણમાં પણ ૫૦ શ્વાસોચ્છ્વાસ ( બે લોગસ્સ ) પ્રમાણ કાઉસ્સગ્ગ કરવાનો હોય છે.

૩ પક્ખિય પ્રતિક્રમણમાં ત્રણસો શ્વાસોચ્છ્વાસ ( ૧૨ લોગસ્સ ) પ્રમાણ કાઉસ્સગ્ગ કરવાનો હોય છે.

૪ ચઉમાસી પ્રતિક્રમણમાં પાંચસો શ્વાસોચ્છ્વાસ ( ૨૦ લોગસ્સ ) પ્રમાણ કાઉસ્સગ્ગ કરવાનો હોય છે.

૫ સંવચ્છરી પ્રતિક્રમણમાં એક હજારને આઠ શ્વાસોચ્છ્વાસ ( ૪૦ લોગસ્સ અને નવકાર ) પ્રમાણ કાઉસ્સગ્ગ કરવાનો હોય છે.

મન-વચન-કાયાની એકાગ્રતાથી એક શ્વાસોચ્છ્વાસના કાઉસ્સગ્ગમાં ૨૪૫૪૦૮ પલ્યોપમનું દેવતાનું આયુષ્ય બંધાય છે. એક નવકારના કાઉસ્સગ્ગમાં ૧૯૬૩૨૬૭ પલ્યોપમનું દેવતાનું આયુષ્ય બંધાય છે. એક લોગસ્સના કાઉસ્સગ્ગમાં ૬૧૩૫૨૧૦ પલ્યોપમનું દેવાયુ બંધાય છે.

છ આવશ્યકમાં બે પ્રકાર છેઃ-(૧) સામાયિક, ચઉવિસત્થો અને વંદન એ ત્રણે આવશ્યકમાં ભક્તિરાગ હોય છે. અને (૨) પ્રતિક્રમણ, કાઉસ્સગ્ગ અને પચ્ચક્ખાણમાં પ્રીતિરાગ હોય છે.

૧ સામાયિક કરવું તે વર્તમાનકાળ કહેવાય, ૨ આખા દિવસ અને રાતના લાગેલ દોષોની શુદ્ધિ માટે પ્રતિક્રમણ કરવું તે અતીત કાળ કહેવાય અને ૩ પચ્ચક્ખાણ અનાગત કાળનું હોય છે.

## સામાયિકના બત્રીસ દોષો

**૧ મનના દશ દોષો**—આ પ્રમાણે-૧ શત્રુને જોઇ તેના પર દ્વેષ કરવો. ૨ અવિવેક ચિંતવવો. ૩ મનમાં ઉદ્વેગ ધારણ કરવો. ૪ યશની ઇચ્છા કરવી. ૫ વિનય ન કરવો. ૬ ભય ચિંતવવો. ૭ વ્યાપાર ચિંતવવો. ૮ ફળનો સંદેહ કરવો. ૯ નિયાણું કરવું એટલે ફળની ઈચ્છા રાખી ધર્મક્રિયા કરવી. ૧૦ તત્ત્વનો વિચાર ન કરવો.

**૨ વચનના દશ દોષો**—આ પ્રમાણે-૧ ખરાબ વચન બોલવા. ૨ હુંકારા કરવા. ૨ પાપકર્મનો આદેશ આપવો. ૪ લવારો કરવો. ૫ કલહ કરવો. ૬ ક્ષેમકુશલ પૂછી આગત-સ્વાગત કરવું. ૭ ગાળ દેવી. ૮ બાળકને રમાડવું. ૯ વિકથા કરવી. ૧૦ તથા હાંસી કરવી.

**૩ કાયાના બાર દોષો**—આ પ્રમાણે-૧ આસન ચપળ-અસ્થિર કરવું. ૨ ચોતરફ જોયા કરવું. ૩ સાવદ્ય કર્મ કરવું. ૪ અવિનયે બેસવું. ૫ ભીંત વિગેરેને ઓથ દઇને બેસવું. ૬ શરીર પરનો મેલ ઉતારવો. ૭ ખરજ ખણવી. ૮ પગ ઉપર પગ ચડાવવો. ૯ કામવાસનાએ અંગ ઉઘાડા કરવાં. ૧૦ જંતુઓના ઉપદ્રવથી ડરીને ચોતરફથી શરીરને ઢાંકવું. ૧૧ આળસ મરડવી. ૧૨ નિદ્રા લેવી.

## છ આવશ્યક કયાંથી કયાં સુધી ?

૧ **સામાયિક**—ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ દેવસિઅ પડિક્કમણે ઠાઉં, એ સૂત્રથી પ્રતિક્રમણની ક્રિયા શરૂ થાય છે. ત્યાંથી કરેમિભંતેથી પંચાચારની આઠ ગાથાના કાઉસ્સગ્ગ સુધી પહેલું સામાયિક આવશ્યક કહેવાય છે.

૨ **ચઉવ્વિસત્થો**—પંચાચારની આઠ ગાથાના કાઉસ્સગ્ગ પછી જે લોગસ્સ કહેવામાં આવે છે, તે બીજું આવશ્યક.

૩ **વાંદણા**—લોગસ્સ કહ્યા પછી મુહપત્તિ પડિલેહી બે વાંદણા દેવામાં આવે છે તે ત્રીજું વંદન આવશ્યક.

૪ **પડિક્કમણુ**—વાંદણા દીધાં પછી ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ દેવસિઅં આલોઉં ત્યાંથી આયરિય ઉવજ્ઝાએ સુધી પ્રતિક્રમણ નામનું ચોથું આવશ્યક છે. પક્ખિ, ચઉમાસી અને સંવચ્છરી પ્રતિક્રમણનો આ ચોથા આવશ્યકમાં સમાવેશ થાય છે.

૫ **કાઉસ્સગ્ગ**—આયરિય ઉવજ્ઝાએ પછી બે લોગસ્સ, એક લોગસ્સ અને એક લોગસ્સનો જે કાઉસ્સગ્ગ કરવામાં આવે છે તે પાંચમું આવશ્યક.

૬ **પચ્ચક્ખાણુ**—છઠ્ઠું આવશ્યક કાઉસ્સગ્ગ પછી કરવાનું છે. પરંતુ દેવસિ પ્રતિક્રમણમાં તે વખતે પચ્ચક્ખાણનો અવસર નહીં રહેતો હોવાથી પ્રતિક્રમણની શરૂઆતમાં પચ્ચક્ખાણ કરી પાંચમું આવશ્યક પુરું થયા પછી તે સંભારવામાં આવે છે. અને રાઇ પ્રતિક્રમણમાં તો તે વખતે ( છેલ્લા ) પચ્ચક્ખાણ કરવામાં આવે છે.

# શ્રી પચ્ચક્ખાણના સમયનો કોઠો

| માસ | સૂ. ઉ. ક. મિ. | સૂ. અ. ક. મિ. | નવકાર ક. મિ. | પોરિસિ ક. મિ. | સાઢપોરિ ક. મિ. | પુરીમઢ્ઢ ક. મિ | અવઢ્ઢ. ક. મિ. |
|---|---|---|---|---|---|---|---|
| જાન્યુ. ૧ | ૭-૨૨ | ૬—૫ | ૮-૧૦ | ૧૦-૩ | ૧૧—૨૪ | ૧૨-૪૪ | ૩-૨૫ |
| ,, ૧૬ | ૭-૨૫ | ૬-૧૫ | ૮-૧૩ | ૧૦-૮ | ૧૧—૨૯ | ૧૨-૫૦ | ૩-૩૩ |
| ફેબ્રુ. ૧ | ૭-૨૧ | ૬-૨૭ | ૮—૯ | ૧૦-૮ | ૧૧—૩૧ | ૧૨-૫૪ | ૩-૪૧ |
| ,, ૧૬ | ૭-૧૩ | ૬-૩૬ | ૮—૧ | ૧૦-૩ | ૧૧—૩૦ | ૧૨-૫૪ | ૩-૪૬ |
| માર્ચ ૧ | ૭—૪ | ૬-૪૨ | ૭-૫૨ | ૯-૫૯ | ૧૧—૨૬ | ૧૨-૫૩ | ૩-૪૮ |
| ,, ૧૬ | ૬-૫૦ | ૬-૪૮ | ૭-૩૮ | ૯-૫૦ | ૧૧—૨૦ | ૧૨-૪૯ | ૩-૪૯ |
| એપ્રિ. ૧ | ૬-૩૪ | ૬-૫૪ | ૭-૨૨ | ૯-૩૯ | ૧૧—૧૨ | ૧૨-૪૪ | ૩-૪૯ |
| ,, ૧૬ | ૬-૨૦ | ૭—૦ | ૭—૮ | ૯-૩૦ | ૧૧—૫ | ૧૨-૪૦ | ૩-૫૦ |
| મે ૧ | ૬—૮ | ૭—૬ | ૬-૫૬ | ૯-૨૩ | ૧૧—૦ | ૧૨-૩૭ | ૩-૫૨ |
| ,, ૧૬ | ૬—૦ | ૭-૧૩ | ૬-૪૮ | ૯-૧૯ | ૧૦—૫૮ | ૧૨-૩૭ | ૩-૫૫ |
| જુન ૧ | ૫-૫૫ | ૭-૨૦ | ૬-૪૩ | ૯-૧૭ | ૧૦—૫૮ | ૧૨-૩૮ | ૩-૫૯ |
| ,, ૧૬ | ૫-૫૪ | ૭-૨૬ | ૬-૪૨ | ૯-૧૭ | ૧૦—૫૯ | ૧૨-૪૦ | ૪—૩ |
| જુલા. ૧ | ૫-૫૮ | ૭-૨૯ | ૬-૪૬ | ૯-૨૧ | ૧૧—૩ | ૧૨-૪૪ | ૪—૭ |
| ,, ૧૬ | ૬—૪ | ૭-૨૮ | ૬-૫૨ | ૯-૨૫ | ૧૧—૬ | ૧૨-૪૬ | ૪—૭ |
| ઓગ. ૧ | ૬-૧૧ | ૭-૨૧ | ૬-૫૯ | ૯-૨૯ | ૧૧—૮ | ૧૨-૪૬ | ૪—૪ |
| ,, ૧૬ | ૬-૧૭ | ૭-૧૧ | ૭—૫ | ૯-૩૧ | ૧૧—૮ | ૧૨-૪૪ | ૩-૫૮ |
| સપ્ટે. ૧ | ૬-૨૩ | ૬-૫૭ | ૭-૧૧ | ૯-૩૨ | ૧૧—૬ | ૧૨-૪૦ | ૩-૪૯ |
| ,, ૧૬ | ૬-૨૭ | ૬-૪૨ | ૭-૧૫ | ૯-૩૧ | ૧૧—૩ | ૧૨-૩૫ | ૩-૩૯ |
| ઓક્ટો. ૧ | ૬-૩૩ | ૬-૨૭ | ૭-૨૧ | ૯-૩૨ | ૧૧—૧ | ૧૨-૩૦ | ૩-૨૯ |
| ,, ૧૬ | ૬-૩૮ | ૬-૧૩ | ૭-૨૬ | ૯-૩૨ | ૧૦—૫૯ | ૧૨-૨૬ | ૩-૨૦ |
| નવે. ૧ | ૬-૪૬ | ૬—૧ | ૭-૩૪ | ૯-૩૫ | ૧૧—૦ | ૧૨-૨૪ | ૩-૧૩ |
| ,, ૧૬ | ૬-૫૫ | ૫-૫૪ | ૭-૪૩ | ૯-૪૦ | ૧૧—૩ | ૧૨-૨૫ | ૩-૧૦ |
| ડીસે. ૧ | ૭—૫ | ૫-૫૨ | ૭-૫૩ | ૯-૪૭ | ૧૧—૮ | ૧૨-૨૯ | ૩-૧૧ |
| ,, ૧૬ | ૭-૧૫ | ૫-૫૬ | ૮—૩ | ૯-૫૬ | ૧૧—૧૬ | ૧૨-૩૬ | ૩-૧૬ |

**આ વખતમાં પાંચ પાંચ મીનીટ ઉમેરવી**

## જ્ઞેય વસ્તુઓ-આચારની શુદ્ધિ

સામાયિક, પ્રતિક્રમણ ને કાયોત્સર્ગ એ ત્રણ આવશ્યકથી ચારિત્રાચારની શુદ્ધિ ( સંવરતત્ત્વની શુદ્ધિ ) થાય છે. ચઉવીસત્થાથી દર્શનાચારની શુદ્ધિ થાય છે. વંદન આવશ્યકથી જ્ઞાનાચાર, દર્શનાચાર અને ચારિત્રચારની શુદ્ધિ થાય છે. પ્રત્યાખ્યાન આવશ્યકથી તપાચારની શુદ્ધિ થાય છે. અને છએ આવશ્યકોમાં વીર્ય ફોરવવાથી વીર્યાચારની શુદ્ધિ થાય છે.

## પ્રથમ કર્મગ્રંથ સાર સંગ્રહ

મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ ચાર હેતુથી કાર્મણવર્ગણાના પુદ્દગલો આત્મા સાથે બંધાય તે કર્મ કહેવાય. તે કર્મ રૂપી છે, કારણ કે કર્મથી આત્માને ઉપઘાત અને અનુગ્રહ થાય છે. કર્મ અને આત્માનો સંબંધ અનાદિ છે, પણ તથાવિધ સામગ્રીના યોગે અનાદિ સંયોગવાળા કર્મનો પણ નાશ થાય છે. ક્ષીર અને નીરની પેઠે, લોઢું અને અગ્નિની પેઠે આત્મા અને કર્મ એકમેક થઇ જાય છે. તે કર્મ પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશથી ચાર ભેદે છે. પ્રકૃતિ એટલે સ્વભાવ. સ્થિતિ એટલે કાળનું માન. શુભ-અશુભ, તીવ્ર-મંદ અનુભાગ તે રસ અને કર્મપુદ્દગલના દલિકનો સમૂહ તે પ્રદેશ.

### પાંચ જ્ઞાનનું વર્ણન

૧ **મતિજ્ઞાન**—મન અને ઇંદ્રિયોવડે જે જ્ઞાન થાય તે.

૨ **શ્રુતજ્ઞાન**—ભણવાથી-શ્રુતથી જે જ્ઞાન થાય તે.

૨ **અવધિજ્ઞાન**—મર્યાદા પ્રમાણે રૂપી દ્રવ્યનું જાણવું તે.

**૪ મનઃપર્યવજ્ઞાન**–સંજ્ઞી પંચેંદ્રિયના મનોગત ભાવ જાણવાં તે.

**૫ કેવળજ્ઞાન**—એકી સાથે ત્રિકાળ વિષયક સમગ્ર પદાર્થોને જાણવાં તે.

આ પાંચ જ્ઞાનમાં મતિ ને શ્રુત એ બે પરોક્ષ જ્ઞાન છે. એટલે ઈન્દ્રિયથી જાણી શકે. અને અવધિ, મનઃપર્યવ અને કેવળજ્ઞાન એ પ્રત્યક્ષ જ્ઞાન છે. ઇન્દ્રિયોની અપેક્ષા વિના જાણી શકે છે.

## મતિજ્ઞાનના ૨૮ ભેદો

મતિજ્ઞાન અઠ્યાવીસ ભેદે છે તે આ પ્રમાણે—

**વ્યંજનાવગ્રહ ૪ ભેદે**—મન અને ચક્ષુ સિવાય ચાર ઇંદ્રિય (સ્પર્શ૦ રસ૦ ઘ્રાણ અને શ્રોત્ર) થી. મન અને ચક્ષુનો અપ્રાપ્યકારી વિષય હોવાથી તેનો વ્યંજનાવગ્રહ ન હોય.

**અર્થાવગ્રહ છ ભેદે**—પાંચ ઇન્દ્રિય અને મનથી.

**ઇહા છ ભેદે**—પાંચ ઇન્દ્રિય અને મનથી (ઇહા=વિચારણા)

**અપાય છ ભેદે**—પાંચ ઇન્દ્રિય અને મનથી (અપાય=નિશ્ચય)

**ધારણા છ ભેદે**—પાંચ ઈન્દ્રિય અને મનથી (ધારણા=ધારી રાખવું.)

એ પ્રમાણે (૪+૬+૬+૬+૬=૨૮) અઠ્યાવીસ ભેદ થાય.

એ અઠ્યાવીસ ભેદને–૧ બહુ, ૨ અબહુ, ૩ બહુવિધ, ૪ અબહુવિધ, ૫ ક્ષિપ્ર ૬ અક્ષિપ્ર, ૭ નિશ્રિત, ૮ અનિશ્રિત ૯ સંદિગ્ધ, ૧૦ અસંદિગ્ધ, ૧૧ ધ્રુવ, ૧૨ અધ્રુવ. એ બાર ભેદે ગુણતાં ૨૮×૧૨=૩૩૬ ભેદ થાય. તેમાં ૧ ઔત્પાતિકી,

૨ વૈનયિકી, ૩ કાર્મિકી અને ૪ પારિણામિકી એ ચાર બુદ્ધિ ભેળવતાં ૩૩૬+૪=૩૪૦ ભેદ મતિજ્ઞાનના થાય.

તે મતિજ્ઞાની ઓઘે-સામાન્યે આદેશ થકી સર્વ દ્રવ્ય જાણે પણ દેખે નહિ. ક્ષેત્ર થકી મતિજ્ઞાની સર્વક્ષેત્ર-લોકાલોક જાણે પણ દેખે નહિ. કાળથકી મતિજ્ઞાની સર્વકાલ જાણે પણ દેખે નહિ, ભાવ થકી મતિજ્ઞાની સર્વભાવ જાણે પણ દેખે નહિ. મતિજ્ઞાન મુંગું છે, આપણું સ્વરૂપ કોઇને કહી ન શકે. એ મતિજ્ઞાનના ભેદ કહ્યા.

## શ્રુતજ્ઞાનના ૧૪ અને ૨૦ ભેદો

શ્રુતજ્ઞાન બોલતું અક્ષરરૂપ છે, એટલે પરને દીધું જાય છે. તે શ્રુતજ્ઞાન ચોદ અને વીસ ભેદે છે. તેમાં પ્રથમ ચૌદભેદ કહે છે—

૧ **અક્ષરશ્રુત**, ૨ **અનક્ષરશ્રુત**, તે ત્રણ ભેદે છે (૧) સંજ્ઞાક્ષર તે અઢાર ભેદે લીપી, (૨) વ્યંજનાક્ષર તે અકારથી હકાર સુધી પર અક્ષરો, (૩) લબ્ધ્યક્ષર તે અર્થનું જ્ઞાન-ઇસારા પ્રમુખથી સમજાવાય તે. ૩ **સંજ્ઞિશ્રુત**, ૪ **અસંજ્ઞિશ્રુત**, ૫ **સમ્યક્શ્રુત**, ૬ **મિથ્યાશ્રુત**, ૭ **સાદિશ્રુત**, ૮ **અનાદિશ્રુત**, ૯ **સપર્યવસિતશ્રુત**, ૧૦ **અપર્યવસિતશ્રુત**, ૧૧ **ગમિકશ્રુત**, ૧૨ **અગમિકશ્રુત**, ૧૩ **અંગપ્રવિષ્ટશ્રુત** અને ૧૪ **અંગબાહ્યશ્રુત**. એ શ્રુતજ્ઞાનના ચોદ ભેદ કહ્યા.

શ્રુતજ્ઞાન દ્રવ્યથકી એક પુરુષ આશ્રયી સાદિ સપર્યવસિત છે, ઘણા પુરુષ આશ્રયી અનાદિ અપર્યવસિત છે. ક્ષેત્ર થકી ભરત ઐરવત આશ્રયી સાદિ સપર્યવસિત છે અને મહાવિદેહ

આશ્રયી અનાદિ અપર્યવસિત છે. કાળથકી ઉત્સર્પિણી-અવસર્પિણી આશ્રયી સાદિ સપર્યવસિત છે, નોઉત્સર્પિણી-નોઅવસર્પિણી આશ્રયી અનાદિ અપર્યવસિત છે.

હવે શ્રુતજ્ઞાનના વીસ ભેદ કહે છે—

**૧ પર્યાયશ્રુત, ૨ પર્યાયસમાસશ્રુત. ૩ અક્ષરશ્રુત, ૪ અક્ષરસમાસશ્રુત, ૫ પદશ્રુત, ૬ પદસમાસશ્રુત, ૭ સંઘાતશ્રુત, ૮ સંઘાતસમાસશ્રુત, ૯ પ્રતિપત્તિશ્રુત, ૧૦ પ્રતિપત્તિસમાસશ્રુત, ૧૧ અનુયોગશ્રુત, ૧૨ અનુયોગસમાસશ્રુત, ૧૩ પ્રાભૃતપ્રાભૃતશ્રુત, ૧૪ પ્રાભૃતપ્રાભૃતસમાસશ્રુત, ૧૫ પ્રાભૃતશ્રુત, ૧૬ પ્રાભૃતસમાસશ્રુત, ૧૭ વસ્તુશ્રુત, ૧૮ વસ્તુસમાસશ્રુત, ૧૯ પૂર્વશ્રુત** અને ૨૦ **પૂર્વસમાસશ્રુત.** આ પ્રમાણે શ્રુતજ્ઞાનના ૨૦ ભેદો જાણવા. તે શ્રુતજ્ઞાની દ્રવ્યથી સર્વ દ્રવ્ય જાણે દેખે, ક્ષેત્રથકી ઉપયોગી શ્રુતજ્ઞાની સર્વ ક્ષેત્ર લોકાલોક જાણે દેખે, કાળથકી ઉપયોગવંત શ્રુતજ્ઞાની સર્વકાળ જાણે દેખે, ભાવથકી ઉપયોગવંત શ્રુતજ્ઞાની સર્વભાવ જાણે દેખે. માટે સંપૂર્ણ શ્રુતજ્ઞાની તે કેવળી સરખો કહીએ.

## અવધિજ્ઞાનના ૭ ભેદ

૧ **અનુગામિ**—લોચનની પેઠે સાથે જ આવે.

૨ **અનનુગામિ**—જે સ્થાને અવધિજ્ઞાન ઉત્પન્ન થાય, તે સ્થાને આવે ત્યારે જ હોય પછી ન હોય, તે સાંકળે બાંધેલા દીપકની જેવું.

૩ **વર્ધમાન**—વધતું જાય તે.

૪ **હીયમાન**—ઘટતું જાય તે.

૫ **પ્રતિપાતિ**—આવેલું ચાલ્યું જાય તે. એકીસાથે ચાલ્યું જાય.

૬ **અપ્રતિપાતિ**—આવેલું ન જાય તે.

અવધિજ્ઞાની દ્રવ્યથી જઘન્યપણે અનંતારૂપી દ્રવ્ય જાણે દેખે, ઉત્કૃષ્ટપણે સર્વરૂપી દ્રવ્ય જાણે દેખે. ક્ષેત્રથકી અવધિજ્ઞાની જઘન્યથી અંગુલનો અસંખ્યાતમો ભાગ જાણે દેખે, ઉત્કૃષ્ટપણે અલોકને વિષે લોક જેવડાં અસંખ્યાતા ખંડુક જાણે દેખે. કાળથકી અવધિજ્ઞાની જઘન્યથી આવલિકાનો અસંખ્યાતમો ભાગ જાણે દેખે. ઉત્કૃષ્ટપણે અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી લગે અતીત-અનાગતકાળ જાણે દેખે ભાવથકી અવધિજ્ઞાની જઘન્ય-ઉત્કૃષ્ટ અનંતાભાવ જાણે દેખે.

વિભંગજ્ઞાન તે અવધિજ્ઞાનનો ભેદ છે. તેમાં અવલું-સવલું દેખે.

અવધિજ્ઞાન ૧ ભવપ્રત્યયિક અને ૨ ગુણપ્રત્યયિક એમ બે ભેદે પણ છે. ભવપ્રત્યયિક દેવ-નારકોને હોય છે. અને ગુણપ્રત્યયિક મનુષ્ય-તિર્યંચોને હોય છે.

## મનઃપર્યવજ્ઞાનના બે ભેદ

મનઃપર્યવજ્ઞાન બે ભેદે છે. ૧ ઋજુમતિ અને ૨ વિપુલમતિ. **ઋજુમતિ** તે સામાન્યપણે મનના અધ્યવસાય જાણે છે. અને **વિપુલમતિ** વિશેષ પ્રકારે મનના અધ્યવસાય જાણે છે.

તે મનઃપર્યવજ્ઞાની ઋજુમતિ દ્રવ્યથી અનંતાનંત પ્રદેશી સ્કંધ જાણે દેખે. અને વિપુલમતિ તેજ સ્કંધો અધિક દેખે. ક્ષેત્રથકી ઋજુમતિ હેઠે રત્નપ્રભાના ક્ષુલ્લક પ્રતર લગે, ઉંચું જ્યોતિષીના ઉપરના તલા લગે, તીર્છું અઢીદ્વીપમાંહે એટલે અઢીદ્વીપ અને બે સમુદ્રમાં આવેલ પન્નર કર્મભૂમિ, ત્રીશ અકર્મ-ભૂમિ અને છપ્પન અંતરદ્વીપને વિષે સંજ્ઞી પંચેંદ્રિય પર્યાપ્તાના મનોગત ભાવ જાણે દેખે. વિપુલમતિ તેજ ક્ષેત્ર અઢી અંગુલ વધુ દેખે. કાળથકી ઋજુમતિ જઘન્યથી અને ઉત્કૃષ્ટથી પલ્યો-પમનો અસંખ્યાતમો ભાગ અતીત-અનાગત કાળ જાણે દેખે. વિપુલમતિ તે અધિક અને વિશુદ્ધ દેખે. ભાવથકી ઋજુમતિ અનંતાભાવ જાણે દેખે અને વિપુલમતિ તેજ ભાવો અધિક દેખે.

## કેવલજ્ઞાન

કેવલજ્ઞાન એક પ્રકારે છે. સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ સમકાળે સામટું જ દેખે-જાણે.

## ચાર દર્શનનું વર્ણન

દર્શન એટલે સામાન્ય ઉપયોગ. દર્શન ચાર પ્રકારે છે. ૧ ચક્ષુદર્શન, ૨ અચક્ષુદર્શન, ૩ અવધિદર્શન અને ૪ કેવલ-દર્શન.

૧ **ચક્ષુદર્શન**—આંખથી દેખે તે.

૨ **અચક્ષુદર્શન**—આંખ સિવાયની બીજી ઇંદ્રિયો અને મનવડે જાણે તે.

૩ **અવધિદર્શન**—મર્યાદા પ્રમાણે રૂપી દ્રવ્યોને સામાન્યપણે દેખે તે.

૪ **કેવળદર્શન**—સર્વ પદાર્થને એકીસાથે દેખે તે.

## સાત ચારિત્રનું વર્ણન

ચારિત્ર સાત પ્રકારે છે. તે આ પ્રમાણે—

૧ **સામાયિક ચારિત્ર**—સમભાવ રાખવો તે.

૨ **છેદોપસ્થાપનીય**—દોષ લાગે તો ફરી સ્વીકારે તે અગર વડી દીક્ષા ગ્રહણ કરે તે.

૩ **પરિહારવિશુદ્ધિ**—તપ વડે શુદ્ધિ કરવી તે.

૪ **સૂક્ષ્મસંપરાય**—અંદર થોડો પણ કષાય હોય તે.

૫ **યથાખ્યાત**—કષાય રહિતપણું-જેનાથી મુક્તિ મેળવાય તે.

૬ **દેશવિરતિ**—ગૃહસ્થના બાર વ્રત રૂપ.

૭ **અવિરતિ**—પચ્ચક્ખાણ ન કરે તે.

## બાર ભેદે તપ

છ બાહ્ય અને છ અભ્યંતર એમ તપ બાર ભેદે છે.

૧ **અનશન**, ૨ **ઊણોદરી**, ૩ **ઇચ્છાનો રોધ**, ૪ **રસનો ત્યાગ**, ૫ **લોચાદિ કષ્ટ સહન કરવા**, અને ૬ **અંગોપાંગોને સંકોચી રાખવા.** એ છ પ્રકારે બાહ્ય તપ છે.

હવે અભ્યંતર તપના ભેદો કહે છે.

૧ **પ્રાયશ્ચિત્ત**—લાગેલા દોષોનું ગુરુ આગળ પ્રાયશ્ચિત્ત લેવું તે.

૨ વિનય—ગુરુ આદિ વડીલોનો વિનય કરવો તે.

૩ વૈયાવચ્ચ—ગુરુ આદિની વૈયાવચ્ચ કરવી તે.

૪ સ્વાધ્યાય—(૧) વાચના, (૨) પૃચ્છના, (૩) પરાવર્ત્તના, (૪) અનુપ્રેક્ષા અને (૫) ધર્મકથા. એ પાંચ પ્રકારે સ્વાધ્યાય કરવો તે.

૫ ધ્યાન—ધર્મધ્યાન અને શુકલધ્યાન ધ્યાવું તે.

૬ કાઉસ્સગ્ગ—કાયાનો વોસિરાવવી. કર્મક્ષય નિમિત્તે ૧૦, ૨૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો તે.

## આઠ કર્મો

૧ જ્ઞાનાવરણીય, ૨ દર્શનાવરણીય, ૩ વેદનીય, ૪ મોહનીય, ૫ આયુષ્ય, ૬ નામકર્મ, ૭ ગોત્રકર્મ અને ૮ અંતરાયકર્મ એ આઠ કર્મો છે.

૧ જ્ઞાનાવરણ—આત્માના જ્ઞાન ગુણનું આચ્છાદન કરે તે. તેની પાંચ પ્રકૃતિ છે. (૧) મતિજ્ઞાનાવરણ, (૨) શ્રુતજ્ઞાનાવરણ. (૩) અવધિજ્ઞાનાવરણ, (૪) મનઃપર્યવ જ્ઞાનાવરણ અને (૫) કેવલજ્ઞાનાવરણ.

૨ દર્શનાવરણ—આત્માના દર્શન ગુણનું આવરણ કરે તે. તેના નવ ભેદો છે-(૧) ચક્ષુદર્શનાવરણ, (૨) અચક્ષુદર્શનાવરણ, (૩) અવધિદર્શનાવરણ, (૪) કેવલદર્શનાવરણ, અને પાંચ નિદ્રા તે (૫) નિદ્રા, (૬) નિદ્રા નિદ્રા, (૭) પ્રચલા, (૭) પ્રચલા પ્રચલા અને (૯) થીણદ્ધિ.

૩ **વેદનીયકર્મ**—વેદનીયકર્મ બે ભેદે છે-૧ શાતાવેદનીય, ૨ અશાતાવેદનીય. સુખથી ભોગવાય તે શાતાવેદનીય અને કષ્ટથી ભોગવાય તે અશાતાવેદનીય.

૪ **મોહનીય કર્મ**—બે પ્રકારે છે-(૧) દર્શનમોહનીય અને (૨) ચારિત્રમોહનીય. દર્શનમોહનીય ત્રણ પ્રકારે છે. ૧ સમ્યક્ત્વમોહનીય, ૨ મિશ્રમોહનીય અને ૩ મિથ્યાત્વ મોહનીય. અને ચારિત્ર મોહનીય સોળ કષાય અને નવ નોકષાયના ભેદે કરી ૨૫ પ્રકારે છે. તે આ પ્રમાણે—

**૧૬ કષાયો**

| | |
|---|---|
| અનંતાનુબંધી | ક્રોધ-માન-માયા-લોભ. |
| અપ્રત્યાખ્યાની | ,, ,, ,, ,, |
| પ્રત્યાખ્યાની | ,, ,, ,, ,, |
| સંજ્વલન | ,, ,, ,, ,, |

**નવ નોકષાયો**—હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા, પુરૂષવેદ, સ્ત્રીવેદ અને નપુંસક વેદ. એ પ્રમાણે ત્રણ ભેદે દર્શન મોહનીય અને પચીશ ભેદે ચારિત્રમોહનીય મળી (૩+૨૫=)૨૮ પ્રકારે મોહનીય કર્મ છે. દર્શનમાં મુંઝવે તે દર્શન મોહનીય અને ચારિત્રમાં મુંઝવે તે ચારિત્ર મોહનીય.

૫ **આયુષ્યકર્મ**—આ કર્મ ચાર ભેદે છે—૧ દેવાયુ, ૨ મનુષ્યાયુ, ૩ તિર્યંગાયુ અને ૪ નરકાયુ. જે ગતિનું આયુષ્ય બાંધ્યું હોય તે ગતિમાં જવું પડે.

૬ **નામકર્મ**—આ કર્મ જુદી જુદી રીતે ગણતાં ૧૦૩

પ્રકારે, ૯૩ પ્રકારે, ૬૭ પ્રકારે તથા ૪૨ પ્રકારે પણ છે.

૧૦૩ પ્રકારે નીચે પ્રમાણે.

૪ **ગતિ**—નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ.

૫ **જાતિ**—એકેંદ્રિય, બેઇંદ્રિય, તેઇંદ્રિય. ચઉરિંદ્રિય અને પંચેંદ્રિય.

૫ **શરીર**—ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, અને કાર્મણ

૩ **ઉપાંગ**—ઔદારિકોપાંગ, વૈક્રિયોપાંગ અને આહરકોપાંગ.

૧૫ **બંધન**—૧ ઔદારિક ઔદારિકબંધન, ૨ ઔદારિક તૈજસ બંધન, ૩ ઔદારિક કાર્મણબંધન, ૪ ઔદારિક તૈજસ કાર્મણ બંધન, ૫ વૈક્રિય વૈક્રિય બંધન, ૬ વૈક્રિયતૈજસબંધન, ૭ વૈક્રિય કાર્મણ બંધન, ૮ વૈક્રિય તૈજસ કાર્મણ બંધન, ૯ આહારક આહારક બંધન, ૧૦ આહરક તૈજસ બંધન, ૧૧ આહાક કાર્મણ બંધન, ૧૨ આહારક તૈજસ કાર્મણ બંધન, ૧૩ તૈજસ તૈજસ બંધન, ૧૪ કાર્મણ કાર્મણ બંધન, ૧૫ તૈજસ કાર્મણ બંધન.

૫ **સંઘાતન**—ઔદારિક સંઘાતન, વૈક્રિય સંઘાતન, આહારક સંઘાતન, તૈજસ સંઘાતન અને કાર્મણ સંઘાતન.

૬ **સંઘયણ**—વજ્રઋષભનારાચ, રૂષભનારાચ, નારાચ, અર્ધ નારાચ, કીલિકા અને છેવઠું.

૬ **સંસ્થાન**—સમચતુરસ્ર, ન્યગ્રોધ, સાદિ, કુબ્જ, વામન અને હુંડક.

૨૦ **વર્ણચતુષ્કની**—વર્ણ ૫, ગંધ ૨, રસ ૫ અને સ્પર્શ ૮.

૪ **આનુપૂર્વી**—નરકાનુપૂર્વી, તિર્યંગાનુપૂર્વી, મનુષ્યાનુપૂર્વી અને દેવાનુપૂર્વી.

૨ **વિહાયોગતિ**—શુભ વિહાયોગતિ અને અશુભ વિહાયોગતિ.

૮ **પ્રત્યેક પ્રકૃતિ**—પરાઘાત, ઉશ્વાસ, આતપ, ઉદ્યોત, અગુરુલઘુ, તીર્થંકર, નિર્માણ, અને ઉપઘાત.

૧૦ **ત્રસદશક**—ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર, શુભ, સૌભાગ્ય, સુસ્વર, આદેય અને યશ.

૧૦ **સ્થાવરદશક**—સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ અસ્થિર, અશુભ, દૌર્ભાગ્ય, દુસ્વર, અનાદેય અને અયશ.

એ પ્રમાણે નામકર્મની ૧૦૩ પ્રકૃતિ થાય છે. બંધન ૧૫ ને બદલે ફક્ત ૫ શરીરના નામે પાંચ ગણીયે તો ૯૩ થાય. અને ૧૫ બંધન અને ૫ સંઘાતનને જુદા ન ગણતાં પાંચ શરીરમાં જ ગણી લઇયે અને વર્ણચતુષ્કની અલગ અલગ ૨૦ પ્રકૃતિ ન ગણતાં સામાન્યથી વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ એ ચાર જ ગણીયે તો કુલ (૧૫+૫+૧૬=) ૩૬ પ્રકૃતિ એકસો ત્રણમાંથી ઓછી થતાં નામકર્મની ૬૭ પ્રકૃતિ બંધ-ઉદયમાં ગણાય છે. અને સામાન્યથી ૧૪ પિંડ પ્રકૃતિ, ( ગતિ-જાતિ વગેરે ) ૮ પ્રત્યેક પ્રકૃતિ, ૧૦ ત્રસ દશકની અને ૧૦ સ્થાવરદશકની ગણીયે તો ૪૨ પ્રકૃતિ પણ નામકર્મની અપેક્ષાએ ગણી શકાય.

૭ **ગોત્રકર્મ**—બે પ્રકારે છે. ઉચ્ચગોત્ર અને નીચગોત્ર.

૮ **અંતરાયકર્મ**—પાંચ પ્રકારે છે, દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય અને વીર્યાંતરાય.

**બંધમાં**—નામકર્મની ૬૭ અને મોહનીયકર્મની ( સમ્યક્ત્વ મોહ૦ અને મિશ્રમોહ૦ વિના ) ૨૬ અને બીજા છ કર્મની ( ૫+૯+૨+૪+૨+૫ ) ૨૭ મળી કુલ ૧૨૦ પ્રકૃતિ બંધમાં હોય છે.

**ઉદય–ઉદીરણામાં**—નામકર્મની ૬૭, મોહનીયકર્મની ૨૮ અને બીજા છ કર્મની ૨૭ મળી કુલ ૧૨૨ પ્રકૃતિ હોય છે

**સત્તામાં**—નામકર્મની ૧૦૩, મોહનીયકર્મની ૨૮ અને બીજા છ કર્મની ૨૭ મળી કુલ ૧૫૮ હોય છે.

## આઠ કર્મની સ્થિતિ.

૧ જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય અને અંતરાય એ ચાર કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૦ કોડાકોડી સાગરોપમ છે.

૨ મોહનીયકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૭૦ કોડાકોડી સાગરોપમની છે.

૩ નામ અને ગોત્રકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૦ કોડાકોડી સાગરોપમ છે.

૪ આયુષ્યકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૩ સાગરોપમ છે.

---

૧ વેદનીયકર્મની જઘન્ય સ્થિતિ ૧૨ મુહૂર્ત્ત છે.

૨ નામ અને ગોત્રની જઘન્ય સ્થિતિ ૮ મુહૂર્ત્ત.

૩ બાકીના ૫ કર્મોની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત્ત છે.

## આઠ કર્મમાં ઘાતી અને અઘાતી

ચાર કર્મો ઘાતી છે. (૧) જ્ઞાનાવરણીય, (૨) દર્શનાવરણીય, (૩) મોહનીય અને (૪) અંતરાય એ ચાર કર્મ ઘાતી છે.

વેદનીય-આયુષ્ય-નામ અને ગોત્ર એ ચાર અઘાતી છે.

ઘાતી એટલે આત્માના ગુણોનો ઘાત કરે તે, અને એ ચાર ઘાતીકર્મોનો ક્ષય ન થાય ત્યાં સુધી કેવલજ્ઞાન ન થાય. એ ચારના સર્વથા ક્ષયે જ કેવલજ્ઞાન થાય.

ઘાતીકર્મ આત્માને રડાવે છે જ્યારે અઘાતીકર્મ પુદ્ગલને રડાવનારૂં છે. સંપૂર્ણ કર્મના ક્ષયે જ મોક્ષપ્રાપ્તિ થાય છે.

**હવે આઠ કર્મો કોના જેવા છે? અને તે આઠે કર્મો આત્માના કયા કયા ગુણોને રોકે છે? તેનું યંત્ર.**

| નામ | કોના જેવું | કયા ગુણને રોકે |
|---|---|---|
| ૧ જ્ઞાનાવરણીય | આંખના પાટા જેવું | અનંતજ્ઞાનને રોકે |
| ૨ દર્શનાવરણીય | પોળીયા જેવું | અનંતદર્શનને રોકે |
| ૩ વેદનીય | તરવારની ધાર જેવું | અવ્યાબાધ સુખને રોકે |
| ૪ મોહનીય | મદિરા જેવું | અનંત ચારિત્રને રોકે |
| ૫ આયુષ્ય | હેડ (બેડી) સરખું | અક્ષયસ્થિતિને રોકે |
| ૬ નામકર્મ | ચિતારા જેવું | અરૂપીગુણને રોકે |
| ૭ ગોત્રકર્મ | કુંભારે ઘડેલા ઘડા જેવું | અગુરુલઘુપણાને રોકે |
| ૮ અંતરાય કર્મ | ભંડારી જેવું | અનંત દાનાદિ લબ્ધિને રોકે |

# દ્વિતીય કર્મગ્રંથ વિચાર

## ગુણઠાણા સંબંધી સંક્ષેપથી વિચાર

ચૌદ ગુણઠાણાના નામો આ પ્રમાણે છેઃ—

(૧) મિથ્યાત્વ ગુણઠાણું (૨) સાસ્વાદન ગુણઠાણું (૩) મિશ્ર ગુણઠાણું (૪) અવિરત સમ્યગ્દૃષ્ટિ ગુણઠાણું (૫) દેશ-વિરતિ ગુણઠાણું (૬) પ્રમત્ત ગુણઠાણું (૭) અપ્રમત્ત ગુણઠાણું (૮) અપૂર્વકરણ ગુણઠાણું (૯) અનિવૃત્તિ બાદર સંપરાય ગુણ-ઠાણું (૧૦) સૂક્ષ્મ સંપરાય ગુણઠાણું (૧૧) ઉપશાંત મોહ વીતરાગ છદ્મસ્થ ગુણઠાણું (૧૨) ક્ષીણ મોહ વીતરાગ છદ્મસ્થ ગુણઠાણું (૧૩) સયોગી કેવળી ગુણઠાણું (૧૪) અયોગી કેવળી ગુણઠાણું. એ ચૌદ ગુણસ્થાનકો જાણવા.

## હવે ગુણઠાણાનાં લક્ષણ તથા સ્થિતિ કહે છે–

**પહેલું મિથ્યાત્વ** ગુણસ્થાનક છે. આ ગુણઠાણે જીવ મિથ્યાત્વ મોહનીયના ઉદયથી શુદ્ધ દેવ, શુદ્ધ ગુરુ અને શુદ્ધ ધર્મ વિમુખ રહી, કુદેવ–કુગુરુ અને કુધર્મને અંગીકાર કરે, તથા જિનાગમથી વિપરીત ચાલે, તેને મિથ્યાત્વી કહીયે. અહીંયા કોઇ શંકા કરે કે–મિથ્યાત્વ દોષથી કેમ એને ગુણઠાણું કહીએ ? તેનો ઉત્તર એ છે કે મિથ્યાત્વી પણ મુક્તિના હેતુ રૂપ ક્રિયા કરે છે આ અપેક્ષાયે તેને ગુણઠાણું કહીયે. તેની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ સમ્યક્ત્વથી પતિતને આશ્રયી દેશોન અર્ધ પુદ્ગલ પરાવર્તન કાળ જાણવો.

**બીજું સાસ્વાદન** ગુણઠાણું કહે છે. ઉપશમ સમકિત પામી જઘન્ય એક સમય તથા ઉત્કૃષ્ટ છ આવલિકા શેષ કાળ

હોતે થકે અનંતાનુબંધી કષાયના ઉદયથી સમકિત પામતા થકા ક્ષીરના સ્વાદ સરખો ભાવ મિથ્યાત્વ ગુણઠાણું પામ્યા પહેલા જે હોય એટલે કોઇ માણસે ખીર ખાધેલી હોય તેને ઉલટી થતાં ખીરનો સ્વાદ જેમ મોઢામાં રહી જાય તેમ સાસ્વાદન ગુણઠાણું જાણવું. તેનો કાળ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ છ આવલિકા છે.

**ત્રીજું મિશ્ર** ગુણઠાણું કહે છે. મિશ્ર મોહનીયના ઉદયથી જિનધર્મ ઉપર રુચિ ન થાય, તેમ અરુચિ પણ ન થાય. એવો જે અધ્યવસાય હોય, તેને મિશ્ર ગુણઠાણું કહીયે. તેનો કાળ જઘન્ય તથા ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તનો છે.

**ચોથું અવિરતિ સમ્યગ્દૃષ્ટિ** ગુણઠાણું કહે છે. અવિરતિ ગુણઠાણે અપ્રત્યાખ્યાનીય કષાયોદયે વ્રત-પચ્ચક્ખાણ આદરી શકે નહીં. તેના ત્રણ ભેદ દૃષ્ટાંતે કહે છે. મૂળ પચ્ચક્ખાણના આઠ ભાંગા કહે છે. તેમાં ચાર ભાંગે મિથ્યાત્વી છે. અને ૫-૬-૭ ભાંગા અવિરતિ જીવોને માટે છે. અને આઠમો શુદ્ધ ભાંગો દેશવિરતિને માટે ઘટી શકે છે. તે આ પ્રમાણેઃ-

(૧) ન જાણે ન આદરે ન પાળે. સર્વ જીવો આશ્રયિ.
(૨) ન જાણે ન આદરે પાળે. અજ્ઞાન તપસ્વી.
(૩) ન જાણે આદરે ન પાળે. પાર્શ્વસ્થ આદિ.
(૪) ન જાણે આદરે પાળે. અગીતાર્થાદિ.
(૫) જાણે ન આદરે ન પાળે. શ્રેણીકાદિ.
(૬) જાણે ન આદરે પાળે. અનુત્તરવાસી દેવ.
(૭) જાણે આદરે ન પાળે. સંવિગ્નપાક્ષિક.
(૮) જાણે આદરે પાળે દેશવિરતિ-સર્વવિરતિ.

ઉપરના ૫-૬ અને ૭ મા ભાંગે વર્તતા ક્ષાયિક, ઔપશમિક અને વેદક એ ત્રણમાંથી એક સમકિત નિયમા પામે. જે જિનભક્તિમાં યથાશક્તિ પ્રવર્તે. તેનો કાળ જઘન્ય અંતર્મુહૂર્તનો અને ઉત્કૃષ્ટ તેત્રીશ સાગરોપમ હોય છે.

(૫) **પાંચમું દેશવિરતિ** ગુણઠાણું કહે છે—દેશવિરતિ જે શ્રાવક પોતાનો આચાર-બાર વ્રત એકવીશ ગુણોએ કરીને યુક્ત, સમકિત ગુણસહિત હોય. તેને ઉપર કહેલ આઠમો ભાંગો ઘટે. અહીં સમ્યક્ત્વ સહિત નવકારશી કરે તેમ જાણવું. તેનો કાળ જઘન્ય અંતર્મુહૂર્તનો અને ઉત્કૃષ્ટ દેશોન પૂર્વક્રોડ વર્ષ લગે રહે છે.

(૬) **છઠ્ઠું પ્રમત્ત** ગુણઠાણું—ચારિત્ર લીધું પણ અધ્યવસાયો પ્રમાદ-વિષય-કષાય-નિદ્રા અને વિકથાયે કરીને મલીન હોય છે. તેનો કાળ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પ્રમત્ત-અપ્રમત્ત મળીને દેશોન પૂર્વક્રોડ વર્ષ રહે છે.

(૭) **સાતમું અપ્રમત્ત** ગુણઠાણું કહે છે—પ્રમાદ રહિત અનંતગુણ વિશુદ્ધ નિશ્ચય ચારિત્રને વિષે સ્થિરતા સહિત જે અધ્યવસાય તે. તેની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પ્રમત્ત-અપ્રમત્ત મળીને દેશોન પૂર્વક્રોડ વર્ષ રહે.

(૮) **આઠમું અપૂર્વકરણ** અથવા **નિવૃત્તિકરણ** ગુણઠાણું કહે છે—ચારિત્ર મોહનીયની એકવીશ પ્રકૃતિ ખપાવવા તથા ઉપશમાવવા રૂપ અત્યંત વિશુદ્ધ અધ્યવસાયભેદે કરી નિવૃત્તિ કહેતાં ફેરફાર અધ્યવસાયોમાં હોય, એનું નામ નિવૃત્તિકરણ ગુણઠાણું કહીએ. અહીં સમયે સમયે અનંત ગુણ વિશુદ્ધ હોય. તેનો કાળ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત છે.

(૯) **નવમું અનિવૃત્તિ બાદર સંપરાય** ગુણઠાણું કહે છે—આ ગુણઠાણે એક સમયે અનેક જીવ ચઢે પણ તેમના અધ્યવસાયમાં ફેરફાર ન હોય, તેથી તેનું નામ અનિવૃત્તિ બાદર ગુણઠાણું કહ્યું. કારણ કે અહીં કષાયના મોટા મોટા ખંડ કરે, તેથી બાદર સંપરાય નામ જાણવું. તેનો કાળ અંતર્મુહૂર્ત્તનો છે.

(૧૦) **દશમું સૂક્ષ્મ સંપરાય** ગુણઠાણું કહે છે—શેષ રહેલી મોહનીય કર્મની પ્રકૃતિનો ક્ષય તથા ઉપશમ થતા જે વિશુદ્ધ અધ્યવસાય તે સૂક્ષ્મ સંપરાય કહીએ. અહીંયા કષાયના સૂક્ષ્મ ખંડ કરે. માટે તેનો કાળ જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્તનો જાણવો.

(૧૧) **અગીયારમું ઉપશાંતમોહ** ગુણઠાણું કહે છે—મોહનીયના ઉપશમથી અધ્યવસાય નિર્મળ થાય પરન્તુ સત્તાએ કષાય રહે છે. તેનો ઉદય આવે તો મેલા થવાનો સંભવ છે. તેનું નામ ઉપશાંત મોહનીય અને છદ્મસ્થ=વીતરાગ ગુણઠાણું કહીયે. અહીં અવશ્ય જો મરણ પામે તો અનુત્તર-વાસી દેવતા થાય અને ચોથે ગુણઠાણે આવીને રહે. અન્યથા પડે. દશમે આવીને પણ રહે તથા નવમે–આઠમે–સાતમે પણ રહે અથવા પહેલે પણ આવે. તેનો કાળ જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્ત.

(૧૨) **બારમું ક્ષીણમોહ વીતરાગ** ગુણઠાણું કહે છે—અહીંઆ મોહનીય કર્મની સર્વ પ્રકૃતિ ખપાવે થકે અત્યંત વિશુદ્ધ અધ્યવસાય છે. તેનો કાળ જઘન્ય અને ઉત્કૃષ્ટ અંત-ર્મુહૂર્ત્તનો છે.

(૧૩) **તેરમું સયોગી કેવળી ગુણઠાણું** કહે છે—કેવળજ્ઞાન પામ્યા પછી જ્યાંસુધી બાદર મન-વચન-કાયાનો યોગ એટલે વેપાર પ્રવર્તે, હાલે-ચાલે-બોલે ત્યાંસુધી સયોગી કેવળી ગુણઠાણું કહીએ. ઘાતી ચારે કર્મનો ક્ષય થવાથી કેવળજ્ઞાનવંત હોય. તેનો કાળ જઘન્ય અંતર્મુહૂર્ત્તનો, ઉત્કૃષ્ટ દેશોન પૂર્વક્રોડ વરસ હોય છે.

(૧૪) **ચૌદમું અયોગી કેવળી ગુણઠાણું** કહે છે—શુક્લધ્યાનનો ચોથો પાયો ધ્યાવતાં બાદર યોગના અભાવે સૂક્ષ્મ કાયયોગે અયોગી કેવળી ગુણઠાણું જાણવું. તેનો કાળ જઘન્ય-ઉત્કૃષ્ટ પાંચ હૃસ્વાક્ષર ઉચ્ચારણ માત્ર. અહિં શૈલેશીકરણ કરે તે કરીને ઋજુ શ્રેણીએ એક સમયે સમયાંતરને અણ-ફરસતો થકો મોક્ષે જાય. આ રીતે ચૌદે ગુણસ્થાનકનું સ્વરૂપ કહ્યું.

## હવે ગુણઠાણાને વિષે બંધ કહે છે

ઓઘે સામાન્યથી ૧૨૦ નો બંધ હોય છે. જ્ઞાનાવરણીયની પાંચ, દર્શનાવરણીયની નવ, વેદનીયની બે, મોહનીયની છવ્વીસ, આયુષ્યની ચાર, નામકર્મની સડસઠ, ગોત્ર કર્મની બે અને અંતરાય કર્મની પાંચ. એમ સર્વ મળીને ઓઘે એકસો ને વીશ બંધાય.

મિથ્યાત્વ ગુણઠાણે ૧૧૭ નો બંધ છે. જિનનામકર્મ તથા આહારકદ્વિક આ ત્રણ પ્રકૃતિનો અબંધ છે. જિનનામકર્મ તથા આહારકદ્વિક આગળ બંધાશે. અબંધ એટલે આગળ એ પ્રકૃતિ બંધાય. આ ગુણઠાણે આઠે કર્મ હોય છે. ઉપર કહેલી ૧૨૦ માંથી ત્રણ નામકર્મની જાય. ત્રણનો અબંધ થયો.

સાસ્વાદન ગુણઠાણે બંધ કહે છે–મનુષ્યને ઓઘે ૧૨૦ નો બંધ તેમાંથી જિનનામ ને આહારકદ્વિક વિના પહેલે મિથ્યાત્વ ગુણઠાણે ૧૧૭ નો બંધ હોય. તેમાંથી નરકત્રિક, સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ, એકેંદ્રિય જાતિ, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિંદ્રિય જાતિ, તથા સ્થાવર નામકર્મ, આતપ નામકર્મ, મિથ્યાત્વ મોહનીય, નપુંસકવેદ, હુંડક સંસ્થાન, છેવટ્ઠું સંઘયણ એ સોળ મિથ્યાત્વને અંતે જાય એટલે સાસ્વાદન ગુણઠાણે ૧૦૧ પ્રકૃતિઓ બંધાય.

તેમાંથી તિર્યંચત્રિક, થિણદ્ધિત્રિક, દુર્ભાગ્યત્રિક, અનંતાનુબંધિ ચતુષ્ક, મધ્ય સંસ્થાન ચતુષ્ક, મધ્ય સંઘયણ ચતુષ્ક, નીચગોત્ર, ઉદ્યોતનામ, અશુભવિહાયોગતિ, સ્ત્રીવેદ એમ પચીસનો અંત થાય. અને મિશ્રે બે આયુષ્યનો અબંધ હોવાથી ૭૪ પ્રકૃતિનો બંધ થાય.

હવે અવિરતિ ગુણઠાણે જિનનામ તથા બે આયુષ્ય નાંખતાં ૭૭ પ્રકૃતિનો બંધ હોય.

તેમાંથી વજ્રઋષભ નારાચ સંઘયણ, મનુષ્યત્રિક, ઔદારિકદ્વિક બીજા કષાયની ચોકડીનો અંત થાય એટલે દેશવિરતિ ગુણઠાણે સડસઠ પ્રકૃતિનો બંધ હોય.

તેમાંથી ત્રીજા કષાયની ચોકડીનો અંત થાય ત્યારે ત્રેસઠ પ્રકૃતિનો બંધ પ્રમત્ત ગુણઠાણે હોય.

તેમાંથી શોક–અરતિ–અસ્થિરદ્વિક, અપયશ નામ, અશાતા વેદનીય એ છ નો વિચ્છેદ થાય અને દેવતાનું આયુષ્ય બાંધતો જો અહીં આવે તો ઓગણસાઇઠ પ્રકૃતિનો બંધ અપ્રમત્તે

હોય. અન્યથા અઠ્ઠાવન બંધાય. કારણ અહીં આહારકદ્વિક બંધમાં હોય તેથી.

હવે આઠમે અપૂર્વકરણ ગુણઠાણે અઠ્ઠાવન બંધમાં હોય તેના સાત ભાગ છે. તેમાંથી નિદ્રાદ્વિકનો ક્ષય થયે પાંચ ભાગમાં છપ્પન્ન પ્રકૃતિનો બંધ હોય. તેમાંથી સુરદ્વિક, પંચેન્દ્રિય જાતિ, શુભ વિહાયોગતિ, ત્રસનામ, બાદરનામ, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર નામ, શુભનામ, સૌભાગ્યનામ, સુસ્વર, આદેય એ ત્રસ નવક, ઔદારિક વિના ચાર શરીર, વૈક્રિય અંગોપાંગ અને આહારક અંગોપાંગ, એ બે ઉપાંગ. સમચતુરસ્ર સંસ્થાન, નિર્માણ નામ-કર્મ, જિન નામકર્મ, વર્ણ ચતુષ્ક, અગુરુલઘુચતુષ્ક ( અગુરુ-લઘુ, ઉપઘાત, પરાઘાત અને ઉચ્છ્વાસ એ ચાર) એમ ત્રીશ પ્રકૃતિનો છઠ્ઠા ભાગના છેડે અંતે કરીએ ત્યારે છેલ્લે સાતમે ભાગે છવ્વીસ પ્રકૃતિનો બંધ હોય.

તેમાંથી હાસ્ય, રતિ, જુગુપ્સા અને ભય એ ચારનો અંત કરીએ ત્યારે અનિવૃત્તિના પહેલે ભાગે બાવીશ પ્રકૃતિનો બંધ હોય. ત્યાં અનુક્રમે પુરુષવેદ, સંજવલન ત્રણ કષાય ( ક્રોધ–માન–માયા)નો છેદ થાય ત્યારે બીજે ભાગે ૨૧, ત્રીજે ભાગે ૨૦, ચોથેભાગે ૧૯, પાંચમે ભાગે ૧૮ અને સંજવલન લોભનો બંધછેદ થાય ત્યારે સૂક્ષ્મ સંપરાયે સત્તરનો બંધ હોય.

તેમાંથી ચાર દર્શનાવરણીય, ઉચ્ચગોત્ર, યશનામકર્મ, જ્ઞાનાવરણીય પાંચ, અંતરાયની પાંચ એમ સોળનો છેદ થાય ત્યારે બાકીના ઉપશાંતમોહ, ક્ષીણમોહ અને સયોગી કેવળી એ ત્રણ ગુણઠાણાને વિષે એક શાતા વેદનીયનો બંધ હોય,

તેનો અયોગી ગુણઠાણે છેદ થાય. અયોગી ગુણઠાણે યોગનો અભાવ હોવાથી બંધ નથી.

## હવે ઉદયદ્વાર ને ઉદીરણાદ્વાર કહે છે

પહેલા ગુણઠાણાથી માંડીને દશમા ગુણઠાણા સુધી આઠ કર્મનો ઉદય, અગ્યારમે બારમે મોહનીય વિના સાત કર્મનો ઉદય, તેરમે-ચૌદમે ગુણઠાણે ચાર અઘાતી-વેદનીય, આયુષ્ય નામ ને ગોત્ર એ ચારનો ઉદય. હવે તેનો સંક્ષેપ વિચાર પૃથક્ પૃથક્ કહે છે.

ઓઘે એકસો ને બાવીશ. બંધમાં એકસો વીશ છે, તેમાં મોહનીયની સમ્યક્ત્વ મોહનીય અને મિશ્રમોહનીય એ બે પ્રકૃતિ વધે, એટલે એકસો બાવીશ.

મિથ્યાત્વે એકસો સત્તર-સમકિત મોહનીય ને મિશ્રમોહનીય તથા આહારકદ્વિક અને જિનનામનો ઉદય મિથ્યાત્વે ન હોય. ઉદીરણા પણ ૧૧૭ ની હોય છે.

સૂક્ષ્મત્રિક, આતપ નામકર્મ, મિથ્યાત્વ મોહનીય એ પાંચનો મિથ્યાત્વ ગુણઠાણે અંત થાય તેથી સાસ્વાદને એકસો અગીયારનો ઉદય. કારણ અહીં નરકાનુપૂર્વીનો અનુદય હોવાથી એકસો અગીયારનો ઉદય.

હવે તેમાંથી અનંતાનુબંધીની ચોકડી, સ્થાવરનામકર્મ, એકેન્દ્રિય જાતિ, વિકલેન્દ્રિયત્રિક એવં નવ પ્રકૃતિના ઉદયનો અંત સાસ્વાદનના અંતે થતાં મિશ્ર ગુણઠાણે એકસો પ્રકૃતિનો ઉદય હોય. કારણ ત્રણ આનુપૂર્વીનો અનુદય અને મિશ્રમોહનીયનો ઉદય થવાથી એકસો હોય.

હવે મિશ્ર ગુણઠાણે મિશ્રમોહનીયનો અંત થતાં અવિરતિ સમકિતદૃષ્ટિ ગુણઠાણે એકસો ચારનો ઉદય.

હવે બીજા કષાય અપ્રત્યાખ્યાનની ચોકડી, મનુષ્ય અને તિર્યંચની આનુપૂર્વી, વૈક્રિય અષ્ટક, દૌર્ભાગ્યનામકર્મ, અનાદેય-દ્વિક એ સત્તરનો છેદ કરતા દેશવિરતિ-પાંચમે ગુણઠાણે સત્યા-સીનો ઉદય હોય.

હવે તિર્યંચની ગતિ તથા તિર્યંચ આયુષ્ય, નીચગોત્ર, ઉદ્યોતનામકર્મ, ત્રીજા પ્રત્યાખ્યાનીય કષાયની ચોકડી એ આઠનો ઉચ્છેદ થતાં પ્રમત્ત ગુણઠાણે એકાસીનો ઉદય. કારણ અહીં આહારકદ્વિક ઉમેરતાં એકાશી થાય છે.

હવે અહીં થિણદ્ધિત્રિક અને આહારકદ્વિક એ પાંચ ખપાવતા છોંતેર પ્રકૃતિનો ઉદય સાતમે અપ્રમત્ત ગુણઠાણે હોય.

હવે ત્યાં સમ્યક્ત્વ મોહનીય, છેલ્લા ત્રણ સંઘયણ એ ચાર પ્રકૃતિનો ઉચ્છેદ થાય ત્યારે બોંતેર પ્રકૃતિનો ઉદય અપૂર્વકરણ ગુણઠાણે હોય.

હવે ત્યાં હાસ્યાદિક છનો અંત થતાં છાસઠ પ્રકૃતિનો ઉદય અનિવૃત્તિબાદર ગુણઠાણે હોય.

હવે તેમાંથી વેદત્રિક અને સંજ્વલનત્રિક એ છનો અંત થતાં સૂક્ષ્મસંપરાય ગુણઠાણે સાઇઠ પ્રકૃતિનો ઉદય હોય.

હવે ત્યાં સંજ્વલન લોભનો અંત થતાં ઉપશાંતમોહ ગુણઠાણે ઓગણસાઇઠનો ઉદય હોય.

હવે ત્યાં ઋષભનારાચ તથા નારાચ એ બેનો અંત થતા ક્ષીણમોહ ગુણઠાણાના દ્વિચરિમ સમય લગે સત્તાવનનો ઉદય

હોય. ત્યાં નિદ્રા ને પ્રચલા એ બેનો અંત થતાં છેલ્લે સમયે પંચાવન પ્રકૃતિનો ઉદય હોય.

હવે ત્યાં જ્ઞાનાવરણીયની પાંચ, અંતરાયની પાંચ, દર્શનાવરણીયની ચાર એવં ચૌદનો અંત થાય ત્યારે એકતાલીશ હોય. તેમાં તીર્થંકર નામનો ઉદય થવાથી બેંતાલીશનો ઉદય સયોગી કેવળી ગુણઠાણે હોય.

હવે ત્યાં ઔદારિકદ્વિક, અસ્થિરદ્વિક, ખગતિદ્વિક, પ્રત્યેક ત્રિક, છ સંસ્થાન, અગુરુલઘુ ચતુષ્ક, વર્ણચતુષ્ક, નિર્માણ નામકર્મ, તૈજસ, કાર્મણ શરીર, પહેલું સંઘયણ એ સત્યાવીશ, સુસ્વર, દુસ્વર, સાતા અગર અસાતા એ બેમાંથી એક, એમ ત્રીસના અંત થતાં અયોગી કેવળી ગુણઠાણે બારનો ઉદય હોય તે કહે છે–

૧ સૌભાગ્ય નામકર્મ, ૨ આદેય નામકર્મ, ૩ યશકીર્તિ નામકર્મ, ૪ સાતાવેદનીય અગર અસાતાવેદનીય, ૫ થી ૭ ત્રસત્રિક એટલે ત્રસ, બાદર ને પર્યાપ્ત, ૮ પંચેન્દ્રિય જાતિ, ૯ મનુષ્યાયુષ અને ૧૦ મનુષ્યની ગતિ, ૧૧ જિનનામ કર્મ, ૧૨ ઉચ્ચગોત્ર એ બારનો ઉદય અયોગી ગુણઠાણે હોય, અયોગી ગુણઠાણે યોગના અભાવે ઉદીરણા ન હોય. ઉદયની પેરે જ ઉદીરણા જાણવી પણ એટલું વિશેષ છે કે જે અપ્રમત્તાદિક સાત ગુણઠાણે થિણદ્ધિત્રિક એટલે થિણદ્ધિ, નિદ્રાનિદ્રા અને પ્રચલા પ્રચલા, આહારકદ્વિક, શાતાઅશાતા વેદનીય અને મનુષ્યનું આયુષ્ય એ આઠ ઉદીરણામાં અપવર્તે, શેષ બહોંતેર (૭૨) ની ઉદીરણા યાવત્ અપૂર્વકરણાદિક ગુણઠાણે હોય, પણ

ઉદયથી ત્રણ પ્રકૃતિ ઓછી જાણવી તે સયોગી ગુણઠાણા લગી ત્રણ ત્રણ ઓછી લેવી. અયોગી ગુણઠાણે ઉદીરણા નથી.

## હવે ગુણઠાણાને વિષે સત્તા કહે છે

એકસો ને અડતાલીશ પ્રકૃતિની સત્તા યાવત્ ઉપશાંતમોહ નામના અગીયારમા ગુણઠાણા સુધી હોય.

પરન્તુ જિનનામ વિના બીજું સાસ્વાદન અને ત્રીજું મિશ્ર એ બે ગુણઠાણે એકસો સુડતાલીશની સત્તા હોય.

અપૂર્વકરણાદિ ચાર ગુણઠાણે અનંતાનુબંધીની ચોકડી તથા તિર્યંચ અને નારકીનું આયુષ્ય એ છ વિના ત્યાં એકસો ને બેંતાલીશની સત્તા હોય. એ આયુષ્યવાળો તથા અનંતાનુબંધી ચોકડીવાળો ઉપર જઇ ન શકે, માટે—

ચોથું, પાંચમું, છટ્ઠું ને સાતમું એ ચાર ગુણઠાણે વર્તતા ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ જીવને અનંતાનુબંધી ચાર કષાય, અને ત્રણ દર્શન મોહનીય ખપાવતા એટલે ટાળતા એકસો ને એકતાલીશની સત્તા હોય. પણ ચરમશરીરીને એ ચાર ગુણઠાણે નરકાયુ, દેવાયુ, તિર્યંચાયુ વિના એકસો ને પીસ્તાલીશની સત્તા કહી છે. પૂર્વોક્ત ત્રણ આયુષ્ય અનંતાનુબંધી ચાર અને ત્રણ દર્શન મોહનીય (સમકિત, મિશ્ર અને મિથ્યાત્વ) એવં દશ વિના એકસો ને આડત્રીશની સત્તા નવમા ગુણઠાણાના ૯ ભાગ છે તેમાં પેલા ભાગે ૧૩૮ ની સત્તા હોય.

હવે સ્થાવરદ્વિક, તિર્યંચદ્વિક, નરકદ્વિક, આતપદ્વિક એ આઠ તથા થિણદ્ધિત્રિક, એકેન્દ્રિયજાતિ, વિકલેન્દ્રિયત્રિક, સાધારણ

નામ એ સોળનો ક્ષય થાય ત્યારે એકસો ને બાવીસની સત્તા નવમાના બીજા ભાગે હોય. ત્યાં બીજા તથા ત્રીજા કષાયની ચોકડીનો અંત થતા ત્રીજા આદિ ભાગે એકસોને ચૌદ પ્રકૃતિની સત્તા હોય. તેમાંથી નપુંસક વેદ જતાં ચોથે ભાગે ૧૧૩ રહી. સ્ત્રીવેદ જતા ૧૧૨ પાંચમા ભાગે રહે, હાસ્યાદિષટ્ક જતાં છટ્ઠે ભાગે એકસો ને છ (૧૦૬) પ્રકૃતિની સત્તા રહે, પુરુષવેદ જતાં સાતમા ભાગે એકસો ને પાંચ, સંજ્વલન ક્રોધ જતાં એકસો ને ચાર (૧૦૪) આઠમા ભાગે, સંજ્વલન માન જતાં નવમા ભાગે એકસો ને ત્રણ (૧૦૩) ની સત્તા અને સંજ્વલન માયા જતાં, પ્રાંતે ક્ષય થતાં દશમા ગુણઠાણે એકસો ને બે (૧૦૨) ની સત્તા હોય.

સૂક્ષ્મસંપરાયના અંતે લોભ જતાં ક્ષીણમોહે એકસો ને એકની સત્તા હોય. કારણ કે ક્ષપકશ્રેણીવાળાને અગીયારમું ગુણઠાણું ન હોય કારણ મોહને ઉપશમાવે તે ઉપશાંત-મોહ કહેવાય એટલે ક્ષપકને તે ૧૧ મું ગુણસ્થાન ન હોય. ક્ષીણ-મોહના છેલ્લા સમયે બે નિદ્રા જતાં નવાણુંની સત્તા, તેના અંતે જ્ઞાનાવરણીયની પાંચ, દર્શનાવરણીયની ચાર, અંતરાયની પાંચ એવં ચૌદ જતાં સયોગી કેવળી ગુણઠાણે પંચાસી (૮૫)-ની સત્તા હોય. અયોગી ગુણઠાણાના દ્વિચરિમ સમય લગે પંચાસી હોય. ત્યાં દેવદ્વિક, ખગતિદ્વિક, ગંધદ્વિક, આઠ સ્પર્શ, પાંચ વર્ણ, પાંચ રસ, પાંચ શરીર, પાંચ બંધન, પાંચ સંઘાતન નિર્માણનામ એ ચાલીશ. સંઘયણ છ, અસ્થિરાદિ છ, સંસ્થાન છ એ અઢાર, અગુરુલઘુ આદિ ચતુષ્ક, અપર્યાપ્ત નામ, સાતા અથવા અસાતામાંથી એક, પ્રત્યેકત્રિક, ઉપાંગત્રિક, સુસ્વરનામ

કર્મ, નીચગોત્ર એવં (૭૨) બોંતેર પ્રકૃતિનો અંત થતાં છેલ્લે સમયે તેરની સત્તા હોય. તે આ પ્રમાણેઃ-મનુષ્યત્રિક, ત્રસત્રિક, યશનામ કર્મ, આદેય નામ, સૌભાગ્યનામ, જિનનામ, ઉચ્ચગોત્ર, પંચેન્દ્રિયજાતિ, સાતા યા અસાતા વેદનીય એ તેરનો છેલ્લો સમયના અંતે ક્ષય થતાં મોક્ષમાં જાય છે. એટલે જન્મ-જરા-મૃત્યુ ટળે છે અને અવિચળ, અવ્યાબાધ સુખને પ્રાપ્ત કરે છે.

સત્તામાં પહેલાથી માંડીને અગીયાર ગુણઠાણા સુધી આઠે કર્મ હોય. બારમે મોહનીય જતા સાત હોય, તેરમે અને ચૌદમે ગુણઠાણે ચાર અઘાતી કર્મો વેદનીય-આયુ-નામ અને ગોત્રની સતા હોય છે.

આઠે કર્મ બાંધવાના મૂળ ચાર હેતુ છે. મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ પરંતુ અહીં સંક્ષેપમાં બતાવે છેઃ-જ્ઞાનાવરણીય ને દર્શનાવરણીય એ કર્મ શેનાથી બંધાય છે ? તે કહે છે. જ્ઞાન તથા જ્ઞાની ગુરુ આદિનું અનિષ્ટ કરનાર, ગુરુને છુપાવવા એટલે એનો ઉપકાર નથી એમ માનનારા, ઉપઘાત એટલે હણવે કરીને, દ્વેષ કરવો, અંતરાય કરવે કરીને, અને જ્ઞાન-દર્શન-ચારિત્રની આશાતના કરવાથી જીવ બન્ને પ્રકારના આવરણને બાંધે છે.

વેદનીયનો શુભ-અશુભ બંધ કહે છે—ગુરુની ભક્તિએ કરીને, ક્ષમા રાખવાવડે, કષાયોના જીતવાવડે, દાન-શીલ-ભાવમાં દૃઢ રહેવાવડે, ધર્મમાં દૃઢ રહેવું ઇત્યાદિવડે જીવ સાતા વેદનીય બાંધે અને તેથી વિપરીત થકો અશાતા વેદનીય બાંધે છે.

બે પ્રકારે મોહનીયનો બંધ કહે છે—ઉન્માર્ગની દેશના, જ્ઞાનાદિ સન્માર્ગનો નાશ કરતાં, દેવદ્રવ્ય હરણ કરતો જીવ દર્શન મોહનીય બાંધે. જિન તથા મુનિ, ચૈત્ય, જિનબિંબ, સંઘ પ્રમુખની પ્રત્યનિકતાયે દર્શન મોહનીય બાંધે, સોળ કષાય તથા નવ નોકષાયમાં આસક્ત તથા વિષયી-લોલુપી આત્મા ચારિત્ર મોહનીય બાંધે છે.

આયુષ્યકર્મના બંધના હેતુઓ—(૧) જે મહારંભી હોય, પરિગ્રહમાં આસક્ત હોય, રૌદ્રધ્યાનવાળો, મહા કષાયવંત જીવ નરકાયુ બાંધે છે. (૨) ગૂઢ હૃદયવાળો હોય, મૂર્ખ હોય, ધૂર્ત્ત હોય, શલ્યવાળો હોય તેવો જીવ તિર્યંચાયુ બાંધે છે. (૩) અલ્પ કષાયવંત હોય, દાન દેવાની રુચિવાળો હોય, મધ્યમ ગુણવાળો એવો જીવ મનુષ્યાયુ બાંધે છે. (૪) અવિ-રતિ સમ્યગ્દૃષ્ટિ ઇત્યાદિ દેવાયુ બાંધે. બાલ તપસ્વી અકામ-નિર્જરાવાળો સુમિત્રના યોગે ધર્મની રુચિથી દેશવિરતિપણે સરાગ સંયમે દેવાયુ બાંધે છે.

સરળ હૃદયવાળો, ગારવરહિત, શુભ નામકર્મ બાંધે અગર તેથી વિપરીત અશુભ નામકર્મને બાંધે.

પારકાના ગુણોને જોનાર, આઠ મદરહિત, અધ્યયનાદિ ભણવામાં રુચિવાળો, અરિહંતાદિકનો ભક્ત ઉચ્ચગોત્ર બાંધે છે, તેથી વિપરીત ચાલનાર નીચગોત્ર બાંધે છે.

જિનપૂજામાં વિઘ્ન કરનાર, પૂજાનો નિષેધ કરનાર, હિંસાદિક આશ્રવમાં તત્પર થકો અંતરાય કર્મને જીવ ઉપાર્જન કરે છે.

હવે જીવ કયા કારણથી ભવનપતિમાં ઉપજે....? તે કહે છે. અજ્ઞાન તપસી, ઉત્કૃષ્ટ રોષવાળો, તપનો અહંકાર કરનાર, વૈર લેવામાં આસક્ત એવો જીવ ભવનપતિમાં ઉપજે છે. તે અસુરકુમારાદિ દશ નિકાયોમાં ઉપજે છે.

હવે જીવ કયા કારણથી વ્યંતરમાં ઉપજે ? તે કહે છે— દોરડાનો ફાંસો ખાઇને મરનાર, વિષ ભક્ષણથી મરેલા, પાણી તથા અગ્નિમાં પ્રવેશ કરીને મૃત્યુને ભેટનાર, તરસ્યા તથા ભૂખ્યા મરેલા, વિરહ-અગ્નિના દુઃખથી મૃત્યુને વરેલા-મરેલા એવા જીવો મંદ ભાવથી મરીને વ્યંતરની નિકાયમાં ઉત્પન્ન થાય છે.



## બંધયંત્રકં

| ૧૪ | ગુણસ્થાનેષુ | મૂલપ્રકૃતિ | ઉત્તરપ્રકૃતિ | જ્ઞાના૦ | દર્શના૦ | વેદનીય | મોહનીય | આયુ | નામકર્મ | ગોત્ર | અંતરાય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ઓઘે | ૮ | ૧૨૦ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૬૭ | ૨ | ૫ |
| ૧ | મિથ્યાત્વે | ૮ | ૧૧૭ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૬૪ | ૨ | ૫ |
| ૨ | સાસ્વાદને | ૮ | ૧૦૧ | ૫ | ૯ | ૨ | ૨૪ | ૩ | ૫૧ | ૨ | ૫ |
| ૩ | મિશ્રે | ૭ | ૭૪ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૦ | ૩૬ | ૧ | ૫ |
| ૪ | અવિરતે | ૮ | ૭૭ | ૫ | ૬ | ૨ | ૧૯ | ૨ | ૩૭ | ૧ | ૫ |
| ૫ | દેશવિરતે | ૮ | ૬૭ | ૫ | ૬ | ૨ | ૧૫ | ૧ | ૩૨ | ૧ | ૫ |
| ૬ | પ્રમત્ત સંયતે | ૮ | ૬૩ | ૫ | ૬ | ૨ | ૧૧ | ૧ | ૩૨ | ૧ | ૫ |
| ૭ | અપ્રમત્તે | ૮/૭ | ૫૯/૫૮ | ૫ | ૬ | ૧ | ૯ | ૧/૦ | ૩૧ | ૧ | ૫ |
| ૮ | ભાગ ૧ | ૭ | ૫૮ | ૫ | ૬ | ૧ | ૯ | ૦ | ૩૧ | ૧ | ૫ |
| અપૂર્વકરણે ભા. ૭ | ૨ | ૭ | ૫૬ | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | ૩૧ | ૧ | ૫ |
| | ૩ | ૭ | ૫૬ | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | ૩૧ | ૧ | ૫ |
| | ૪ | ૭ | ૫૬ | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | ૩૧ | ૧ | ૫ |
| | ૫ | ૭ | ૫૬ | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | ૩૧ | ૧ | ૫ |
| | ૬ | ૭ | ૫૬ | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | ૩૧ | ૧ | ૫ |
| ૯ | ૭ | ૭ | ૨૬ | ૫ | ૪ | ૧ | ૯ | ૦ | ૧ | ૧ | ૫ |
| અનિવૃત્તિ ભા. ૫ | ભાગ ૧ | ૭ | ૨૨ | ૫ | ૪ | ૧ | ૫ | ૦ | ૧ | ૧ | ૫ |
| | ૨ | ૭ | ૨૧ | ૫ | ૪ | ૧ | ૪ | ૦ | ૧ | ૧ | ૫ |
| | ૩ | ૭ | ૨૦ | ૫ | ૪ | ૧ | ૩ | ૦ | ૧ | ૧ | ૫ |
| | ૪ | ૭ | ૧૯ | ૫ | ૪ | ૧ | ૨ | ૦ | ૧ | ૧ | ૫ |
| | ૫ | ૭ | ૧૮ | ૫ | ૪ | ૧ | ૧ | ૦ | ૧ | ૧ | ૫ |
| ૧૦ | સૂક્ષ્મ સં૫૦ | ૬ | ૧૭ | ૫ | ૪ | ૧ | ૦ | ૦ | ૧ | ૧ | ૫ |
| ૧૧ | ઉપ શાંત૦ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૨ | ક્ષીણમોહે | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૩ | સયોગિ | ૧ | ૧ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૪ | અયોગિ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

## ઉદયયંત્રક

| ગુણસ્થાનક | ગુણસ્થાનાંક | મૂળપ્રકૃતિ૦ | ઉત્તરપ્રકૃતિ૦ | જ્ઞાનાવ૦ | દર્શનાવ૦ | વેદનીય | મોહનીય | આયુ: | નામકર્મ | ગોત્રકર્મ | અંતરાય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઓઘે | | ૮ | ૧૨૨ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૬૭ | ૨ | ૫ |
| મિથ્યાત્વે | ૧ | ૮ | ૧૧૭ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૬૪ | ૨ | ૫ |
| સાસ્વાદને | ૨ | ૮ | ૧૧૧ | ૫ | ૯ | ૨ | ૨૫ | ૪ | ૫૯ | ૨ | ૫ |
| મિશ્રે | ૩ | ૮ | ૧૦૦ | ૫ | ૯ | ૨ | ૨૨ | ૪ | ૫૧ | ૨ | ૫ |
| અવિરત સ૦ | ૪ | ૮ | ૧૦૪ | ૫ | ૯ | ૨ | ૨૨ | ૪ | ૫૫ | ૨ | ૫ |
| દેશવિરતે | ૫ | ૮ | ૮૭ | ૫ | ૯ | ૨ | ૧૮ | ૨ | ૪૪ | ૨ | ૫ |
| પ્રમત્ત સંયતે | ૬ | ૮ | ૮૧ | ૫ | ૯ | ૨ | ૧૪ | ૧ | ૪૪ | ૧ | ૫ |
| અપ્રમત્ત સં૦ | ૭ | ૮ | ૭૬ | ૫ | ૬ | ૨ | ૧૪ | ૧ | ૪૨ | ૧ | ૫ |
| અપૂર્વકરણે | ૮ | ૮ | ૭૨ | ૫ | ૬ | ૨ | ૧૩ | ૧ | ૩૯ | ૧ | ૫ |
| અનિવૃત્તિ | ૯ | ૮ | ૬૬ | ૫ | ૬ | ૨ | ૭ | ૧ | ૩૯ | ૧ | ૫ |
| સૂક્ષ્મ સંપરાયે | ૧૦ | ૮ | ૬૦ | ૫ | ૬ | ૨ | ૧ | ૧ | ૩૯ | ૧ | ૫ |
| ઉપશાંતમોહે | ૧૧ | ૭ | ૫૯ | ૫ | ૬ | ૨ | ૦ | ૧ | ૩૯ | ૧ | ૫ |
| ક્ષીણમોહે | ૧૨ | ૭ | ૫૭/૫૫ | ૫ | ૪/૬ | ૨ | ૦ | ૧ | ૩૭ | ૧ | ૫ |
| સયોગિકેવલી | ૧૩ | ૪ | ૪૨ | ૦ | ૦ | ૨ | ૦ | ૧ | ૩૮ | ૧ | ૦ |
| અયોગિકેવલી | ૧૪ | ૪ | ૧૨ | ૦ | ૦ | ૨ | ૦ | ૧ | ૯ | ૧ | ૦ |

# સત્તા-યંત્રકમ્

| ૧૪ | ગુણઠાણે સત્તા | મૂલપ્રકૃતિ | ઉત્તરપ્રકૃતિ | ઉપશમ શ્રેણિ | ક્ષપક શ્રેણિ | જ્ઞાનાવરણીય૦ | દર્શનાવરણીય૦ | વેદનીય૦ | મોહનીય૦ | આયુઃ કર્મ૦ | નામકર્મ૦ | ગોત્રકર્મ૦ | અંતરાયકર્મ૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ઓઘે | ૮ | ૧૪૮ | | | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૯૩ | ૨ | ૫ |
| ૧ | મિથ્યાત્વે | ૮ | ૧૪૮ | | | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૯૩ | ૨ | ૫ |
| ૨ | સાસ્વાદને | ૮ | ૧૪૭ | | | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૯૨ | ૨ | ૫ |
| ૩ | મિશ્રે | ૮ | ૧૪૭ | | | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૯૨ | ૨ | ૫ |
| ૪ | અવિરતે | ૮ | ૧૪૮ | ૧૪૮/૧૪૧ | ૧૪૫/૧૩૮ | ૫ | ૯ | ૨ | ૨૮/૨૧ | ૪/૧ | ૯૩ | ૨ | ૫ |
| ૫ | દેશવિરતે | ૮ | ૧૪૮ | ,, | ૧૪૫/૧૩૮ | ૫ | ૯ | ૨ | ૨૮/૨૧ | ૪/૧ | ૯૩ | ૨ | ૫ |
| ૬ | પ્રમત્ત સંયતે | ૮ | ૧૪૮ | ,, | ૧૪૫/૧૩૮ | ૫ | ૯ | ૨ | ૨૮/૨૧ | ૪/૧ | ૯૩ | ૨ | ૫ |
| ૭ | અપ્રમત્ત સંયતે | ૮ | ૧૪૮ | ,, | ૧૪૫/૧૩૮ | ૫ | ૯ | ૨ | ૨૮/૨૧ | ૪/૧ | ૯૩ | ૨ | ૫ |
| ૮ | અપૂર્વકરણે | ૮ | ૧૪૮/૧૪૨ | ૧૪૨/૧૩૯ | ૧૩૮ | ૫ | ૯ | ૨ | ૨૮/૨૪/૨૧ | ૨/૧ | ૯૩ | ૨ | ૫ |

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | અનિવૃત્તિકરણના ભાગ નવ | ૧ | ૮ | ૧૪૮/૧૪૨ | ૧૪૨/૧૩૯ | ૧૩૮ | ૫ | ૯/૬ | ૨ | ,, | ૨/૧ | ૯૩/૮૦ | ૨ | ૫ |
| | | ૨ | | | ૦ | ૧૨૨ | ૫ | ,, | ૨ | ,, | ,, | ,, | ૨ | ૫ |
| | | ૩ | | | ૦ | ૧૧૪ | ૫ | ,, | ૨ | ૨૮/૨૪/૧૩ | ,, | ,, | ૨ | ૫ |
| | | ૪ | | | ૦ | ૧૧૩ | ૫ | ,, | ૨ | ૨૮/૨૪/૧૨ | ,, | ,, | ૨ | ૫ |
| | | ૫ | | | ૦ | ૧૧૨ | ૫ | ,, | ૨ | ૨૮/૨૪/૧૧ | ,, | ,, | ૨ | ૫ |
| | | ૬ | | | ૦ | ૧૦૬ | ૫ | ,, | ૨ | ૨૮/૨૪/૫ | ,, | ,, | ૨ | ૫ |
| | | ૭ | | | ૦ | ૧૦૫ | ૫ | ,, | ૨ | ૨૮/૨૪/૪ | ,, | ,, | ૨ | ૫ |
| | | ૮ | | | ૦ | ૧૦૪ | ૫ | ,, | ૨ | ૨૮/૨૪/૩ | ,, | ,, | ૨ | ૫ |
| | | ૯ | | | ૦ | ૧૦૩ | ૫ | ,, | ૨ | ૨૮/૨૪/૨ | ,, | ,, | ૨ | ૫ |
| ૧૦ | સૂક્ષ્મ સંપરાયે | | ૮ | ૧૪૮/૧૪૨ | ૧૪૨/૧૩૯ | ૧૦૨ | ૫ | ,, | ૨ | ૨૮/૨૪/૨૧/૧ | ૨/૧ | ૯૩/૮૦ | ૨ | ૫ |
| ૧૧ | ઉપશાંતમોહે | | ૮ | ૧૪૮/૧૪૨ | ,, | ૦ | ૫ | ,, | ૨ | ૨૮/૨૪/૨૧ | ૨/૧ | ૯૩ | ૨ | ૫ |
| ૧૨ | ક્ષીણમોહે | | ૭ | ૧૦૧/૯૯ | ૦ | ૧૦૧/૯૯ | ૫ | ૬/૪ | ૨ | ૦ | ૧ | ૮૦ | ૨ | ૫ |
| ૧૩ | સયોગી કેવલીએ | | ૪ | ૮૫ | ૦ | ૮૫ | ૦ | ૦ | ૨ | ૦ | ૧ | ૮૦ | ૨ | ૦ |
| ૧૪ | અયોગી કેવલીએ | | ૪ | ૮૫/૧૩/૧૨ | ૦ | ૮૫/૧૩/૧૨ | ૦ | ૦ | ૨/૧ | ૦ | ૧ | ૮૦/૯ | ૨/૧ | ૦ |

# ઉદીરણા યંત્રક

| ૧૪ | ગુણઠાણે ઉદીરણા | મૂલપ્રકૃ૦ | ઉત્તરપ્રકૃ૦ | જ્ઞાનાવર૦ | દર્શનાવર૦ | વેદનીય | મોહનીય | આયુઃ | નામકર્મ | ગોત્રકર્મ | અંતરાય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ઓઘે | ૮ | ૧૨૨ | ૫ | ૯ | ૨ | ૨૮ | ૪ | ૬૭ | ૨ | ૫ |
| ૧ | મિથ્યાત્વે | ૮ | ૧૧૭ | ૫ | ૯ | ૨ | ૨૬ | ૪ | ૬૪ | ૨ | ૫ |
| ૨ | સાસ્વાદને | ૮ | ૧૧૧ | ૫ | ૯ | ૨ | ૨૫ | ૪ | ૫૯ | ૨ | ૫ |
| ૩ | મિશ્ર ગુ૦ | ૮ | ૧૦૦ | ૫ | ૯ | ૨ | ૨૨ | ૪ | ૫૧ | ૨ | ૫ |
| ૪ | અવિરત સ૦ | ૮ | ૧૦૪ | ૫ | ૯ | ૨ | ૨૨ | ૪ | ૫૫ | ૨ | ૫ |
| ૫ | દેશવિરતે | ૮ | ૮૭ | ૫ | ૯ | ૨ | ૧૮ | ૨ | ૪૪ | ૨ | ૫ |
| ૬ | પ્રમત્તસંયતે | ૮ | ૮૧ | ૫ | ૯ | ૨ | ૧૪ | ૧ | ૪૪ | ૧ | ૫ |
| ૭ | અપ્રમત્ત સં૦ | ૬ | ૭૩ | ૫ | ૬ | ૦ | ૧૪ | ૦ | ૪૨ | ૧ | ૫ |
| ૮ | અપૂર્વક૦ | ૬ | ૬૯ | ૫ | ૬ | ૦ | ૧૩ | ૦ | ૩૯ | ૧ | ૫ |
| ૯ | અનિવૃત્તિ | ૬ | ૬૩ | ૫ | ૬ | ૦ | ૭ | ૦ | ૩૯ | ૧ | ૫ |
| ૧૦ | સૂક્ષ્મસંપરાયે | ૬ | ૫૭ | ૫ | ૬ | ૦ | ૧ | ૦ | ૩૯ | ૧ | ૫ |
| ૧૧ | ઉપશાન્ત૦ | ૫ | ૫૬ | ૫ | ૬ | ૦ | ૦ | ૦ | ૩૯ | ૧ | ૫ |
| ૧૨ | ક્ષીણમોહે | ૫ | ૫૪/૫૨ | ૫ | ૬/૪ | ૦ | ૦ | ૦ | ૩૭ | ૧ | ૫ |
| ૧૩ | સયોગિકે૦ | ૨ | ૩૯ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૩૮ | ૧ | ૦ |
| ૧૪ | અયોગિકેવલી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

卐

# વિભાગ ૩ જો.

★

શ્રી

## જિનેન્દ્રાગમ વિવિધ વિષયરૂપ-
## ગુણ-સંગ્રહ

★

## જ્યોતિષ્-સંક્ષિપ્ત-વિચાર

卐

# મંગલાચરણ

अर्हन्तो भगवन्त इन्द्रमहिताः सिद्धाश्च सिद्धिस्थिताः ।
आचार्या जिनशासनोन्नतिकराः पूज्या उपाध्यायकाः ॥
श्री सिद्धान्तसुपाठका मुनिवरा रत्नत्रयाराधकाः ।
पञ्चैते परमेष्ठिनः प्रतिदिनं कुर्वन्तु वो मङ्गलम् ॥ १ ॥

## રાશિ અનુસાર નામોના અક્ષરો

૧ **મેષ**—ચૂ. ચે. ચો. લા. લી. લૂ. લે. લો. અ.
૨ **વૃષભ**—ઈ. ઉ. એ. ઓ. વા. વી. વુ. વે. વો.
૩ **મિથુન**—કા. કી. કુ. ઘ. ઙ. છ. કે. કો. હ.
૪ **કર્ક**—હી. હુ. હે. હો. ડા. ડિ. ડૂ. ડે. ડો.
૫ **સિંહ**—મા. મી. મૂ. મે. મો. ટા. ટી. ટૂ. ટે.
૬ **કન્યા**—ટો. પ. પિ. પૂ. ષ. ણ. ઠ. પે. પો.
૭ **તુલા**—રા. રી. રુ. રે. રો. તા. તી. તૂ. તે.
૮ **વૃશ્ચિક**—તો. ના. ની. નુ. ને. નો. યા. યી. યૂ.
૯ **ધન**—યે. યો. ભા. ભી. ભૂ. ધા. ફા. ઢા. ભે.
૧૦ **મકર**—ભો. જા. જી. જૂ. જે. જો. ખા. ખી. ખૂ. ખે. ખો. ગા. ગી.
૧૧ **કુંભ**—ગુ. ગે. ગો. સા. સી. સુ. સે. સો. દા.
૧૨ **મીન**—દી. દુ. થ. ઝ. ઞ. દે. દો. ચ. ચી.

## જ્ઞાનવૃદ્ધિનો વાર

વિદ્યાના પ્રારંભમાં ગુરુવાર શ્રેષ્ઠ છે. રવિ અને શુક્રવાર મધ્યમ છે. બાકી અનિષ્ટકારક છે.

## તિથિક્રમ

૧. ૬ અને ૧૧ નન્દાતિથિ છે. ફલ આનંદ અને લાભકારક છે.
૨. ૭ અને ૧૨ ભદ્રાતિથિ છે. ફલ કલ્યાણ અને શુભકારક છે.
૩. ૮ અને ૧૩ આ જયાતિથિ છે. ફલ જય અને યશકારક છે.
૪. ૯ અને ૧૪ આ રિક્તાતિથિ છે. ફલ કલેશ અને સંતાપકારક છે.
૫. ૧૦ અને ૧૫ આ પૂર્ણાતિથિ છે. ફલ સર્વ આશા પૂર્ણકારક છે.

## વિશેષ લાભ

**શુક્લપક્ષમાં**—૧ થી ૫ સુધી અશુભ, ૬ થી ૧૦ સુધી મધ્યમ અને ૧૧ થી ૧૫ સુધી શુભ ફળ છે.

**કૃષ્ણપક્ષમાં**—૧ થી ૫ સુધી શુભ ફલ, ૬ થી ૧૦ સુધી મધ્યમ અને ૧૧ થી ૧૫ સુધી અશુભ ફળ જાણવું.

પ્રત્યેક પક્ષમાં અમાવાસ્યા, અષ્ટમી, ચૌદશ, નોમ, છઠ્ઠ, અને બારસ આ તિથિઓ અશુભ છે. શેષ શુભકારક માનેલી છે.

અશુતિથિયોનો પરિહાર નિચે મુજબ જાણવો—

ચોથ, છઠ, આઠમ, નોમ, બારસ અને ચૌદસ, આ તિથિઓ ક્રમ પ્રમાણે ૮-૯-૧૪-૨૫-૧૦ અને ૫ ઘડી છોડીને બાકી શુભ માનેલી છે.

## વર્જનીય તિથિ અને વાર

૧ શનિ, ૨-શુક્ર, ૩-ગુરુ, ૪-બુધ, ૫-મંગળ, ૬-સોમ અને ૭-રવિવાર. આ પ્રમાણે તિથિ અને વાર આવે તેને ફાંકડું કહે છે. તે વિહાર આદિમાં વર્જનીય છે.

## વારનો શુભાશુભ વિચાર

વાર સાત છે-રવિ, સોમ, મંગળ, બુધ, ગુરુ, શુક્ર અને રવિ. આમાં શુક્ર, સોમ, બુધ અને ગુરુ આ વારો સર્વ કામમાં ઉત્તમ છે. રવિ, મંગલ અને શનિ આ ત્રણે વાર ક્રૂર માનેલા છે, ખરાબ માનેલા છે. પરંતુ એમાં કહેલા કેટલાક કાર્યોમાં શુભ માનેલા છે.

# તિથિ-વાર પ્રમાણે સિદ્ધિ તથા મૃત્યુ યોગ

## સિદ્ધિયોગ

| | | |
|---|---|---|
| ૧-૬-૧૧ નન્દા | શુક્રવારનો | સિદ્ધિયોગ |
| ૨-૭-૧૨ ભદ્રા | બુધવારનો | ,, |
| ૩-૮-૧૩ જયા | મંગળવારનો | ,, |
| ૪-૯-૧૪ રિક્તા | શનિવારનો | ,, |
| ૫-૧૦-૧૫ પૂર્ણા | ગુરુવારનો | ,, |

## મૃત્યુયોગ

| | | |
|---|---|---|
| ૧-૬-૧૧ નન્દા | રવિ-મંગલનો | મૃત્યુયોગ |
| ૨-૭-૧૨ ભદ્રા | સોમ-ગુરુનો (શુક્ર) | ,, |
| ૩-૮-૧૩ જયા | બુધનો | ,, |
| ૪-૯-૧૪ રિક્તા | શુક્રવારનો | ,, |
| ૫-૧૦-૧૫ પૂર્ણા | શનિવારનો | ,, |

## અમૃતસિદ્ધિ યોગ

રવિવારે હસ્ત, ગુરુવારે પુષ્ય, બુધવારે અનુરાધા, શનિવારે રોહિણી, સોમવારે મૃગશીર્ષ, શુક્રવારે રેવતી અને મંગલવારે અશ્વિની નક્ષત્ર હોય તો અમૃતસિદ્ધિ યોગ જાણવો.

## રાજયોગ

મંગળ, બુધ, શુક્ર અને રવિ આમાંનાં કોઇવારે બીજ, સાતમ, બારસ, ત્રીજ, પુનમ એમાંની કોઇ તિથિ હોય, અને ભરણી, મૃગશીર્ષ, પુષ્ય, પૂર્વ ફાલ્ગુની, ચિત્રા, અનુરાધા,

પૂર્વાષાઢા, ધનિષ્ઠા, ઉત્તરા ભાદ્રપદ, આમાંનું નક્ષત્ર હોય તો **રાજયોગ** થાય છે, તે સારો છે.

## રવિયોગ

સૂર્યનક્ષત્રથી ચન્દ્ર નક્ષત્ર સુધી ૪–૬–૯–૧૦–૧૩ અને ૨૦ મું આ નક્ષત્રને રવિયોગ કહે છે. આ યોગ એટલો બળવાન છે કે હજાર હાથીઓની વચમાં એક સિંહ વિજયી બને છે, તેમ આ રવિ યોગ દોષરૂપી હાથીઓના મદને દૂર કરે છે. તમામ યોગોમાં આ યોગ પ્રધાન છે.

## કુમારયોગ

કુમારયોગ તિથિ, વાર અને નક્ષત્ર આ ત્રણના સંયોગથી થાય છે. જેમકે ૧–૬–૧૧–૫–૧૦ આ તિથિ. સોમ, મંગળ, બુધ અને શુક્ર આ વાર. અને અશ્વિની, રોહિણી, પુનર્વસુ, મઘા, હસ્ત, વિશાખા, મૂલ, શ્રવણ, પૂર્વાભાદ્રપદ, આમાંથી કોઇપણ નક્ષત્ર, તિથિ અને વાર કહ્યા પ્રમાણે મળે તો કુમાર-યોગ થાય છે.

## કુમારયોગનું ફલ

જો ખરાબ દિવસ હોય તોપણ આ કુમારયોગ દીક્ષા, પ્રતિષ્ઠા, વિવાહ, યાત્રા, આરોગ્યતા માટે યુદ્ધ આદિ શુભ કાર્યોમાં સિદ્ધિ આપનારો થાય છે. આ કુમારયોગમાં કામ કરવાથી મહાન લાભ થાય છે.

## જ્વાલામુખી યોગ

એકમે મૂલ નક્ષત્ર, પાંચમે ભરણી, આઠમે કૃતિકા, નવમીએ રોહિણી. દશમીએ અશ્લેષા નક્ષત્ર હોય તો જ્વાલામુખી નામનો યોગ થાય છે–તે અશુભ છે. તેનું ફલ—

જન્મે તો જીવે નહિ, વસે તો ઉજ્જડ થાય;
નારી પહેરે ચૂડલો, તો આભરણ સેતી જાય. ૧
ખાટ પડ્યો જીવે નહિ, કારજ ન કીજે કોય;
પંથ ન જીવે પંથીડો, વિરલા જીવે કોય. ૨

## યમઘંટ યોગ

રવિવારના મઘા નક્ષત્ર, સોમવારના વિશાખા નક્ષત્ર, મંગળવારના આર્દ્રા નક્ષત્ર, બુધવારના મૂલ નક્ષત્ર, ગુરુવારના કૃત્તિકા નક્ષત્ર, શુક્રવારના રોહિણી નક્ષત્ર, શનિવારના હસ્ત નક્ષત્ર. આ પ્રમાણે વાર અને નક્ષત્રોમાં યમઘંટ યોગ થાય છે.

ફલ—આ યોગમાં ગમન કરવાથી મૃત્યુ થાય છે. વિવાહ કરવાથી કુલનો ઉચ્છેદ-નાશ થાય છે. પ્રતિષ્ઠા કરવાવાળાને તથા કરાવવાવાળાને મૃત્યુનો ભય રહે છે. પુત્રનો જન્મ થાય તો તે મરી જાય છે.

## રાજ્યભંગાદિ યોગ

અમાવાસ્યાએ શનિવાર, રવિવાર, મંગળવાર હોય, અશ્વિની અને સ્વાતિ નક્ષત્ર હોય તથા આયુષ્યમાન યોગ હોય તો પશુ, પક્ષી, જંગમ-સ્થાવર, રાજા-મનુષ્યોનો નાશ અને રાજ્યભંગ થાય છે.

## નિંદ્યયોગ

વ્યતિપાત અને વૈધૃતિ યોગ સંપૂર્ણ ત્યાજ્ય છે. પરિઘન, પૂર્વાર્દ્ધ (૩૦ ઘડી) વિષ્કમ્ભ અને વજ્ર બન્નેની પ્રથમ ત્રણ ઘડી, વ્યાઘાતના પ્રારંભની નવ ઘડી, શૂલયોગના સમારંભની ૫ ઘડી, ગંડ અને અતિગંડ યોગની ૬ ઘડી, બધા શુભ કાર્યોમાં નિંદિત છે.

# ચોઘડીયા ગણવાની વિધિ

દિવસના આઠમા ભાગને ચોઘડીયા કહે છે. ઉદયવારના પ્રથમ ચોઘડીયાથી છઠ્ઠવારના બીજા ચોઘડીયા હોય છે આ પ્રમાણે છ છ ના હિસાબે અને રાત્રીમાં પાંચ પાંચના હિસાબથી ચોઘડીયાં ગણાય છે. શુભ કાર્યમાં ચોઘડીયાં જોવાની જરૂરીઆત રહે છે. ચોઘડીયાં કોષ્ટકમાં આ પ્રમાણે જુઓઃ—

**દીવસનાં ચોઘડીયાં**

| રવી | સોમ | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શની |
|---|---|---|---|---|---|---|
| ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ | શુભ | ચલ | કાળ |
| ચલ | કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ | શુભ |
| લાભ | શુભ | ચલ | કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ |
| અમૃત | રોગ | લાભ | શુભ | ચલ | કાળ | ઉદ્વેગ |
| કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ | શુભ | ચલ |
| શુભ | ચલ | કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ |
| રોગ | લાભ | શુભ | ચલ | કાળ | ઉદ્વેગ | અમૃત |
| ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ | શુભ | ચલ | કાળ |

**રાત્રીનાં ચોઘડીયાં**

| રવી | સોમ | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શની |
|---|---|---|---|---|---|---|
| શુભ | ચલ | કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ |
| અમૃત | રોગ | લાભ | શુભ | ચલ | કાળ | ઉદ્વેગ |
| ચલ | કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ | શુભ |
| રોગ | લાભ | શુભ | ચલ | કાળ | ઉદ્વેગ | અમૃત |
| કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ | શુભ | ચલ |
| લાભ | શુભ | ચલ | કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ |
| ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ | શુભ | ચલ | કાળ |
| શુભ | ચલ | કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ |

# નક્ષત્ર વિચાર

| અક્ષરોનાં નામ | નક્ષત્રોનાં નામ | તારા | સંખ્યા |
|---|---|---|---|
| ચૂ ચે ચો લા | અશ્વિની | ૩ | ૧ |
| લી લૂ લે લો | ભરણી | ૩ | ૨ |
| અ ઉ ઊ એ | કૃત્તિકા | ૬ | ૩ |
| ઓ વા વી વુ | રોહિણી | ૫ | ૪ |
| વે વો કા કી | મૃગશિરા | ૩ | ૫ |
| કુ ઘ ઙ છ | આર્દ્રા | ૧ | ૬ |
| કે કો હા હી | પુનર્વસુ | ૪ | ૭ |
| હુ હે હો ડા | પુષ્ય | ૩ | ૮ |
| મા મી મૂ મે | મઘા | ૫ | ૯ |
| મો ટા ટી ટૂ | પૂર્વા ફાલ્ગુની | ૨ | ૧૦ |
| ટે ટો પ પી | ઉત્તરા ફાલ્ગુની | ૨ | ૧૧ |
| પૂ ષ ણ ઠ | હસ્ત | ૫ | ૧૨ |
| પે પો રા રી | ચિત્રા | ૧ | ૧૩ |
| રૂ રે રો તા | સ્વાતી | ૧ | ૧૪ |
| તી તૂ તે તો | વિશાખા | ૪ | ૧૫ |
| ના ની નૂ ને | અનુરાધા | ૪ | ૧૬ |
| નો યા યૂ યી | જયેષ્ઠા | ૩ | ૧૭ |
| યે યો ભા ભી | મૂલ | ૧૧ | ૧૮ |
| ભૂ ધા ફા ઢા | પૂર્વાષાઢા | ૪ | ૧૯ |
| ભે ભો જ જી | ઉત્તરાષાઢા | ૪ | ૨૦ |
| જૂ જે જો ખા | અભિજિત્ | ૩ | ૨૧ |

| અક્ષરોનાં નામ | નક્ષત્રોનાં નામ | તારા | સંખ્યા |
|---|---|---|---|
| ખી ખૂ ખે ખો | શ્રાવણ | ૩ | ૨૨ |
| ડી ડૂ ડે ડો | અશ્લેષા | ૬ | ૨૩ |
| ગા ગી ગૂ ગે | ધનિષ્ઠા | ૪ | ૨૪ |
| ગો સા સી સૂ | શતભિષા | ૧૦૦ | ૨૫ |
| સે સો દા દી | પૂર્વાભાદ્ર | ૨ | ૨૬ |
| દુ થ ભ મ | ઉત્તરાભાદ્ર | ૨ | ૨૭ |
| દે દો ચ ચી | રેવતી | ૩૨ | ૨૮ |

ઉપર પ્રમાણે કુલ અઠયાવીસ નક્ષત્રો છે. દરેક નક્ષત્રોના ચાર ચાર અક્ષરો છે. જે અક્ષરમાં મનુષ્યનો જન્મ થયો હોય તે નક્ષત્રના આદિ અક્ષરથી મનુષ્યનું નામ લેવું જોઈએ. જેમ કે ચૂ-ચે-ચો-લા અશ્વિની નક્ષત્રના પહેલા અક્ષરમાં જન્મ હોય તો ચુનીલાલ નામ આવે. આ પ્રમાણે સર્વ નક્ષત્રોમાં સમજી લેવું.

જન્મમાં પ્રાયઃ આર્દ્રા નક્ષત્રથી ૧૦ નક્ષત્રો સુધી ચાંદીના, વિશાખા નક્ષત્રથી ૪ નક્ષત્રો સુધી લોઢાના, પૂર્વાષાઢાથી ૭ નક્ષત્રો સુધી તાંબાના અને રેવતીથી છ નક્ષત્રો સુધી સોનાના પાયા છે. જેમાં ચાંદી તાંબુના શુભ, સ્વર્ણ અને લોઢું તેને અશુભ માનેલું છે.

## રાશી મિત્રાદિ ભાવ

| | | |
|---|---|---|
| ૩-૫-૭-૧૧ | મિત્ર | આપણી રાશિ જોવી હોય તો આપણા નામનો આદિ અક્ષર કઇ રાશીમાં મલે છે? જે રાશીમાં આપણા નામનો આદિ અક્ષર હોય તે રાશિ જોનારે સમજી લેવી. |
| ૨-૬-૮-૧૨ | સમ | |
| ૧-૪-૭-૧૦ | શત્રુ | |

## ચન્દ્રના નામ

મેષ, વૃષભ, મિથુન, કર્ક, સિંહ, કન્યા, તુલા, વૃશ્ચિક, ધન, મકર, કુંભ અને મીન. પોતાની રાશિના દિવસની રાશિ સુધી ગણવાથી જેટલો આંક મલે એટલું ફલ એનું નીચે મુજબ સમજવું.

(૧) જન્મ રાશિનો ચન્દ્રમા લક્ષ્મી આપે છે.

(૨) બીજી રાશિનો ચંદ્રમા સંતોષ આપે છે.

(૨) ત્રીજી રાશિનો ચંદ્રમા ધન અને સંપત્તિ આપે છે.

(૪) ચોથી રાશિ કલેશ અને ભયકારક છે.

(૫) પાંચમી રાશિ જ્ઞાનવૃદ્ધિ કરે છે.

(૬) છઠ્ઠી રાશિ ધન-ધાન્ય-સુખસંપત્તિનો કર્તા છે.

(૭) સાતમી રાશિ રાજાથી સન્માન કરાવે છે.

(૮) આઠમી રાશિ પ્રાણનો સંશય કરનાર છે.

(૯) નવમી રાશિ ધર્મલાભને કરનાર છે.

(૧૦) દશમી રાશિ મનોરથ પૂર્ણ કરે છે.

(૧૧) અગ્યારમી રાશિ સર્વે કાર્યોમાં વિજય કરનાર છે.

(૧૨) બારમી રાશિ દુઃખદાયક છે.

આપણી રાશિથી આપણી ઉચ્ચ રાશિનો ચંદ્રમા વલી વધારે શુભકારક છે. કૃષ્ણ પક્ષમાં બીજો પાંચમો અને નવમો ચંદ્રમા અશુભ કહેલો છે.

જન્મનો ચન્દ્રમા ક્ષૌરકર્મ, ઔષધસેવન, વાદવિવાદ, વિવાહ, યાત્રા આદિને છોડી અન્ય કાર્યોમાં શુભ માનેલો છે.

બારમો ચંદ્રમા અભિષેક, ગર્ભાધાન, અન્નપ્રાશન, વ્રત-બંધ, વિવાહ આ કાર્યોમાં શુભ માનેલો છે. અન્યત્ર બધે અશુભ કહેલો છે.

---

## ચન્દ્રનું વાસ સ્થાન

મેષ, સિંહ, અને ધન રાશિનો ચંદ્રમા પૂર્વ દિશામાં.

વૃષભ, કન્યા અને મકર રાશિનો ચંદ્ર દક્ષિણ દિશામાં.

મિથુન, તુલા અને કુંભ રાશિનો ચંદ્ર પશ્ચિમ દિશામાં.

કર્ક, વૃશ્ચિક અને મીન રાશિનો ચંદ્ર ઉત્તર દિશામાં.

કાર્ય કરતી વખતે ચન્દ્રમા સન્મુખ હોય તો ધનનો લાભ થાય છે. દક્ષિણ ( જમણા ) ભાગમાં હોય તો સુખ અને સંપત્તિ આપે છે. અને પાછળના ભાગમાં હોય તો પ્રાણનાશક છે. વામ ( ડાબા ) ભાગમાં હોય તો ધનનો ક્ષય કરે છે.

શ્લોક :-

સંમુખે ચાર્થલાભાય દક્ષિણે સુખસમ્પદા;
પૃષ્ઠે ચ પ્રાણનાશાય, વામે ચન્દ્રે ધનક્ષયઃ.

## ચન્દ્રના શરીર પર નિવાસ અને ફલ

પહેલો, ત્રીજો અને પાંચમો ચન્દ્ર મસ્તક પર રહે છે. અને તે દ્રવ્યની વૃદ્ધિ કરે છે. છઠ્ઠો અને નવમો પીઠ પર રહે છે. તે આશાભંગ કરે છે. સાતમો અને અગ્યારમો

હાથ પર રહે છે તે મનોકામના પૂર્ણ કરે છે. બીજો અને દશમો હૃદય પર નિવાસ કરે છે, તે ઐશ્વર્યસુખ આપે છે. ચોથો, આઠમો અને બારમો પગ પર રહે છે તે ક્લેશ, મૃત્યુ અને ચિંતાને ઉત્પન્ન કરે છે. શુક્લપક્ષમાં ચંદ્રનું બલ પ્રધાન છે. અને કૃષ્ણ પક્ષમાં તારા શ્રેષ્ઠ છે.

દુહા—

શિર્ષ ચન્દ્રમા અર્થ લભાવે, હૃદય ચંદ્રમા બહુફલ પાવે;
પાય ક્લેશ ને પીઠ નિરાશ, હસ્ત હુવે તો પહોંચે આશ.

## ઘાતક ચન્દ્રાદિ વિચાર

| રાશિ | માસ | તિથિ | વાર | નક્ષત્ર | યોગ |
|---|---|---|---|---|---|
| મેષ | કાર્તિ૦ | નન્દા | રવિ | મઘા | વિષ્કુ |
| વૃષભ | માર્ગ૦ | પૂર્ણા | શનિ | હસ્ત | શુક્ક |
| મિથુન | અષા૦ | ભદ્રા | ચન્દ્ર | સ્વાતી | પરિ |
| કર્ક | પોષ | ભદ્રા | બુધ | અનુ૦ | વ્યઘા |
| સિંહ | જયેષ્ઠ | જયા | શનિ | મૂલ | ધૃતિ |
| કન્યા | ભાદ્ર૦ | પૂર્ણા | શનિ | શ્ર૦ | શૂલ |
| તુલા | માઘ | રિક્તા | ગુરુ | શત૦ | શૂલ |
| વૃશ્ચિક | આસો | નંદા | શુક્ર | રેવ૦ | વ્યતિ. |
| ધન | શ્રાવ૦ | જયા | શુક્ર | ભરણી | વરિ. |
| મકર | વૈશાખ | રિક્તા | મંગળ | રોહિણી | વૈધૃ. |
| કુમ્ભ | ચૈત્ર | જયા | ગુરુ | આર્દ્રા | ગંડ |
| મીન | ફાગણ | પૂર્ણા | શુક્ર | અશ્લે૦ | વૈધૃ. |

| કરણ | ચન્દ્ર | ઓઘાત | પ્રહર તથા જય | સ્વામી | લગ્ન |
| --- | --- | --- | --- | --- | --- |
| બવ | ૧ | ૧ | ૧ | મંગલ | ૧ |
| શકુ | ૫ | ૮ | ૪ | શુક્ર | ૨ |
| ચતુ૦ | ૯ | ૭ | ૩ | બુધ | ૪ |
| નાગ. | ૨ | ૯ | ૧ | ચંદ્ર | ૩ |
| બવ. | ૬ | ૪ | ૧ | સૂર્ય | ૧૦ |
| કૌલ | ૧૦ | ૩ | ૧ | બુધ | ૧૨ |
| તૈતિ | ૩ | ૬ | ૪ | શુક્ર | ૯ |
| ગર | ૭ | ૨ | ૧ | મંગલ | ૮ |
| તૈતિ | ૪ | ૧૦ | ૧ | ગુરુ | ૬ |
| શકુ. | ૮ | ૧૧ | ૪ | શનિ | ૧૧ |
| કિ. | ૧૧ | ૫ | ૩ | શનિ | ૭ |
| ચતુ. | ૧૨ | ૧૨ | ૧ | ગુરુ | ૫ |

## યોગિની નિવાસ

એકમ અને નોમના પૂર્વમાં, ત્રીજ, અગ્યારસ અગ્નિખૂણામાં, પાંચમ તેરસના દક્ષિણ દિશામાં, ચોથ અને બારસના નૈઋત્યખૂણામાં, છઠ અને ચૌદશ પશ્ચિમદિશામાં, સાતમ અને પૂર્ણિમાના વાયુ ખૂણામાં, બીજ દશમના ઉત્તર દિશામાં, આઠમ અને અમાવાસ્યાના ઇશાન ખૂણામાં યોગિનીનો નિવાસ છે.

## યોગિનીનું ફળ

"યોગિની સુખદા વામે, પૃષ્ઠે વાઞ્છિતદાયિની;
દક્ષિણે ધનહન્ત્રી ચ, સન્મુખે મરણપ્રદા."

યોગિની સન્મુખ હોય તો મરણભય, ડાબી હોય તો સુખકારક, જમણી હોય તો ધનક્ષયકારક અને પાછળ હોય તો મનોવાંછિત ફલની પૂર્ત્તિ કરનારી છે.

## કાલનું સ્થાન—કાલનો વાસ

" અર્કોત્તરે વાયુદિશા ચ સોમે,
ભૌમે પ્રતીચ્યાં બુધ-નૈઋતે ચ;
યામ્યે ગુરૌ વહ્નિદિશા ચ શુક્રે,
મન્દે ચ પૂર્વે પ્રવદન્તિ કાલમ્. "

## કાળ

શનિવારે પૂર્વદિશામાં, શુક્રવારે અગ્નિખૂણામાં.
ગુરુવારે દક્ષિણ દિશામાં, બુધવારે નૈઋત્ય ખૂણામાં,
મંગલવારે પશ્ચિમ દિશામાં, સોમવારે વાયવ્ય ખૂણામાં.
રવિવારે ઉત્તર દિશામાં બુધવારે ઇશાન ખૂણામાં છે.

## કાળનું ફળ

કાલ સામો અને જમણી બાજુનો હાનિકારક છે. પાછળ અને ડાબી બાંજુ લાભદાયક છે. એથી પૂર્ણ વિચાર કરવો જોઇએ.

## દિશાશુલ વાસ સ્થાન

શનૌ ચન્દ્રે ત્યજેત્પૂર્વામ્ દક્ષિણાં ચ દિશં ગુરૌ;
સૂર્યે શુક્રે પશ્ચિમાં બુધે ભૌમે તથોત્તરામ. ૧

સોમવાર અને શનિવારે પૂર્વ દિશામાં દિશાશુલ હોય છે.
ગુરુવારના દક્ષિણ દિશામાં, "

રવિવાર અને શુક્રવારના પશ્ચિમ દિશામાં દિશાશૂલ હોય છે.
મંગલ અને બુધવારના ઉત્તર દિશામાં ,,
દિશાશૂલ ડાબું લેવું એ શ્રેયસ્કર છે.

## દિશાશૂલનો પરિહાર

રવિનો પાન, સોમનો દર્પણુ, મંગલનો ધનિયા, બુધનો ગુડ, ગુરુનો દહિં અને શુક્રનો રાઇ, શનિનો વાયવિડંગ.

### યંત્ર



## રાહુના વાસા

રવિવારના નૈઋત્ય ખૂણામાં, સોમવાર ઉત્તરમાં.

મંગલવારના અગ્નિ ખૂણામાં, બુધવારના પશ્ચિમમાં.

ગુરુવારના ઇશાન ખૂણામાં, શુક્રવારના પૂર્વમાં.

શનિવારના વાયવ્યખૂણામાં, પીઠના રાહુ શ્રેષ્ઠ છે.

" દિશાશૂલ ડાબા ભલા, જોગણી ભલી જો પૂઠ;
જો ચન્દ્રમા સન્મુખ હુવે, લાવે લક્ષ્મી લૂંટ."

## દિશા નિષેધ નક્ષત્ર

હસ્ત નક્ષત્રમાં ઉત્તર દિશામાં જવું નહિ. ચિત્રા નક્ષત્રમાં દક્ષિણમાં જવું નહીં. શ્રવણમાં પશ્ચિમ દિશામાં જવું નહીં. રોહિણીમાં પૂર્વ દિશામાં જવું નહીં. અગર આ નક્ષત્રોમાં જાય તો મરણાન્ત કષ્ટ આવી પડે.

## દગ્ધા તિથિ

ત્રીજને બુધવાર, ધનિષ્ઠ અથવા અશ્વિની નક્ષત્ર હોય, છટ્ઠને ગુરુ ઉત્તરા ફાલ્ગુની અથવા મૃગશીર્ષ નક્ષત્ર હોય, આઠમને શુક્ર જયેષ્ઠ અથવા અશ્લેષા નક્ષત્ર હોય, નવમીના શનિ, રેવતી અથવા હસ્ત નક્ષત્ર હોય, અગ્યારસને સોમવાર ચિત્રા અથવા પૂર્વ ભાદ્રપદ નક્ષત્ર હોય તો દગ્ધાતિથિ કહેવાય છે.

## વર્ગ વૈર વિચાર

| | | |
|---|---|---|
| અ. ઈ. ઉ. એ. | ગરુડ : | સર્પની સાથે વૈર છે. |
| ક. ખ. ગ. ઘ. ઙ. | બિલાડી : | ઉંદરની સાથે વૈર છે. |
| ચ. છ. જ. ઝ. ઞ. | સિંહ | મૃગની સાથે વૈર છે. |

| | | |
|---|---|---|
| ટ. ઠ. ડ. ઢ. ણ. | શ્વાન : | મેંઢાની સાથે વૈર છે, |
| ત. થ. દ. ધ. ન. | સર્પ : | ગરુડની સાથે વૈર છે. |
| પ. ફ. બ. ભ. મ. | ઉંદર : | બિલાડી સાથે વૈર છે. |
| ય. ર. લ. વ. | મૃગ : | સિંહની સાથે વૈર છે. |
| શ. ષ. સ. હ. | મેંઢા : | શ્વાનની સાથે વૈર છે. |

આ વર્ગોમાં પરસ્પર પાંચમો પાંચમો વર્ગ ત્યાગ કરીને સંબંધ કરવો જોઈએ તો જીવનભર શાન્તિથી સમય પસાર કરી શકે.

## વર્ષના ચાર સ્થમ્ભ

૧. ચૈત્ર સુદ ૧ ના રેવતી નક્ષત્ર હોય તો વરસાદ સારો થાય.
૨. વૈશાખ સુદ ૧ ના ભરણી નક્ષત્ર હોય તો તાપ અનુકૂળ અને ઘાસ સારું થાય.
૩. જેઠ સુદ ૧ ના મૃગશિર નક્ષત્ર હોય તો પવન અનુકૂળ થાય છે.
૪. અષાડ સુદ ૧ ના પુનર્વસુ હોય તો અનાજની પેદાશ સારી થાય.

## નક્ષત્રથી વર્ષફલ શ્રેષ્ઠ

અક્ષયતૃતીયાથી રોહિણી નક્ષત્ર હોય, શ્રાવણ સુદ પુનમે શ્રવણ નક્ષત્ર હોય, અને પોષ વદ અમાવાસ્યાએ મૂલ નક્ષત્ર હોય તો સમજવું કે આ વર્ષ સારૂં જશે.

"રાખી શ્રવણુના હુએ, પોષમેં મૂલ ન હોય;
આખા રોહણુ ન મિલે, મહી ડુલંતી હોય."

ષટ્ઋતુ બારા માસમેં, મત ગિણું લગ્ન વિચાર;
ગિણો નવમી અષાડ વદ, આવે કોનસો વાર. ૧

સોમ શુક્રા સૂર ગુરાં, સમય હોત સુકાળ;
બુધ આના બારે હુવે, રવિ-મંગળ-શનિ-કાળ. ૨

## ૭ ઋતુ વિચાર

| નંબર | ઋતુનામ | માસનામ | સંક્રાન્તિ |
|---|---|---|---|
| ૧ | વસંત | ચૈત્ર-વૈશાખ | મીન-મેષ |
| ૨ | ગ્રીષ્મ | જેઠ-અષાડ | વૃષ-મિથુન |
| ૩ | વર્ષા | શ્રાવણ-ભાદરવો | કર્ક-સિંહ |
| ૪ | શરદ | આસો-કારતક | કન્યા-તુલા |
| ૫ | હેમંત | માગશર-પોષ | વૃશ્ચિક-ધન |
| ૬ | શિશિર | મહા-ફાગણ | મકર-કુંભ |

## જ્ઞાનવૃદ્ધિનું નક્ષત્ર

પુનર્વસુ, મૃગશિર, આર્દ્રા, પુષ્ય, પૂર્વાષાઢા, પૂર્વાભાદ્રપદ, પૂર્વફાલ્ગુની, અનુરાધા, મૂલ, અશ્લેષા, હસ્ત અને ચિત્રા આ નક્ષત્રોમાં પ્રથમ નવો ગ્રન્થ શરુ કરવો જોઈએ. જેથી જ્ઞાનાભ્યાસ જલ્દીથી ફલીભૂત થાય છે.

## नक्षत्रपादै-राशिविचारः।

अश्विनी भरणी कृत्तिका पादमेकं मेषः।
कृत्तिकायास्त्रयः पादा, रोहिणी मृगशिरार्द्धं वृषभः॥

मृगशिरार्द्धमार्द्रा, पुनर्वसुपादत्रयं मिथुनः ।
पुनर्वसुपादमेकं, पुण्यमाश्लेषान्तं कर्कः ॥
मघा च पूर्वा फाल्गुनी, उत्तराफाल्गुनी पादमेकं सिंहः ।
उत्तराफाल्गुन्यास्त्रयः पादा, हस्तचित्रार्द्धं कन्या ॥
चित्रार्द्धं स्वाती विशाखा, पादत्रयं तुला ।
विशाखापादमेक-मनुराधा ज्येष्ठान्तं वृश्चिकाः ॥
मूलं च पूर्वाषाढोत्तराषाढा पादमेकं धनुः ।
उत्तरायास्त्रयः पादाः श्रवणं धनिष्ठार्द्धं मकरः ॥
धनिष्ठार्द्धं शतभिषा पूर्वा भाद्रपदा पादत्रयं कुंभः ।
पूर्वा भाद्रपदा पादमेक-मुत्तरा भाद्रपदा रेवत्यन्तं मीनः ॥

## राशिस्वामिनः

मेष-वृश्चिकयोर्भौमः शुक्रो वृषतुलाधिपः ।
बुधः कन्या-मिथुनयोः प्रोक्तः कर्कस्य चन्द्रमाः ॥ १ ॥
स्यान्मीन-धनुषोर्जीवः, शनिर्मकर-कुंभयोः ।
सिंहस्याधिपतिः सूर्यो, राश्यधीशाः प्रकीर्त्तिताः ॥ २ ॥

અર્થ:—મેષ અને વૃશ્ચિકનો સ્વામિ મંગલ છે.
વૃષભ અને તુલાનો સ્વામિ શુક્ર છે.
કન્યા અને મિથુનનો સ્વામિ બુધ છે.
કર્કરાશિનો સ્વામિ ચંદ્રમા છે.
મીન અને ધનનો સ્વામિ ગુરુ છે.
મકર અને કુંભનો સ્વામિ શનિ છે.
સિંહરાશિનો સ્વામિ સૂર્ય છે.

કર્કથી ધનસંક્રાન્તિ સુધી દક્ષિણાયન સૂર્ય હોય છે, મકરથી મિથુન સંક્રાન્તિ સુધી ઉત્તરાયણ સૂર્ય હોય છે. દક્ષિણાયન સૂર્યમાં શુભ કાર્યો થતા નથી.

## વિદેશ જવા માટે પ્રસ્થાનદિનનું પ્રમાણ

પૂર્વદિશામાં સાત દિવસનું પ્રસ્થાન, દક્ષિણમાં પાંચ દિવસ, પશ્ચિમમાં ત્રણ દિવસ અને ઉત્તરમાં બે દિવસનું પ્રસ્થાન છે.

## બાળકના જન્મ-સમયે પાદવિચાર

આર્દ્રા નક્ષત્રથી સ્વાતિ નક્ષત્ર સુધી ચાંદીનો પાયો હોય તો તે પાયો ઉત્તમ કહેવાય. વિશાખા નક્ષત્રથી મૂળ નક્ષત્ર સુધી લોખંડનો પાયો જાણવો તે પીડાકારક હોય છે. પૂર્વાષાઢાથી ઉત્તરા ભાદ્રપદ નક્ષત્ર સુધી તાંબાનો પાયો જાણવો તે સમ હોય છે. રેવતીથી મૃગશીર્ષ સુધી છ નક્ષત્રે સોનાનો પાયો હોય છે, તે અતિ દુઃખદાયક હોય છે.

## દિન–દિશાનો વિચાર

સૂર્યની દશા જન્મના સૂર્યથી ૨૦ દિવસ જાણવી. તે દશામાં ધનનો નાશ થાય છે. જન્મના ૨૦ દિવસ ઉતર્યા પછી ત્રીજા સૂર્યના દશ દિવસ સુધી ચન્દ્રમાની ૫૦ દિવસો સુધી દશા જાણવી, તે દશામાં ધર્મ તથા દ્રવ્યનો લાભ થાય છે. ત્રીજા સૂર્યની દશ દિવસ પછીથી લઇને ચોથા સૂર્યના આઠ દિવસ સુધી ૨૮ દિવસની મંગળની દશા જાણવી. તે દશામાં શસ્ત્રથી પીડા, રોગ અને મરણસમાન પીડા હોય છે. ચોથા

સૂર્યના આઠ દિવસ ગયા પછીથી લઇને છઠ્ઠા સૂર્યના ચાર દિવસ સુધી ૫૬ દિવસ સુધી બુધની દશા જાણવી. તેમાં સંપત્તિનું આગમન થાય. છઠ્ઠા સૂર્યના ચાર દિવસ ગયા પછીથી લઇને સાતમા સૂર્યના દશ દિવસ સુધી ૩૬ દિવસ શનિની દશા જાણવી. તેમાં માણુસની કોઇપણુ કાર્યમાં મંદબુદ્ધિ રહે છે. સાતમા સૂર્યના દશ દિવસ ગયા પછીથી લઇને નવમા સૂર્યના આઠ દિવસ સુધી ૫૮ દિવસની ગુરુની દશા હોય છે. તે દશામાં ધનનો લાભ થાય છે. નવમા સૂર્યના આઠ દિવસ ગયા પછીથી લઇને દશમા સૂર્યના ૨૦ દિવસ સુધી ૪૨ દિવસની રાહુની દશા હોય છે. તેમાં બન્ધન કરાવે છે. દશમા સૂર્યના ૨૦ દિવસ ગયા પછીથી લઇને બારમા સૂર્યના અન્તિમ સુધી ૭૦ દિવસની શુક્રની દશા હોય છે. તેમાં જેમ રાજા પ્રસન્ન થઇ લાભ કરે તેમ મનુષ્યને સર્વ પ્રકારના સુખો મલે.

## પનોતી વિચાર

નાની પનોતી ૨॥ વર્ષની. પોતાની રાશિથી શનિ ૪-૮ મો આવે તો તેને દુઃખ આપનારી શનિની નાની પનોતી અઢી વરસની જાણુવી. તે શરીરને વિષે વ્યાધિ, બન્ધુઓની સાથે વિરોધ, પરદેશગમન, કલેશ અને અત્યંત ચિંતા ઉત્પન્ન કરે છે. તેમ જ મનુષ્યને નાના પ્રકારના દુઃખો, અગ્નિભય, મૃત્યુતુલ્ય પીડા કરે છે. તથા શસ્ત્રનો ભય અને હંમેશા દુઃખ પ્રાપ્ત કરે છે.

મોટી પનોતી ૭॥ વરસની પોતાની રાશિથી ગણુતા શનિ ૧૨ મો આવે તો માથાને વિષે પનોતી જાણુવી. પહેલો શનિ

આવે તો છાતીએ પનોતી જાણવી. બીજો શનિ આવે તો પગને વિષે જાણવી. આ પ્રમાણે પનોતી સાડાસાત વરસની જાણવી. તેનું ફળ વિવિધ પ્રકારના કલેશ, ખરાબ માણસોથી ભય, પુત્ર તથા પશુ આદિને પીડા કરે છે. તેમ હાનિ, મરણ, વિદેશમાં ગમન, સાધારણ સુખ, સ્ત્રી તથા સમૃદ્ધિનો નાશ કરે છે.

જે દિવસે પનોતી બેસતી હોય તે દિવસનો ચન્દ્રમા પંચાંગમાં જોવો જો જન્મથી ૧-૬-૧૧ ચન્દ્રમા હોય તો સોનાને પાયે પનોતી બેસે. ૨-૫-૯ હોય તો રૂપાને પાયે પનોતી જાણવી. ૩-૭-૧૦ ચન્દ્રમા હોય તો ત્રાંબાને પાયે પનોતી જાણવી. ૪-૮-૧૨ મો ચન્દ્રમા હોય તો લોખંડને પાયે પનોતી જાણવી અને તે કષ્ટ આપનારી જાણવી.

**સોનાના પાયાનું ફળ**—સોનાને પાયે પનોતી બેઠી હોય તો કુટુંબમાં વિરોધ, નાના પ્રકારના રોગ અને નિત્ય ક્લેશ ઉત્પન્ન કરે છે, અને ધનનો ઘણો નાશ તથા બન્ધુજ-નોમાં વિરોધ કરાવે છે.

**ચાંદીના પાયાનું ફળ**—ચાંદીને પાયે પનોતી બેઠી હોય તો ઉત્તમ વેપાર ધન-ધાન્ય-સંપત્તિ મોટો પ્રતાપ અને રાજા તરફથી માન મલે છે. તેમજ તે વરસમાં સુખ-સંપત્તિ અને મંગલ કાર્યો થાય છે.

**તાંબાના પાયાનું ફલ**—તાંબાને પાયે પનોતી બેઠી હોય તો અનંત લક્ષ્મી, લાભ, સ્ત્રી-પુત્રનું સુખ, સંપત્તિની પ્રાપ્તિ, લાભનો ઉદય, સુખ અને શરીર સંબંધી સુખ પણ કરે છે.

**લોખંડના-પાયાનું ફળ**—લોખંડને પાયે પનોતી બેઠી હોય તો શરીરે પીડા, લોહીનો પ્રકોપ, સ્ત્રી-પુત્ર અને પશુને પીડા, વેપારનો નાશ, રાજાથી ભય અને નિર્ધનપણું પ્રાપ્ત કરે છે.

જ્યારે બાલકનો જન્મ થાય છે ત્યારે નીચે લખેલા નક્ષત્ર ખરાબ હોય છે. મૂલ, મઘા, અશ્લેષા, જયેષ્ટા અને રેવતી.

**મૂલનું ફલ**—મૂલ નક્ષત્રના પ્રથમ ચરણમાં પુત્ર અને કન્યાનો નાશ થાય. મૂલના બીજા ચરણમાં જન્મ થાય તો માતાનો નાશ થાય. મૂલના ત્રીજા ચરણમાં જન્મ થાય તો ધન-ધાન્યનો નાશ થાય. તથા ચોથા ચરણમાં જન્મ થાય તો શુભ ફલ આપે છે.

**આશ્લેષાનું ફળ**—આશ્લેષાના પહેલા ચરણમાં પુત્ર તથા કન્યાનો જન્મ થાય તો રાજ્યપ્રાપ્તિ. બીજા ચરણમાં ધનનો નાશ, ત્રીજા ચરણમાં માતાનો નાશ. ચોથા ચરણમાં પિતાનો નાશ થાય છે.

જેમ મૂલ નક્ષત્રનું ફલ છે, તેમજ મઘા નક્ષત્રનું પણ ફલ છે. તે સમજી લેવું.

**જયેષ્ઠા નક્ષત્રનું ફલ**—જયેષ્ઠાની પહેલી છ ઘડીમાં જન્મ થાય તો માતાની માતા મરે. બીજી છ ઘડીમાં જન્મ થાય તો માતાનો બાપ મરે. ત્રીજી છ ઘડીમાં જન્મ થાય તો મામો મરે. ચોથી છ ઘડીમાં જન્મ થાય તો માતા મરે. પાંચમી છ ઘડીમાં જન્મ થાય તો પોતે મરે. છઠ્ઠી છ ઘડીમાં જન્મ થાય તો ગોત્રનો નાશ થાય. સાતમી છ ઘડીમાં જન્મ

થાય તો બંને કુલનો નાશ થાય છે. આઠમી છ ઘડીમાં જન્મ થાય તો મોટો ભાઇ મરે. નવમી છ ઘડીમાં જન્મ થાય તો સસરો મરે. દશમી છ ઘડીમાં જન્મ થાય તો એ સઘળાનો વિનાશ કરે છે.

આશ્લેષાનો દોષ નવ માસ સુધી રહે છે.

મૂલ નક્ષત્રનો દોષ આઠ વર્ષ સુધી રહે છે.

જયેષ્ઠાનો દોષ પંદર માસ સુધી રહે છે. ત્યાં સુધી બાલકનું મુખ જોવું નહીં.

| | | | | | |
|---|---|---|---|---|---|
| સૂર્યના જાપ | ૭૦૦૦ | હજાર | કલિયુગમાં | ૪૪૦૦૦ | |
| ચંદ્રના જાપ | ૧૧૦૦૦ | ,, | ,, | ૪૪૦૦૦ | ચારગણા |
| મંગળના ,, | ૧૦૦૦૦ | ,, | ,, | ૪૦૦૦૦ | ,, |
| બુધના ,, | ૮૦૦૦ | ,, | ,, | ૩૨૦૦૦ | ,, |
| ગુરુના ,, | ૧૯૦૦૦ | ,, | ,, | ૭૬૦૦૦ | ,, |
| શુક્રના ,, | ૧૬૦૦૦ | ,, | ,, | ૬૪૦૦૦ | ,, |
| શનિના ,, | ૨૩૦૦૦ | ,, | ,, | ૯૨૦૦૦ | ,, |
| રાહુના ,, | ૧૮૦૦૦ | ,, | ,, | ૭૨૦૦૦ | ,, |
| કેતુના ,, | ૧૭૦૦૦ | ,, | ,, | ૬૮૦૦૦ | ,, |

**દેવગણ**—અશ્વિની, મૃગશીર્ષ, રેવતી, હસ્ત, પુષ્ય, પુનર્વસુ, અનુરાધા, શ્રવણ અને રેવતી આ નવ નક્ષત્ર દેવગણ કહેવાય છે.

**મનુષ્યગણુ**—ત્રણે પૂર્વા, ત્રણે ઉત્તરા, આર્દ્રા, રોહિણી અને ભરણી આ નવ નક્ષત્રો મનુષ્યગણુ કહેવાય છે.

**રાક્ષસગણુ**—કૃતિકા, મઘા, અશ્લેષા, વિશાખા, શતભિષા, ચિત્રા, જયેષ્ઠા, ધનિષ્ઠા અને મૂલ આ નવ નક્ષત્રો રાક્ષસગણુ કહેવાય છે.

જો સ્ત્રી-પુરૂષોનો એક ગણુ હોય તો અત્યન્ત પ્રીતિ. દેવ અને મનુષ્યગણુ હોય તો મધ્યમ પ્રીતિ. મનુષ્ય અને રાક્ષસગણુ હોય તો મૃત્યુ તથા દેવ અને રાક્ષસ ગણુ હોય તો અન્યોન્ય કલેશ થાય છે. જો કન્યાનો રાક્ષસગણુ હોય અને વરનો મનુષ્યગણુ હોય તો નિઃસંદેહ વરનું મૃત્યુ થાય છે. જો કન્યાનો મનુષ્યગણુ હોય અને વરનો રાક્ષસગણુ હોય તો શુભ ફલ આપે છે.

## નવ પંચમ વિચાર

મીન અને કર્કનું, વૃશ્ચિક અને કર્કનું, કુંભ અને મિથુનનું તથા મકર અને કન્યાનું નવ પંચમ હોય તો સારું નહીં.

વરની રાશિથી પાંચમી રાશિ કન્યાની હોય અને કન્યાની રાશિથી નવમી રાશિ વરની હોય તો તે નવ પંચક ત્રિકોણુ ગ્રહણુ કરવું. કારણુ કે તે પુત્ર-પૌત્રની વૃદ્ધિ કરે છે.

## મૃત્યુ ષડષ્ટકમ્

મેષ અને કન્યાનું, તુલા અને મીનનું, મિથુન અને વૃશ્ચિકનું, મકર અને સિંહનું, કર્ક અને કુંભનું તથા વૃષભ અને ધનનું એ રાશિઓનું મૃત્યુ ષડષ્ટક થાય છે.

## લગ્ન–ઘટી–પ્રમાણુ–ચક્રમ્

| | | | | | |
|---|---|---|---|---|---|
| મેષ લગ્ન | ઘ. ૩ | ૫૯–૫૮ | તુલાઃ | ઘ. ૫ | ૫–૧૮ |
| વૃષભઃ | ઘ ૪ | ૫–૨૭ | વૃશ્ચિકઃ | ઘ. ૫ | ૫–૩૧ |
| મિથુનઃ | ઘ. ૫ | ૫–૧૦ | ધનઃ | ઘ. ૫ | ૫–૩૬ |
| કર્કઃ | ઘ. ૫ | ૫–૩૬ | મકરઃ | ઘ. ૫ | ૫–૧૦ |
| સિંહઃ | ઘ. ૫ | ૫–૩૧ | કુંભઃ | ઘ. ૪ | ૫–૨૭ |
| કન્યાઃ | ઘ. ૫ | ૫–૧૮ | મીનઃ | ઘ. ૩ | ૫–૫૮ |

## સૂર્યનું શુભ ફલ

જન્મ રાશિથી અથવા નામ રાશિથી સૂર્ય, ૩–૧૦–૧૧ મો હોય તો તે ધન તથા યશ, રાજ્ય તરફથી માન અને સર્વ કાર્યોમાં સિદ્ધિ, સારી બુદ્ધિ, બંધુવર્ગમાં સુખ, પુત્રનું સુખ, ધનનો લાભ અને પુણ્યની વૃદ્ધિ કરે છે.

## સૂર્યનું અશુભ ફલ

જ્યારે સૂર્યગ્રહ પોતાની રાશિથી ૧–૨–૪–૫–૭–૮–૯–૧૨ મો સૂર્ય હોય તો તે શરીરે પીડા, ચિંતા, ધારેલા કામમાં બગાડ, ભવ, આગનો ભય, પરદેશગમન અને દ્રવ્યનો નાશ કરે છે.

## ચન્દ્રગ્રહનું શુભ ફલ

ચન્દ્ર જ્યારે પોતાની રાશિથી ૧–૨–૩–૬–૭–૧૦–૧૧ મો હોય તો તે ધારેલી વસ્તુઓનો લાભ, મિત્ર તથા બંધુવર્ગનું સુખ અથવા મિત્રોની સાથે સમાગમ, બુદ્ધિની વૃદ્ધિ તેમ વિપ્ર અથવા દેવોની ભક્તિ કરાવે છે.

## ચન્દ્રનું અશુભ ફલ

ચન્દ્ર જ્યારે ૪-૫-૮-૯-૧૨ મો હોય તો તે દ્રવ્યની હાનિ, ચોર તથા અગ્નિનો ભય કોઈ રીતે બંધાવાનો ભય, કલેશ, શસ્ત્રની પીડા, હાનિ, વિયોગનો ભય તથા દુઃખની પ્રાપ્તિ કરે છે. શુક્લપક્ષમાં ૨-૫-૯ મો ચન્દ્રમા અને કૃષ્ણપક્ષમાં ૪-૮-૧૨ મો હોય તો જેમ માતા પોતાના બાળકનું રક્ષણ કરે છે, તેમ ચન્દ્ર પણ તે માણસનું રક્ષણ કરે છે.

## મંગલનું શુભ ફલ

મંગળ ૩-૬-૧૧ મો હોય તો તે દ્રવ્ય, જમીન, સોનું વસ્ત્ર વગેરેનો લાભ, શત્રુઓનો નાશ, રાજાની કૃપા, શરીરે આરોગ્ય તથા નાના પ્રકારના સુખને પ્રાપ્ત કરાવે છે.

## મંગલનું અશુભ ફલ

મંગળ ૧-૨-૪-૫-૭-૮-૯-૧૦-૧૨ મો હોય તો તે શરીરે ગડગુમડ, ખસ વગેરે રક્તવિકારની વ્યાધિ શત્રુઓનો ભય, પરદેશગમન તથા મિત્રોની સાથે વિરોધ કરાવે છે.

## બુધનું શુભ ફલ

બુધ જ્યારે ૨-૪-૬-૮-૧૦-૧૧ મો હોય તો તે શ્રેષ્ઠ ફલ આપે છે. જેમકે-લાભ, ભાગ્યનો ઉદય, મનનો આનંદ દ્રવ્યનો લાભ ઉત્તમ સુખ અને સંપત્તિનો વધારો કરે છે.

## બુધનું અશુભ ફલ

બુધ જ્યારે ૧, ૩, ૫, ૭, ૯, ૧૨ મો હોય તો તે સુખનો નાશ, દ્રવ્યની હાનિ, બંધુઓની સાથે વિરોધ કરાવે. શોક,

શરીરે મહાપીડા, અનેક રીતે શત્રુ ભય, હંમેશાં દુઃખ, વ્યાધિ તથા વિયોગની પ્રાપ્તિ કરાવે છે.

## ગુરુનું શુભ ફલ

ગુરુ જ્યારે ૨, ૫, ૭, ૯, ૧૧ મો હોય તો ક્રય-વિક્રયમાં લાભ થાય, જશ વધે, તેમ તે બુદ્ધિનો વધારો, દ્રવ્યનો લાભ, સુખ તથા સંપત્તિનો વધારો કરે છે.

## ગુરુનું અશુભ ફલ

ગુરુ ૧. ૪. ૩. ૬. ૮. ૧૦. ૧૨ મો હોય તો તે શરીરે વ્યાધિ, પરદેશગમન તથા મિત્રોની સાથે ક્લેશ કરાવે છે.

## શુક્રનું અશુભ ફલ

જન્મરાશીથી ગણુતાં શુક્ર ૧. ૨. ૩. ૪. ૫. ૮. ૯. ૧૧. ૧૨ મો હોય તો તે મોટા માણુસો સાથે સમાગમ તેમ બન્ધુ વર્ગ તથા પુત્રાદિનું સુખ આપે છે.

## શુક્રનું અશુભ ફલ

શુક્ર ૧૦. ૭. ૬ ઠ્ઠો હોય તો તે ભય, શોક ઉત્પન્ન કરાવે. ધારેલા કાર્યનો નાશ, મહાવિપત્તિ, સ્ત્રીની સાથે વિરોધ, હંમેશાં કષ્ટપણું પ્રાપ્ત કરાવે છે.

## શનિનું શુભ ફલ

શનિ જ્યારે ૩. ૬. ૧૧ મો હોયે ત્યારે સુવર્ણનો લાભ, વસ્ત્રોનો લાભ; રાજદરબારથી સ્નેહનો વધારો, મિત્ર પક્ષથી જય, ધનનો લાભ તેમ ઇચ્છા મુજબ સુખ-સંપત્તિનો વધારો કરે છે.

## શનિનું અશુભ ફલ

શનિ જ્યારે ૧. ૨. ૪. ૫. ૭. ૮. ૯. ૧૦. ૧૨ મો હોય તો ત્યારે પોતાના બન્ધુઓ સાથે વિરોધ, ધનની હાનિ તેમ દરેક પ્રકારથી કાર્યથી હાનિ કરે છે.

## રાહુનું શુભ ફલ

રાહુ જ્યારે ૧. ૩. ૬. ૯. ૧૦. ૧૧ મો હોય તો પુત્ર-સુખ, તેમ સ્ત્રી તથા દ્રવ્યનો લાભ આપે છે.

## રાહુનું અશુભ ફલ

રાહુ ૨. ૪. ૫. ૭. ૮. ૧૨ મો હોય તો મરણ તુલ્ય પીડા કરે છે. અને દરેક પ્રકારથી હાનિ કરે છે. રાહુ માફક કેતુનું પણ ફલ જાણવું.

શુક્ર, બુધ તથા સુર્ય આ ત્રણે ગ્રહો એક માસ સુધી રહે છે. મંગલ દોઢ માસ, ગુરુ તેર માસ, ચંદ્રમા સવા બે દિવસ, રાહુ તથા કેતુ અઢાર માસ રહે છે.

શનિ એક રાશિ ઉપર અઢી વરસ રહે છે.

## જ્ઞાનવૃદ્ધિની તિથિ

બીજ, ત્રીજ, પાંચમ, દશમ અને અગ્યારસ શ્રેષ્ઠ છે. અને શુકલ પક્ષમાં વિશેષ લાભદાયક છે.

## ચોવીસ તીર્થંકરોનાં લંછન

વૃષભ, ગજ, અશ્વ, વાંદરો, ક્રૌંચ, પદ્મ, સ્વસ્તિક, ચન્દ્ર, મગર, શ્રીવત્સ, ગેંડો, મહિષ (પાડો), સૂવર, સિંચાણો, વજ્ર,

હરણ, બકરો, નંદાવર્ત, કલશ, કાચબો, કમલ, શંખ, સર્પ, સિંહ અનુક્રમે સમજી લેવા.

## ચોવીશ તીર્થંકરોના યક્ષ

ગોમુખ, મહાયક્ષ, ત્રિમુખ, ઇશ્વર, તુંબરુ, કુસુમ, માતંગ વિજય, અજિત, બ્રહ્મ, મનુજ, સુરકુમાર, ષણ્મુખ, પાતાલ, કિન્નર, ગરૂડ, ગંધર્વ, યક્ષેન્દ્ર, કુબેર, વરૂણ, ભૃકુટિ, ગોમેધ, પાર્શ્વ, અને માતંગ અનુક્રમે જાણી લેવાં.

## ચોવીશ તીર્થંકરોની યક્ષિણી

ચક્રેશ્વરી, અજિતબાલા, દુરિતારિ, કાલી, મહાકાલી, અચ્યુતા, શાન્તા, જવાલા, સુતારા, અશોકા, માનવી, પ્રચંડા, વિજયા, અંકુશા, પ્રજ્ઞપ્તિ, નિર્વાણી, બાલા, ધારણી, વૈરૂટ્યા, નરદત્તા, ગાંધારી, અંબિકા, પદ્માવતી અને સિદ્ધાયિકા અનુક્રમે સમજી લેવી.

## ગ્રહ દશામાં જાપ

સૂર્યની દશામાં શ્રી પદ્મપ્રભુ ભગવાનનો જાપ.
ચન્દ્રની દશામાં શ્રી ચન્દ્રપ્રભુ ,, ,,
મંગલની દશામાં શ્રી વાસુપૂજ્ય ,, ,,

બુધની દશામા શ્રી ૧૩-૧૪-૧૫-૧૬-૧૭-૧૮-૨૦-૨૪ ભગવાનનો જાપ.

ગુરુની દશામાં શ્રી ૧-૨-૩-૪-૫-૭-૧૦-૧૧ ભગવાનનો જાપ.

શુક્રની દશામાં શ્રી સુવિધિનાથ ભગવાનનો જાપ.
શનિની દશામાં શ્રી મુનિસુવ્રતસ્વામી „ „
રાહુની દશામાં શ્રી ૨૨ મા ભગવાનનો „ „

કેતુની દશામાં શ્રી ૧૯-૨૩ ભગવાનનો જાપ કરવો જોઇએ.

આ તીર્થંકરોનો જાપ કરવાથી ક્રૂર ગ્રહ પણ શાંત થઈ જાય છે. અને સાથે નીચે લખેલ મન્ત્ર ૨૧ અથવા ૨૭ વાર હંમેશા ભણવો—

### મન્ત્ર

ૐ હ્રીઁ શ્રીઁ ગ્રહાશ્ચન્દ્ર-સૂર્યાઙ્ગારક-બુધ-બૃહસ્પતિ-શુક્ર-શનૈશ્ચર-રાહુ-કેતુ-સહિતાઃ ખેટા જિનપતિપુરતોઽવતિષ્ઠન્તુ મમ ધન-ધાન્ય-જય—વિજય-શુભ-સૌભાગ્ય-ધૃત્તિ-કીર્તિ-કાન્તિ-શાન્તિ-તુષ્ટિ-પુષ્ટિ-બુદ્ધિ-લક્ષ્મી-ધર્માર્થકામદાઃ સ્યુઃ સ્વાહા. શ્રદ્ધાપૂર્વક જાપ કરવાથી આનંદ-મંગળ થાય છે.

## બુદ્ધિજનક સંસ્કાર

બાલકનો જન્મ થયા બાદ નાલ છેદતાં પહેલાં (દક્ષિણ) જમણા હાથની અનામિકા અંગુલીના અગ્ર ભાગમાં સુવર્ણની અંગુલી અને ગોઘૃત ભેગા કરી આ મંત્ર બોલવો.

ૐ ભૂસ્ત્વયિ દધામિ, ૐ પૂસ્ત્વયિ દધામિ, ૐ ભૂસ્ત્વયિ દધામિ, ૐ ભૂભુર્વઃ સ્વઃ સર્વં ત્વયિ દધામિ. આ ચાર મંત્રથી બાલકને થોડા થોડા ચાર વાર મધ ઘી ચટાડવું. આમ કરવાથી બાલક બુદ્ધિમાન અને યશસ્વી થાય છે.

## વિદ્યારંભનું મુહુર્ત્ત

ઉત્તરાયણમાં કુમ્ભના સૂર્યને છોડી રવિ, બુધ, ગુરુ, અને શુક્રવારના ૨-૩-૫-૬-૧૦-૧૧-૧૨ આ તિથિઓમાં મૃગ૦, આર્દ્રા, પુન૦, હસ્ત૦, ચિ૦ સ્વા૦ શ્ર૦ ધ૦ શ૦ અશ્વિ૦ મૂ૦ તનોં૦ પૂર્વા૦ અને ઉત્તરા૦ રો૦ પુષ્ય૦ અશ્લે૦ અનુ૦ રેવતી આ નક્ષત્રોમાં જ્યારે લગ્નથી ૧-૪-૫-૭-૯-૧૦ સ્થાનોમાં શુભ ગ્રહ હોય તો વિદ્યા પ્રારમ્ભ કરવી શુભકારક છે.

ફારસી અંગ્રેજી વિદ્યારંભનું મુહૂર્ત્ત સૂર્ય મંગલ શનિવાર હોય. ૪-૯-૧૪ તિથિ હોય, જયેષ્ઠા, અશ્લે, મ. ત્રણે પૂર્વા. ભ. કૃ. આર્દ્રા. ઉષા. શ. નક્ષત્ર હોય તો વિદ્યારંભ કરવો શ્રેષ્ઠ છે.

## મંત્ર-દીક્ષા-મુહૂર્ત્ત

અધિક માસ રહિત વૈશાખ, શ્રાવણ, આસો, કાર્તિક, માર્ગ૦ ભા૦ આ માસોમાં શુક્લપક્ષની બીજ, ત્રીજ, પાંચમ, સાતમ, દશમ, અગ્યારસ, તેરસ. આ તિથિયોમાં તથા કૃષ્ણ પક્ષની ૨-૩-૫ તિથિયોમાં શુભ વારમાં વૃષ મિ૦ સિં૦ ક૦ તુ૦ ધન. મી. લગ્ન હોય. લગ્નથી ૧-૫-૭-૧૦ મે શુભ ગ્રહ હોય તો મંત્ર દીક્ષા લેવી ઉત્તમ છે.

વિશેષ-તીર્થસ્થાન પર ગ્રહણના સમય તથા શ્રાવણી પર્વ એમ નવરાત્રિમાં મંત્ર દીક્ષા લેતી વખતે માસ આદિ પંચાંગ-શુદ્ધિ જરૂરી નથી.

## દીક્ષા-મુહૂર્ત્ત

માર્ગશીર્ષ, માઘ, ફાલ્ગુન, વૈશાખ, જયેષ્ઠ તથા અષાડ આ માસોમાં રવિ, બુધ, ગુરુ, શુક્ર અને શની આ વારોમાં

૨-૩-૫-૭-૧૦-૧૧-૧૩ આ તિથિયોમાં ત્રણ-ઉત્તરા, રો૦ હસ્ત, અનુરાધા, શત૦ પૂર્વા૦ ભાદ્ર૦ પુષ્ય૦ પુન૦ રેવતી, અશ્વિની૦ મૂ૦ શ્ર૦ સ્વા૦ આર્દ્રા આ નક્ષત્રમાં દીક્ષા દેવી શુભકારક છે.

## પ્રવાસી પ્રશ્ન

પ્રશ્ન કરનારના ઉચ્ચારણ કરેલા અક્ષરોના છ ગુણા કરીને એક તેમાં ઉમેરવો. ફરી સાત ભાગ દેવો ને શેષ એક રહે તો પ્રવાસી આવે છે. બે શેષ રહે તો માર્ગના અર્ધાભાગમાં છે. ત્રણ શેષ રહે તો ગામની નજીકમાં આવ્યો છે. ચાર શેષ રહે તો ઘરમાં લાભ સહિત આવે છે. પાંચ શેષ રહે તો દુઃખીત છે. છ શેષ રહે તો આવવાનો યત્ન કરે છે.

## કાર્ય સિદ્ધ થશે કે નહીં ?

સારા વારમાં ડાબો સ્વર ચાલતા સમયે પ્રશ્ન કરે તો કાર્ય સિદ્ધ થાય છે, શુકલપક્ષમાં વિશેષ ફાયદાકારક થાય છે. ખરાબ વારમાં દક્ષિણ સ્વર ચાલતી વખતે પ્રશ્ન કરે તો કાર્ય સિદ્ધ થાય છે. જો કૃષ્ણપક્ષમાં હોય તો વિશેષ સિદ્ધિ થાય છે. વિપરિત હોય તો કાર્યસિદ્ધિ થતી નથી.

## શુકન વિચાર

ઘરની બહાર નીકળતી વખતે શુકન શુભકારક છે. એથી શુકનનો સંપૂર્ણ વિચાર કરવો જોઇએ.

વિદેશમાં જતી વખતે સામે કુંવારી કન્યા, સધવા સ્રી પુત્ર સહિત, ગોળ યા દુધથી ભરેલો ઘડો, દહીં, ભેરી, પૂષ્પમાલા, નિર્ધૂમ અગ્નિ, રાજા, મુનિ, ચોખા, રત્નવીણા, ધ્વજા,

પતાકા ઇત્યાદિ સામે આવે તો શુકન લાભકારક અને કાર્યની અવશ્ય સિદ્ધિ થાય છે. નીલચાંસ પક્ષી, મોર, નોળીયો દૃષ્ટિગત થાય તો ઉત્તમ છે.

કુકડા ડાબા બોલે તો ઉત્તમ છે. નાહર જમતી તરફ મળે તો ઉત્તમ છે. પોપટ ડાબાથી જમણે ઉત્તમ છે. બગલા બોલતા અને ઉંચા ઉડતા હોય. તે દેખે તો કન્યા તથા ધનનો લાભ અને મિત્ર સમાગમ થાય છે.

હરણ ડાબેથી જમણે જતાં હોય તો ઉત્તમ છે.

ડાબી છીંક અને જમણી ખાંસી ઉત્તમ છે.

કાગડા ડાબી બાજુ બોલતાં હોય તો સારા છે.

ગધેડા ડાબી બાજુ ભૂંકે તો લાભદાયક છે.

સર્પ જમણી તરફ હોય તો ઉત્તમ છે.

ઘૂવડ ડાબી તરફ બોલે તો ઉત્તમ છે.

મોર એક શબ્દ બોલે તો ધનલાભ, બે વાર બોલે તો સ્ત્રીલાભ અને નાચતા હોય તેમ દેખે તો ઉત્સાહ વધે છે.

કબૂતર જમણી તરફ લાભકારક છે.

મોર સામો આવતો હોય તો ધનલાભ થાય છે.

કાનખજૂરાનું ડાબું જવું સારું છે.

હાથી ઘોડા જમણા ઉત્તમ છે.

ઉંટ ગધેડા ડાબા લાભદાયક છે.

વાંદરા જમણા ઘણા ઉત્તમ છે.

કુતરા જમણા અને ભક્ષ સહિત હોય તો સારા છે.

બિલાડી જમણી સારી છે.

કોયલ જમણી લાભદાયક છે.

સોવનચિડી જમણી ધનલાભ કરાવે છે.

હંસી ડાબું જુવે તો લાભ થાય છે.

ટીટોડા સામે બોલે તો સુખ મળે છે.

સૂવા જમણી તરફ બોલે તો ધનલાભ થાય છે.

વંધ્યા સ્ત્રી, ચર્મ, અસ્થિ, ઈંધન, સંન્યાસી, ભેંસોનું યુદ્ધ, સર્પ, શત્રુ, માર્જારનું યુદ્ધ, કુટુંબિકલી વિધવા, જાતિભ્રષ્ટ, અંગહીન, દુષ્ટવાણી ઈત્યાદિ શુકન યાત્રા વખતે અશુભ અને દુઃખદાયક છે.

## દુહાઓ

ગમન સમયે શ્વાન જો, ફડફડાય દે કાન;
મહા અશુભ ફલ કાજ કો, શ્રીધર શાસ્ત્ર પ્રમાણ. ૧
બાંઇ ઉંચી પીઠ કી, છીંક હોવે શુભકાર;
નીચી સન્મુખ દાહિની, અપની છીંક અસાર. ૨
કાલી ચિડિયાં વામ દિશી, બોલે તો શુભકાર;
શૂર સાપ ઔર ગોહ કા, દર્શન દુઃખ અપાર. ૩
શ્વાન દક્ષિણ પાવસે, ખણે ખાજ નિજ શીશ;
રાજ્ય લાભ અરુ ઉદર સુખ, શ્રીધર વિશ્વાવીશ. ૪
ગમન સમય મેં સામને, મૂર્દો જો મિલ જાય;
મનોકામના સબ સફલ હૈ, શ્રીધર સ્પષ્ટ બતાય. ૫

રાસભ ભેંસા નર ચડચો, મિલે લટત મંજાર;
શ્વાન મહિષ માનવ લડે, શ્રીધર અશુભ વિચાર. ૬
ગમન સમય મેં દાહિને, દેખ પડે કહું કાગ;
શ્રીધર લક્ષ્મી બહુ મિલે, બડે બહુત સી સાખ. ૭
ડાબી છીંક જમણી ખાંસી, રોતી નાર સાસરે જાય;
જો બલદ ખન્ચાઉ આવે, તબ વિભીષણ લંકા પાવે. ૮
આંટો કાંટો ઘી ઘડો, ખુલા લટી નાર;
ડાબા ભલા ન જીમણા, ખુલા લટી નાર. ૯
કુંભ કરેવો ચીવડો, હડપત ને હીરણા;
ચેતા લીજે જીમણુ, પ્રભાતે નિરણા. ૧૦
લિયે સુહાગિન સુમન ઉચ્છગા, કે ઘટ ભર્યો હોય જલગંગા;
ઇસ વિધિ મિલે આવતી આગે, શ્રીધર મનોરથ સોવત જાગે. ૧૧

રસોઇ તૈયાર થઇ ગઇ હોય પછી ના પાડે તો પણ જમીને જવું સારૂં છે. જેથી કાર્ય જલ્દીથી પરિપૂર્ણ થાય. માટે જમીને જ પછી જવું અને તેથી જ મનોવાંછિત કાર્ય સફળ થાય છે.

આ પ્રમાણે શુકનનો અવશ્ય વિચાર કરીને પ્રમાણ કરવાથી મહાન્ સુખની પ્રાપ્તિ થાય છે.

## ભૈરવનો મંત્ર

ૐ હ્રીં શ્રીં ક્લીં હ્રીં શ્રીં બં સર્વજ્ઞાય પ્રચંડપરાક્રમાય બટુકાય ઇમં દીપં ગૃહાણ (૨) સર્વકાર્યાણિ સાધય (૨) દુષ્ટાન્નાશય ત્રાસય ત્રાસય સર્વતો મમ રક્ષાં કુરુ કુરુ હું કુટ્ કુટ્ સ્વાહા.

વિધિ સહિત સાડા બાર હજારનો જાપ કરવો.

## સ્વપ્નેશ્વરી મંત્ર.

ૐ હ્રીં ક્લીં હ્રીં હ્રીં ત્રિભુવનસ્વામિનિ જ્ઞાનપ્રકાશિનિ મમ ચિન્તિતં કાર્યં કથય (૨) સ્વપ્નં દર્શય દર્શય મમ વાંછિતં પૂરય (૨) સ્વાહા.

સંધ્યાના સમયે મનમાં કાર્ય વિચારીને એક માળા આ મંત્રની આજુબાજુ ફેરવીને સૂઇ જવાથી સ્વપ્નમાં શુભાશુભ ફલ સ્વપ્નેશ્વરી બતાવે છે. પવિત્રતાની સાથે મનની શ્રદ્ધા મક્કમ હોવી જોઈએ.

## નગરપ્રવેશ મંત્ર.

ૐ અમૃતે અમૃતોદ્‌ભવે અમૃતવર્ષિણિ અમૃતે શ્રાવય શ્રાવય સન્માનં લાભં દેહિ દેહિ હ્રીં સ્વાહા.

આ મંત્રને ૭ કંકર (કાંકરા) ૨૧ વખત મંત્ર કરીને ક્ષીર (અર્ક) વૃક્ષની ઉપર નાખી દેવા. પછીથી નગરમાં પ્રવેશ કરવાથી સર્વ આનંદ મંગળ થાય છે.

## પેટનો મંત્ર

ૐ નમો ઇટ્ટી મિટ્ટી ભસ્મ કુરુ કુરુ સ્વાહાઃ. આ મંત્રને ૨૧ વાર ભણીને પાણી મંત્રીને પેટના દર્દીને પીવડાવવું જેથી તત્કાલ પેટના દર્દીને આરામ થઇ જશે.

## ગામપ્રવેશ મંત્ર (બીજો)

ૐ નમો અરિહંતાણં, નમો ભગવત્યૈ, ચન્દ્રાયૈ, મહો-

વિમ્ભક્તાએ, સત્તઠાયે ગિરે ગિરે હુલુ હુલુ ચુલુ ચુલુ મયૂર-વાહિન્યૈ સ્વાહા.

વિધિ:—આ મંત્રનો જાપ પોષ વદ દશમીના દિવસે ઉપવાસ કરીને કરવો જોઈએ. ઓછામાં ઓછો એક હજાર આઠવાર તો અવશ્ય કરવો. ત્યારપછી ગામપ્રવેશ સમયે સાતવાર જાપ કરી જે તરફનો સ્વર ચાલતો હોય તે તરફનો પગ પહેલા ઉપાડીને ગ્રામપ્રવેશ કરવાથી અત્યન્ત લાભ થાય છે. સાધુ મુનિરાજ કરે તો અધિક સત્કાર પામે છે.

## કાર્યસિદ્ધિ મંત્ર

ૐ હ્રીઁ શ્રીઁ ક્લીઁ બ્લૂઁ અર્હં નમઃ.

આ મન્ત્રનો ૨૧ હજાર જાપ વિધિપૂર્વક કરી એક માલા નિત્ય ફેરવવાથી સર્વ કાર્યની સિદ્ધિ થાય છે.

## શાંતિનો મંત્ર.

ૐ સંતિ, સંતિ, પસંતિ, ઉવસંતિ.

સવ્વપાવં ઉવસમેહિ ઠઃ ઠઃ ઠઃ સ્વાહા.

## સંક્ષિપ્ત સ્વરોદય વિચાર

નાસિકામાંથી જે શ્વાસ નિકળે છે તેને સ્વર કહે છે. સ્વરનો સંબંધ નાડીમાંથી થાય છે. મનુષ્યના શરીરમાં અનેક નાડીઓ છે. જેમાં મુખ્ય ચોવીસ નાડી છે. જેમાં નવ નાડી મોટી છે. તેમાં પણ ત્રણ અતિશય પ્રધાન માનેલી છે. તેના નામ ઈંગલા, પિંગલા, સુષુમ્ના ( સુખમના ).

નાસિકાના બન્ને દ્વારની વચમાં ચક્ર છે. ત્યાંથી શ્વાસનો પ્રકાશ થાય છે. તે પાછલી વંકનાલ થઈને નાભિમાં જઈ અટકે છે. ત્યાંથી નાસિકાના જમણી બાજુમાં શ્વાસ નિકળે છે, તેને ઈંગલાનાડી-સૂર્યસ્વર કહે છે. અને જે ડાબી બાજુથી શ્વાસ નીકળે છે તેને પિંગલાનાડી-ચન્દ્રસ્વર કહે છે. તથા બન્ને તરફથી શ્વાસ નિકળે તેને સુષુમ્નાસ્વર કહેવાય છે.

(૧) શિતલ અથવા સ્થિર કાર્ય ચંદ્રસ્વરમાં કરવું સારૂં છે. જેમકે દાન, દીક્ષા, મંદિર, મકાન, નગરપ્રવેશ, ધ્વજાદંડ, કલશ ચઢાવવો, વસ્ત્રાદિ ધારણ કરવું ઈત્યાદિ.

(૨) ક્રૂર અથવા ચર કાર્ય સૂર્યસ્વરમાં કરવું સારૂં છે. જેમકે યંત્ર, મંત્ર, ધ્યાન, જ્ઞાન, વિદ્યાભ્યાસ, પન્થચલન, વેપાર અથવા રાજકાર્યાદિ કરવું, વિઘ્નશાન્તિ, ઋતુદાન અને લેણદેણ ઇત્યાદિ.

(૩) સુષુમ્નાસ્વરમાં કોઇપણ કાર્ય ફલ આપનાર નથી થતું. બલ્કે હાનિકારક થાય છે. તેથી કોઇપણ કાર્ય ન કરવું.

(૪) કૃષ્ણપક્ષનો સ્વામિ સૂર્યસ્વર છે. કૃષ્ણપક્ષના પડિવાકો શુભ જો સૂર્યસ્વર ચાલતો હોય તો તે પક્ષ આનંદમાં નીકળે છે. અને લાભદાયી થાય છે. ચંદ્રસ્વર સારો નથી.

(૫) શુકલપક્ષનો સ્વામિ ચન્દ્રસ્વર છે. શુકલપક્ષના પડિવાકો ચન્દ્રસ્વર ચાલતો હોય તો શુકલપક્ષ આનંદ અને લાભકારી થાય છે. સૂર્યસ્વર પડિવાકો સારો નથી.

(૬) સુષુમ્ના બન્ને પક્ષમાં હાનિકારક છે.

(૭) વૃશ્ચિક, સિંહ, વૃષભ, કુંભ એ ચાર રાશી ચન્દ્ર-સ્વરની છે. સ્થિર કાર્યમાં શ્રેષ્ઠ લાભદાયક છે.

(૮) કર્ક, મકર, તુલા, મેષ એ ચાર રાશી સૂર્યસ્વરની છે. ચર કાર્યમાં શ્રેષ્ઠ છે.

(૯) મીન, મિથુન, ધન, કન્યા એ ચાર રાશી સુષુમ્ના સ્વરની છે. તેમાં કોઇપણ કાર્ય કરવું લાભદાયી નથી થતું. એની માફક બાર સંક્રાન્તિના બાર માસ પણ સમજી લેવા જોઇએ.

પ્રશ્ન:—કોઈ મનુષ્ય આપણી સામે અથવા ડાબી બાજુ ઉંચો ઉભો રહી પ્રશ્ન કરે એ વખતે આપણો ચન્દ્રસ્વર ચાલતો હોય તો પૂછનારના પૂછેલા કાર્યની સિદ્ધિ થશે એમ ઉત્તર આપવો. અગર પૂછનાર આપણાથી નીચે અથવા જમણે તથા પાછળ પુંઠે ઉભો હોય તો તે વખતે આપણો સૂર્યસ્વર ચાલતો હોય તો પૂછનારના કાર્યની સિદ્ધિ થશે એમ સમજી લેવું.

## તત્ત્વ

તત્ત્વ પાંચ છે. પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને આકાશ. જેમાં પૃથ્વી-જલનો સ્વામી ચંદ્રસ્વર છે. અગ્નિ, વાયુ, આકાશનો સ્વામી સૂર્યસ્વર છે.

(૧) પૃથ્વી તત્ત્વનો રંગ પીળો, નાકથી બાર આંગળ દૂર જાય, સામે ચાલે અને આકાર સમચોરસ હોય છે.

(૨) જલતત્ત્વનો રંગ સફેદ, નાકથી ૧૬ આંગળ દૂર જાય, નીચે ચાલે, આકાર ચન્દ્રની માફક ગોલ.

(૩) અગ્નિતત્ત્વ રંગ લાલ, નાકથી ૪ આંગળ હવા દૂર જાય, ઉપર ચાલે, આકાર ત્રિકોણો.

(૪) વાયુતત્ત્વનો રંગ પીળો, નાકથી ૮ અંગુલ દૂર જાય, વીંછુ ચાલે આકાર ધ્વજાનો.

(૫) આકાશતત્ત્વ રંગ કાળો, નાકની અંદર હવા રહે આકાર નથી.

એકેક સ્વર એકેક કલાક સુધી ચાલતો હોય તો તેમાં પૃથ્વીતત્ત્વ ૫૦ પલ, જલતત્ત્વ ૪૦ પલ, અગ્નિતત્ત્વ ૩૦ પલ, વાયુતત્ત્વ ૨૦ પલ, આકાશતત્ત્વ ૫૦ પલ.

## તત્ત્વોના રંગની સાધના

પાંચ રંગની પાંચ અને એક વિચિત્ર રંગની એમ છ ગોળીઓ બનાવી, ધ્યાનમાં રંગનું ચિંતવન કરી, આંખ બંધ કરી એ ગોળીઓમાંથી એક ગોળી લઇ જે આપણો ચિંતવેલો રંગ અને ગોળીનો રંગ મળી જાય તો સમજવું કે સ્વર મળે છે.

## પાંચ તત્ત્વોથી પ્રશ્નનો ઉત્તર

ચન્દ્રસ્વરમાં પૃથ્વી અથવા જલ તત્ત્વ ચાલતા હોય તે વખતે જો કોઇએ પ્રશ્ન કર્યો હોય તો તેને ઉત્તર આપવો કે તારૂં કાર્ય સિદ્ધ થશે અને અગ્નિ, વાયુ આકાશ તત્ત્વ ચાલતા હોય તો કહેવું કે કાર્યની સિદ્ધિ નહીં થાય. એ પ્રમાણે સૂર્ય તત્ત્વમાં પૃથ્વી જલતત્ત્વ ચાલતા હોય તો કાર્ય સફલ નહીં થાય અને અગ્નિ વાયુ આકાશ તત્ત્વ ચાલતા હોય તો

કાર્યની જલદી સિદ્ધિ થશે, પરંતુ ચન્દ્રસ્વરમાં સ્થિર કાર્ય થાય સૂર્યસ્વરમાં ચર કાર્ય થાય.

પ્રકૃતિ—વાયુ અને પિત્તનો સ્વામિ સૂર્યસ્વર છે. કફનો સ્વામિ ચન્દ્રસ્વર છે અને સન્નિપાતનો સ્વામિ સુષુમ્ના છે.

પરદેશગમન—ચન્દ્રસ્વરમાં દક્ષિણ અને પશ્ચિમદિશામાં જવું અધિક લાભકારી છે. સૂખપૂર્વક પાછા ઘર પર આવી આનંદ માણી શકે છે. અને પૂર્વ ઉત્તર દિશામાં જવું સારું નહીં. સૂર્યસ્વરમાં પૂર્વ અને ઉત્તર દિશામાં જવું સારૂં છે. દક્ષિણ પશ્ચિમમાં જવું ઠીક નથી. સુષુમ્નામાં કોઇપણ દિશામાં જવાની મનાઇ છે.

સૂર્ય સ્વરમાં ભોજન કરે, ચન્દ્ર સ્વરમાં પાણી પીવે તો સારૂં. અથવા સૂર્યસ્વરમાં પાણી પીવું, ચન્દ્રસ્વરમાં ભોજન કરવું તે રોગની પ્રાપ્તિનું લક્ષણ છે.

સ્વરોદયજ્ઞાન એક તાત્કાલિક જ્ઞાન છે. એનો વિસ્તાર બહુ જ છે. પરંતુ અહીં સંક્ષિપ્તથી લખેલું છે. સામાન્યથી દરેક મનુષ્યોને આ જ્ઞાન પર પ્રેમ થવો જોઇએ. અથવા આપનો પ્રેમ અધિક થાય જેથી સ્વરોદય આપની સેવામાં અધિક પ્રાપ્ત થાય. અને તમે અભ્યાસી બની તમો પણ બીજાને લાભદાયી નિવડો એ જ. વિશેષ શું ?

★

## શુકનાવલી

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧૧૧ | ૧૧૨ | ૧૧૩ | ૧૧૪ | ૧૨૧ | ૧૨૨ | ૧૨૩ | ૧૨૪ |
| ૧૩૧ | ૧૩૨ | ૧૩૩ | ૧૩૪ | ૧૪૧ | ૧૪૨ | ૧૪૩ | ૧૪૪ |
| ૨૧૧ | ૨૧૨ | ૨૧૩ | ૨૧૪ | ૨૨૧ | ૨૨૨ | ૨૨૩ | ૨૨૪ |
| ૨૩૧ | ૨૩૨ | ૨૩૩ | ૨૩૪ | ૨૪૧ | ૨૪૨ | ૨૪૩ | ૨૪૪ |
| ૩૧૧ | ૩૧૨ | ૩૧૩ | ૩૧૪ | ૩૨૧ | ૩૨૨ | ૩૨૩ | ૩૨૪ |
| ૩૩૧ | ૩૩૨ | ૩૩૩ | ૩૩૪ | ૩૪૧ | ૩૪૨ | ૩૪૩ | ૩૪૪ |
| ૪૧૧ | ૪૧૨ | ૪૧૩ | ૪૧૪ | ૪૨૧ | ૪૨૨ | ૪૨૩ | ૪૨૪ |
| ૪૩૧ | ૪૩૨ | ૪૩૩ | ૪૩૪ | ૪૪૧ | ૪૪૨ | ૪૪૩ | ૪૪૪ |

વિધિઃ—એકાગ્રચિત્ત થઇને પ્રશ્ન વિચારીને ૐ હ્રીઁ શ્રીઁ શ્રી महावीराय नमः । આ મંત્રને ૭ અથવા ૨૧ વખત ભણીને ફલ, દ્રવ્ય અથવા આંગળી કોષ્ટક ઉપર મૂકવી. પછી નંબરને અનુસારે ફલ સમજવું.

**૧૧૧ ઉત્તમ—તમારા શુકન સારા છે. કાર્ય તથા તમારી ભાવના સિદ્ધ થશે. તમને વ્યાપારમાં લાભ થશે, પરંતુ દેવ-ગુરુની પૂજા કરવી. અવશ્ય મનોરથ પૂર્ણ થશે.**

**૧૧૨ મધ્યમ—આ કામ કરવામાં લાભ નથી. વળી ચિંતા ઘણી થશે જો અશુભ સ્વપ્ન જુઓ તો વ્યાપારમાં લાભ નથી આ માટે બીજું કામ કરવું.**

**૧૧૩ ઉત્તમ—તમને સારું ઠેકાણું મળશે, ચિંતા અને વિઘ્ન મટી જશે. સુખ અને આનંદ થશે.**

૧૧૪ **ઉત્તમ**—તમને લાભ, કુલની વૃદ્ધિ તેમજ સુખ-સમ્પત્તિ અને મિત્ર લાભ થશે. કુલદેવતાની પૂજા અવશ્ય કરવી.

૧૨૧ **મધ્યમ**—પહેલા તમને લાભ, પછી જ્યાં જશો ત્યાં યશ-સન્માન પામશો. પછી તમારી કાંઇક ચિંતા દૂર થશે.

૧૨૨ **ઉત્તમ**—તમારા ઘરમાં ઇષ્ટના યોગથી લાભ થશે. તેમજ એક મહિનાની શરૂઆતમાં કે છેડે તમારી મનોકામના સફલ થશે. ભગવાનની પૂજા કરવી.

૧૨૩ **ઉત્તમ**—આ કામ કરવામાં તમને સર્વસિદ્ધિ થશે કુટુમ્બની વૃદ્ધિ તેમજ સ્ત્રી અથવા ધનનો લાભ થશે. એમાં શંકા નથી. તમને ચિંતા છે તે થોડા સમયમાં મટી જશે.

૧૨૪ **ઉત્તમ**—તમે ધન અથવા સંતાન પામશો, જે કોઇ સારી અથવા ખરાબ વસ્તુ મળે તે લઇ લેશો. મનમાં ચિંતા ન કરવી. વળી વ્યાપારમાં તમને અધિક લાભ છે. શનિની પૂજા કરવી, ચિંતા દૂર થશે.

૧૩૧ **ઉત્તમ**—સર્વ વાત સારી થશે. રાજ્યનું કામ, પુત્ર અને ધન પ્રાપ્ત થશે. જો વસ્તુ ગઇ હશે તો પાછી મળશે. પરમેશ્વરની પૂજા કરવી. સર્વ સફલ થશે.

૧૩૨ **ઉત્તમ**—તમે મનમાં જે કાર્ય વિચાર્યું છે, તે સફલ થશે. ઘણો હર્ષ થશે. ચિંતા દૂર થશે. ભગવાનની ભક્તિ કરવી. ભલું થશે.

૧૩૩ **સામાન્ય**—ધનની હાનિ થશે. વ્યાપારમાં લાભ મળશે નહિ, આ કામ ન કરવું. સોમવારે શુભ થશે. ઇષ્ટદેવની પૂજા કરવી. બીજો વિચાર ન કરવો.

૧૩૪ ઉત્તમ—તમને ઘરમાં લાભ અને સન્માન થશે. રાજદ્વારેથી કાંઈક લેણું થશે. પૂર્વ દિશામાં કુલદેવતાની પૂજા કરવી. જેથી તમને લાભ થશે.

૧૪૧ ઉત્તમ—તમને વ્યાપારમાં લાભ છે, પરંતુ કપડાના વ્યાપારમાં ઘણો લાભ છે. બધાં દુખ-દર્દ નાશ થશે. માંગલિક વસ્ત્ર મળશે. સાત દિવસ પછી તમને અવશ્ય લાભ થશે.

૧૪૨ ઉત્તમ—તમને ભાઈ, બંધુ તથા મિત્રોથી મેળાપ થશે. ચિંતા મટશે. રાજાના ઘરેથી વસ્તુ હાથ લાગશે. ઇચ્છા સફળ થશે.

૧૪૩ મધ્યમ—તમારી ઈચ્છા વિલંબે પૂર્ણ થશે. ધન-ધાન્યની તમને ચિંતા છે તે સમયે દૂર થશે. સુખ અને પુત્રનો લાભ થશે. સ્વપ્નમાં કોઈ ગામ જવાનું થાય તો સારૂં છે.

૧૪૪ ઉત્તમ—તમારી બધી ઇચ્છા પૂર્ણ થશે. ધન-ધાન્ય મળશે. સ્વપ્નમાં દેવોનું દર્શન થાય તો અવશ્ય શુભ છે.

૨૧૧ ઉત્તમ—તમને લાભ થશે. ધર્મની કૃપાથી ચિંતા દૂર થશે. ધન મળશે. સ્વપ્નમાં સારી વાત જુઓ તો ઘણો લાભ થશે.

૨૧૨ ઉત્તમ—તમને અર્થસિદ્ધિ, કુલની વૃદ્ધિ અને મનોરથની સિદ્ધિ થશે. પરદેશ જવું હોય તો જાવ. તમારી ભાવના ફલશે.

૨૧૩ મધ્યમ—તમારા મનમાં સ્ત્રી તથા ધનની ઇચ્છા છે, તે સોળ મહિના બાદ ફલશે. ભાઈયોથી મેળાપ થશે

માતા-પિતાને પૂછીને કામ કરવું. કુલદેવતાનું ધ્યાન કરવું. બ્રાહ્મણોને ભોજન કરાવવું.

૨૧૪ **ઉત્તમ**—તમારું કલ્યાણ થશે. ગઇ વસ્તુ મળશે. ધન-ધાન્યની ચિંતા મટી જશે. લાભ થશે, પરંતુ શનિની પૂજા કરવી ઉત્તમ છે.

૨૨૧ **ઉત્તમ**—તમને ત્રણ વર્ષની અંદર ચિંતા, દુઃખ અને કલેશ દૂર થઇ લાભ થશે. ફલ સારું છે.

૨૨૨ **સામાન્ય**—તમાર ઘરમાં વિરોધ છે. સ્રીની સાથે પ્રીતિ અને મિત્રો સાથે બોલચાલ નથી જેથી કલેશ છે. ભગવાન તથા માતા-પિતાની સેવાથી કલેશ નાશ થશે.

૨૨૩ **મધ્યમ**—તમને ચિંતા છે. કારણ કે-તમારો માલ પારકાના હાથમાં છે. જેમાં ઇચ્છો છો તેમાં લાભ થતો નથી. ઘરમાં કલેશ છે. થોડા દિવસ પછી ફાયદો થશે.

૨૨૪ **સામાન્ય**—તમને બીજાના ઘરની ફીકર છે. ચિંતા-કલેશ ઘણો છે. નવગ્રહની પૂજા કરવાથી બધું દુઃખ મટી જશે.

૨૩૧ **મધ્યમ**—તમને સુખ તથા લાભ થશે. મહિનાની અંદર ફળ મળશે. પરંતુ સ્વપ્નમાં સુકું ઝાડ અગર શુન્ય-નગર દેખાય તો ખરાબ છે.

૨૩૨ **સામાન્ય**—તમે આ કામ ન કરશો, તેમાં ભય છે. સુખ મળશે નહિ. ઘરમાં વિરોધ છે. વ્યાપારમાં લાભ નથી. ઇષ્ટદેવની પૂજા કરવી.

૨૩૩ **સામાન્ય**—આ કામ કરવાથી ચિંતા થશે. બીજું

કામ કરવું. જેથી સફળતા મળશે. કુળદેવીની પૂજા કરવાથી કલ્યાણ થશે.

૨૩૪ **સામાન્ય**—તમારા ઘરમાં વિરોધ અને કુટુંબમાં ફૂટ છે. આથી પીપળાની પૂજા કરવી. સુખ મળશે.

૨૪૧ **ઉત્તમ**–તમારા ઘરમાં સુખ થશે, સર્વ કાર્ય સિદ્ધ થશે. મનધાર્યું ફળ મળશે. ઉપાય કરો.

૨૪૨ **મધ્યમ**–તમને ઘર પ્યારૂં છે, વ્યાપારમાં લાભ છે. પરંતુ સૂર્યદેવની ઉપાસના કરો ફળ મળશે.

૨૪૩ **ઉત્તમ**–તમારા વેપારમાં વૃદ્ધિ થશે. મનનો સંદેહ દૂર કરો. પરંતુ કાંઇક ધર્મકાર્ય કરો. સર્વ સિદ્ધિ થશે.

૨૪૪ **ઉત્તમ**–સુખ અને લાભ છે. ચિંતા દૂર થશે, શરીરમાં તલ અગર મસા છે. જેથી તમારૂં કલ્યાણ થશે.

૩૧૧ **મધ્યમ**–તમને સારી જગ્યાએથી લાભ મળશે. પરંતુ માતા–પિતાની સેવા કરો. કુળદેવતાની પૂજા કરો. બ્રાહ્મણને જમાડો તો સુખ મળશે.

૩૧૨ **ઉત્તમ**–તમારી ઇચ્છા સફલ થશે, ધન તથા કુટુમ્બની વૃદ્ધિ થશે. સ્વપ્નમાં ગજ–અશ્વ જુવો તો માંગલિક સમજવું.

૩૧૩ **સામાન્ય**–તમને ધનની ઇચ્છા છે, શત્રુ ઘણા છે, તેથી અધિક ચિંતા છે, ભગવાનની પૂજા કરો.

૩૧૪ **ઉત્તમ**–તમારૂં કલ્યાણ થશે. કાર્યમાં સફળતા મળશે, ધનની પ્રાપ્તિ થશે. ઇષ્ટદેવની પૂજા કરો.

૩૨૧ **મધ્યમ**-તમારા ઘરમાં ચોરનો ભય રહે છે. એક મહિનાની અંદર વ્યાપારમાં લાભ થશે. ઘર બેઠા વ્યાપાર કરવાથી લાભ થશે.

૩૨૨ **સામાન્ય**-ધનનો નાશ થશે. માનસિક ચિંતા થશે, આ કામમાં લાભ નથી. પરંતુ ધીરજ રાખવી સારી છે.

૩૨૩ **ઉત્તમ**-તમને અર્થ અને સૌભાગ્ય મળશે. શત્રુનો નાશ થશે. ધન તથા મિત્રનો લાભ ઇચ્છીત થશે. ઇષ્ટદેવની પૂજા કરવી.

૩૨૪ **ઉત્તમ**-તમને ખેતીમાં અથવા વ્યાપારમાં લાભ થશે. મનોરથ પૂર્ણ થશે. ધન-સુખ મળશે. તમને માર્ગનો ભય છે તે નાશ થશે. ઇષ્ટદેવની પૂજા કરવી.

૩૩૧ **ઉત્તમ**-તમારા મનની ચિંતા દૂર થશે. લક્ષ્મીની પ્રાપ્તિ થશે. અને કુટુંબની વૃદ્ધિ થશે.

૩૩૨ **ઉત્તમ**-તમારા મનોરથ સિદ્ધ થશે, ભાઇ-બંધુ વર્ગથી મેળાપ થશે. અને કલ્યાણ થશે.

૩૩૩ **ઉત્તમ**-તમારા ઘરનું કામ સિદ્ધ થશે. દુઃખ નાશ પામશે. ચિંતા મટી કલ્યાણમય જીવન ચાલશે.

૩૩૪ **મધ્યમ**-તમારો લાભ પરમાત્માની પૂજા અને ધર્મસ્નેહ ઉપર આધાર રાખે છે. એ માટે ભગવાન ઉપર પ્રેમ રાખો, મનોરથ સિદ્ધ થશે.

૩૪૧ **ઉત્તમ**-ચિંતા દૂર થઈ સર્વ કાર્યમાં સફળતા મળશે. ધીરજ રાખવી, ધન અને કુટુંબની વૃદ્ધિ થશે.

૩૪૨ મધ્યમ-તમારા ઘરમાં પ્રીતિ વધશે. ભગવાનમાં પ્રેમ રાખો. સર્વ ઇચ્છા સફળ થશે.

૩૪૩ મધ્યમ-તમારા શત્રુ ઘણા છે, માનસિક પીડા છે વિચારેલ કાર્ય થશે. પરંતુ લાભ નથી.

૩૪૪ ઉત્તમ-આ વિચારમાં ઘણો લાભ છે. મિત્ર-બંધુઓથી મિલાપ થશે. શકુન લાભદાયક છે.

૪૧૧ ઉત્તમ-તમારા મનોરથ સિદ્ધ થશે, પરંતુ પરમેશ્વરનું ધ્યાન કરવું.

૪૧૨ સામાન્ય-તમને ચિંતા છે. થોડા વિલંબે મટશે. તમારી વસ્તુ બીજાના હાથમાં છે, મળશે. ધીરજ રાખવી, ઠીક થશે.

૪૧૩ મધ્યમ-તમારી ચિંતા વ્યાપારથી મટશે. કાંઈક ધન મળશે જુનો વિચાર કરો.

૪૧૪ મધ્યમ-તમારી ચિંતા થોડા દિવસમાં મટશે. વ્યાપારથી સુખ લાભ-મનોરથ ફળશે. ઈષ્ટદેવની પૂજા કરવાથી બધી ચિંતા દૂર થશે.

૪૨૧-ઉત્તમ-તમારો વિચાર પરદેશ જાવાનો છે. જાઓ, મનોરથ સિદ્ધ થશે. કુલદેવીની પૂજા કરીને જાવ, લાભ થશે.

૪૨૨ મધ્યમ-તમને માનસિક પીડા છે. કાર્ય વિચાર કરીને કરવું. કાંઇક નુકશાની થઈ છે. પ્રભુસ્મરણ કર્યા કરવું. બધી ચિંતા દૂર થશે.

૪૨૩ ઉત્તમ-તમને લાભ, શત્રુનાશ, સુખ-સમ્પત્તિ અને કુટુંબમાં પુત્ર લાભ થશે. પરંતુ દેવમંદિરમાં દીવો કરજો. અધિક ઉત્તમ છે.

૪૨૪ **મધ્યમ**-તમારા ઘરમાં ચિંતા અને રોગ ભર્યા છે થોડા સમય પછી દૂર થશે. વાંછિત ફળ મળશે.

૪૩૧ **ઉત્તમ**-તમને લાભ, શારીરિક રોગનાશ, અને સારા સ્થાનની પ્રાપ્તિ અને મનોરથ સિદ્ધ થશે. જ્યાં જશો ત્યાંથી કુશલતાપૂર્વક આવશો.

૪૩૨ **ઉત્તમ**-તમને લાભ છે. પરદેશ જવાથી સન્માન અને સુખ થશે. બધી ચિંતા દૂર થશે.

૪૩૩ **મધ્યમ**-તમારા મનમાં ચિંતા છે. ધીરજ રાખી પુણ્ય કરો સુખ મળશે.

૪૩૪ **ઉત્તમ**-મનવાંછિત ફલ મળશે. ક્લેશ નાશ થશે. ભાઈ-બંધુઓથી મેળાપ થશે. બહુ સારું છે.

૪૪૧ **ઉત્તમ**-તમને ફળ મળશે, ડરશો નહિ. લાભ થશે મનોરથ સિદ્ધ થશે.

૪૪૨ **મધ્યમ**-આ કામ કરવાથી તમને સુખ નથી. ચિંતા થશે. રાજ્યનો ડર છે. પરંતુ પ્રભુમંદિરમાં દીપક કરો, બધું દૂર થશે.

૪૪૩ **મધ્યમ**-આ કામ અશુભ છે. આમાં ચિંતા થશે. નવ ગ્રહની પૂજા કરો. કલ્યાણ થશે.

૪૪૪ **ઉત્તમ**-તમને વ્યાપારમાં લાભ થશે. કાંઇક ચિંતા થશે. આથી પ્રભુ નામની ગોળી બનાવી પાણીમાં નાખો. બધું દુઃખ દૂર થઇ ઘણો લાભ મળશે.

卐

# વિભાગ ૪ થો.

★

શ્રી

## જિનેન્દ્રાગમ વિવિધ વિષયરૂપ-
## ગુણ-સંગ્રહ

★

ચૈત્યવન્દન-સ્તવન-સજ્ઝાયાદિ સંગ્રહ

卐

## જિનેશ્વર-પ્રભુ સન્મુખ બોલવાના શ્લોકો.

### શ્રી પાર્શ્વનાથપ્રભુની સ્તુતિ

पुण्यानां विपणिस्तमोदिनमणिः कामेभकुंभसृणिः ।
मोक्षे निःसरणी सुरेन्द्रकरणी ज्योतिःप्रभासारणिः ।
दाने देवमणिर्नतोत्तमजन-श्रेणी कृपासारणिः ।
विश्वानंदसुधाघृणिर्भवभिदे श्री-पार्श्वचिन्तामणिः ॥ १ ॥

જે દૃષ્ટિ પ્રભુદર્શન કરે છે તે દૃષ્ટિને પણ ધન્ય છે,
જે જીભ જિનવરને સ્તવે તે જીભને પણ ધન્ય છે;
પીયે મુદા વાણી સુધા તે કર્ણયુગને ધન્ય છે,
તુજ નામમંત્ર વિશદ ધરે તે હૃદયને નિત્ય ધન્ય છે.

સુણ્યા હશે પૂજ્યા હશે નિરખ્યા હશે પણ કો ક્ષણે,
હે જગતબંધુ ! ચિત્તમાં ધાર્યો નહિ ભક્તિપણે;
જન્મ્યો પ્રભુ તે કારણે દુઃખપાત્ર હું સંસારમાં,
હા ભક્તિ તે ફળતી નથી જે ભાવ શૂન્યાચારમાં.

વિશ્વેશ આપ ભવતારક છો જ મારા;
જાણી ગ્રહ્યા પ્રભુજી એ ચરણો તુમારા;
આપો મને સુમતિ દેવ સદા કૃપાળુ,
જેથી કરી કુમતિનું સહુ જોર ટાળું.

જન્માંતરો કરી ઘણાં બહુ કાલ ખોયો,
તોયે નથી હજી સુધી ભવ અંત જોયો;
ક્યારે થશે તુજ સમો પ્રભુ આત્મ મારો,
બોલો હવે પ્રભુજી નહિ ઘણું મૌન ધારો.

યત્નો નથી કર્યા પ્રભુ તને ભેટવાને,
હું શું કરૂં કહો હવે સુગતિ જવાને;
જાણું નહિ કઇ કઇ દિશા પકડું હું નાથ,
આવી મળું જટ દઈ પ્રભુ આપ સાથ.

કષ્ટે કરી મનુષ્ય જન્મ મને મળ્યો છે,
માનું મનોરથ પ્રભુ સઘળો ફળ્યો છે;
આજ્ઞા ન માની કદીએ પ્રભુ મેં તુમારી,
એળે ગયો ભવ અરે તુમને વિસારી.

★

# ચૈત્યવંદન-સંગ્રહ

## પર્યુષણપર્વનાં ચૈત્યવંદનો

### [ ૧ ]

સકલ પર્વ શૃંગાર હાર, પર્યુષણ કહીએ;
મંત્રમાંહિ નવકાર મંત્ર, મહિમા જગ લહીએ. ૧
આઠ દિવસ અમારી સાર, અઠ્ઠાઈ પાળો;
આરંભાદિક પરિહરી, નરભવ અજુવાળો. ૨
ચૈત્ય પરિપાટી શુદ્ધ સાધુ, વિધિ-વંદન જાવે;
અઠ્ઠમ તપ સંવચ્છરી, પડિક્કમણું ભાવે. ૩
સાધર્મિકજન ખામણાં એ, ત્રિવિધશું કીજે;
સાધુ સુખ સિદ્ધાંત કાંત, વચનામૃત રસ પીજે. ૪
નવ વ્યાખ્યાને કલ્પસૂત્ર, વિધિપૂર્વક સુણીએ;
પૂજા નવ પ્રભાવના, નિજ પાતિક હણીએ. ૫
પ્રથમ વીરચરિત્ર બીજ, પાર્શ્વચરિત્ર અંકૂર;
નેમચરિત્ર પ્રબંધ બંધ, સુખ-સંપત્તિ પૂર. ૬
ઋષભ ચરિત્ર પવિત્ર, પત્ર શાખા સમુદાય;
સ્થવિરાવલી બહુ કુસુમપુર, સરિખો કહેવાય. ૭
સમાચારી શુદ્ધતા એ, વરગંધ વખાણો;
શિવ-સુખ પ્રાપ્તિ ફલ સહી, સુરતરુ સમ જાણો. ૮
ચૌદ પૂર્વધર શ્રી ભદ્રબાહુ, જિણે કલ્પ ઉદ્ધરિઓ;
નવમા પૂર્વથી યુગપ્રધાન, આગમજલ દરિયો. ૯

સાતવાર શ્રી કલ્પસૂત્ર, જે સુણે ભવિ પ્રાણી;
ગૌતમને કહે વીરજિન, પરણે શિવરાણી. ૧૦
કાલિકસૂરિ કારણે એ, પજ્જુસણ કીધા;
ભાદરવા સુદિ ચોથમાં, જિનકારજ સિદ્ધાં. ૧૧
પંચમી કરણી ચોથમાં, જિનવર વચન પ્રમાણે;
વીર થકી નવશે એંશી, વરસે તે આણે. ૧૨
શ્રી લક્ષ્મીસાગરસૂરીશ્વરૂએ, પ્રમોદસાગર સુખકાર;
પર્વ પજુસણ પાલતાં, હોવે જય જયકાર. ૧૩

[ ૨ ]

શ્રી શત્રુંજય શણગાર હાર, શ્રી આદિજિણંદ;
નાભિરાયા કુલ ચંદ્રમા, મરૂદેવા નંદ. ૧
કાશ્યપ ગોત્ર ઈક્ષ્વાકુવંશ, વિનીતાનો રાય;
ધનુષ પાંચસે દેહમાન, સોવન સમ કાય. ૨
વૃષભ લંછન ધુર વંદીએ એ, સંઘસકલ શુભ રીત;
અઠ્ઠાઈધર આરાધીયે, આગમ વાણી વિનીત. ૩

[ ૩ ]

પ્રણમું શ્રી દેવાધિદેવ, જિનવર શ્રી મહાવીર;
સુર-નર સેવે શાંત દાંત, પ્રભુ સાહસ વીર. ૧
પર્વ પર્યુષણ પુણ્યથી, પામી ભવિ પ્રાણી;
જૈનધર્મ આરાધિયે, સમકિત હિત જાણી. ૨
શ્રી જિનપ્રતિમા પૂજીએ એ, કીજે જન્મ પવિત્ર;
જીવ જતન કરી સાંભલો, પ્રવચનવાણી વિનીત. ૩

[ ૪ ]

કલ્પતરૂ સમ કલ્પસૂત્ર, પૂરે મનવાંછિત;
કલ્પસૂત્ર ધુરથી સુણો, શ્રી મહાવીરચરિત્ર. ૧
ક્ષત્રિયકુંડ ગ્રામ્ય નગર, સિદ્ધારથ રાય;
રાણી ત્રિશલાતણી કુખે, કંચનસમ કાય. ૨
પુષ્પોત્તરવરથી ચવ્યા એ, ઉપન્યા પુન્યપવિત્ર;
ચતુરા ચૌદ સુપન લહે, ઉપજે વિનય વિનીત. ૩

[ ૫ ]

સુપનવિધિયે સુત હોસ્યે, ત્રિભુવન શણુગાર;
તે દિનથી રિદ્ધે વધ્યાં, ધન અખુટ ભંડાર. ૧
સાડાસાત દિવસ અધિક, જન્મ્યા નવ માસે;
સુરપતિ કરે મેરુશિખરે, ઓચ્છવ ઉલ્લાસે. ૨
કુંકુમ હાથ દીજીએ એ, તોરણ ઝાકઝમાલ;
હર્ષે વીર હુલરાવીએ, વાણી વિનીત રસાલ. ૩

[ ૬ ]

જિનની બેન સુદર્શના, ભાઈ નંદિવર્ધન;
રાણી યશોદા પદમણી, વીર સુકોમળ રત્ન. ૧
દેઈ દાન સંવત્સરી, લેઈ દીક્ષા સ્વામી;
કર્મ ખપાવી હુવા કેવલી, પંચમીગતિ પામી. ૨
દીવાળી દિવસ દિન એ, સંઘ સકલ શુભ રીત;
અઠ્ઠમ કરી તેલાધરે, સુણજો એક જ ચિત્ત. ૩

[ ૭ ]

પાર્શ્વ જિનેશ્વર નેમનાથ, સમુદ્રવિજય વિસ્તાર;
સુણીયે આદીશ્વર ચરિત્ર, શ્રી જિનના અંતર. ૧
ગૌતમાદિક સ્થવિરાવલી, શુદ્ધ સમાચારી;
પર્વરાય ચોથે દિને, ભાખ્યાં ગણધારી. ૨
જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ એ, જિનધર્મ દૃઢચિત્ત;
જિનપ્રતિમા જિન સારિખી, વંદું સદા વિનીત. ૩

[ ૮ ]

પર્વરાજ સંવત્સરી, દિન દિન પ્રત્યે સેવો;
શ્લોક બારસે કલ્પસૂત્ર, મુનિ મુખે સુણેવો. ૧
પાટ પરંપર બાર બોલ, ભાખ્યા ગુરુ હીરે;
સામ્પ્રત શ્રી વિજયમાનસૂરિ, ગચ્છાધિપ ધીરે. ૨
જિનશાસન શોભા કહું એ, પ્રીતિવિજય ગુરુશિષ્ય;
વિનીતવિજય કહે વીરને, ચરણે નમું શિશ. ૩

## શ્રી મહાવીર જિન ચૈત્યવંદન.

જગનાથ જગદાનંદ જગગુરુ, વિમલ-કેવલ-ભાસ્કરમ્;
સંસાર સુખકર જગત હિતકર, નમો વીર જિનેશ્વરમ. ૧
ભવતાપહર્તા શાંતિકર્તા, મુક્તિમાર્ગસ્ફૂટકરમ્;
નિજ દિવ્ય અનુભવ આત્મ સુખકર, નમો વીર જિનેશ્વરમ્. ૨
હેય ગેય પદાર્થ જગ સબ, ઉપાદેય દિવાકરમ્;
વિજ્ઞાન વિશદ વિવેક દિનકર, નમો વીર જિનેશ્વરમ્. ૩
પ્રકાશતા પ્રભુ ધ્યાન ધ્યાતા, ધ્યેય ગુણકર શોભિતં;
સર્વ વાંછિતપુર જિનવર, નમો વીર જિનેશ્વરમ્. ૪

જિનરાજ સુખ ભગવાન હિતધર, ત્રૈલોક્યદીપક શિવકરમ્;
આનંદ પરમાનંદ પાવે, નમો વીર જિનેશ્વરમ્. ૫

## બીજનું ચૈત્યવંદન.

શ્રી જિનપદ પંકજ નમી, સેવો બહુ પ્યાર;
બીજતણે દિન જિનતણું, કલ્યાણક સાર. ૧
મહા શુદિ બીજે જન્મીયા, અભિનંદન સ્વામી;
વાસુપૂજ્ય કેવલ લહ્યો, નમીએ શિર નામી. ૨
ફાગુણ શુદિ દ્વિતીયા વલી, ચવિયા શ્રી અરનાથ;
વદિ વૈશાખે બીજની, શીતલ શિવપુર સાથ. ૩
શ્રાવણ શુદિની બીજ તિથે, સુમતિ ચ્યવન જિણંદ;
તે જિનવરને પ્રણમતાં, પામો અતિ આણંદ. ૪
અતીત અનાગત વર્તમાન, જિન કલ્યાણક જેહ;
બીજ દિને ચિત્ત ધારીએ, હિયડે હરખ ધરેહ. ૫
દુવિધ ધર્મ ભગવંતજી, ભાખ્યો સૂત્ર મોઝાર;
તેહ ભણી બીજ આરાધતાં, શિવપંથ સાધનહાર. ૬
પ્રહ ઉઠીને નિત્ય નમો, પ્રાણી પ્રેમ અપાર;
હંસવિજય પ્રભુ નામથી, પામો સુખ શ્રીકાર. ૭

## પંચમીનું ચૈત્યવંદન.

સકલ સુરાસુર સાહીબો, નમીએ જિનવર નેમ;
પંચમી તિથિ જગ પરવડો, વાલો જન બહુ પ્રેમ. ૧
જિન કલ્યાણક એ તિથે, સંભવ કેવલજ્ઞાન;
સુવિધિ જિનેશ્વર જન્મીઆ, સેવો થઈ સાવધાન. ૨

ચ્યવન ચંદ્રપ્રભુ જાણીએ, અજિત સુમતિ અનંત;
પંચમી દિન મોક્ષે ગયા, ભેટો ભવિજન સંત. ૩
કુંથુ જિન સંજમ ગ્રહ્યો, પંચમી ગતિ જિનધર્મ;
નેમિ જન્મ વખાણીયે, પંચમી તિથિ જગશર્મ. ૪
પંચમીના આરાધને, પામે પંચમ જ્ઞાન;
ગુણમંજરી વરદત્ત તે, પહોંચ્યા મોક્ષ ઠાણ. ૫
કાર્તિક સુદિ પંચમી થકી, તપ માંડીજે ખાસ;
પંચ વરસ આરાધીએ, ઉપર વલી પંચ માસ. ૬
દશ ક્ષેત્રે નેવુ જિનતણા, પંચમી દિનના કલ્યાણ;
એહ તિથે આરાધતાં, પામે શિવપદ ઠાણ. ૭
પડિક્કમણાં દોય ટંકના, કરીએ શુદ્ધ આચાર;
દેવ વંદો ત્રણ કાલના, પહોંચાડે ભવપાર. ૮
'નમો નાણસ્સ' ગુણણું ગણો, નોકારવાલી વીશ;
સામાયિક શુદ્ધે મને, ધરીએ શિયલ જગીશ. ૯
એણી પરે પંચમી પાલશે, ભવિજન પ્રાણી જેહ;
અજરામર સુખ પામશે, હંસ કહે ગુણ ગેહ. ૧૦

## અષ્ટમીનું ચૈત્યવંદન.

રાજગૃહી ઉદ્યાનમાં, વીર જિનેશ્વર આવ્યા;
દેવ ઇંદ્ર ચોસઠ મલ્યા, પ્રણમે પ્રભુ પાયા. ૧
રજત હેમ મણિ રયણનાં, તિહુયણ કોટ બનાય;
મધ્ય મણિમય આસને, બેઠા શ્રી જિનરાય. ૨
ચઉવિહ ધર્મની દેશના, નિસુણે પરષદા બાર;
તવ ગૌતમ મહારાયને, પૂછે પર્વ વિચાર. ૩

પંચ પર્વી તુમે વર્ણવી, તેમાં અધિકી કોણ;
વીર કહે ગૌતમ સુણો, અષ્ટમી પર્વ વિશેષ. ૪

બીજ ભવિ કરતાં થકાં, બિહુવિધ ધર્મ સુણંત;
પંચમી તપ કરતાં થકાં, પાંચે જ્ઞાન ભણંત. ૫

અષ્ટમી તપ કરતાં થકાં, અષ્ટ કર્મ હણંત;
એકાદશી કરતાં થકાં, અંગ અગીયાર ભણંત. ૬

ચૌદે પૂરવધર ભલા એ, ચૌદશ આરાધે;
અષ્ટમી તપ કરતાં થકાં, અષ્ટમી ગતિ સાધે. ૭

દંડવિરજ રાજા થયો, પામ્યો કેવલનાણ;
અષ્ટમી તપ મહિમા વડો, ભાખે શ્રી જિનભાણ. ૮

અષ્ટકર્મ હણવા ભણી એ, કરીએ તપ સુજાણ;
ન્યાયમુનિ કહે ભવી તુમે, પામો પરમ કલ્યાણ. ૯

## નેમીનાથ ચૈત્યવંદન

જયવંત મહંત નિરંજન છો, ભવનાં દુઃખ-દોહગ ભંજન છો;
ભવિનેત્ર વિકાસન અંજન છો, પ્રભુ કામવિકાર વિગંજન છો. ૧
જગનાથ અનાથ સનાથ કરો, મમ પાપ અમાપ સમૂલ હરો;
અરજી ઉર નેમિ જિણંદ ધરો, તુમ સેવક હું પ્રભુ ના વિસરો. ૨
સુર અર્ચિત વાંછિત દાયક છો, સઉ સંઘતણા પ્રભુ નાયક છો;
ગિરનારતણા ગુણગાયક છો, કલહંસ તણી ગતિ લાયક છો. ૩

## નવપદજીનું ચૈત્યવંદન.

સિદ્ધચક્ર આરાધતાં, ભવસાગર તરીયે;
ભવઅટવીથી ઉતરી, શિવવધૂને વરીયે. ૧

અરિહંત પદ આરાધતાં, તીર્થંકર પદ પાવે;
જગ ઉપકાર કરે ઘણો, સિદ્ધો શિવપુર જાવે. ૨
સિદ્ધપદ ધ્યાતાં થકાં, અક્ષય અચલપદ પાવે;
કર્મ કટક ભેદી કરી, અચલ અરૂપી થાવે. ૩
આચારજ પદ ધ્યાવતાં, જુગપ્રધાન પદ પાવે;
જિનશાસન અજવાલીને, શિવપુર નયર સોહાવે. ૪
પાઠક પદ ધ્યાવતાં, વાચક પદ પાવે;
ભણે ભણાવે ભાવસું, સુરપુર શિવપુર જાવે. ૫
સાધુપદ આરાધતાં, સાધુપદ પાવે;
તપજપ સંયમ આદરે, શિવસુંદરીને કામે. ૬
દર્શન નાણપદ ધ્યાવતાં, દર્શન નાણ અજુવાલે;
ચારિત્ર પદ ધ્યાવતાં, શિવમંદિરમાં મહાલે. ૭
કેસર કસ્તુરી કેવલી, મચકુંદ માલતી મ્હાલે;
સિદ્ધચક્ર સેવું ત્રિકાલ, જેમ મયણા ને શ્રીપાલે. ૮
નવ આંબેલ નવવાર શિયલ, સમકિત સુપાલો;
શ્રી રૂપવિજય કવિરાયનો, માણેક કહે થઇ ઉજમાલો. ૯

# સ્તુતિઓ

## શ્રી મહાવીર જિન સ્તુતિ

ઉપશમ રસમાં મગન સદા જે, પ્રસન્નદૃષ્ટિ સદા,
વિકસિત કમલ સમ જસ વદન, સ્ત્રી સંગ નહિ કદા;
અહો કરજુગલ તે પણ જાસ, શસ્ત્રાદિકે વર્જીત,
શ્રી મહાવીર સત્યહિ દેવ, રાગ દ્વેષ નિર્જીત. ૧

જિન અરિહંત સમ દમ વંત, સેવે સંત માનમાં,
પરતણી આશ જે ભવવાસ, કીધ નિરાશ સ્વધ્યાનમાં;
કામ ને કોહ વિદલિત મોહ, નિંદ વિછોહ સુજ્ઞાનમાં,
સયલ ગુણ ભૂપ પરમાતમરૂપ, સદોદ્ભૂત તાનમાં. ૨
નમો તત્ત્વાવભાસી, જગભાવ વિકાસી સ્વ પરપ્રકાશી નાણને,
પશુપણું ટાલી સુરરૂપ કરે જે, પલ્લવ આણે પહાણને,
ભૂલ અનાદિ ટળે જાસ પ્રભાવે, રક્ષે ભાવપ્રાણને;
પ્રણમો જિનવાણી, મહા કલ્યાણી, આપે પદ નિર્વાણને. ૩
જિનાજ્ઞાકારી દંભ નિવારી, શુદ્ધ મને સેવતા,
જિનગુણરાગી નિર્ગુણ ત્યાગી, સુવિધિ આ સેવતા;
નિજ ભાવે મગ્ના વિભાવે અલગ્ના, શ્યામતા દૂરે ખેવતા,
શુદ્ધ સમકિત ધારી જાઉં બલિહારી જસ સાન્નિધ્યકારી દેવતા. ૪

## શ્રી પર્યુષણપર્વની સ્તુતિ

### [ ૧ ]

વરસ દિવસમાં અષાડ ચોમાસ, તેમાં વળી ભાદરવો માસ,
આઠ દિવસ અતિ ખાસ;
પર્વ પજુસણ કરો ઉલ્લાસ, અટ્ઠાઇધરનો કરવો ઉપવાસ,
પોસહ લીજે ગુરુ પાસ;
વડા કલ્પનો છટ્ઠ કરીજે, તેહ તણો વખાણ સુણીજે,
ચૌદ સુપન વાંચીજે;
પડવે ને દિન જન્મ વંચાય, ઓચ્છવ મહોચ્છવ મંગળ ગવાય,
વીર જિણેસર રાય. ૧
બીજ દિને દીક્ષા અધિકાર, સાંજ સમય નિરવાણ વિચાર,
વીર તણો પરિવાર;

ત્રીજ દિને શ્રી પાર્શ્વ વિખ્યાત, વલી નેમીસરનો અવદાત,
વળી નવ ભવની વાત;
ચોવીશે જિન અંતર ત્રેવીશ, આદિ જિનેશ્વર શ્રી જગદીશ,
તાસ વખાણ સુણીશ;
ધવળ મંગળ ગીત ગહુંલી કરીએ, વળી પ્રભાવના નિત અનુસરીએ,
અઠ્ઠમ તપ જય વરીએ. ૨

આઠ દિવસ લગે અમર પળાવો, તેહ તણો પડહો વજડાવો,
ધ્યાન ધરમ મન ભાવો;
સંવત્સરી દિન સાર કહેવાય, સંઘ ચતુર્વિધ ભેલો થાય,
બારસે સૂત્ર સુણાય;
થિરાવલી ને સમાચારી, પટ્ટાવળી પ્રમાદ નિવારી,
સાંભળજો નરનારી;
આગમ સૂત્રને પ્રણમીશ, કલ્પસૂત્ર શું પ્રેમ ધરીશ,
શાસ્ત્ર સર્વે સુણીશ. ૩

સત્તરભેદી જિનપૂજા રચાવો નાટક કેરા ખેલ મચાવો,
વિધિશું સ્નાત્ર ભણાવો;
આડંબરશું દેહરે જઈએ, સંવત્સરી પડિક્કમણું કરીએ,
સંઘ સકલને ખમીએ;
પારણે સાહમ્મિવચ્છલ કીજે, યથાશક્તિએ દાન જ દીજે,
પુણ્ય ભંડાર ભરીજે;
શ્રી વિજયક્ષેમસૂરિ ગણધાર, જશવંતસાગર ગુરુ ઉદાર,
જિણંદસાગર જયકાર. ૪

## શ્રી પર્યુષણ સ્તુતિ (બીજી)

જિન આગમ ચૌ પરવી ગાઇ, ત્રણ ચોમાસા ચાર અઠ્ઠાઈ,
પજુષણ પર્વ સવાઇ;
એ શુભ દિનને, આવ્યા જાણી, ઉઠો આળસ છંડી પ્રાણી,
ધર્મની નીક મંડાણી;
પોસહ પડિક્કમણા કરો ભાઇ, માસખમણ પાસખમણ અઠાઈ,
કલ્પ અઠમ સુખદાઈ;
દાન દયા દેવ-પૂજા સૂરિની, વાચના સુણીએ કલ્પસૂત્રની,
આજ્ઞા વીર જિનવરની. ૧

સાંભળી વીરનું ચરિત્ર વિશાલ, ચઉદ સ્વપ્ને જન્મ્યા ઉજમાળ,
જન્મ-મહોચ્છવ રસાળ;
આમલ ક્રીડાએ સુરને હરાવ્યો, દીક્ષા લઇ કેવળ ઉપજાવ્યો,
અવિચળ ઠામસેં ભાવ્યો;
પાસ નેમિ સંબંધ સાંભળીએ,ચોવીશ જિનનાં અંતર સુણીએ,
આદિ ચરિત્ર સાંભળીએ;
વીર તણાં ગણધર અગ્યાર, થવિરાવલીનો સુણો અધિકાર,
એ કરણી ભવપાર. ૨

અષાઢીથી દિન પચાસ, પજુસણ પડિક્કમણું ઉલ્લાસ,
એકે ઉણું પણ માસ;
સમાચારી સાધુનો પંથ, વરતે જયણાએ નિગ્રંથ,
પાપ ન લાગે અંશ;
ગુરુઆજ્ઞાએ મુનિવર રાચે, રાગી ઘરે જઇ વસ્તુ ન જાચે,
ચાલે મારગ સાચે;

વિગય ખાવાનો સંચ ન આણે, આગમ સાંભળતાં સહુ જાણે,
શ્રી વીર જિન વખાણે. ૩

કુંભાર કાનમાં કાંકરી ચાંપે, પીડાએ ક્ષુલ્લકપણું કંપે,
મિચ્છામિ દુક્કડં જંપે;

એમ જે મનઆમલો નવી છોડે, આભવ પરભવ દુઃખ બહુ જોડે,
પડે નરકને ખોડે;

આરાધક જે ખમે ખમાવે, મન શુદ્ધ અધિકરણ સમાવે,
તે અક્ષય સુખ પાવે;

સિદ્ધાંયિકાસુરી સાનિધકારી, શ્રી મહિમાપ્રભસૂરિ ગચ્છધારી,
ભાવરતન સુખકારી. ૪

## પર્યુષણની સ્તુતિ (ત્રીજી)

પર્વ પર્યુષણ પુણ્યે પામી, પરિમલ પરમાનંદોજી,
અતિઓચ્છવ આડંબર સઘળે, ઘર ઘર બહુ આનંદોજી;
શાસન અધિપતિ જિનવર વીરે, પર્વતણાં ફળ દાખ્યાજી,
અમારિ તણો ઢંઢેરો ફેરી, પાપ કરંતા રોકયાજી. ૧

મૃગનયની સુંદરી સુકુમારી, વચન વદે ટંકશાળીજી,
પૂરો પનોતા મનોરથ મારા, નિરુપમ પર્વ નિહાળીજી;
વિવિધભાતિ પકવાન કરીને, સંઘ સકલ સંતોષેજી;
ચોવીસે જિનવર પૂજીને, પુણ્ય ખજાનો પોષોજી. ૨

સકલ સૂત્ર શિર મુગટ નગીનો, કલ્પસૂત્ર જગ જાણોજી;
વીર પાસ નેમીશ્વર અંતર, આદિ ચરિત્ર વખાણોજી;

સ્થવિરાવળી ને સમાચારી, પટ્ટાવળી ગુણગેહજી,
એમ એ સૂત્ર સવિસ્તર સુણીને, સફલ કરો નરદેહોજી. ૩
એણીપરે પર્વ-પર્યુષણ પાળી, પાપ સર્વે પરિહરિએજી,
સંવત્સરી પડિક્કમણું કરતાં, કલ્યાણ કમળા વરીએજી;
ગોમુખ યક્ષ ચક્રેશ્વરી દેવી, શ્રી માણિભદ્ર અંબાઈજી,
શુભવિજય કવિ શિષ્ય અમરને,દિનદિન કરજો વધાઇજી. ૪

## શ્રી શાન્તિનાથજીની સ્તુતિ.

સકલ-કુશલ-વલ્લી પુષ્કરાવર્ત્ત-મેઘો,
મદન-સદૃશ-રૂપઃ પૂર્ણ-રાકેન્દુ-વક્ત્રઃ;
પ્રથયતુ મૃગ-લક્ષ્મા શાન્તિનાથો જનાનાં,
પ્રસૃત-ભુવન-કીર્તિઃ કામિતં કમ્રકાન્તિઃ. ૧

જિનપતિ-સમુદાયો દાયકોऽભીપ્સિતાનાં,
દુરિત-તિમિર-ભાનુઃ કલ્પવૃક્ષોપમાનઃ;
રચયતુ શિવ-શાંતિં પ્રાતિહાર્યશ્રિયં યો,
વિકટવિષમભૂમી-જાતદર્ત્તિં બિભર્ત્તિ. ૨

પ્રથયતુ ભવિકાનાં, જ્ઞાન-સમ્પત્-સમૂહં,
સમય ઇહ જગત્યા-માપ્તવક્ત્રપ્રસૂતઃ;
ભવ-જલ-નિધિ-પોતઃ સર્વ-સમ્પત્તિ-હેતુઃ,
પ્રથિત-ઘન-ઘટાયાં સર્પકાન્તપ્રકારઃ. ૩

જય-વિજય-મનીષા-મંદિરં બ્રહ્મશાંતિઃ;
સુર-ગિરિ-સમ-ધીરઃ પૂજિતો ન્યક્ષયક્ષૈઃ,
હરતુ સકલ વિઘ્નં યો જને ચિન્ત્યમાનઃ,
સ ભવતુ સતતં વઃ શ્રેયસે શાન્તિનાથઃ. ૪

## કુલપાકજીની સ્તુતિ.

તેલંગ દેશે કુલપાક મંડણ, શ્રી માણીકયસ્વામી દુઃખનીખંડન;
કીજે કરજોડી વંદન.

ભરતરાયે એ મૂરતી ભરાવી, પુંડરીક ગણધરે પ્રતિષ્ઠા કરાવી;
મૂરતી અયોધ્યા પધરાવી.

વૈતાઢ્યગિરિથી વિંધ્યાચલ આવે, દર્શન કરી મૂરતી લઇ જાવે;
પૂજાથી પરમપદ પાવે.

એક દિન નારદ ઋષિ તીહાં આવે, અદ્‌ભૂત મૂરતી દેખી હરખાવે;
ઇંદ્રને વાત સુણાવે. ૧

મૂરતી મહિમા સુણી ઇંદ્ર લલચાઈ, વૈતાઢ્યગિરિસે પ્રતિમા મંગાવી;
સૌધર્મ દેવલોકે પધરાવી.

ઘણો કાલ તીહાં મૂરતી પૂજાણી, નારદ મુખથી મંદોદરી રાણી;
મહિમા સુણીને હરખાણી.

મૂરતી મળે નહિ જ્યાં તક મારે, અન્નજળ ન લહું અભિગ્રહ ધારે;
કરે આરાધન રાવણ ત્યારે.

સંતુષ્ટ થઈ મૂરતી આપે ઇંદ્ર, પૂજન કરી રાણી હરખે અમંદ;
સર્વ જિણંદા સુખકંદ. ૨

રામ રાવણ તણું યુદ્ધ થાય જ્યારે, મૂરતી પધરાવે રાણી સમુદ્રમાં ત્યારે;
પૂજા કરે દેવતા ભાવે.

કર્ણાટક દેશ નગરી કલ્યાણી, રાજ કરે રાજા શંકર ગુણખાણી;
તસ દેશે મરકી ફેલાણી.

પદ્માવતી દેવી સ્વપ્નમાં આવે, રાયને કહે સમુદ્રમાંથી લાવે;
મૂરતી એ શાંતિ થાયે.

સંતુષ્ટ થઈ મૂરતી અધિષ્ઠાયી, સમુદ્ર પાસે કરે આરાધન રાય;
તીર્થ કલિયુગે ગવાય. ૩
ચાલે વૃષભ વિના શકટ નિહાળી, મૂરતિ પાછળ રાય આગળ ચાલી;
આવે કુલપાક સંભાળી.
રાય પાછળ દેખે મૂરતિ સ્થિર થાવે, દેવ વિમાન સમ મંદિર બંધાવે,
મૂરતિ તિહાં રાય પધરાવે.
મૂરતિ પ્રભાવે શાંતિ થાય મારી, જીવિતસ્વામીની મૂરતિ મનોહારી;
ચક્કેસરી આનંદકારી.
શ્રી માણિક્ય પ્રભુ મહિમા ભરપૂર, આતમ લબ્ધિદાયક હજૂર;
હંસનો કહે કર્પૂર. ૪

★

## સ્તવન તથા ઢાળીયા-સંગ્રહ.

## શ્રીપાળ મહારાજાની ઢાળો.

( રાગ-મીઠા મધુ ને મીઠા મેહુલા રે લોલ. )

[ ઢાળ ૧ લી. ]

આસો માસે તે ઓળી આદરી રે લોલ;
ધર્યું નવપદજીનું ધ્યાન રે.
શ્રીપાલ મહારાજ મયણાસુંદરી રે લોલ. ૧
માલવદેશનો રાજીયો રે લોલ;
નામે પ્રજાપાલ ભૂપ રે....શ્રીપાલ૦ ૨
સૌભાગ્યસુંદરી રૂપસુંદરી રે લોલ;
રાણી બે રૂપ ભંડાર રે....શ્રીપાલ૦ ૩
એક મિથ્યાત્વી ધર્મની રે લોલ;
બીજીને જૈનધર્મ રાગ રે....શ્રીપાલ૦ ૪

પુત્રી એકેકી બેઉને રે લોલ,
વધે જેમ બીજ કેરો ચંદ્ર રે....શ્રીપાલ૦ ૫
સૌભાગ્યસુંદરીની સુરસુંદરી રે લોલ;
ભણે મિથ્યાત્વી પાસ રે....શ્રીપાલ૦ ૬
રૂપસુંદરીની મયણાસુંદરી રે લોલ;
ભણે છે જૈનધર્મ સાર રે....શ્રીપાલ૦ ૭
રૂપ કલા ગુણ શોભતી રે લોલ;
ચોસઠ કલાની જાણ રે....શ્રીપાલ૦ ૮
બેઠા સભામાં રાજવી રે લોલ;
બોલાવે બાલિકા દોય રે....શ્રીપાલ૦ ૯
સોળે શણગારે શોભતી રે લોલ;
આવી ઉભી પિતાની પાસ રે....શ્રીપાલ૦ ૧૦
વિદ્યા ભણ્યાનું જોવા પારખું રે લોલ;
રાજા પૂછે તિહાં પ્રશ્ન રે....શ્રીપાલ૦ ૧૧

સાખી

જીવલક્ષણ શું જાણવું, કોણ કામદેવ ઘર નાર;
શું કરે પરણી કુમારિકા, ઉત્તમ કુલ શું સાર. ૧૨
રાજા પૂછે ચારનો, ઉત્તર આપો એક;
બુદ્ધિશાળી કુંવરી, ઉત્તર આપે છેક. ૧૩

શ્વાસ લક્ષણ પહેલું જીવનુ રે લોલ;
રતિ કામદેવ ઘર નાર રે....શ્રીપાલ૦ ૧૪
જાયનું કુલ ઉત્તમ જાતિમાં રે લોલ;
કન્યા પરણીને સાસરે જાય રે....શ્રીપાલ૦ ૧૫

ચારે પ્રશ્નનો ઉત્તર એકમાં રે લોલ;
'સાસરે જાય' એમ થાય રે....શ્રીપાલ૦ ૧૬

સાખી

પ્રથમ અક્ષર વિના જીવાડનાર જગતનો કહ્યો,
મધ્ય અક્ષર વિના સંહાર જગનો તે થયો;
અંતિમ અક્ષર વિના સૌ મન મીઠું હોય;
આપો ઉત્તરમાં જેમ સ્રીને વહાલું હોય. ૧૭

આપે ઉત્તર મયણાસુંદરી રે લોલ;
મારી આંખોમાં કાજલ સોહાય રે....શ્રીપાલ૦ ૧૮

સાખી

પહેલો અક્ષર કાઢતાં સોહે નરપતિ સોય,
મધ્યાક્ષર વિના જાણવું સ્રીમન વહાલું હોય;
ત્રીજો અક્ષર કાઢતા પંડિત પ્યારો હોય,
માગું ઉત્તર એકમાં તાતે પુત્રીને કહ્યો. ૧૯

મયણા ઉત્તર આપીયો રે લોલ;
અર્થ ત્રણેનો વાદળ થાય રે....શ્રીપાલ૦ ૨૦
રાજા પૂછે સુરસુંદરી રે લોલ;
કહો પુન્યથી શું શું પમાય રે....શ્રીપાલ૦ ૨૧
ધન યૌવન સુંદર દેહડી રે લોલ;
ચોથો મનવલ્લભ ભરતાર રે....શ્રીપાલ૦ ૨૨
કહે મયણા નિજ તાતને રે લોલ;
સહુ પામીયે પુન્ય પસાય રે....શ્રીપાલ૦ ૨૩

શીયલ વ્રતે શોભે દેહડી રે લોલ;
બીજી બુદ્ધિ ન્યાયે કરી હોય રે....શ્રીપાલ૦ ૨૪
ગુણવંત ગુરુની સંગતિ રે લોલ;
મળે વસ્તુ પુન્યને યોગ રે....શ્રીપાલ૦ ૨૫
બોલે રાજા અભિમાને કરી રે લોલ;
કરું નિર્ધનને ધનવંત રે....શ્રીપાલ૦ ૨૬
સર્વે લોકો સુખ ભોગવે રે લોલ;
એ સદા લો છે મારો પસાય રે....શ્રીપાલ૦ ૨૭
સુરસુંદરી કહે તાતને રે લોલ;
એ સાચામાં શાનો સંદેહ રે....શ્રીપાલ૦ ૨૮
રાય તુઠ્યો સુરસુંદરી રે લોલ;
પરણાવી પહેરામણી કીધ રે....શ્રીપાલ૦ ૨૯
શંખપુરીનો રાજીયો રે લાલ;
જેનું અરિદમન છે નામ રે....શ્રીપાલ૦ ૩૦
રાય-સેવાર્થે આવીયો રે લોલ;
સુરસુંદરી આપી સોય રે....શ્રીપાલ૦ ૩૧
રાયે મયણાને પુછીયું રે લોલ;
મારી વાતમાં તને સંદેહ રે....શ્રીપાલ૦ ૩૨
મયણા કહે નિજ તાતને રે લોલ;
તમે શાને કરો અભિમાન રે....શ્રીપાલ૦ ૩૩
સંસારમાં સુખ-દુઃખ ભોગવે રે લોલ;
તે કર્મનો જાણો પસાય રે....શ્રીપાલ૦ ૩૪
રાજા ક્રોધે બહુ કળકળ્યો રે લોલ;
ભાખે મયણાશું ક્રોધ વયણ રે....શ્રીપાલ૦ ૩૫

રત્નહિંડોળે તું હીંચતી રે લોલ;
પહેરી રેશમી ઉંચા ચીર રે....શ્રીપાલ૦ ૩૬
જગતમાં સહુ જી જી કરે રે લોલ;
તારી ચાકરી કરે પગ સેવ રે....શ્રીપાલ૦ ૩૭
તે મારા પસાયથી જાણજો રે લોલ;
સર્વ રોલી નાંખે પલમાંય રે....શ્રીપાલ૦ ૩૮
મયણા કહે તુમ કુળમાં રે લોલ;
ઉપજવાનો ક્યાં જોયો જોશ રે....શ્રીપાલ૦ ૩૯
કર્મસંયોગે ઉપની રે લોલ;
મલ્યા ખાન-પાન આરામ રે....શ્રીપાલ૦ ૪૦
તમે મોટે મને મહલાવતા રે લોલ;
મુજ કર્મ તણો પસાય રે....શ્રીપાલ૦ ૪૧
રાજા કહે કર્મ ઉપરે રે લોલ;
દીસે તને ઘણો હઠવાદ રે....શ્રીપાલ૦ ૪૨
કર્મે આણેલા ભરતારને રે લોલ;
પરણાવી ઉતારું ગુમાન રે....શ્રીપાલ૦ ૪૩
રાજાના ક્રોધને નિવારવા રે લોલ;
લઈ ચાલ્યો રયવાડી પ્રધાન રે....શ્રીપાલ૦ ૪૪
નવપદ ધ્યાન પસાયથી રે લોલ;
સવી સંકટ દૂર પલાય રે....શ્રીપાલ૦ ૪૫
કહે ન્યાયસાગર પહેલી ઢાળમાં રે લોલ;
નવપદથી નવનિધિ થાય રે....શ્રીપાલ૦ ૪૬

## ઢાળ બીજી

રાજા ચાલ્યો રયવાડીયે,
સાથે લીધો સૈન્યનો પરિવાર રે;
સાહેલી મોરી ધ્યાન ધરો અરિહંતનું. ૧
ઢોલ નિશાન ત્યાં ઘુરકે,
બરછી અને ભાલાનો જલકાર રે. સાહેલી૦ ૨
ધુળ ઉડે ને લોકો આવતા,
રાજા પૂછે પ્રધાન એ કોણ રે. સાહેલી૦ ૩
પ્રધાન કહે સુણો ભૂપતિ,
એ છે સાતસો કોઢીયાનું સૈન્ય રે. સાહેલી૦ ૪
રાજાની પાસે યાચવા,
આવે કોઢીયા સ્થાપી રાજા એક રે. સાહેલી૦ ૫
કોઢે ગલી જેની અંગુલી,
પહોંચી આવ્યો કોઢીયા કેરો દૂત રે. સાહેલી૦ ૬
રાણી નહિં અમારા રાયને,
ઉંચા કુળની કન્યા મળે કોય રે. સાહેલી૦ ૭
દાઢે ખટકે જેમ કાંકરો,
નયણ ખટકે તે તરણું સમાન રે. સાહેલી૦ ૮
વયણ ખટકે જેમ પાઉલો,
રાજા હૈડે ખટકે મયણા બોલ રે. સાહેલી૦ ૯
કોઢીયાને રાજાએ કહેવરાવીયું,
આવજો નયરી ઉજેણીની માય રે. સાહેલી૦ ૧૦
કીર્તિ અવિચલ મારી રાખવા,
આપીશ મારી કુંવારી રાજકન્યા ય રે. સાહેલી૦ ૧૧

ઉંબર રાણો હવે આવીયો,
સાથે સાતસો કોઢીયાનું સૈન્ય રે. સાહેલી૦ ૧૨
આવ્યો વરઘોડો મધ્ય ચોકમાં,
ખચ્ચર ઉપર બેઠો છે ઉંબરરાય રે. સાહેલી૦ ૧૩
કોઈ લુલા કોઇ પાંગલા,
કોઈના છે સુપડા જેવા કાન રે. સાહેલી૦ ૧૪
કેઇ મોઢે ચાંદા ચગચગે,
મુખ ઉપર માખીનો ભણકાર રે. સાહેલી૦ ૧૫
શોરબકોર સુણી સામટા,
લાખો લોકો જોવાને ભેગા થાય રે. સાહેલી૦ ૧૬
સર્વ લોકો મળી પૂછતાં,
ભૂતપ્રેત કે રખે હોય પિશાચ રે. સાહેલી૦ ૧૭
ભૂતડા જાણીને ભસે કુતરા,
લોકો મન થયો છે ઉત્પાત રે. સાહેલી૦ ૧૮
જાન લઈને અમે આવીયા,
પરણે અમારો રાણો રાજકન્યા ય રે. સાહેલી૦ ૧૯
કૌતુક જોવાને લોકો સાથમાં,
ઉંબર રાણો આવ્યો રાયની પાસ રે. સાહેલી૦ ૨૦
હવે રાય કહે મયણા સાંભળો,
કર્મે આવ્યો કરો ભરતાર રે. સાહેલી૦ ૨૧
તમે કરો અનુભવ સુખનો,
જુવો તમારા કર્મતણો પસાય રે. સાહેલી૦ ૨૨
કહે ન્યાયસાગર બીજી ઢાલમાં,
નવપદ ધ્યાને થાયે મંગળમાળ રે. સાહેલી૦ ૨૩

## ઢાળ ત્રીજી

(રાગ-પહેલી ઢાળનો)

તાત આદેશે મયણા ચિંતવે રે લોલ,
જે જ્ઞાનીનું દીઠું થાય રે.
કર્મતણી ગતિ પેખજો રે લોલ. ૧
અંશમાત્ર ખેદ નથી આણતી રે લોલ;
નવિ મુખડાનો રંગ પલટાય રે. કર્મ૦ ૨
હવે જાયો રાજાનો કે રંકનો રે લોલ;
પિતા સોંપે છે પંચની સાખ રે. કર્મ૦ ૩
એને દેવની પરે આરાધવો રે લોલ;
ઉત્તમકુલની સ્ત્રીનો આચાર રે. કર્મ૦ ૪
એમ વિચારી મયણાસુંદરી રે લોલ;
કર્યું તાતવચન પ્રમાણ રે. કર્મ૦ ૫
મુખ રંગ પુનમની ચાંદની રે લોલ;
શાસ્ત્ર લગ્ન વેલ જાણી શુદ્ધ રે. કર્મ૦ ૬
આવી ઉંબર રાણાની ડાબી બાજુએ રે લોલ;
જાતે કરે હસ્ત મેલાપ રે. કર્મ૦ ૭
કોઢીયા રાણો કહે રાયને રે લોલ;
કાગ કંઠે મોતી ના સોહાય રે. કર્મ૦ ૮
હોય દાસીકન્યા તો પરણાવજો રે લોલ;
કોઢીયા સાથે શું રાજકન્યા ય રે. કર્મ૦ ૯
માતા મયણાની ઝુરતી રે લોલ,
રોવે કુટુંબ સવિ પરિવાર રે. કર્મ૦ ૧૦

રાજા તે હઠ મુકે નહિ રે લોલ;
મારો નહિ કોઇ દોષ રે. કર્મં૦ ૧૧
કોઇ રાજાના રોષને ધિક્કારતા રે લોલ;
કોઇ કહે કન્યા અપરાધ રે. કર્મં૦ ૧૨
દેખી રાજકુમારી અતિ દીપતી રે લોલ;
રોગી સર્વે થયા રળીયાત રે. કર્મં૦ ૧૩
ચાલી મયણા ઉંબર પતિ સાથમાં રે લોલ;
જયાં છે કોઢી તણો આવાસ રે. કર્મં૦ ૧૪
હવે ઉંબર રાણો મન ચિંતવે રે લોલ,
ધિક્ ધિક્ અમારો અવતાર રે. કર્મં૦ ૧૫
સુંદર રંગીલી છબી શોભતી રે લોલ;
તેનું જીવન કર્યું ધૂલ રે. કર્મં૦ ૧૬
કહે ઉંબરરાણો મયણાસુંદરી રે લોલ;
તમે ઉંડો કરો આલોચ રે. કર્મં૦ ૧૭
તારી સોના સરીખી છે દેહડી રે લોલ;
મારી સંગતથી થાશે વિનાશ રે. કર્મં૦ ૧૮
તું તો રૂપે કરી રંભા સારીખી રે લોલ;
મુજ કોઢીયા સાથે શું સ્નેહ રે. કર્મં૦ ૧૯
પતિ ઉંબરરાણાના વચણ સાંભળી રે લોલ;
મયણા હેડે દુઃખ ન માય રે. કર્મં૦ ૨૦
ઢલક ઢલક આંસુ પડે રે લોલ;
કાગ હસે દેડક જીવ જાય રે. કર્મં૦ ૨૧

## સાખી

કમલિની જલમાં વસે, ચંદ્ર વસે છે આકાશ;
જે જિહાં રે મનમાં વસે, તે તિહાં રે પાસ. ૨૨

હવે મયણા કહે ઉંબરરાયને રે લોલ;
તમે વ્હાલા જીવન પ્રાણ રે. કર્મ૦ ૨૩

પશ્ચિમ રવિ ઉગે નહિં રે લોલ;
નવિ લોપે જલધિ મર્યાદ રે. કર્મ૦ ૨૪

સતી અવર પુરૂષ ઇચ્છે નહિ રે લોલ;
કદી પ્રાણ જાયે પરલોક રે. કર્મ૦ ૨૫

પંચની સાખે પરણાવીયા રે લોલ;
અવર પુરૂષ બાંધવ મુજ હોય રે. કર્મ૦ ૨૬

હવે પાયે લાગીને વિનવું રે લોલ;
તમે બોલો વિચારીને બોલ રે. કર્મ૦ ૨૭

રાત્રિ વીતી એમ વાતમાં રે લોલ;
બીજે દિને થયો પરભાત રે. કર્મ૦ ૨૮

હવે મયણા આદીશ્વર ભેટવા રે લોલ;
જાય સાથે લેઇ ભરતાર રે. કર્મ૦ ૨૯

પ્રભુ કુમકુમ ચંદને પૂજિયા રે લોલ;
પ્રભુ કંઠે ઠવી ફુલમાળ રે. કર્મ૦ ૩૦

કરી ચૈત્યવંદન ભાવે ભાવના રે લોલ;
ધરે મયણા કાઉસ્સગ્ગ ધ્યાન રે. કર્મ૦ ૩૧

પ્રભુ હાથે બીજોરૂં શોભતું રે લોલ;
વળી કંઠે સોહે ફુલમાળ રે. કર્મ૦ ૩૨

શાસનદેવ સહુ દેવતા રે લોલ,
આપ્યું બીજોરૂં ને ફુલમાળ રે. કર્મ૦ ૩૩
લીધું તે ઉંબરરાણાએ હાથમાં રે લોલ;
મયણા હૈડે હર્ષ અપાર રે. કર્મ૦ ૩૪
પૌષધશાળામાં ગુરુ વાંદવા રે લોલ;
ચાલી મયણા સાથે ભરતાર રે. કર્મ૦ ૩૫
ગુરુ આપે ધર્મની દેશના રે લોલ;
દોહીલો મનુષ્ય અવતાર રે. કર્મ૦ ૩૬
પાંચ ભુલ્યા ને ચાર ચુકીયા રે લોલ,
ત્રણનું જાણ્યું નહિ નામ રે. કર્મ૦ ૩૭
જગ ઢંઢેરો ફેરવો રે લોલ;
શ્રાવક અમારૂં નામ રે. કર્મ૦ ૩૮
લલ્લા શું લાગી રહ્યો રે લોલ, દદ્દો કીધો દૂર;
પપ્પાને પરખ્યો નહિ, નન્નો કીધો હજુર રે. કર્મ૦ ૩૯
ઉંબરરાણાએ ગુરુ વાંદીયા રે લોલ;
ગુરુએ દીધો ધર્મલાભ રે. કર્મ૦ ૪૦
સખી પરિવારે તું શોભતી રે લોલ;
આજ સખી દીસે નહિં એક રે. કર્મ૦ ૪૧
સર્વે વૃત્તાંત સુણાવીયો રે લોલ,
એક વાતનું છે મને દુઃખ રે. કર્મ૦ ૪૨
દેખી જિનશાસનની હેલના રે લોલ;
કરે મૂરખ મિથ્યાત્વી લોક રે. કર્મ૦ ૪૩
હવે મયણા ગુરુને વિનવે રે લોલ;
મટે રોગ જો ભરતાર રે. કર્મ૦ ૪૪

લોક નિંદા ટલે જેહથી રે લોલ;
ઉપાય કહો ગુરુરાય રે. કર્મ૦ ૪૫
મંત્ર જડી-બુટી ઔષધી રે લોલ;
ભણી મંત્ર બીજા ઉપચાર રે. કર્મ૦ ૪૬
ગુરુ કહે મયણા સાંભળો રે લોલ;
એ નહિ સાધુ-આચાર રે. કર્મ૦ ૪૭
ગુરુ કહે મયણા સુંદરી રે લોલ;
આરાધો નવપદ ધ્યાન રે. કર્મ૦ ૪૮
જેથી વિઘ્ન સહુ દૂર થશે રે લોલ;
ધર્મ ઉપર રાખો દૃઢ મન રે. કર્મ૦ ૪૯
કહે ન્યાયસાગર ગુરુ ઢાળમાં રે લોલ;
તમે સાંભળજો નરનાર રે. કર્મ૦ ૫૦

## ઢાળ ચોથી.

મયણા સિદ્ધચક્ર આરાધે, ગુલાબે રમતી'તી;
નિજપતિ ઉંબરની સાથે, જાપોને જપતી'તી. ૧
ત્રણ લોકની ઠકુરાઇ છાજે, ગુલાબે રમતી'તી;
વાણીપુર જોજનમાં ગાજે, જાપોને જપતી'તી. ૨
પહેલે પદ અરિહંત પૂજે, ગુલાબે૦
હણ્યાં ઘાતી અઘાતી ધ્રૂજે, જાપોને૦ ૩
બીજે સોહે સિદ્ધ મહારાજ, ગુલાબે૦
ત્રણલોકના થઇ શિરતાજ, જાપોને૦ ૪
ત્રીજે પદે આચારજ જાણો, ગુલાબે૦
ભલી લાકડી અંધ પ્રમાણો, જાપોને૦ ૫

ચોથે પદે ઉપાધ્યાય સોહે, ગુલાબે૦
ભણે ભણાવે જન-મન મોહે, જાપોને૦ ૬
પદે પાંચમે સાધુ મુનિરાયા, ગુલાબે૦
ગુણ સત્તાવીશે સોહાયા, જાપોને૦ ૭
મન-વચન ગોપવી કાયા, ગુલાબે૦
વંદું તેહવા મુનિરાયા, જાપોને૦ ૮
છટ્ઠે દર્શન પદ છે મૂલ, ગુલાબે૦
કોઇ આવે નહિં તસ તોલે, જાપોને૦ ૯
સોહે સાતમું પદ વર નાણ, ગુલાબે૦
તેના ભેદ એકાવન જાણ, જાપોને૦ ૧૦
જ્ઞાન પાંચમું કેવલ થાય, ગુલાબે૦
ત્રણ લોકના ભાવો જણાય, જાપોને૦ ૧૧
પદ આઠમે ચારિત્ર આવે, ગુલાબે૦
દેવ ઇચ્છા કરે ના પાવે, જાપોને૦ ૧૨
ભવિ જીવ તે ભાવના ભાવે, ગુલાબે૦
કોઇ રીતે ઉદયમાં આવે, જાપોને૦ ૧૩
કરો નવમે તપ પદ ભાવે, ગુલાબે૦
આઠ કર્મો બલી રાખ થાવે, જાપોને૦ ૧૪
સિદ્ધિ આત્મા અનંતા પાવે, ગુલાબે૦
દેવ-દેવી મલી ગુણ ગાવે, જાપોને૦ ૧૫
પ્રભુ પૂજો કેશર મદ ઘોળી, ગુલાબે૦
ભરી હરખે હેમ કચોળી, જાપોને૦ ૧૬
ભરી શુદ્ધ જલે અંગુલી, ગુલાબે૦
ચઉગતિની આપદા ચોળી. જાપોને૦ ૧૭

દુરગતિનાં દુઃખ દૂર ઢોળી, ગુલાબે૦
આસો સુદ સાતમથી બોલી, જાપોને૦ ૧૮
કરો નવ આંબેલની ઓળી, ગુલાબે૦
મળી સરખી સૈયરની ટોળી, જાપોને૦ ૧૯
મયણા ધરે નવપદ ધ્યાન, ગુલાબે૦
વળી કાયા કંચનવાન, જાપોને૦ ૨૦
સૌ મંત્રમાં છે શિરદાર, ગુલાબે૦
તમે આરાધો સહુ નરનાર, જાપોને૦ ૨૧
ન્યાયસાગરે ઢાળ કહી ચોથી, ગુલાબે૦
સુણો શ્રીપાળમહારાજની પોથી. જાપોને૦ ૨૨

## શ્રી મહાવીર સ્વામીનું હાલરીઉં

માતા ત્રિશલા ઝૂલાવે પુત્ર પારણે, ગાવે હાલો હાલો હાલરવાનાં ગીત; સોના રૂપા ને વળી રત્ને જડિયું પારણું, રેશમ દોરી ઘૂઘરી વાગે છુમ છુમ રીત. હાલો હાલો હાલો હાલો મારા વીરને. ૧.

જિનજી પાસ પ્રભુથી વરસ અઢીસેં આંતરે, હોશે ચોવીશમો તીર્થંકર જિત પરિણામ; કેશીસ્વામી મુખથી એવી વાણી સાંભળી, સાચી સાચી હુઇ તે મારે અમૃત વાણ. હાલો૦ ૨.

ચૌદે સ્વપ્ને હોવે ચક્રી કે જિનરાજ, વીત્યા બારે ચક્રી નહિ હવે ચક્રીરાજ; જિનજી પાસ પ્રભુના શ્રી કેશી ગણધાર, તેહને વચને જાણ્યા ચોવીશમા જિનરાજ; મારી કૂખે આવ્યા તારણ તરણ જહાજ, મારી કૂખે આવ્યા ત્રણ ભુવન શિરતાજ મારી કૂખે આવ્યા સંઘ તીરથની લાજ, હું તો પુણ્યપનોતી ઇંદ્રાણી થઇ આજ. હાલો૦ ૩.

મુજને દોહલો ઉપન્યો બેસું ગજ અંબાડીયે, સિંહાસન પર બેસું ચામર છત્ર ધરાય; એ સહુ લક્ષણ મુજને નંદન! તાહરા તેજનાં, તે દિન સંભારું ને આનંદ અંગ ન માય. હાલો૦ ૪.

કરતલ પગતલ લક્ષણ એક હજાર ને આઠ છે, તેહથી નિશ્ચય જાણ્યા જિનવર શ્રી જગદીશ; નંદન! જમણી જંઘે લંછન સિંહ વિરાજતો, મેં તો પહેલે સુપને દીઠો વિશવા-વીશ. હાલો૦ ૫.

નંદન! નવલા બંધવ નંદિવર્દ્ધનના તમે, નંદન! ભોજા-ઇઓના દીયર છો સુકુમાલ; હસશે ભોજાઇઓ કહી દીયર મહારા લાડકા, હસસે રમશે ને વળી ચુંટી ખણશે ગાલ, હસશે રમશે ને વળી ઠુંસા દેશે ગાલ. હાલો૦ ૬.

નંદન! નવલા ચેડારાજાના ભાણેજ છો, નંદન! નવલી પાંચસે મામીના ભાણેજ છો, નંદન! મામલીયાના ભાણેજા સુકુમાલ; હસશે હાથે ઉછાળી કહીને ન્હાના ભાણેજા, આંખો આંજી ને વળી ટપકું કરશે ગાલ. હાલો૦ ૭.

નંદન! મામા મામી લાવશે ટોપી આંગલાં, રતન જડીયાં ઝાલર મોતી કસબી કોર; નીલાં પીળાં ને વળી રાતાં સરવે જાતિનાં, પહેરાવશે મામી માહરા નંદકિશોર! હાલો૦ ૮.

નંદન! મામા મામી સુખડલી બહુ લાવશે, નંદન! ગજવે ભરશે લાડુ મોતીચૂર; નંદન! મુખડાં જોઈ લેશે મામી ભામણાં, નંદન! મામી કહેશે જીવો સુખ ભરપૂર. હાલો૦ ૯.

નંદન ! નવલા ચેડા મામાની સાતે સતી, મારી ભત્રીજી ને બેન તમારી નંદ !; તે પણ ગુંજે ભરવા લાખણસાઈ લાવશે, તુમને જોઇ જોઈ હોશે અધિકો પરમાનંદ. હાલો૦ ૧૦

રમવા કાજે લાવશે લાખ ટકાનો ઘૂઘરો, વળી સૂડા મેના પોપટ ને ગજરાજ; સારસ હંસ કોયલ તીતર ને વળી મોરજી, મામી લાવશે રમવા નંદ ! તમારે કાજ. હાલો૦ ૧૧.

છપ્પન કુમરી અમરી જલ કલશે નવરાવિયા, નંદન ! તમને અમને કેલી ઘરની માંહિ; ફૂલની વૃષ્ટિ કીધી યોજન એકને માંડલે, બહુ ચિરંજીવો આશિષ દીધી તુમને ત્યાંહિ. હાલો૦ ૧૨.

તમને મેરૂગિરિ પર સુરપતિએ નવરાવિયા; નિરખી નિરખી હરખી સુકૃત લાભ કમાય; મુખડાં ઉપર વારી કોટિ કોટિ ચંદ્રમા, વલી તન પર વારુ ગ્રહ-ગણનો સમુદાય. હાલો. ૧૩

નંદન ! નવલા ભણવા નિશાળે પણ મૂકશું, ગજ પર અંબાડી બેસાડી મહોટે સાજ; પસલી ભરશું શ્રીફળ ફોફળ નાગરવેલશું, સુખડલી લેશું નિશાળીયાને કાજ. હાલો૦ ૧૪.

નંદન ! નવલા મહોટા થાશો ને પરણાવશું, વહુવર-સરખી જોડી લાવશું રાજકુમાર; સરખા વેવાઇ વેવાણને પધરાવશું, વર-વહુ પોંખી લેશું જોઇ જોઇને દેદાર. હાલો૦ ૧૫

પીયર સાસર માહરા બેહુ પખ નંદન ! ઉજળા, મહારી કૂખે આવ્યા તાત પનોતા નંદ; મહારે આંગણે વૂઠા અમૃત દૂધે મેહુલા, મહારે આંગણે ફળીયા સુરતરુ સુખના કંદ. હાલો૦ ૧૬.

ઇણિ પેરે ગાયું માતા ત્રિશલાસુતનું પારણું, જે કોઇ ગાશે લેશે પુત્ર તણા સામ્રાજ; બીલીમોરા નગરે વર્ણંવ્યું વીરનું હાલરું, જય જય મંગલ હોજો દીપવિજય કવિરાજ. હાલો૦ ૧૭.

## શ્રી કુલ્પાકજીતીર્થમંડન શ્રી માણિક્ય સ્વામિ

### ( આદીશ્વર ભગવાન ) નું સ્તવન

ચાલો જઈએ જુગતે તેલંગ દેશમાં રે,
જિહાં માણિક્યસ્વામી આદીશ્વર દેવ;
પૂજા કરીએ આંગી રચીએ સુંદર વેશમાં રે. ૧

સાખી

ભરતરાય અષ્ટાપદે, સ્થાપે શ્રી જિનચંદ;
વિદ્યાધર આવી કરે, દર્શન હર્ષ અમંદ.
મૂર્તિ લઇ જાવે ત્યાંથી નિજ ધામમાં રે;
કરે પૂજન પ્રભુનું ત્રણ કાળ. ચાલો૦ ૨

સાખી

નારદમુનિ એક દિવસે, વિદ્યાધરની પાસ;
અદ્ભુત પ્રતિમા દેખીને, વંદે ધરી ઉલ્લાસ,
મૂર્તિ સંબંધની વાત કરે છે ઇન્દ્રને રે;
મૂર્તિ મંગાવે છે ઇન્દ્ર નિજ પાસ. ચાલો૦ ૩

સાખી

સૌધર્મ દેવલોકમાં, માણિક્યસ્વામી દેવ;
પધરાવી પૂજન કરે, શક્ર શક્રી તતખેવ.

ઘણો કાળ પૂજાણી મૂર્તિ સુરધામમાં રે;
નારદ મુખથી સુણે મંદોદરી એમ. ચાલો૦ ૪

સાખી

મૂર્તિમાં લલચાઈ ગયું, મંદોદરીનું મન;
પ્રતિમા ન મળે ત્યાં લગે, લેવું ન મારે અન્ન.
એવો ગાઢ અભિગ્રહ લીધો ત્યારે રાવણે રે;
આરાધન કર્યું ઈન્દ્રનું ખાસ. ચાલો૦ ૫

સાખી

તુષ્ટમાન થઈને દીયે, ઈન્દ્ર મૂર્તિ ધરી ખ્યાલ;
મંદોદરી હર્ષિત થઇ, પૂજન કરે તતકાલ.
એવો અભિગ્રહ પૂરણ થયો આકરો રે,
પ્રભુની ભક્તિ તણો એહ પ્રભાવ. ચાલો૦ ૬

સાખી

રામ અને રાવણ તણું, યુદ્ધ થયું અતિ ઘોર;
ત્યારે દરિયામાં ધરી, પ્રતિમા ન લીયે પોર.
લવણાધિપ પૂજે તિહાં પ્રભુને પ્રેમથી રે;
ઘણો કાળ પૂજાણી સમુદ્રની માંય. ચાલો૦ ૭

સાખી

શ્રી કર્ણાટક દેશમાં, કલ્યાણી નગરી કહેવાય;
રાજ કરે ભૂપતિ તિહાં, શંકર નામે રાય,
મહામારી રોગ ઉપન્યો તે દેશમાં રે;
ત્યારે પદ્માવતીએ સ્વપ્ને કહ્યા એમ. ચાલો૦ ૮

સાખી

મંદોદરી મહારાણીએ, મૂર્તિ અતિ મનોહાર;
દરિયામાં પધરાવી છે, કાઢો ત્યાંથી બહાર.
પૂજો પ્રજા સાથે પૂરણ પ્રેમથી રે;
તેથી સુખ શાંતિ થાશે અપાર. ચાલો૦ ૯

સાખી

લવણાધિપ આરાધવા, સમુદ્રની પાસે જાય;
પુન્યે પ્રસન્ન થયા દેવતા, આપે પ્રતિમા લાય,
રસ્તે તૈલિંગ દેશે કુલપાક આવતાં રે;
પ્રતિમા સ્થિર થઇ ગઇ તતકાળ. ચાલો૦ ૧૦

સાખી

તિહાં જિનભવન કરાવીને, ભરીને મુક્તાથાળ;
પધરાવે પ્રભુ ત્યારથી, મહોત્સવ કરે ભૂપાળ,
આપે પૂજા માટે બારે ગામ ભાવથી રે;
થાય રોગની શાંતિ દેશમાં તે વાર. ચાલો૦ ૧૧

સાખી

તરણ-તારણ માણિક પ્રભુ, મહિમા જગ મશહુર;
યાત્રાળુ યાત્રા કરે, કરે કર્મ ચકચૂર.
ધર્મ-દોલત દાતાર પ્રભુને ઓળખી રે,
નમે હંસ ગુરુ તણો શિષ્ય મુનિ કર્પૂર. ચાલો૦ ૧૨

## (૧) છ અઠ્ઠાઇનું સ્તવન ( નવ ઢાળ )

### દોહા

શ્રી સ્યાદ્વાદ શુદ્ધોદધિ, વૃદ્ધિ હેતુ જિનચંદ;
પરમ પંચ પરમેષ્ઠિમાં, તાસુ ચરણ સુખકંદ. ૧
ત્રિગુણ ગોચર નામ જે, સુબુદ્ધ ઇશાન માને જેહ;
થયા લોકોત્તર તત્ત્વથી, તે સર્વે જિન ગેહ. ૨
પંચ વર્ણ અરિહંત શું, પંચ કલ્યાણક ધ્યેય;
ષટ્ અટ્ઠાઇ સ્તવના રચું, પ્રણમી અનંત ગુણગેહ. ૩

### ઢાળ પહેલી

( કપૂર હોય અતિ ઉજલો રે-એ દેશી )

ચૈત્ર માસ સુદિ પક્ષમાં રે, પ્રથમ અટ્ઠાઇ સંજોગ;
જિહાં સિદ્ધચક્રની સેવના રે, અધ્યાતમ ઉપયોગ રે.
ભવિકા ! પર્વ અટ્ઠાઇ આરાધ, મનવાંછિત સુખ સાધ રે. ભ૦ ૧
પંચ પરમેષ્ઠિ ત્રિકાલના રે, ઉત્તર ચઉ ગુણ કંત;
શાશ્વતપદ સિદ્ધચક્રને રે, વંદતાં પુણ્ય મહંત રે. ભ૦ ૨
લોચન કર્ણ યુગલ મુખે રે, નાસિકા અગ્ર નીલાડ;
તાલુ શિર નાભિ હૃદે રે, ભ્રમુહ મધ્યે ધ્યાન પાઠ રે. ભ૦ ૩
આલંબન સ્થાનક કહ્યા રે, જ્ઞાનીએ દેહ મઝાર;
તેહમાં વિગત વિષય પરે રે, ચિત્તમાં એક આધાર રે. ભ૦ ૪
અષ્ટ કમલદલ કર્ણિકા રે, નવપદ થાપો ભાવ;
બાહિર યંત્ર રચી કરી રે, ધારો અનંત અનુભાવ રે. ભ૦ ૫
આસો સુદિ સાતમ થકી રે, બીજી અટ્ઠાઇ મંડાણ;
બસેં તેંતાલીશ ગુણે કરી રે, અસિઆઉસાદિક ધ્યાન રે. ભ૦ ૬

ઉત્તરાધ્યયન ટીકા કહે રે, એ દોય શાશ્વતી યાત્ર;
કરતા દેવ નંદીશ્વરે રે, નર નિજ ઠામ સુપાત્ર રે. ભ૦ ૭

ઢાળ બીજી

અષાઢ ચોમાસાની અઠ્ઠાઇ, જિહાં અભિગ્રહ અધિકાઈ;
કૃષ્ણ કુમારપાળ પરે પાળો, જીવદયા ચિત્ત લાઈ રે.
પ્રાણી ! અઠ્ઠાઇ મહોત્સવ કરીએ.
સચિત્ત આરંભ પરિહરિએ રે. પ્રાણી૦ ૧

દિશિગમન તજો વર્ષા સમયે, ભક્ષ્યાભક્ષ્ય વિવેક;
અછતી વસ્તુ પણ વિરતિએ, બહુફલ વંકચૂલ સુવિવેક રે. પ્રા૦ ૨
જે જે દેહે ગ્રહીને મૂકયા, જેહથી તે હિંસા થાય;
પાપ આકર્ષણ અવ્રતી જોગે, તે જીવ કર્મ બંધાય રે. પ્રા૦ ૩
સાયક દેહના જીવ જે ગતિમાં, વસીયા તસ હોય કર્મ;
રાજા રંકને કિરીયા સરીખી, ભગવતી અંગનો મર્મ રે. પ્રા૦ ૪
ચોમાસી આવશ્યક કાઉસગ્ગના, પંચ શત માને ઉસાસા;
છઠ્ઠતપની આલોયણ કરતાં, વિરતિધર્મ ઉજાસ રે. પ્રા૦ ૫

ઢાળ ત્રીજી

( જિન રયણીજી દશ દિસિ નિર્મલતા ધરો )

કાર્તિક સુદિમાંજી ધર્મ વાસર અડ ધારીએ, તીમ વલી ફાલ્ગુણેજી, પર્વ અઠ્ઠાઇ સંભારીએ; ત્રણ અઠ્ઠાઇજી, ચઉમાસી ત્રણ કારણે; ભવિ જીવનાજી પાતિક સર્વ નિવારણે. ૧.

નિવારણી પાતક તણી એ જાણી, અવધિજ્ઞાને સુરવરા,
નિકાય ચારના ઈંદ્ર હર્ષિત, વંદે નિજ નિજ અનુચરા;

અટ્ઠાઇ-મહોત્સવ કરણ સમયે, શાશ્વતા એ દેખીએ; સવિ સજ્જ થાયે દેવ-દેવી ઘંટનાદ વિસેસીએ. ૨.

વલી સુરપતિજી, ઉદ્ઘોષણા સુરલોકમાં, નીપજાવીજી, પરિકર સહિત અશોકમાં; દ્વીપ આઠમેજી, નંદીશ્વર સુર આવીયા, શાશ્વતી પડિમાજી, પ્રણમી વધાવે ભાવીઆ. ૩.

ભાવિયા પ્રણમી વધાવે પ્રભુને હર્ષ બહુલે નાચતા, બત્તીસ વિધનાં કરીયાં નાટિક કોડી સુરપતિ નાચતા; હાથ જોડી મન મોડી અંગભાવ દેખાવતી, અપસરા રંભા અતિ અચંભા અરિહંત ગુણ આલાવતી. ૪.

ત્રણ અઠ્ઠાઇમાંજી ષટ્ કલ્યાણક જિન તણા, તથા આલયજી બાવન જિનના બિંબ ઘણા; તસ સ્તવનાજી અદ્ભૂત અર્થ વખાણતાં, ઠામે પહોંચેજી પછી જિન નામ સંભારતા. ૫.

સંભારતા પ્રભુનું નામ નિશદિન, પર્વ અઠ્ઠાઇ મન ધરે, સમકિત નિર્મલ કરણ કારણ, શુભ અભ્યાસે અનુસરે; નરનારી સમકિતવંત ભાવે, એહ પર્વ આરાધશે, વિઘ્ન નિવારે તેહના સવિ, સૌભાગ્ય લક્ષ્મી વાધશે. ૬.

## ઢાળ ચોથી

(આદિ જિણંદ મયા કરો...)

પર્વ પજુસણમાં સદા, અમારી પડહો વજડાવે રે,
સંઘ ભક્તિ દ્રવ્ય ભાવથી સ્વામીવત્સલ સુમંડાવે રે.
મહોદય પર્વ મહિમાનિધિ. ૧

સ્વામીવત્સલ એકણુ પાસે એકત્ર ધર્મ સમુદાય રે;
બુદ્ધિ તુલાએ તોલીએ તુલ્ય લાભ ફળ થાય રે.
મહોદય૦ ૨

ઉદાયી ચરમ રાજઋષિ તેમ કરો ખામણા સત્ય રે;
મિચ્છામિ દુક્કડં દેઇને, ફરી સેવે પાપવત્ત રે.
મહોદય૦ ૩

તે કહ્યા માયા મૃષાવાદી, આવશ્યક નિર્યુક્તિમાંહે રે;
ચૈત્ય પરિપાટી કહી, પૂજા ત્રિકાલ ઉચ્છાંહી રે.
મહોદય૦ ૪

છેલ્લી ચારે અઠ્ઠાઇએ મહોટો મહોત્સવ રચે દેવા રે;
જીવાભિગમે એમ ઉચ્ચરે, પ્રભુશાસનના એ મેવા રે.
મહોદય૦ ૫

## ઢાળ ૫ મી.

( અરણિક મુનિવર ચાલ્યા ગોચરી )

અઠ્ઠમનો તપ વાર્ષિક પર્વમાં, શલ્ય રહિત અવિરોધ રે;
કારક સાધક પ્રભુના ધર્મનો, ઇચ્છારોધે હોય શુદ્ધ રે.
તપને સેવો રે કંતા વિરતિના. ૧

છુટે સો વર્ષે રે કર્મ અકામથી, નારકી તે તો સકામે રે;
પાપરહિત હોય નવકારસી થકી, સહસ તે પોરસી ઠામ રે.
તપને સેવો રે૦ ૨

વાધંતો વધતો રે તપ કરવા થકી, દશ ગુણો લાભ ઉદાર રે;
દશ લાખ કોડી વર્ષનું આઉખું, દુરિત મીટે નિરધાર રે.
તપને સેવો રે૦ ૩

પચાસ વર્ષ સુધી તપ્યા લખમણા, માયા તપ નાવે શુદ્ધ રે;
અસંખ્ય ભવ ભમ્યા એક કુવચનથી, પદ્મનાભ વારે સિદ્ધ રે.
તપને સેવો રે૦ ૪

આહાર નિરિહંતા રે સમ્યકૃતપ કહ્યો, જુઓ અભ્યંતર તપ રે;
ભવોદધિ સેતુ રે, અટ્ઠમ તપગણે, નાગકેતુ ફળ પત્ત રે.
તપને સેવો રે૦ ૫

## ઢાળ ૬ ટ્ઠી.

( સ્વામી સીમંધરા વિનતિ-એ દેશી )

વાર્ષિક પડિક્કમણા વિષે, એક હજાર શુભ આઠ રે;
શ્વાસ ઉશ્વાસ કાઉસ્સગ્ગ તણાં, આદરી ત્યજો કર્મ આઠ રે.
પ્રભુ તુમ શાસન અતિ ભલું. ૧

દુગ લખ ચઉ સય અડ કહ્યા, પલ્ય પણયાલીશ હજાર રે;
નવ ભાંગે પલ્યના ચઉ કહ્યા, શ્વાસમાં સુર આયુ સાર રે.
પ્રભુ તુમ શાસન૦ ૨

ઓગણીશ લાખ ને તેસઠી, સહસ બસેં અડસઠી રે;
એટલા પલ્યોપમ દેવનું આઉખું, નવકાર કાઉસ્સગ્ગ જીઠ રે.
પ્રભુ તુમ શાસન૦ ૩

એકસઠ લાખ ને પણતીસા, સહસ બસેં દશ જાણ રે;
એટલા પલ્યનું સુર આઉખું, લોગસ્સ કાઉસ્સગ્ગ માન રે.
પ્રભુ તુમ શાસન૦ ૪

ધેનુથણ રૂપે રે જીવના, અચલ છે આઠ પ્રદેશ રે;
તેહ પરે સર્વ નિર્મલ કરે, પર્વ અટ્ઠાઇ ઉપદેશ રે.
પ્રભુ તુમ શાસન૦ ૫

## ઢાળ ૭ મી.

( લીલાવંત કુવર ભલો–એ દેશી )

સોહમ કહે જંબૂ પ્રત્યે, જ્ઞાનાદિ ધર્મ અનંત રે વિનીત;
અર્થ પ્રકાશ્યો વીરજી તેમ મેં, રચિયો સિદ્ધાંત રે.
વિ૦ પ્રભુ આગમ ભલો વિશ્વમાં. ૧

ષડ લાખ ત્રણુસો તેત્રીસ, એગુણા આઠ હજાર રે; વિ૦
પીસ્તાલીશ આગમતણી, સંખ્યા જગ આધાર રે. વિ૦
પ્રભુ આગમ૦ ૨

આથમ્યે જિન કેવલિ રવિ, સુત્ત દીપકથી વ્યવહાર રે; વિ૦
ઉભય પ્રકાશક સૂત્રનો, સંપ્રતિ બહુ ઉપકાર રે. વિ૦
પ્રભુ આગમ૦ ૩

પુણ્યક્ષેત્રમાં સિદ્ધગિરિ, મંત્રમાંહી નવકાર રે; વિ૦
શુકલ ધ્યાન છે ધ્યાનમાં, કલ્પસૂત્ર તેમ સાર રે. વિ૦
પ્રભુ આગમ૦ ૪

વીર વર્ણન છે જેહમાં, શ્રી તપ તસુ સેવ રે; વિ૦
છટ્ઠ તપે કલ્પસૂત્ર સુણે સુદા, ઉચિત વિધિ તતખેવ રે. વિ૦
પ્રભુ આગમ૦ ૫

## ઢાળ આઠમી

( તપ શું રંગ લાગ્યો–એ દેશી )

નેવું સહસ સંપ્રતિ નૃપે રે, ઉદ્ધર્યાં જૈન પ્રાસાદ રે;
છત્રીશ સહસ નવા કર્યાં રે, નિજ આસુ દિનવાદ રે.
મનમેં મોદે રે, પૂજો પૂજો રે મહોદય પર્વ મહોત્સવ મોટે રે. ૧

અસંખ્ય ભરતના પાટવી રે, અઠ્ઠાઇ ધર્મના કામિ રે;
સિદ્ધગિરિએ શિવપુરી વર્યા રે, અજરામર શુભ ઠામ રે.
મનમેં૦ ૨

યુગપ્રધાન પુરવ ધણી રે, વયરસ્વામી ગુણધાર રે;
નિજ પિતા મિત્ર પાસે જઇ રે, યાચ્યાં ફુલ તૈયાર રે.
મનમેં૦ ૩

વીસ લાખ ફૂલ લેઇને રે, આવ્યા ગિરિ હિમવંત રે;
શ્રીદેવી હાથે લીયા રે, મહા કમલ ગુણવંત રે.
મનમેં૦ ૪

પછી જિનરાગીને સોંપીયા રે, સુભિક્ષનગરી મઝાર રે;
સુગત મત ઉછેદીને રે, શાસન શોભા અપાર રે.
મનમેં૦ ૫

## ઢાળ નવમી

(ભરત નૃપ ભાવશું-એ દેશી)

પ્રાતિહાર્ય અડ પામીયે રે, સિદ્ધ પ્રભુના ગુણ આઠ;
હર્ષ ધરી સેવીએ એ, જ્ઞાન દર્શન ચારિત્રના એ.
આઠ આચારના પાઠ. હર્ષ. ધરી૦
સેવો સેવો પર્વ મહંત. હર્ષ ધરી૦ ૧

પવયણ માતા સિદ્ધિનું એ, બુદ્ધિ ગુણા અડ દૃષ્ટ. હર્ષ૦
ગણી સંપદ અડ સંપદા એ, આઠમી ગતિ દીએ પુષ્ટ.
હર્ષ ધરી૦ ૨

આઠ કર્મ અડ દોષને એ, અડ મદ પરમાદ. હર્ષ૦
પરિહરિ આઠ આઠ કારણ ભજીએ, આઠ પ્રભાવક વાદ.
હર્ષ ધરી૦ ૩

ગુર્જર દિલ્હી દેશમાં એ, અકબરશાહ સુલતાન. હર્ષ૦
હીરજી ગુરુના વયણથી એ, અમારી પડહ વજાવ.
હર્ષ ધરી૦ ૪

સેનસૂરિ તપગચ્છ મણિ એ, તિલક આણંદ મુણિંદ. હર્ષ૦
રાજ્યમાન રિદ્ધિ લહે એ, સૌભાગ્યલક્ષ્મી સૂરિંદ.
હર્ષ ધરી૦ ૫

સેવો સેવો પર્વ મહંત, હર્ષ૦ પૂજો જિનપદ અરવિંદ. હર્ષ૦
પુણ્ય પર્વ સુખકંદ, હર્ષ૦ પ્રગટે પરમાનંદ હર્ષ૦
કહે એમ લક્ષ્મીસૂરિંદ. હર્ષ૦ ૬

### કલશ

એમ પાર્શ્વ પ્રભુનો પસાય પામી, નામે અટ્ઠાઈના ગુણ કહ્યા;
ભવિ જીવ સાધો નિત્ય આરાધો, આત્મ ધર્મ ઉમહ્યાં. ૧
સંવત જિન અતિશય વસુ શશી (૧૮૩૪) ચૈત્રી પુનમે ધ્યાઇએ;
સૌભાગ્યસૂરિ શિષ્ય લક્ષ્મીસૂરિ, બહુ સંઘ મંગલ પાઇયા. ૨

## બીજ તિથિ સ્તવન

( દેશી બલીહારીની )

મંગલકારા, મંગલકારા, મંગલકારા મહાવીર મંગલકારા;
બીજના તપનો મહિમા, મહેરથી દાખીયેજી. એ આંકણી.
ઈણી પરે શિરનામી, પુછે ગૌતમ સ્વામી,
ઈંદ્રભૂતિ નામ અણગારા. મહાવીર૦ ૧
ગગને ગજાંવી ગિરા, વચન વર્ષાવી નીરા;
કહે સ્વામિ સૃષ્ટિ શણગારા. મહાવીર૦ ૨

દુજે દુવિધ ધર્મ, આરાધી કાપે કર્મ;
સાધુ શ્રાવક ન્યારા ન્યારા. મહાવીર૦ ૩
નિરયાવલીયા સૂત્ર સાખે, બીજ તપ ફલ આખે;
બંધાય આયુષ્ય ઉદારા. મહાવીર૦ ૪
મહા શુદિ બિજ દીને, કેવલ વાસુપૂજ્ય જિને;
તેમ અભિનંદન જિન અવતારા. મહાવીર૦ ૫
ફાગણ શુદિ બીજ સારી, અર જિનવર અવધિ ધારી;
ચવીયા ચતુર ચમત્કારા. મહાવીર૦ ૬
માધવ વદિ બીજ આવે, શિતલજિન મોક્ષ જાવે;
શૈલેશી સમેતશિખર ધારા. મહાવીર૦ ૭
માતા મંગલા કુખે, શ્રાવણ શુદિ બીજ સુખે;
સુમતિ જિન આવીયા જગહારા. મહાવીર૦ ૮
જિનવર જન્મે અજવાલુ, પ્રાંતે અંધારૂં કાલુ;
થાય સ્થિતિ અનુસારા. મહાવીર૦ ૯
તે કારણ શ્રમણ શ્રમણી, શ્રાવક ને શ્રાવકરમણી;
આરાધી પામે ભવપારા. મહાવીર૦ ૧૦
આદિજિન મંડલ ગાવે, બીજનું સ્તવન ભાવે;
હેડે ધરી હર્ષ અપારા. મહાવીર૦ ૧૧
બીજના ચંદ્ર જેવા, તપગુણ મુક્તાફલમેવા;
પ્રતિદિન હંસ ચાહે ચારા. મહાવીર૦ ૧૨

## અષ્ટમીનું સ્તવન

રઢીઆલી રઢીઆલી રઢીઆલી, જગનાથ લાગે વ્હાલી,
આઠમ તપ સેવા સેવકને સદાજી. આંકણી.

રત્નશેખર મંત્રી, મતિસાગર તંત્રી;
દેવ થયો અનશન પાલી. જગ૦ ૧
બ્રહ્મલોકથી આવે, સીમંધર પાસ જાવે;
વાણી સુણી સુરસાલી. જગ૦ ૨
સર્વ સુખનું મૂલ, કાઢે કર્મનું શુલ;
પર્વતિથિ પુન્ય પ્રણાણી. જગ૦ ૩
સુરવર પૂછે સ્વામી, છે કોઇ દૃઢનામી;
પર્વપાલક ભાગ્યશાળી. જગ૦ ૪
પ્રભુ કહે તેમાં સાખી, જેણે ન રાખી ખામી;
તે સુણી ચાલો શુભ ચાલી. જગ૦ ૫
રત્નશેખર રાજા, રાણી સંગ થઇ સાજા;
છલે ન દેવ કે કાલી. જગ૦ ૬
સ્વસ્વામિના નામ સુણી, આવ્યો સુર સામે ગુણી;
ફોજ ફેલાવી અતિ ફોલી. જગ૦ ૭
પોસાતી લોક નાઠા, રાજા તે રહ્યા કાઠા;
દેવ મલ્યો હાથ જાલી. જગ૦ ૮
ધન્ય ધન્ય મારા સ્વામી, પ્રભુ પ્રશંસા પામી;
એમ કહી ગયો દેવશાલી. જગ૦ ૯
પર્વ પલાવે પ્રેમે, દેશમાં કુશલ ક્ષેમે;
ઘોષણ જાય નહીં ખાલી. જગ૦ ૧૦
પૃથ્વી મંડિત કરી, જિનપ્રસાદે ભરી;
વચ્છલ કર્યું ગર્વ ગાલી. જગ૦ ૧૦
બાર વ્રત ધારી, બારમે સ્વર્ગે ઠરી;
હંસ રહ્યો તસ માલી. જગ૦ ૧૨

## ઢાળ બીજી

( મુજે છોડ ચલા વણઝારા—એ દેશી. )

જિનકલ્યાણક શણગારી, આઠમ તિથિ લાગે સારી. એ આંકણી

રાણી રત્નવતી સતી ભાવે, આઠમ દિન પોષહ ઠાવે રે,
તવ રત્નશેખર રૂપ ધારી. આ૦ ૧

માયાવી રાય કહે રાણી, શું જુવે છે આંખો તાણી રે;
રમવા આવ્યો પ્રાણ પ્યારી. આ૦ ૨

તું કામરાય રાજધાની, મારું કહ્યું તું લેને માની રે;
નહિ તો શોક લાવીશ ત્હારી. આ૦ ૩

ન ચલી ચતુરા તસ વયણે, કામરાગ રતી નહિ નયણે રે;
ઇશાને સુરી સુખકારી. આ૦ ૪

રત્નપુરમાં વળી અવતરશે, રાજ્યકુલમાં જન્મને ધરશે રે;
એ જણ વરશે શિવનારી. આ૦ ૫

એમ આઠમ દિન જે પાલે, તે અષ્ટકર્મ નિજ બાલે રે;
ટાલે દુનિયા નઠારી. આ૦ ૬

ધનાઢય નામે શેઠ સારો, પણ આઠમ વિરાધનારો રે;
થયો વ્યંતર સુગતિ હારી. આ૦ ૭

કલ્યાણક તિથિએ કહીએ, દશ જિનનાં એકાદશ લહીયે રે;
ચ્યવન જન્મ મોક્ષ અણગારી. આ૦ ૮

આઠમ તપસ્તવન કરવા, આદિ જિનમંડળ પાપ હરવા રે;
કરે વિનંતિ વિનય વિચારી. આ૦ ૯

ઓગણીસેં ઓતેર સાલે, દીવાલી પર્વ શુભ ચાલે રે;
મન્દસોરમાં રહી માસ ચારી. આ૦ ૧૦

શ્રી વિજયાનંદસૂરિ રાજા, ગુરુ લક્ષ્મીવિજય મહારાજા રે;
હતા જ્ઞાન દાન દાતારી. આ૦ ૧૧
તસ હંસ શ્રી તપગુણ ગાવે, પ્રતિદિન થવાને ચહાવે રે,
જગજીવન જિન આભારી. આ. ૧૨

## શ્રી મૌનએકાદશી સ્તવન.

(રાગ જય જયન્તી)

[ સુર ગુણ ઈંદ મધુર ધ્વનિ છંદા—એ ચાલ. ]

નેમીશ્વર કહે સુણો ગોવિંદા, મૌન એકાદશી મહિમા અમંદા;
દોઢસો કલ્યાણક નેવું જિનનાં, જાપ જપી કાપો કર્મના ફંદા.
નેમીશ્વર૦ ૧

એકાદશી દિન મૌન ધરી કરો, પાપ ઔષધસમ પૌષધ ઉંદા;
પારણે ઉત્તર પારણે કરવું, એકાસણું હરવા ભવ ફંદા.
નેમીશ્વર૦ ૨

પોષહ પાળી દેવ જુહારી, ફલ ઢોવો ફલ લેવા અમંદા;
જ્ઞાન પૂજન સાધુ સંવિભાગ કરો, જેહથી મટે ભવ અટવી અટંદા.
નેમીશ્વર૦ ૩

અગીયાર વર્ષે પૂર્ણ કરી વ્રત, બાર વ્રત બાર અંગ સુહંદા,
તેહની ભાવના કારણ બારમેં, વર્ષે ઉજમણું કરો તુમે બંદા.
નેમીશ્વર૦ ૪

અગીયાર અંગાદિ શાસ્ત્ર લખાવી, વાત્સલ્ય કરો સાધર્મિક વૃંદા;
હંસ પરે જિનવાણી દુધ પી, કૃષ્ણ કહે ધન્ય ધન્ય જિનચંદા.
નેમીશ્વર૦ ૫

આહિ જિનમંડલ અખંડલની પરે, ભક્તિ શક્તિ અનુસાર કરંદા,
શહેર વડોદરામાં સંગીત સહ, પ્રભુગુણ ગાઇ કરે છે આનંદા.
નેમીશ્વર૦ ૬

## મહાવીરસ્વામિનું સ્તવન.

મને ઉપકારી વીર પ્રભુ સાંભરે રે, મારા દર્શનના દાયક દેવ રે;
મને મુકીને મુક્તિમાં સંચર્યા રે, હવે કોની કરીશ હું તો ભક્તિ રે.
મને ઉપગારી વીર૦ ૧

મારા હૈયાના હાર પ્રભુ વીરજી રે,
રાખી તડફડતો દાસ થયા સિદ્ધ રે. મને ઉપગારી૦ ૨

ગોયમ ગોયમ કેનાર ગયા મુક્તિમાં રે;
કહું કોની આગલ થઇ દુઃખ રે. મને ઉપકારી૦ ૩

ગયા ત્રિપદી સુણાવનાર મુક્તિમાં રે;
કોણ પ્રશ્નની ટાલશે ભૂલ રે. મને ઉપકારી૦ ૪

બોલે ગૌતમ વેણ એમ રાગથી રે;
ઘડીભરમાં વીચરુ પ્રભુ વેણ રે. મને ઉપકારી૦ ૫

પ્રભુ વીતરાગ રાગને ટાલતા રે;
રાગ હોતા ન કેવલજ્ઞાન રે. મને ઉપકારી૦ ૬

એમ ભાવી ગૌતમ થયા કેવલી રે;
દેવ ઓચ્છવ કરે ગુણ ગાન રે. મને ઉપકારી૦ ૭

નમે ગૌતમ વીર પદ પદ્મને રે;
પામી હોશે દીવાળીનું પરવ રે. મને ઉપકારી૦ ૮

# શ્રી મક્ષિમંડન શ્રી પાર્શ્વનાથનું સ્તવન

(રાગ–માતા ત્રિશલા ઝુલાવે પુત્ર પારણે)

વામાનંદન વંદન ચાલો ભવિયણ ભાવશું રે,
તુમે ચાલો ચાલો મગશી પાર્શ્વનાથ;
એહની યાત્રા કરતાં સંકટ સઘલા જાય છે રે,
એ તો સાચો સાચો શિવનગરીનો નાથ. વામા૦ ૧
જિનજી દીક્ષા લઇને વડતલ કાઉસગ્ગમેં રહ્યો રે.
આવ્યો કમઠાસુર લઇ મોટી મેઘની માલ;
ગાજ્યો ગગને સઘને ગડગડ કરતો ઘુમતી રે,
દામિની વિજલી દમકે ચમકે ઝબ ઝબ કરતી જાલ. વામા૦ ૨
વરસવા લાગ્યો વરસા મુશલ જેવી ધારશું રે,
ક્ષણ મેં જલથલ તે તિહાં ભૂપર એક જ થાય;
પ્રભુની નાશિકા પાસે જલનો છોલો આવીયો રે.
અવધિયે જોઇ અહિપતિ આવ્યો પાય. વામા૦ ૩
પ્રભુને વંદી ખંધે લઇને ઉપાડીયા રે,
શીર પર સહસ્રફણો કરી રોકી જલની છાંટ;
જય જય શબ્દ કરીને અદ્ભુત નાટક માંડીયો રે,
નાવા લાગ્યો મંગલ સ્વરવના તે થાટ. વામા૦ ૪
ઇંદ્રાણયો મલી ઠમ ઠમ ઠમ ઠમ કરતી નાચતી રે,
ધીંતાક ધીંતાક ધીંતાક મૃદંગના ભોંકાર;
વીણા વાગે રણઝણ રણઝણ રણઝણ વાદશું રે,
પુની તાલ કંસાર ને ભુંગલના ભોંકાર. વામા૦ ૫
રુમઝુમ રુમઝુમ રુમઝુમ ઠમકો દઇને નાચતી રે.
છૂમ છૂમ છૂમ છૂમ છૂમ છૂમ ઘુઘરીનો ઘમકાર;

વારણા લેતી ગાવતી અશ્વસેનના પુત્રને રે,
માતી તાતી મુખથી કરતી સૌ સૌકાર. વામા૦ ૬
ફરતી ફરતી કુદડી કર જાલીને બેઉ જણે રે,
જાલા દેતી લેતી નામને વારંવાર;
જુગ જુગ જુગ જુગ જીવો જયવંતા જિનરાજજી,
રૂડો રૂડો વિશ્વમેં તુમ કેરો ઉપકાર. વામા૦ ૭
ગડગડ ગડગડ ગડગડ ગાજતો ચમકતો જોરશું રે,
વરસે જલધર જાણે જેહવો પ્રલય કાલ;
કારણ વિણ કીમ કટકે ઝટકે એહવો મેહુલો રે,
જોઇ અવધિયે છે કમઠાસુર કંગાલ. વામા૦ ૮
હાકી હલકારી કહે અહિપતિ રે તું પાપીયા રે,
તુજને શિક્ષા નાઈ ઇહાં બંદર સુગરી ચાલ;
એતો જિનજી સમતારસ કેરા ભંડાર છે રે,
હું તો હણુશું તાહરી ચાલ કુચાલ. વામા૦ ૯
એહવા વચણ સુણીને ધગધગ ધગધગ ધ્રૂજીયો રે,
પરતખ પેંખે મેં સહુએ કર્યાં આલપંપાલ;
પ્રભુના ચરણ શરણ વિણ નહી માહરો છુટકો રે,
છાંડું છાંડું છાંડું મિથ્યા પરમ જંજાલ. વામા૦ ૧૦
સર સર સર સર સર સંકેલે સહુ મેઘને રે,
જોડી અંજલિ પ્રાંજલિ જિનવરના નમે પાય;
ખામે કર જોડીને ખમજો હે કરુણાનિધિ રે,
સમકિત પામી ખામી સાચો ભક્ત સોહાય. વામા૦ ૧૧
નમીને ખમીને નિજ નિજ નિજ નિજ સ્થાનકે ગયા રે;
ત્યાંથી થાયો છે પ્રભુને અહિછત્ર સેલાણ;

મક્ષીપારસને પણ એહી જ શીરપર સોહતો રે,
પુની જંઘામે પણ એહી જ લંછન જાણ. વામા૦ ૧૨

એહની સેવા સુરવર સઘલા ભાવશું સારતા રે,
વલી વલી વારતા વિઘ્નો વ્યસનોના વિસ્તાર;
સેવો સેવો સ્નેહી મગશી પાર્શ્વનાથને રે,
કરશે કરશે એ સહી ભવભાવટ નિસ્તાર. વામા૦ ૧૩

હું તો પ્રણમું પદપંકજ પ્રભુ પાસનો રે,
હેતે ગાયા ગાયા ગુણગણ આનંદપુર;
આપો આપો મુજને મુક્તિવિમલ સુખ શાશ્વતું રે,
જેથી થાશે થાશે ભવિયણના દુઃખ દૂર. વામા૦ ૧૪

## શંખેશ્વર પાર્શ્વનાથજીનું સ્તવન

શંખેશ્વરના વાસી જિનજી પ્યારા પાર્શ્વનાથને વંદન હમારા.
પ્રભુનું મુખડું મલકે નયનોમાંથી વરસે અમૃતધારા....પાર્શ્વ૦

પ્રભુની મૂરતી મનક મીલાકર દીલમેં,
ભક્તિ કી જયોત જગા કર ભજલો જિનજી ભાવે;
દુર્ગતિ કદી ન આવે જિનજી પ્યારા, પાર્શ્વનાથને વંદન હમારા. ૧

દામોદર જિન મુખથી સુણી, નિજ આતમ ઉદ્ધારને જાણી;
અષાઢી શ્રાવક ભાવે જિન પ્રતિમા ભરાવે. જિનજી પ્યારા.
પાર્શ્વ૦ ૨

ત્રણ કાલ ધુપ ઉવેખે, ઉપકારી શ્રી જિન સેવે;
વૈમાનિક સુર તે થાવે, પ્રતિમા ત્યાં લઇ જાવે.
જિનજી પ્યારા....પાર્શ્વ૦ ૩

ઘણા કાલ પૂજી બહુ માને, વલી સૂર્ય ચંદ્ર વિમાને;
નાગ લોકે જાવે, તેના કષ્ટ નિવારે.
જિનજી પ્યારા....પાર્શ્વ૦ ૪

યદુ સૈન્ય રહ્યું રણ ઘેરી, જીત્યા નવિ જાવે વૈરી;
જરાસંધ જરા મેલે, હરિ બલમાં ફેલે.
જિનજી પ્યારા....પાર્શ્વ૦ ૫

નેમીશ્વર ચોકી વિશાલી, અટ્ઠમ કરે વનમાળી;
તુઠી પદ્માવતી બાલી, આપે પ્રતિમા પ્યારી.
જિનજી પ્યારા....પાર્શ્વ૦ ૬

પ્રભુ પાર્શ્વની પ્રતિમા પૂજી, બલવંત જરા તવ ધ્રુજી;
ન્હવણ છંટકાવ જોતી, જરા જાય રોતી.
જિનજી પ્યારા....પાર્શ્વ૦ ૭

શંખ પુરીને સહુને જગાવે, શંખેશ્વર નામ ધરાવે;
મંદિરમાંહે પધરાવે, શંખેશ્વર નામ ધરાવે.
જિનજી પ્યારા....પાર્શ્વ૦ ૮

પ્રભુજીનો મહિમા છે અપરંપાર, કહેતાં નવિ આવે પાર;
મારા પ્રાણાધારા, વંદું વારંવારા જિનજી પ્યારા.....પાર્શ્વ૦ ૯

બેહજાર તેરની સાલે, અમરાવતીમાં ચોમાસું થાવે;
અખંડ જાપ થાવે, સાત દિવસ ભાવે.
જિનજી પ્યારા....પાર્શ્વ૦ ૧૦

હિમાચલસૂરીશ્વરજી પસાએ, સહુ સંઘમાં હર્ષ ન માએ;
રૂપ-ગુણ જીતેન્દ્ર પરિવારે, તોરા ગુણ ગાવે ભાવે.
જિનજી પ્યારા....પાર્શ્વ૦ ૧૧

# ચોવીશ પ્રભુના લંછનનું સ્તવન

( દેશી-એકવીસાની )

આદિસર રે રીષભ લંછન જગ જાણીએ,
ગજલંછન રે બીજા અજિત વખાણીએ;
ત્રીજા જિન રે સંભવ હય લંછન સુણ્યા,
કપિ લંછન રે ચોથા અભિનંદન ભણ્યા. ૧

ત્રુટક૦-ભણ્યા તે લંછન ક્રૌંચપક્ષી, પાંચમા સુમતિજિનવરૂ;
કમલ લંછન દેવ છઠ્ઠા, પદ્મપ્રભુજિન સુખકરૂ;
સાતમા સ્વામી સુપાર્શ્વ લંછન સાથીઓ સોહે સદા;
આઠમા ચંદ્ર લંછન ચંદ્રપ્રભુ વંદું મુદા.

ઢાલઃ-નવમા જિન રે સુવિધિ મઘર ભણું,
દશમા જિન રે શીતલ શ્રીવચ્છ થુણું;
ખડ્ગી ધર રે શ્રી શ્રેયાંસ અગીયારમા,
તિમ લંછન રે મહિષ વાસુપૂજ્ય બારમા.

ત્રુટક-બારમા પુઠે વિમલ જિનવર અંક સુકર જેહને,
ચૌદમા જિનવર અનંત લંછન શેનપક્ષી તેહને;
પંદરમા જિનવર વજ્ર લંછન ધર્મનાથ વખાણીએ,
સોળમા શાન્તિજિણંદ સુખકર હરણ લંછન જાણીએ.

ઢાળ- અજ લંછન રે કુંથુ સત્તરમા જિન કહ્યા,
અઢારમા રે અરજિન નંદાવર્ત લહ્યા;
કુંભ લંછન રે મલ્લીનાથ ઓગણીસમા,
મુનિસુવ્રત રે કુર્મ લંછન જિન વીસમા.

ત્રુટક-એકવીસમા નમીનાથ લંછન, નીલકમલ અતિ સુંદરૂ;
બાવીસમા શ્રી નેમિજાદવ, શંખ લંછન સુખકરૂ;
સર્પ લંછન પાર્શ્વ જિનવર, વીર લંછન કેશરી;
મુની દયાસાગર કહે પ્રભુ, આશા પુરો માહરી. ૬

## ચોવીશ તીર્થંકરના કલ્યાણકની નગરીનું સ્તવન

( દેશી-સનેહીસંત એ ગિરિ સેવો )

ધનધન શીખર ગિરિરાજ આણંદ આજ અતિ ભલું રે, મુજ સીધ્યા સઘલા કાજ આ૦ ભાવે ભેટ્યા શ્રી ભગવાન આ૦ દિન દિન ચઢતે પરિણામ આ૦ ૧.

શ્રી ધર્મનાથ જિનભાણ આ૦ રતનપુરી હુઆ ચાર કલ્યાણ આ૦ પ્રથમ રીષભજિન અવતાર આ૦ હુઆ કલ્યાણક ત્રણ મનોહાર આ૦ ૨.

અજિત સુમતિ અનંતપ્રભુ જાણી આ૦ ક્રમે અભિનંદન ચાર કલ્યાણ આ૦ થયા અયોધ્યાનગરી મોઝાર આ૦ શ્રી નાભિરાયા કુલ શણગાર આ૦ ૩.

નયરી કાશી બનારસી ધાર આ૦ પાર્શ્વસુપાર્શ્વ કલ્યાણક, આઠ આ૦ ત્યાં સિંહપુરી શ્રેયાંસકુમાર આ૦ હુવા કલ્યાણક નિરુપમ ચાર આ૦. ૪.

વલી ચંદ્રાવતી ચંદ્રપ્રભુ જાણ આ૦ ભાગીરથ થીર કલ્યાણક ચાર આ૦ પંચનયરી ચંપાપુરી વારૂ આ૦ થયા બારમા પ્રભુના દેદાર આ૦ ૫.

પ્રથમ પાટણપુર અભિરામ આ૦ સુદર્શન સ્થુલીભદ્ર

સ્વામ આ૦ વળી વિશાળા નયરી મોઝાર આ૦ ત્યાં છે જિન-મંદિર ચાર આ૦ ૬.

વસે બાબુ ગોવિન્દચંદ્ર ધીર આ૦ કરે સંઘની ભક્તિ મન સ્થિર આ૦ સાત હાથ દેહ સુપ્રમાણ આ૦ વીર પ્રભુ પાવાપુરી નિરવાણ આ૦ ૭.

નયરી કુંડલપુરી અભિધાન આ૦ પ્રભુ ગૌતમ જન્મકલ્યાણ આ૦ નયરી રાજગૃહી સુવિશાલ આ૦ પૂર્વે હુઆ શ્રેણીકભૂપાલ આ૦ ૮.

હુઆ કલ્યાણક ચાર મનોહાર આ૦ વિપુલાચલ વિસમા જિન ધાર આ૦ વીસ સમેતશિખર ગિરિરાજ આ૦ દેખી દરિશણ સીધા મુજ કાજ આ ૯.

ધન્નો શાલીભદ્ર અણગાર આ૦ વૈભારગિરિ અણસણ સાર આ૦ ચાતુરમાસ ચૌદ વીર જાણ આ૦ રચીઉં સમવસરણ સુધનાણ આ૦ ૧૦.

ગુણશીલ વન અતિ વડવીર આ૦ ચૌદ સહસ મુનિ સમધીર આ૦ થયા શિવસુંદરી ભરથાર આ૦ વીર શિષ્ય પ્રથમ ગણધાર આ૦ ૧૧.

ધન ધન ક્ષત્રી કુલ અવતાર આ૦ રાજા સિદ્ધારથ કુલ શણગાર આ૦ માતા ત્રિશલા દેવી ઉર ભાણ આ૦ વીર જિનવર ત્રણ કલ્યાણ. આ૦ ૧૨.

થયા કાકંદી નયરી મોઝાર આ૦ સુવિધિ જિનવર ચાર કલ્યાણ આ૦ જાવજીવ કીયો પચ્ચખાણ આ૦ છઠ્ઠતપ આંબેલ ગુણખાણ આ૦ ૧૩.

થયો ધન્નો કાકંદી અણગાર આ૦ પોતા સર્વારથ સિદ્ધ મોઝાર આ૦ નદી વાલુકા વીરજિન નાણ આ૦ સહુ સંઘને હોજો કલ્યાણ આ૦ ૧૪.

થયા પુરિમતાલ તીર્થ મોઝાર આ૦ આદિનાથ કેવલનાણ આ૦ રૂષભ જિનવર મુક્તિ કલ્યાણ આ૦ અષ્ટાપદ ઉપર નિરવાણ આ૦ ૧૫.

નયરી કંપીલાપુરી મોઝાર આ૦ વિમલનાથજિન ચાર કલ્યાણ આ૦ ધન્ય ધન્ય સૌરીપુરી અવતાર આ૦ નેમનાથજિન હોય કલ્યાણ આ૦ ૧૬.

ધન ધન ગિરનાર ગિરિરાજ આ૦ નેમનાથજિન ત્રણ કલ્યાણ આ૦ પ્રભુ બાલબ્રહ્મચારી ભગવાન આ૦ પ્રભુ પશુડા છોડાવી રાખ્યો નામ આ૦ ૧૭.

થયા ભદ્દિલપુરી મોઝાર આ૦ શીતલનાથજિન ચાર કલ્યાણ આ૦ નયરી કૌશંબીપુરી અવતાર આ૦ પદ્મપ્રભુજિન ચાર કલ્યાણ આ૦ ૧૮.

ત્યાં સાવત્થી નયરી સંભવનાથ આ૦ થયા કલ્યાણક ચાર મનોહાર આ૦ ધન્ય નયરી મીથીલાપુરી મોજાર આ૦ મલ્લિ નમીજિન આઠ કલ્યાણ આ૦ ૧૯.

શાંતિ કુંથુ અર ચક્રી જાણ આ૦ થયા હત્થિણાપુરીમાં કલ્યાણક બાર આ૦ એમ એકસો વીસ કલ્યાણક જાણો તેહ આ૦ થયા ચોવીશ તીર્થંકર તણા એહ આ૦ ૨૦

વીસ જિન મુક્તિપુરી જાણું આ૦ કરે શિવસુંદરીનું આણું

આ૦ મેં કર્મ કર્યાં કેઇ કોટિ આ૦ અમોને પણ આશા મોટી આ૦ ૨૧.

ધન ધન દિવસ ઘડી ખાસ આ૦ પ્રભુ પુરો મારા મનડાની આશ આ૦ પામો વૃદ્ધિ કપુર સુપસાય આ૦ થયો પુણ્યનો ઉદય મહિમાય આ૦ ૨૨.

## શ્રી સમ્મેતશિખરગિરિ પર મોક્ષે ગયા તેની વિગત દર્શાવતું સ્તવન

સમ્મેતશિખર જિન વંદીએ, મ્હોટું તીરથ એહ રે;
પાર પમાડે ભવ તણો, તીરથ કહીએ તેહ રે. સમ્મેત૦ ૧
અજિતથી સુમતિજિણંદ લગે, સહસ મુનિ પરિવાર રે;
પદ્મપ્રભુ શિવસુખ વર્યા, ત્રણસે અડ અણગાર રે. સ૦ ૨
પાંચસે મુનિ પરિવાર શું, શ્રી સુપાર્શ્વ જિણંદ રે;
ચંદ્રપ્રભ શ્રેયાંસ લગે, સાથે સહસ મુણીંદ રે. સ૦ ૩
છ હજાર મુનિરાજશું, વિમલ જિનેશ્વર સિદ્ધા રે;
સાત સહસશું ચૌદમા, નિજ કારજ વર કીધા રે. સ૦ ૪
એકસો આઠ સુધર્મજી, નવસે શું શાંતિનાથ રે;
કુંથુ અર એક સહસ શું, સાચો શિવપુર સાથ રે. સ૦ ૫
મલ્લિનાથ શત પાંચશું, મુનિ નમી એક હજાર રે;
તેત્રીશ મુનિયુત પાસજી, વરિયા શિવસુખ સાર રે. સ૦ ૬
સત્તાવીશ સહસ ત્રણશેં, ઉપર ઓગણપચાસ રે;
જિન પરિકર બીજા કેઈ, પામ્યા શિવપુર વાસ રે. સ૦ ૭
એ વીશે જિન એણે ગિરિ, સિદ્ધા અણસણ લેઈ રે;
પદ્મવિજય કહે પ્રણમીજે, પાસ શામલાનું ચેઈય રે. સ૦ ૮

## ચૈત્યવંદન વિધિદર્શક સ્તવન

દેવવંદન વિધિશું કરે, હલુ કરમી પ્રાણી;
દશત્રિક અહિગમ પંચ, દુદિશ તિહુગ્ગહ જાણી. ૧

ત્રણ પ્રકારે વંદન કરે, પ્રણિપાત નમસ્કાર;
સોલસય સુડતાલીશ અક્ષર, નવ સૂત્રના સાર. ૨

એકસો એકાશી પદ ભલા, સંપદા સત્તાણું સાર;
પણ દંડક અધિકાર બાર, ચઉ વંદણિજજ મન ધાર. ૩

સરણિજજ એક ચઉવિહ જિણા, ચાર થુઇ નિમિત્ત આઠ;
બાર હેઉ આગાર સોલ, દોષ ઓગણીસ ત્યજો પાઠ. ૪

કાઉસ્સગ્ગમાં સ્તુતિ કરો, ચૈત્યવંદન સાત વાર;
દસ આસાયણ પરિહરો, ચઉવીસ મૂલ દ્વાર. ૫

બે હજાર ચિહુંતર સહી એ, ઉત્તર દ્વાર સુખકાર;
વિધિપૂર્વક દેવ વાંદતાં, લહીએ ભવનો પાર. ૬

એ અધિકાર વિસ્તારથી, ચૈત્યવંદન ભાષ્યમાંહી;
એહ અરથ મન ધારીને, વંદો દેવ ઉચ્છાહી. ૭

સમકિત શુદ્ધ સંસાર નાશ, બોધિબીજ લહે સાર;
આસન્નસિદ્ધિ જીવડા, વિધિ સમજો નિરધાર. ૮

શ્રાવકકુલ પામી કરી એ, પરમાતમ પ્રભુ સેવ;
ઋદ્ધિ કીર્ત્તિ સવી શાશ્વતી, લહે અમૃત નિત્યમેવ. ૯

# સજ્ઝાય સંગ્રહ

## ત્રિશલા માતાની સજ્ઝાય

સીખ સુણો સખી માહરી, બોલોને વચન રસાળ,
તુમ કુખડીએ રે ઉપન્યા, સૌભાગી સુકુમાળ.
ત્રિશલા ગર્ભને સાચવે. ૧

તીખું કડવું કસાયલું, ખાટા ખારાની જાત;
મધુરા રસ નવિ સેવીએ, વપુ મલય પરિહાર. ત્રિ૦ ૨

અતિ ઉનું અતિ શિતલડું, નયણે કાજળ રેખ;
અતિભોજન નવી કીજીએ, તેલ ન ચોપડીએ રેખ. ત્રિ૦ ૩

સ્નાન વિલેપન તાહરું, મન જાણી દુઃખમાંય;
હળવે મધુરે બોલીયે, આસી સુખની વાડ. ત્રિ૦ ૪

ગાડા વહેલ વિડોળતા, ધબ ધબ બંધન ચાલ મ ચાલ;
અતિ શિયળ જગ સેવના, વિણુસે પુત્રના કાજ. ત્રિ૦ ૫

જેમ જેમ દોહલા ઉપજે, તેમ તેમ દેજો બહુમાન;
ભોગ સંયોગને વારજો, હોંશે પુત્ર નિદાન. ત્રિ૦ ૬

એણી પરે ગર્ભને પાળતા, પુત્ર થયો શુભ ધ્યાન;
સંઘમાં જે જે સહુ કરે રે, હીરવિજય ગુણ ગાય. ત્રિ૦ ૭

## શ્રી પર્યુષણ પર્વની સજ્ઝાય

( રાગ ઝાંઝરીયા મુનિવર ધન ધન તુમ અંવતાર )

પિતા મિત્ર તાપસ મલ્યોજી, બાંય પસારી આય;
કહે ચોમાસું પધારજોજી, માને પ્રભુ એમ થાય.
**ચઉનાણી વીરજી, ભૂતલ કરે રે વિહાર.** ૧

દિન પૂરણ વાસે કરેજી, ભમરા પણ વિલગંત;
કામીજન અનુકુળથીજી, આલિંગન દીયંત.
ચઉનાણી વીરજી૦ ૨
મિત્ર દ્વિજ આવી મલ્યોજી, ચીવર દીધો અર્ધ;
આવ્યા તાસ વિઉડલેજી, ચોમાસે નિરાબાધ.
ચઉનાણી વીરજી૦ ૩
અપ્રીતિ લહી અભિગ્રહ ધરીજી, એક પખ કરી વિચરંત;
શૂલપાણી સુર બોધીઓજી, ઉપસર્ગ સહી અત્યંત.
ચઉનાણી વીરજી૦ ૪
મુહૂર્ત્ત માત્ર નિદ્રા લહેજી, સુહણાં દશ દેખંત;
ઉત્પલ નામ નિમીત્તીયોજી, અર્થ કહે એમ તંત રે.
ચઉનાણી વીરજી૦ ૫
તાલ પિશાચ હણ્યો જે પહેલોજી, તે હણશો તુમે મોહ;
શીત પંખી દિલ ધ્યાયસોજી, શુકલધ્યાન અક્ષોભ.
ચઉનાણી વીરજી૦ ૬
વિચિત્ર પંખી પેખીઓજી, તે કહેશો દુવાલસ અંગ;
ગો વર્ગ સેવિત ફલ થાપશોજી, અનોપમ ચઉવિહ સંઘ.
ચઉનાણી વીરજી૦ ૭
ચઉવિહ સુર સેવિત હશોજી, પદ્મસરોવર દીઠ;
મેરૂ આરોહણથી હોયશેજી, સુર સિંહાસન ઇઠ્ઠ.
ચઉનાણી વીરજી૦ ૮
જે સુરજ મંડલ દેખીયુંજી, તે હોસે કેવલનાણ;
માનુષોતર અંતર વીંટીયોજી, તે જગ કીર્તિ મંડાણ.
ચઉનાણી વીરજી૦ ૯

જલધિ તરણ ફળ એ હોશેજી, તે તરશો સંસાર;
યુગ જુગલ ફળ નવી લહુંજી, તે કહો કરી ઉપગાર.
ચઉનાણી વીરજી૦ ૧૦

કહે પ્રભુ તે ફલ તેહનોજી, ધર્મ દુવિધ કહું સંત;
પ્રથમ ચોમાસું તીહાં કરીજી, વિચરે સમતાવંત.
ચઉનાણી વીરજી૦ ૧૧

ઉતરતા ગંગાનદીજી, સુરકૃત સહે ઉપસર્ગ;
સંબલ કંબલે વારીઓજી, પૂર્વ ભવે ગો વર્ગ.
ચઉનાણી વીરજી૦ ૧૨

ચંડકોસીયો સુર કીયોજી, પૂર્વ ભિક્ષુ ચરિત્ર;
સીંચી નયન સુધ્યાન ધરેજી, હવે મલ્યો બ્રાહ્મણપુત્ર.
ચઉનાણી વીરજી૦ ૧૩

નદી તીરે પ્રતિબોધીયાજી, જિન પદી લક્ષણ દીઠ;
સામુદ્રિક જોઇ કહેજી, ઇંદ્ર થયો મન ઈઠ્ઠ.
ચઉનાણી વીરજી૦ ૧૪

સંગમ સુર અધમે કર્યોજી, બહુ ઉપસર્ગ સહંત;
દેશ અનારજ સંચર્યોજી, જાણી કરમ મહંત.
ચઉનાણી વીરજી૦ ૧૫

વ્યંતરીકૃત સહે સીતથીજી, લોકાવધિ લહે નાણ;
પૂર્વકૃત કર્મ નડયા જી, જેહનાં નહી પરમાણ.
ચઉનાણી વીરજી૦ ૧૬

ચમરો સરણે રાખીઓજી, સુસુમારપુરી ધરી ધ્યાન;
અનુક્રમે ચંદનબાલિકાજી, પ્રતિલાભે ભગવાન.
ચઉનાણી વીરજી૦ ૧૭

કાને ખીલા ઘાલીયાજી, ગોપ કરે ઘોર કર્મ;
વૈદ્યે તે વલી ઉગારીયાજી, સહી વેદના અતિ મર્મ.
ચઉનાણી વીરજી૦ ૧૮

વરસ સાડા બાર લગેજી, કર્મ કર્યા સવી જેર;
ચઉવિહાર તપ જાણવોજી, નીત કાઉસ્સગ્ગ જિમ મેર.
ચઉનાણી વીરજી૦ ૧૯

હવે તપ સંકલના કહુંજી, જે કીધા જિનરાય;
બેઠા તે કહીએ નહીંજી, ગાયદુહીકાસણ કાય.
ચઉનાણી વીરજી૦ ૨૦

## સંગત વિષે સજ્ઝાય

લોઢું લાલ બને અગ્નિ સંગથી, પણ રાતું રહે ક્ષણવાર,
નીકળે જો બાર સંગત એને શું કરે, જેનું અંતર જાણો કઠોર;
સંગત એને શું કરે. ૧

બારે મેઘ વરસે બહુ જોરથી, પણ મગશેલીયો ન ભીંજાય,
અવર ગળી જાય સંગત એને શું કરે. ૨

દુધ ઘૃત સાકરથી સીંચો સદા,
લીંબડાની કડવાસ ન જાય, મધુર નવિ થાય. સંગત૦ ૩

ચંદન વૃક્ષના મૂળે વસી રહ્યા,
ફણીધરે ન મૂકયો સ્વભાવ, જાણ્યો ન પ્રભાવ. સંગત૦ ૪

પાણી માંહે પડયો રહે સર્વદા,
કાળમીંઢ તણું એવું જોર, ભીંજાયે ન કોર. સંગત૦ ૫

આંધણ ઉકળતા માંહે ઓરીયે,
કણ કોરડું તે ન રંધાય, બીજા ચડી જાય. સંગત૦ ૬

સો મણ સાબુએ સાફ કર્યો છતાં,
કોયલાની કાલાશ ન જાય, ઉજ્જવલ નવી થાય. સંગત૦ ૭
ખરને નિર્મળ જલે નવરાવીએ,
પણ રાખ દેખી તતકાલ, ધરે બહુ વ્હાલ. સંગત૦ ૮
કાળા રંગનું કપડું લઇ કરી, રાતા રંગમાં બોળે ઝબોળે,
મટે નહી ડોળ. સંગત૦ ૯
ઝરમર ઝરમર મેહુલો વરસી રહ્યો,
વનસ્પતિઓ લીલી જણાય, જવાસો સુકાય. સંગત૦ ૧૦
કાગે હંસ તણી સોબત કરી, ચૂકયો નહિ પોતાનું ચરિત્ર,
જો જો એની રાત. સંગત૦ ૧૧
કસ્તુરીના કયારા માંહી રોપતા, નહિ જાય લસણ કેરી વાસ,
દુષ્ટ જેની ભાસ. સંગત૦ ૧૨
કસ્તુરી ને કપુરના ગંજમાં,
કદી ડુંગળી દાટે કોય, સુગંધી ન હોય. સંગત૦ ૧૩
સતી સદ્‌ગુણી વંતના સંગમાં,
કુભારજાએ કર્યો રંગ, ખોટો જેનો ઢંગ. સંગત૦ ૧૪
દુર્જને સજ્જનની સોબત કરી,
પણ કપટ પણું નવી જાય, સીધો નવી થાય. સંગત૦ ૧૫
ગાઢ અજ્ઞાની જ્ઞાન પામે નહી,
મળે સંત સમાગમ આમ, કહે મુનિ **શ્યામ**. સંગત૦ ૧૬

## આધુનિક જમાનાને લગતી સજ્ઝાય

(રાગ પ્રભુ પારસનાથ સિધાવ્યાં)

એક માસ કેડે માસ જાય, ત્યારે માતાને હર્ષ ન માય;
પુત્ર ઉદરે રહ્યા નવ માસ, ત્યારે માતાને પહોંચી છે આશ. ૧

પુત્ર ઉંધેરે મસ્તકે પોઢ્યા, ત્યારે માતાનાં હૃદય શોષ્યા;
પુત્ર જન્મ વેળા માને મરણ, ત્યારે માતા શીકોતર ચરણ. ૨
પુત્રનું મુખ જોઇ માતા રે મોહ્યા, મળ મૂત્ર હરખે ધોયા;
એમ શીતળ ગર્ભની વાતો, ત્યારે ભીનામાં પોઢતા માતા. ૩
એમ શરદ વિરોદને જાણી, ત્યારે માતા પીવે મગપાણી;
એમ શરદ વિરોદને દમતા, માતા છતે લુખું જમતા. ૪
પુત્ર હતા જયારે નાના, ત્યારે માતાને ચઢતા પાના;
પુત્ર ભરયૌવનમાં આવતા, માતા પિતાના અવગુણ ગાતા. ૫
એમ ગોત્રે જ ઘેલી થાય, પૂર્વે જીયાને હર્ષ ન માય;
સ્વામી પુત્ર પરણાવો તો રૂડું, વહુ વિના સંસારમાં સુનું. ૬
ત્યારે વાલમ હસી હસી બોલે, તારી અક્કલ બાલક તોલે;
પીયુજી પુત્રને પરણાવો, કુંવર વહુ લઇને ઘેર આવે. ૭
બાઇને પગ ચંપાવાના હેવા, વહુ આવે તો ઘણી સેવા;
બાઈને બોલ્યા ન સોહાય, આવો અન્યાય કેમ વેઠાય. ૮
હવે અમે તો જુદા રહીશું, નહી તો અમારે પીયર જઇશું;
જયારે દીકરાને આવી મુછો, ત્યારે મા બાપને શીદ પૂછો. ૯
જયારે દીકરાને આવી લાડી, ત્યારે મા બાપને મૂકયા કાઢી;
માતા ખંભે નાખો ગળણું, તમે ઘેર ઘેર માંગોને દળણું. ૧૦
માતા ઘર વચ્ચે મૂકયો દીવો, તમે કાંતી પીશીને ઘણું જીવો;
માતા ખંભે નાખો રાસ, તમે ઘેર ઘેર માંગોને છાશ. ૧૧
પુત્ર આવું નહોતું જાણ્યું, નહીંતર ગાંઠે રાખતા નાણું;
અમે સારૂં જાણીને વાવ્યા મગ, ગળુ ચંપીને લીધા ન ભાગ. ૧૨
એમ ભાગ વહેંચીને જુદા રહ્યા, પછી મા બાપને સામે થયા;
એમ સંસારમાં નહીં સાર, તમે સાંભળજો નરનાર;
સુમતિવિજય કહે સુણજો, જેવું વાંચ્યું તેવું જ લણજો. ૧૩

## નવકારવાલીની સજ્ઝાય

બાર જપું અરિહંતનાં ભગવંતનાં રે ગુણ હું નિસદીસ,
સિદ્ધ આઠ ગુણ જાણીએ, વખાણીએ રે સૂરિ છત્રીસ.
નવકારવાલી વંદીએ ૧

ચિર નંદીએરે ઉઠી ગણીએ સેવ, સુતતણાં ગુણ ગુંથીઆં,
મણીઆ મોહન રે માંહે મોટો મેર. નવકાર૦ ૨
પચવીશ ઉવજ્ઝાયના, સત્તાવીશ રે ગુણ શ્રી અણગાર;
એકસો આઠ ગુણે કરી, ઇમ જંપીએ રે ભવીયણ નવકાર. નવ૦ ૩

મોક્ષનો જાપ અંગુઠડે, વૈરી રૂઠે રે તર્જની અંગુલી જોય;
બહુ સુખદાયક મધ્યમા, અનામિકારે વસ્યારથ હોય.
નવકારવાલી વંદીયે. ૪

આકર્ષણ રચી અંગુલી, વલી સુણજો રે ગણવાની રીત;
મેરૂ ઉલંઘન મમ કરો, મમ કરજો રે નખ અગ્રશું પ્રીત.
નવકારવાલી વંદીએ. ૫

નિશ્ચલ ચિત્તે જે ગણે, જે ગણે સંખાદિકથી એકાંત;
તેહને ફલ હોય અતિ ઘણું, ઇમ બોલે રે જિનવર સિદ્ધાંત.
નવકારવાલી વંદીએ. ૬

શંખ પ્રવાલ સ્ફટીકમણિ, પિતાજી વરતાંજલી મોતીની સાર;
રૂપા સોવન રયણતણી, ચંદન વર અગર ને ઘનસાર.
નવકારવાલી વંદીએ. ૭

ઉત્તમ ફળ રૂદ્રાક્ષની, જપમાલીકા રે રેશમની અપાર;
પંચ વરણ સમ સૂત્રની, વળી વસ્તુ વિશેષ તણી રે ઉદાર.
નવકારવાલી વંદીએ. ૮

ગૌતમ પૂછતાં કહ્યો, મહાવીરે રે એ સયલ અધિકાર;
લબ્ધિ કહે ભવિયણ સુણો, ગણજો ભણજો રે નિતનિત નવકાર.
નવકારવાલી વંદીએ. ૯

## શ્રી સ્થાપના કુલ સજ્ઝાય.

પૂરવ નવમાંથી ઉદ્ધરી, જિમ ભાખે શ્રી ભદ્રબાહુ રે;
સ્થાપના કલ્પ અમે કહું, તિમ સાંભળજો સહુસાહુ.
પરમગુરુવચણે મન દીજે, તો સુરતરુ ફળ લીજે. એ ટેક.

લાલ વરણ જે સ્થાપના માંહે, રેખા શ્યામ તે જોય રે;
આયુ જ્ઞાન બહુ સુખ દીએ, તે તો નીલકંઠ સમ હોય રે. ૨

પીત વરણ જે સ્થાપના, માંહે દીસે બિંદુ શ્વેત રે;
તે પખાલી પાઇએ, સવિ રોગ વિલયના હેત રે. ૩

શ્વેત વર્ણ જે સ્થાપના, માંહે પીત બિંદુ તસ હોય રે;
નયન રોગ છાંટે ટળે, પીતાં ટળે શૂલ શરીર રે. ૪

નીલ વરણ જે સ્થાપના, માંહે પીત બિંદુ તે સાર રે;
તેહ પખાલી પાઇએ, હોય અહિ વિષનો ઉતાર રે. ૫

ટળે વિશૂચિકા રોગ જે, ઘૃત લાભ દીએ ઘૃતવન્ન રે;
રક્તવર્ણ પાસે રહ્યો, મોહે માનવી કેરાં મન્ન રે. ૬

શુદ્ધ શ્વેત જે સ્થાપના, માંહે દીસે રાતી રેખ રે;
ડંખથકી વિષ ઉતરે, વળી સીઝે કાર્ય અશેષ રે. ૭

અર્ધ રક્ત જે સ્થાપના, વળી અર્ધ પીત પરિપુષ્ટ રે;
તેહ પખાળી છાંટીએ, હરે અક્ષિ રોગને દુષ્ટ રે. ૮

જંબૂવર્ણ જે સ્થાપના, માંહે સર્વ વર્ણનાં બિંદુ રે;
સર્વ સિદ્ધિ તેહથી હોયે, મોહે નરનારીના વૃંદ રે. ૯

જાતિ પુષ્પ સમ સ્થાપના, સુત વંશ વધારે તેહ રે;
મોરપિછ સમ સ્થાપના, વંછિત દીએ ન સંદેહ રે. ૧૦
સિદ્ધિ કરે ભય અપહરે, પારદ સમ બિંદુ તે શ્યામ રે;
મષક સમ જે સ્થાપના, તે ટાળે અહિ વિષ ઠામ રે. ૧૧
એક આવર્તે સુખ દીએ, બેહુ આવર્તે ભંગ રે;
ત્રિહું આવર્તે માન દે, ચિહું આવર્તે નહિ રંગ રે. ૧૨
પંચ આવર્તે ભય હરે, છ આવર્તે દીએ રોગ રે;
સાત આવર્તે સુખ કરે, વળી ટાળે સઘળા રોગ રે. ૧૩
વિષમાવર્તે સુખફળ ભલું, સમ આવર્તે ફળ હીન રે;
ધર્મ નાશ હોય તેહથી, એમ ભાષે તત્ત્વ પ્રવીણ રે. ૧૪
જેહ વસ્તુમાં સ્થાપીએ, દક્ષિણ આવર્તે તેહ રે;
તે અખૂટ સઘળું હોયે, કહે વાચક યશ ગુણગેહ રે. ૧૫

## નાગકેતુની સજ્ઝાય.

શ્રી જિન ચરણે નમી રે, સદ્‌ગુરુ ચરણ પસાય સલુણા;
અઠ્ઠમનો મહીમા કહે રે, સાચો શીવ સુખદાય સલુણા. ૧
ભવી ભાવધરી આરાધીએ રે, અઠ્ઠમ તપ સુખકાર સલુણા;
નાગકેતુ અઠ્ઠમ કરી રે, જગ પામ્યા જયકાર સલુણા.
**ભવી ભાવધરી આરાધીએ રે,** અઠ્ઠમ તપ સુખકાર. ૨
ચંદ્રકાન્તા નયરીએ રે, વિજયસેન નરનાહ સલુણા;
શ્રીકાંત વવહારીઓ રે, શ્રીસખીનો શીરનાહ સલુણા.
ભવી૦ ૩
દાયઉપાય બહુ કરી રે, શ્રીસખી પામી પુત્ર સલુણા;
તે દંપતી આનંદીયા રે, અબ રહેસે ઘરસૂત્ર સલુણા.
ભવી૦ ૪

પરવ પજુષણ આવિયા રે, અઠ્ઠમની કરે વાત સલુણા;
બાલુડો તે સાંભળી રે, જાતિસ્મરણ જાત સલુણા.
ભવી૦ ૫

અઠ્ઠમ તપ તવ આદરી રે, બાલ તજ્યો સ્તનપાન સલુણા;
લઘુ વચના સંજોગથી રે, દ્યુતિ હોત મલાન સલુણા.
ભવી૦ ૬

માત-પીતા દેખીને રે, મનમાં ખેદ ન માય સલુણા;
મંત્ર-જંત્ર મણી ઔષથી રે, કીધા કોડ ઉપાય સલુણા.
ભવી૦ ૭

મૂર્ચ્છિત થઇ ધરણી ઢલ્યો રે, મૃત જાણી તવ બાલ સલુણા;
લેઇ ઘાલ્યો તે ભૂમિમાં રે, પીતા પોહતો કાલ સલુણા.
ભવી૦ ૮

તપ શકતે ધરણીપતિ રે, આસન કંપ્યું તામ સલુણા;
અવધિજ્ઞાને દેખીને રે, આવી તીહાં શીર નામે સલુણા;
ભવી૦ ૯

અમૃતપાને સીંચીને રે, રાજપુરૂષ દુરદંત સલુણા;
ધન હરતા તે વારીઆ રે, સવી ભાખે વીરતંત સલુણા.
ભવી૦ ૧૦

ઓછ, વસું-ધરે મુકીઓ રે, ઇંદ્ર ગયા નીજ ધામ સલુણા;
રાય લોક હરખે કરી રે, નાગકેતુ ધર્યો નામ સલુણા.
ભવી૦ ૧૧

છઠ્ઠ અઠ્ઠમ તપસા કરે રે, ધારે શીલ મહંત સલુણા;
ચૈત્ય સંઘ નૃપલોકને રે, વ્યંતરથી રાખંત સલુણા.
ભવી૦ ૧૨

એક દિન જિનવર પૂજતા રે, અંગે ડસ્યો ભુજંગ સલુણા;
ભાવનારસ રંગમાં રે, ધ્યાન સકલ ધરે અંગ સલુણા.
ભવી૦ ૧૩
શ્રેણિ ક્ષપક કેવલ લહ્યો રે, મહીયલ કર્યો રે વિહાર સલુણા;
શૈલેશી કરણે કરી રે, કરે શિવરમણી શું પ્યાર સલુણા.
ભવી૦ ૧૪
ઓગણીસેં ઓગણત્રીસમાં રે, શ્રાવણ સુદ શુભ ત્રીજ સલુણા;
નારાયણ વિજય પદ સેવતાં રે, ગંભીર દીઓ રાજ સલુણા.
ભવી૦ ૧૫

## દેવકીના છ પુત્રની સજ્ઝાય

મનડું રે મોહ્યું મુનિવર માહરું રે, દેવકી કહે સુવિચાર રે;
ત્રીજી તે વાર આવ્યા તુમેરે માહરો સફલ કર્યો અવતાર. ૧
સાધુ કહે સુણ દેવકી રે પ્રભો છું છએ ભ્રાત રે;
ત્રીહિ સંઘાડી ફરતા હરી રે, અમો લેવા આહારની દાત રે. ૨
સરખી વય સરખી કલા રે, સરખા સંપ શરીર રે;
તનવાન સોભે સરીખા રે, જે દેખી લુલીધીર રે. ૩
પૂર્વે નેહ ધરી દેવકી રે, પૂછી સાધુની વાત રે;
કેણ ગામ વસતા તમો રે, કોણ પિતા કોણ ભ્રાત રે. ૪
ભદ્દીલપુર વસે પિતા રે, નાગ ગાહાવઈ સુલસા માત રે;
નેમી જિણંદવાણી સુણી રે, પામ્યા વૈરાગ્ય વિખ્યાત રે. ૫
બત્રીસ કોડી સોવન તજી રે, તજી બત્રીસનાર રે;
એક દિને સંયમ લીયો રે, જાણી અથિર સંસાર રે. ૬
પૂર્વ કર્મને ટાલવા રે, ધર્યો છઠમ ઉદાર;
આજ છઠ ખમણ નહી વાલી રે, આવ્યા નગર મોજાર રે. ૭

નાની મહોટી બહુંધરી રે, ફરતા પોહૂતા એક જ આવાસ રે;
એમ કહી સાધુ વલ્યારે આવ્યા નેમી જિણંદની પાસ રે. ૮
સાધુ વચન સુણી દેવકી રે, ચેત્યા હૃદય મોઝાર રે;
બાલપણે મુજને કહ્યું રે, નીમીત્તિ પોસાલ પુરીસાદ રે. ૯
આઠ પુત્ર તાહરે થશે રે, તેહવા ન જન્મે અનેરી માત રે;
એ ભરતક્ષેત્ર મધ્યે જાણીયે રે, તે તો જુઠી નિમિત્તની વાત રે. ૧૦
એ સંશય નેમીજિન ટાલશે રે, જઇ પુછું પ્રશ્ન ઉદાર રે;
રથમાં બેશી ચાલ્યા દેવકી રે, જઇ વાંદ્યા નેમિ જિન સાર રે. ૧૧
તવ નેમી જિણંદ કહે રે દેવકીને, સુણે પુત્રની વાત રે;
છ અણગાર દેખી તિહાં રે, તવ ઉપન્યો સ્નેહ વિખ્યાત રે. ૧૨
દેવકી સુત છએ તાહરા રે, તેં ધર્યા ઉદર નવ માસ રે;
હરિણગમેષી દેવતા રે, જન્મતા હર્યા તુજ પાસ રે. ૧૩
સુલસાની પાસે ઠવ્યા રે, પહોતી સુલસાની આશરે;
પુન્ય પ્રભાવે તે પામીયા રે, સંસારના ભોગ વિલાસ રે. ૧૪
નેમી જિણંદ વાણી સુણી રે, પામી હર્ષ ઉલ્લાસ રે;
છ અણગારને વાંદીયા રે, નિરખે નેહ ભરી તાસ રે. ૧૫
પાહાનો પ્રગટ્યો તિહાં કને રે, વિકસ્યા રોમ કૂપ દેહ રે;
અનિમીષ નયણે નિરખીયા રે, ધરી પુત્ર સ્નેહે રે. ૧૬
વાંદી નિજ ઘેર આવિયાં રે, હોંશ પુત્ર રમાડણ જાસ રે;
કૃષ્ણજીયે દેવ આરાધિયો રે, માતાને સુખની નીવાસ રે. ૧૭
ગજસુકુમાલ ખેલાવતી રે, પોહોતી દેવકીની આશ રે;
કર્મ ખપાવી મુગતે ગયા રે, છ અણગાર સિદ્ધ વાસ રે. ૧૮
સાધુતણા ગુણ ગાવતાં રે, સફલ હોય નિજ આસ રે;
**ધર્મસીંહ** મુનિવર કહે રે, સુણતાં લીલ વિલાસ રે. ૧૯

## અઢાર નાતરાની સજ્ઝાય.

મથુરાનગરી રે, કુબેરસેના ગણિકા વસે,
મનહરણી રે, તરુણી ગુણથી ઉલ્લસે;
તિણ જાયો રે, યુગલ ઇક સુત ને સુતા,
નામ દીધો રે, કુબેરદત્ત કુબેરદત્તા. ૧

મુદ્રાલંકૃત વસ્ત્ર વિંટી, યુગલ પેટીમાં ઠવ્યો,
એક રાત્રીમાંહી નદી પ્રવાહે, જમુના જલમાં વહ્યો;
સોરિયપુર પ્રભાત શેઠે, સંગ્રહી વ્હેંચી કરી,
એક પુત્ર ને પુત્રીય બીજો, રાખતાં હરખે ધરી. ૨

બિહું શેઠે રે, ઓચ્છવ કીયો અતિ ઘણો,
કર્મયોગે રે, મલીયો વિવાહ બિહું તણો;
સારી પાસા રે, રમતાં બિહું મુદ્રા મિલી,
નિજ બંધવ રે, જાણીને થઇ આકલી. ૩

આકુલી થઇ તવ ભગિની, વિષય વિરક્ત તે થઇ,
સાધ્વી પાસે ગ્રહી સંયમ, અવધિનાણી સા થઇ;
વ્યવસાય કાજે કુબેરદત્ત, હવે અનુક્રમે મથુરા ગયો,
વલી કર્મયોગે વિષય ભોગે, વિલસતાં અંગ જ થયો, ૪

નિજ બંધવ રે, પ્રતિબોધનને સાહુણી,
વેશ્યા ઘર રે, આવીને સા સાહુણી;
ધર્મશાલા રે, પારણાને પાસે રહી,
હુલરાવે રે, બાલકને સા ઇમ કહી. ૫

ઇમ કહી પુત્ર-ભત્રીજ-બંધવ, દેવર-કાકો-પોતરો,
ઇમ નાતરા ષટ્ તુજ સાથે, રુદન કરતી ઉચ્ચરો;
પતિ-પિતા-બંધવ-જેઠ, સુમરો-પિતરિયો ઇણી પરે કહી,
કુબેરદત્ત સુ સાધવી ષટ્, નાતરા ઈણી પરે લહી. ૬

ભોજાઇ રે, શોક-માતા-સાસુ-વહુ,
બડી માતા રે, ઇણી પરે ષટ્ સગપણ લહું;
તવ ભાષે રે, સાધ્વીને વેશ્યા ઇશ્યું,
અસમંજસ રે, શું ભાષે છે એ કિશ્યું. ૭

કિશ્યું ભાષે લાજ ન રાખે, સાધ્વી વેશ્યાને કહે,
મંજુષ માંહિ ઠવિય મેલ્યા, તેહ વિતક સબ કહે;
ઇમ સુણીય ગણિકા, લીયે સંયમ પાર પામી ભવતણો,
સાધ્વી ઇમ ઉપદેશ દીધો, કરી ઉપકાર અતિ ઘણો. ૮

સુણી પ્રભવ રે, ઇણી પરે સહુ સંસારમેં,
સંબંધે રે, એ સગપણ સંસારમેં;
એકેકે રે, સગપણ દશ અડ ઇમ કહ્યા,
ચિહું જણના રે, ગિણતા ઇમ બહુંતર થયા. ૯

થયાં બહુંતર ઈમ પડુત્તર, કહે જંબુકુમાર એ,
સંસાર વિષય વિકાર ગિરુઆ, દુઃખના ભંડાર એ;
તેહ ભણે સંજમ ગ્રહે પ્રભવો, સુખ તિણ પરે હુલ્લસે,
કવિરાજ ધીરવિમલ સેવક, નયવિમલ ઉપદિશે. ૧૦

## શ્રી નવપદની સજ્ઝાય.

શ્રી મુનિચંદ્ર મુનીશ્વર વંદીએ, ગુણવંતા ગણધાર, સુજ્ઞાની,
દેશના સરસ સુધારસ વરસતા, જીમ પુષ્કર જલધાર. શ્રી૦ ૧

અતિશય જ્ઞાની પર ઉપકારીઆ, સંયમ શુદ્ધ આચાર, સુ૦
શ્રી શ્રીપાળ ભણી જાપ આવીઓ, કરી સિદ્ધચક્ર ઉદ્ધાર.
સુ૦ શ્રી૦ ૨

આંબીલ તપવિધિ શીખી આરાધીયો, પડિક્કમણ દોય વાર, સુ૦
અરિહંતાદિક પદ એક એકનું, ગણણું દોય હજાર.
સુ૦ શ્રી૦ ૩

પડિલેહણ દોય ટંકની આદરે, જિનપૂજા ત્રણ કાલ, સુ૦
બ્રહ્મચારી વલી ભોય સંથારવો, વચન ન આલ પંપાલ.
સુ૦ શ્રી૦ ૪

મન એકાગ્ર કરી આંબીલ કરે, આસો ચૈત્ર માસ, સુ૦
સુદિ સાતમથી નવ દિન કીજીએ, પુનમે ઓચ્છવ ખાસ.
સુ૦ શ્રી૦ ૫

એમ નવ ઓલી એકાશી આંબીલે, પૂરી પૂરણ હર્ષ, સુ૦
ઉજમણું પણ ઉદ્યમથી કરો, સાડાચારે રે વર્ષ. સુ૦ શ્રી૦ ૬

એ આરાધનથી સુખ સંપદા, જગમાં કીર્તિ થાય, સુ૦
રોગ ઉપદ્રવ નાસે એહથી, આપદા દૂર પલાય. સુ૦ શ્રી૦ ૭

સંપદા વાધે અતિ સોહામણી, આણા હોય અખંડ, સુ૦
મંત્ર જંત્ર તંત્ર સોહતો, મહીમા જાસ પ્રચંડ. સુ૦ શ્રી૦ ૮

ચક્રેશ્વરી જેહની સેવા કરે, વિમલેશ્વર વલી દેવ, સુ૦
મન અભિલાષ પુરે સવી તેહના, જે કરે નવપદ સેવ. સુ૦ શ્રી૦ ૯

શ્રીપાલે તેણીપરે આરાધીઓ, દૂર ગયો તસ રોગ, સુ૦
રાજઋદ્ધિ દિન દિન પ્રત્યે વાધતો, મનવંછિત લહ્યો ભોગ.
સુ૦ શ્રી૦ ૧૦

અનુક્રમે નવમે ભવે સિદ્ધિ પામશે, સિદ્ધચક્ર સુપસાય, સુ૦
એણીપરે જે નિત્ય નિત્ય આરાધશે, તસ જસવાદ ગવાય.
સુ૦ શ્રી૦ ૧૧

સંસારી સુખ વિલસી અનુક્રમે, કરી કર્મનો અંત, સુ૦
ઘાતિ અઘાતિ ક્ષય કરી ભોગવે, શાશ્વત સુખ અનંત.
સુ૦ શ્રી૦ ૧૨

એમ ઉત્તમ ગુરુ વયણ સુણી કરી, પાવન હુવા બહુ જીવ, સુ૦
પદ્મવિજય કહે એ સુરતરુ સમો, આપે સુખ સદૈવ.
સુ૦ શ્રી૦ ૧૩

શ્રી

# જિનેન્દ્રાગમ વિવિધ વિષયરૂપ—ગુણ—સંગ્રહ

# વિભાગ ૫ મો.

★

## ગૃહસ્થાશ્રમમાં જીવનકથાની નિર્મળ સીડી

[ એક આદર્શ સંવાદ ]

★


લેખક

સાધ્વીજી શ્રી જિતેન્દ્રશ્રીજી મ૦

# મંગલાચરણ

जयइ जगजीवजोणी-वियाणओ जगगुरू जगाणंदो ।
जगनाहो जगबंधू, जयइ जगप्पियामहो भयवं ॥१॥

जयइ सुयाणं पभवो, तित्थयराणं अपच्छिमो जयइ ।
जयइ गुरू लोगाणं, जयइ महप्पा महावीरो ॥२॥

ओंकारं बिन्दुसंयुक्तं, नित्यं ध्यायन्ति योगिनः ।
कामदं मोक्षदं चैव, ॐकाराय नमो नमः ॥३॥

अज्ञानतिमिरान्धानां, ज्ञानाञ्जनशलाकया ।
नेत्रमुन्मीलितं येन, तस्मै श्रीगुरवे नमः ॥४॥

पुरिमचरिमाण कप्पो, मंगलं वद्धमाणतित्थम्मि ।
इह परिकहिया जिणगण-हराइ थेरावली चरित्तं ॥५॥

## ગૃહસ્થાશ્રમમાં જીવનકથાની નિર્મળ સીડી

કાન્તાબ્હેન—અહા પ્રેમીલાબ્હેન ! તમે તો જયારે આવું ત્યારે કંઇક કરતાં જ હો.

પ્રેમીલા—આવો આવો કાન્તાબ્હેન ! આજે તો મહેરબાની કરી.

કાન્તાબ્હેન—હા બેન ! અમે તો આવીએજ ને, તમે ન આવો.

પ્રેમીલા—બેન કાન્તા ! મને ખાસ કામ પ્રસંગ વિના બહાર જવાની ટેવ નથી.

કાન્તા—ત્યારે બ્હેન ! તમે તો આખો દિવસ ઘરમાં ગોંધ્યા રહો છો. મને તો આખો દિવસ ઘરમાં ગમેજ નહિ.

પ્રેમીલા—બેન, કેમ આપણા ઘરમાં ન ગમે ? આપણને ફુરસદ પણ ન હોય ને કામમાં દિવસ ચાલ્યો જાય.

કાન્તા—ત્યારે આખો દિવસ શું કામ કરવાનું ?

પ્રેમીલા—કેમ બેન શું કરવું ? આપણે સ્ત્રીઓને તો અનેક ઉદ્યમ હોય છે.

કાન્તા—બેન ! એવા ઉદ્યમ તો શું, હું તો એક રસોઇ કરીને કંટાળી જાઉં છું પછી બીજા ઉદ્યમ કયારે કરવાનો ટાઇમ મલે ?

પ્રેમીલા—શું કાન્તાબ્હેન! તમે આખો દિવસ રસોઈ જ બનાવો છો.

કાન્તા—ના, એ તો ટાઇમસર જ હોય છે.

પ્રેમીલા—ત્યારે બીજા ટાઈમમાં શું કરો છો?

કાન્તા—અરે બેન, મને તો બીજો ટાઈમ જ મલતો નથી અને કદાચ બપોરે મલે તો ઘડી ફરવાનું મન થાય છે.

પ્રેમીલા—બેન કાન્તા! આપણો સ્ત્રીઓનો ધર્મ છે કે આપણે આપણા ઘરનું દરેક કામ યતનાપૂર્વક આપણે પોતે જ કરવું જોઇએ. અને નવરાશના ટાઇમે આવા ઉદ્યમ કરવાના.

કાન્તા—પ્રેમીલાબેન! આ કામમાં તમે કેમ પહોંચી શકો છો?

પ્રેમીલા—એમાં શું? આખા દિવસના ચોવીસ કલાક. તેમાં આપણે દરેક કામ કરી શકીએ.

કાન્તા—ચોવીસ કલાકમાં અડધો ટાઇમ રાત્રીનો જ જાય.

પ્રેમીલા—શું આખી રાત સુઇ જ જવાનું?

કાન્તા—ત્યારે રાત્રે શું કરવાનું?

પ્રેમીલા-રાત્રે જ્યારે આપણા કામથી પરવારીએ ત્યારે ધર્મના પુસ્તકો વાંચવા.

કાન્તા—પણ મને તો ઊંઘજ ઘણી આવે છે, માટે આઠ વાગતાં જ સુઇ જાઉં છું અને સવારે છ સાત વાગે ત્યારે ઊઠું છું.

પ્રેમીલા—અરે બેન કાન્તા! આમ આટલો ટાઇમ સુઇ રહો તો પછી નજ બને, બધું જ રખડી પડે ને?

કાન્તા—ત્યારે તમે કેટલા વાગે સુવો છો અને ક્યારે ઉઠો છો ?

પ્રેમીલા—આટલો પ્રમાદ રાખીએ તો કેમ ચાલે ? મને તો આટલો ટાઇમ સુવાનો નજ પોસાય.

કાન્તા—ત્યારે કહોને ક્યારે ઉઠો છો ને સુવો છો ?

પ્રેમીલા—જુઓ કાન્તાબ્હેન ! હું તો સવારમાં સાડા ચાર વાગે ઊઠું છું. કોઇ વખત પાંચ વાગી જાય ત્યારે મારે જરા કામમાં ઉતાવળ કરવી પડે છે, જેથી ટાઇમસર ઊઠવાનું.

કાન્તા—આટલા વ્હેલા ઊઠીને અંધારામાં શું કરવાનું ? મને તો તે ટાઈમે ઊંઘ આવે.

પ્રેમીલા—કેમ બ્હેન ! શું કરવાનું ? સવારનું પ્રતિક્રમણ કરવું ત્યારપછી નિત્ય નિયમ કરી અને સાડા પાંચ વાગતાં ઘરના કામમાં જોડાવાનું.

કાન્તા—બેન ! મને તો પ્રતિક્રમણ આવડતુંએ નથી અને હું વહેલી ઉઠતીએ નથી.

પ્રેમીલા—બેન કાન્તા ! મારૂં પીયર ગામડામાં હતું અને પાઠશાળા ત્યાં ન હતી. તેથી ધાર્મિક અભ્યાસ અને પ્રતિક્રમણ વિગેરે કશું જ ન આવડતું, પણ અહીં આવીનેજ પેલા સરલાબ્હેનની સંગત થતા તેમની પાસે મેં પણ પંચ પ્રતિક્રમણ, નવ સ્મરણ, ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય વિગેરે શિખેલ છે અને દરરોજ સવાર-સાંજ પ્રતિક્રમણ કરૂં છું.

કાન્તા—બેન મારું પીયર તો મોટું ગામ છે એટલે સ્કૂલ અને પાઠશાલા બે હતાં, છતાં મેં તો આવી મહેનત

કરી જ નહિં, ફક્ત પાંચ ગુજરાતી ચોપડી અને દહેરાસરની વિધિ જેટલું જ કરેલું હતું.

પ્રેમીલા—બેન ! નાની ઉમરમાં અભ્યાસનું સાધન છતાં તમે ન ભણ્યા તે કેવી ભૂલ કરી છે ? નાનપણમાં જ્ઞાન કેવું સરસ આવડી જાય ?

કાન્તા—અરે મને તો આળસ જ થાયને, ભણું શું ? ભણું ને ભુલી જાઉં !

પ્રેમીલા—બેન કાન્તા ! ભણતરમાં પ્રેમ હોય તો જ આવડે. પ્રેમ વિનાનું નકામું. હું મોટી ઉંમરમાં આટલું શીખી ને દરરોજની આવશ્યક ક્રિયા તો જરૂર કરવાની.

કાન્તા—ઠીક બેન ! એ તો સમજી. મોટી ઉંમરમાં પણ પ્રેમ હોય તો આવડે. હવેથી હું દરરોજ ભણવાનું શરૂ કરીશ અને સાંજ-સવાર પ્રતિક્રમણ કરીશ. પ્રેમીલા બ્હેન ! તમે આજે મને કેટલું સમજાવ્યું ! ઘણું સારૂં થયું છે. હવેથી હું દરરોજ નકામો ટાઇમ નહિં ગુમાવું. તમારી પાસે આવા બોધપાઠજ શીખીશ.

---

સરલા—કેમ પ્રેમીલાબ્હેન ? આજે હજી ટાઈમ નથી થયો ? અઢી તે વાગવા આવ્યા છે.

પ્રેમીલા—આવો આવો સરલાબેન ! હું તૈયાર જ છું આજે જરા કાન્તાબેન આવ્યા તેથી દસ મીનીટ નીકળી ગઈ.

કાન્તા—અહો સરલાબેન ! તમે અને પ્રેમીલાબ્હેન કઇ તરફ જવાના છો કથામાં ?

સરલા—અહો કાન્તાબેન ! તમારી મુલાકાત આજે થઈ. કેમ બેન છો તો આનંદમાંને ?

કાન્તા—હા બેન સરલા ! આજે તમે કયાં જાઓ છો ?

સરલા—બેન કાન્તા ! અમે કથામાં તો જતાં જ નથી. આવી કથાની ચોપડી તો મેં ઘણી જ વાંચી. અમે તો આજે જૈન મહિલા મંડળનો મેળાવડો છે, ત્યાં જઇએ છીએ.

કાન્તા—વાહ મેલાવડો એટલે ટી-પાર્ટી જ ને ? એમાં બીજું શું ?

સરલા—નારે, અમારા મેલાવડામાં આવી પાર્ટી તો નહીંજ. ત્યાં તો ધાર્મિક વિષયો ઉપર વિચારણા અને મંડલનો કાર્યક્રમ કોઇ નવો ઉદ્યોગ કરવાનો હોય તે.

કાન્તા—વાહ બેન, એ તો સરસ, પણ તમારા જેવા શ્રીમંત અને આવી સાદી સાડી તે મેલાવડામાં તમને શોભે ?

સરલા—વાહ બેન, તમે ભલા છો. શ્રીમંતાઇ શું સાડી-થીજ દેખાય છે ? અને શ્રીમંતાઇ કોઇને બતાવવાની છે. ?

કાન્તા—ત્યારે ગરીબ અને તવંગરની ખબર જ શું પડે ? મને તો અમારા થોડા પગારથી ઘરનું માંડ માંડ પુરું થાય છે ને તેમાં પણ પાંચ પચીસ રૂપીઆનો ખાડો પણ પડે છે છતાં મને તો આવા સાદા કપડા પહેરીને જવું તો નજ ગમે. ગમે તેમ થાય પણ દસબાર સાડી અને બ્લાઉઝ એકાદ બે ડઝન તો સીલીકમાં જોઇએ જ.

પ્રેમીલા—અહો કાન્તાબેન, આપણી આવક પ્રમાણે જ ખરચો રાખવાનો હોય. શ્રીમંતોની હોડ આપણને કેમ પોસાય ?

કાન્તા—ત્યારે શું એક ગરીબડાની જેવા જ રહેવું ?

સરલા—ના બેન, એમ નથી કે સાડી અને બ્લાઉઝથી શ્રીમંતાઈ દેખાય. જો કંઇક જ્ઞાન અને વિનય હશે તો સાડીની જરૂર જ નથી. મહાત્માજી ક્યાં ફેશનદાર હતા ? છતાં એક કેવલ ખાદીથી આખા દેશને વશ કર્યો જેથી કાંઇ સારા જ કપડામાં શ્રીમંતાઇ નથી.

કાન્તા—બ્હેન સરલા, તમે તો આજે મને ઘણોજ બોધ આપેલ છે. ચાલો બેન, તમારે તો ટાઇમ થઈ ગયો છે મંડળમાં જવાનો. માટે હવે બસ, કેમ પ્રેમીલાબેન ! હું આ મંડલમાં આવી શકું કે ?

પ્રેમીલા—વાહ બ્હેન ! ઘણી ખુશીની સાથે આપ આવી શકો છો. અમારા મંડલમાં જે બ્હેનોને રહેવાની ઇચ્છા હોય તે રહી શકે છે.

સરલા—કાન્તાબેન ! ચાલો આજે તમને ત્યાં આનંદ આવે તો પછી મંડલમાં જરૂર દાખલ થાજો.

## ભાગ બીજો

કાન્તા—સરલાબેન છે કે ?

સરલાબેન—આવો આવો પધારો કાન્તાબેન ! આજે ભુલા પડ્યા કે શું ?

કાન્તા—ના બેન ! હું તો આજે જલ્દી કામકાજથી પરવારીને તમારી પાસે આવી છું. વાહ બેન ! મને તો કાલે બહુ જ રસ પડ્યો, ખૂબજ મજા આવી ને ત્યાં સમજવાનું મળ્યું અને

ધાર્મિક બોધ મલ્યો પણ તમે ચાર બહેનોએ શું મંત્રણા કરી એ મને ન સમજાયું.

પ્રેમીલા—બેન કાન્તા! એ મંત્રણા આવતા પર્યુષણની આરાધના માટેની હતી.

કાન્તા—એમાં વળી આરાધનામાં શું વિચારણા કરવાની? પર્યુષણમાં બે વખત માણસો પ્રતિક્રમણ કરે અને બપોરે નવરાશના ટાઇમે સોગઠાબાજી ખેલે, આનંદ કરે અને જો કરી શકે તો ઉપવાસ કરે એજ ને?

પ્રેમીલા—અરે બેન કાન્તા! પજુસણમાં સોગઠાબાજી ગંજીપે અગર કોઈબી જાતની રમત કરીને કર્મ નજ બંધાય. એ તો ધર્મની જ આરાધનાના દિવસો છે.

કાન્તા—એ તો ઠીક, પણ એમાં પેલું શું કરવું તે તો કહો!

પ્રેમીલા—જુઓ, ગઇ કાલે અમે એજ વિચાર કર્યો કે આવતા પર્યુષણ પહેલાં આપણા ગામમાં ઘણા સાધર્મિક ભાઇઓને કાંઇ સાધન કે ઠેકાણું જ નથી માટે એવા ભાઇઓ અને બહેનોના માટે અમે એક ફંડ કરેલ છે. તેમાંથી દરેક વસ્તુ મંગાવી અને જેને જે વસ્તુની જરૂર હોય તે આપવી અને એમને આપણી સાથે આરાધનામાં જોડવા. એ સિવાય દરેક કાર્યક્રમ કેમ કરવા એ ગોઠવેલ છે.

કાન્તા—ત્યારે તેમાં શું આપવાનું હોય? પાંચ-પચીસ રૂપીયાની વસ્તુ કે બીજું શું?

સરલા—ના ના બહેન, એમના માટે અમે એક હજાર રૂપીઆ એકઠા કરી અને તેમાંથી દરેક વ્યવસ્થા કરી છે.

કાન્તા—ઠીક બહેન, બહુ જ સારૂં. આવા મોટા દિવસોમાં બીચારા ગરીબોને તમે ઘણી જ સારી રીતે સહાય કરીને ધર્મમાં જોડો છો એ પણ મહાન ધર્મ જ છે, પણ આમાં કાંઇ આપણું નામ થોડું જ આવે ? એ તો ખાનગી ને ?

પ્રેમીલા—બેન નામનાની શી જરૂર છે ? પ્રશંસાની શી જરૂર છે ? આપણે તો લાભ લેવાનો છે ને ?

કાન્તા—ઠીક બેન, એ પણ પાઠ શીખી. પણ આ તમારૂં ઘર જોતાં મને તો આશ્ચર્ય થાય છે. મને તો એમ જ થતું હતું કે સરલાબ્હેન આટલા શ્રીમંત છે માટે એને ઘરે તો બહુ જ ભપકો હશે અને હું તો અહીંયાં આવતા પણ શરમાતી હતી કે આવા શ્રીમંતને ઘરે કેમ જવું ? પણ અહીં તો મારી ધારણા પ્રમાણે કંઇ જ નથી. બીલ્કુલ સાદું જ ઘર છે કાંઇ મોટા મોટા ફરનીચરો પણ નથી, ફક્ત જરૂર પુરતું જ છે.

સરલા—અમને એવો ખોટો ખરચો કરીને ભપકા પસંદજ નથી. જરૂર પુરતું જ બસ છે અમે તો પરિગ્રહનું પચ્ચફ્ખાણ કરેલ છે. અમુક પૈસા ઉપર થાય તો શુભ કામમાં વાપરી નાખવા.

કાન્તા—આ પ્રેમીલાબેન આવ્યા. પધારો પ્રેમીલાબ્હેન ! તમારા વિના આનંદમાં ખામી હતી.

પ્રેમીલા—અહો આજે કાન્તાબ્હેન ! નવાઇની વાત છે.

કાન્તા—હા બ્હેન, મને તો આપણે કાલ જે ધર્મની અને વ્યવહારની ચર્ચા કરી તે બહુ જ ગમી ને આજે જલ્દી જલ્દી આવી.

પ્રેમીલા—વારૂ બહેન, દરરોજ આવી રીતે ધર્મબોધ જાણજો.

કાન્તા—બહુ જ ખુશીથી. હું આપની વાણીનો સ્વીકાર કરૂં છું. સરલાબ્હેન આજે મારી આ ખુશાલીના માટે ચા-પાણી ને નાસ્તો મારા તરફથી સ્વીકારો. આ બે રૂપીઆનો નાસ્તો મંગાવો.

સરલા—બહેન કાન્તા! તમે તો તદ્દન ભોળા છો. તમારા તરફથી નાસ્તો ઘણી જ ખુશીથી સ્વીકારું, પણ આ ઘર તે તમારૂં જ છે ને? વળી અમે બજારની કોઇ ચીજ વેચાતી મંગાવીને ખાતાં જ નથી. અમારે કંદોઇની વસ્તુની તો સર્વથા બંધી છે.

કાન્તા—શું કહો છો? તમે કોઇ વખત બજારની ચીજ ખાતા જ નથી?

પ્રેમીલા—ના બહેન, સરલાબ્હેન તો બજારની વસ્તુઓ કોઇ વખત ખાતાં જ નથી.

કાન્તા—ત્યારે તમે શું આમ વારંવાર કોઇ આવે જાય તો શું કરો? તાત્કાલિક શું થાય?

સરલા—અરે બહેન એમાં શું? તાજી ચીજ તરત બનાવી લેવાની.

કાન્તા—એ આવે ત્યારે આપણે તો આનંદની વાતો કરતા હોઇએ તેમાં વળી આ માથાફોડ કોણ કરે? હું તો ન જ કરૂં. રૂપીઆ બે રૂપીઆ ખરચી નાખું.

સરલા—બહેન, તમે જાણો છો આજ કાલ બજારની બનાવેલ ચીજ બીલકુલ સારી મળતી નથી. સીંગોના તેલ અને

વેજીટેબલ ઘી. માટે રોગો જ થાય અને સ્વાદ પણ નહીં જ. માટે અમે તો ઘરે જ બનાવીએ.

કાન્તા—પણ મીઠાઇ કેમ બને ? એ તો મને આવડતી જ નથી. કદાચ ભજીયા, ચેવડો, ભેળ તો જેમ તેમ કરી કરી લઇએ.

પ્રેમીલા—બહેન કાન્તા, સરલાબેન તો દરેક મીઠાઈ એમના હાથે જ એટલી સરસ બનાવે છે કે આપણે જોઇ જ રહીએ અને વળી તાજી, માટે આવી બજારની ચીજ તો નજ ખાવી.

સરલા—કાન્તાબહેન, એ તો આપણી સ્ત્રીઓની ચોસઠ કળામાં એ રસોઇની પણ એક કળા છે. એ શીખવી જ પડે જુઓ, બજારમાંથી લાવેલ વસ્તુના દોષ બતાવું. પ્રથમ તો ત્યાંનો લોટ જ છ છ બાર બાર મહીનાના પીસેલા. નતો ચાળે અને તેને ન તપાસે. એવો અભક્ષ્ય લોટ આપણાથી ન ખવાય. તેલ પણ બીલ્કુલ ખરાબ. ઘી પણ હલકામાં હલ્કું. આજકાલમાં મગફલીના તેલમાંથી બનાવેલું વનસ્પતિનું વેજીટેબલ ઘી હલકામાં હલ્કું. એમની દુકાને બીલ્કુલ હલકો જ માલ હોય, માટે આપણી તંદુરસ્તી બગડે જેના લઇને ભુલેચુકે કંદોઇની દુકાનેથી લાવેલી ચીજ નજ ખાવી. આઠ બાર આનામાં ઘરમાં આખા ઘરને થાય એટલું ચવાણું બને અને બજારમાંથી એક રૂપીઆમાં મુઠી મુઠી જ આવે છે. માટે આવો ખોટો ખરચો થાય અને તબીયત બગડે તો બહેન આવું કામ તો આપણે હાથે જ કરી લેવાનું. આપણે બૈરાંઓને કામ શું છે ? ફક્ત રસોઇનું જ ને ?

કાન્તા—બેન ! તમો તો મને સારામાં સારો બોધ આપી રહ્યા છો. અત્યારસુધી હું તો ચા અને નાસ્તામાં લગભગ મહીના

દિવસમાં પચીસ-ત્રીસ રૂપીઆનો ખરચો કરૂં છું. તેનું મને આજે જ ભાન થાય છે. અરેરે હું પહેલેથી જ તમારા જેવાના સંસર્ગમાં આવી હત તો કેવું સારૂં થાત !

પ્રેમીલા—ચાલો હવે નવેસરથી શરૂ કરો. અને સંસારને સરસ બનાવો અને જીવન ધર્મી બનાવો. આવો આવો સુમન-બહેન ! આ સુમનબહેન આવ્યા.

કાન્તા—કોણ સુમનભાભી ? અહો તમે પણ સરલાબહેનની મુલાકાતે આવો છો ?

પ્રેમીલા—હા, સુમનબહેન પણ અમારા મંડલમાં છે.

કાન્તા—અહો સુમનભાભી ! તમને આટલા નાના નાના બાબા-બેબીમાં ટાઈમ ક્યારે મલે છે ? હું તો ફક્ત એક બેબી છે છતાં તેનાથી કેટલી કંટાળી ગઇ છું ? એનામાંથી જ ઊંચી જ આવતી નથી.

સુમન—અહાહા કાન્તાબહેન, તમે આજ સરલાબેનને ત્યાં ક્યાંથી પધાર્યા ? તમારૂં સ્થાન તો નિરંજનાબહેનને ત્યાં જ હોય છે. બેન હું પણ આ સરલાબહેનના મહિલા-મંડળમાં દાખલ થઇ છું. ત્યાં બહુ જ રસ પડે છે.

કાન્તા—એ તો મેં એક જ દિવસમાં જોયું. પણ ટાઇમ જ નથી મળતો. તમે કેવી રીતે પહોંચી શકો છો ?

સુમન—બહેન કાન્તા, આપણે બપોરના ટાઈમે શું કરવાનું ? મારા બે-બાળકો બેબી ને બાબો તે દરરોજ નિયમિત બાલ-મંદિર જાય છે. અને નાના બાબાને આખા દિવસ નિયમસર ત્રણ-ત્રણ કલાકે બરાબર ધવરાવવો. અને પછી ટાઇમસર

નવરાવી સાફસુફ કરીને સુવાડવાનો. એટલે કાંઇપણ અગવડતા મને આવતી જ નથી. કદાચ જાગે તો રામો જરા પાણી પાય એટલે રમ્યા જ કરે. માટે મને બરાબર ટાઇમ મલે છે. ત્યાં મજા પડે છે.

કાન્તા—ભાભી! તમારા બાળકોનું બધું જ ટાઇમસર જ કામ કરવાનું હોય છે. એ તો મને નવાઇ જ લાગે છે. નાના બાળકો તો ઘણા જ પજવે છે માબાપને.

સુમન—બેન, એમાં માબાપની જ ભૂલ ગણાય છે. બાળકોના પેલા માસ્તર તો માબાપ જ હોય છે. સુકોમલ બાળકોને નાનેથી જેવા સંસ્કાર પાડીએ તેવા જ પડે છે. બાલઅવસ્થામાં જ સારૂં શિક્ષણ મળે તો તે બાળકો માબાપ અને વડીલોનો વિનય અને આચારને સાચવે. અને આગળ ઉપર આપણા દેવ અને ગુરુ તથા ધર્મને પણ જાણીને આચરણ કરે. એમાં મુખ્ય માતા જ છે માટે તે પાઠને શીખીને બાળકોને કેળવવા જોઇએ.

કાન્તા—અહીંયા તો સારામાં સારૂં જ્ઞાન મળે છે. તમો દરેક કેવા સરસ કેળવાયેલા છો. મને તો નવાઇ જ લાગે છે બેન.

નિરંજના—કાન્તાબેન છે ?

સરલાબેન—હા પધારો નિરંજનાબેન. આપના પગલા કાન્તાબેનની પછવાડે અમારે ઘેર થયા લાગે છે. કહો આ ભપકો કરીને ક્યાં જવા નીકળ્યા છો ?

નિરંજના—વાહ સરલાબેન! અમારા જેવા ગરીબ માણસોને ભપકો કેવો ? એ તો આપ જેવા શ્રીમંતોનું જ કામ છે.

સરલા—ત્યારે આ ફેશનમેન બનીને ક્યાં જાઓ છો? એ તો કહો.

નિરંજના—સરલાબેન! આજે સિનેમા જોવા જવાનું છે અને આ કાન્તાબેનને બોલાવવા જ આવી છું. કહો આજે સારૂં પીકચર છે તો તમો પણ પધારશો તો આનંદ આવશે.

સરલા—અરે બેન! સીનેમા અમે તો કોઈ વખત જોયેલ જ નથી. સીનેમા આપણાથી તે જોવાય? આમાં તો કેટલો દોષ લાગે? પૈસાની કેટલી હાની અને આવા સ્થાનમાં કેટલા રાગ અને દ્વેષનું કારણ છે? માટે કોઈ વખત પણ અમે તો જતા જ નથી. આવી રીતે પાપ માથે લઈને પૈસાનો દુરુપયોગ કોણ કરે? મૂર્ખ માણસો જ કરે. અમે તો જ્યારે આવું જાણવાની ઈચ્છા થાય તો એવા મહાપુરુષો તથા મહાસતીઓના જીવન-ચરિત્રો વાંચીએ છીએ. એટલે એમાં તેમનો અથથી ઇતિ સુધીનો દરેક ઈતિહાસ આવી જાય. અને આપણને કેટલુંક જાણવાનું મળે છે. માટે બેન! આવા સીનેમામાં બીલકુલ ન જ જવું જોઈએ.

નિરંજના—અહા સરલાબેન! આવા શ્રીમંત થઈને આવા પૈસાની ગણત્રી કરો છો? અમે તો એવા પૈસાને યાદ નથી કરતા.

સરલા—બેન નિરંજના! શું પૈસાને આવી રીતે ખોટે માર્ગે વાપરવાના? જો પુણ્યથી લક્ષ્મી મળી હોય તો તેનો સદ્વ્યય કરો. આજકાલ કેવો આપણો સમાજ સીદાય છે? કેટલી જગ્યાએ સ્કૂલો, બોર્ડિંગો, ઉપાશ્રયો અને સાધર્મિક ફંડો વગેરેમાં કેટલી જરૂર છે? ત્યાં કેટલા જીવો લાભ લઈ રહ્યા છે! તેમાં લક્ષ્મીનો સદ્વ્યય કરવાનો હોય છે. અમે તો કેટલું સાદું જીવન જીવીએ

છીએ. બીલ્કુલ આડોઅવળો ખરચો નહીં જ. બાર મહીને અમુક રકમ શુભ સ્થળોમાં જ આપીએ છીએ.

કાન્તા—બેન નિરંજના, આપણે તો આટલો વખત કાંઇ સમજ્યા નહિં. કેવળ મોજશોખમાં જ કાઢ્યો હવે હું થોડા વખતથી આ પ્રેમીલાબેન અને સરલાબેનના સહવાસમાં આવતાં મારા જીવનમાં કેટલોક પલ્ટો થઇ ગયો છે. માટે આપણે હવે સીનેમા-બીનેમામાં આવવું જ નથી. બેન, તું પણ અહીં જ કાલથી આવજે. અહીં કેટલું જાણવાનું મળે છે?

નિરંજના—કાન્તાબેન તમે કેટલા ભલા છો! પોતે ન જાય ને બીજાને રોકે છે. મને તો ચાર-પાંચ દિવસે ફરવા જવું જ પડે તેનું શું?

પ્રેમીલા—બેન નિરંજના! તમારે ફરવા જવું હોય તો તમે પણ અમારા મંડલમાં આવજો, એટલે તમને પણ કાન્તા-બેનની જેમ મજા આવશે.

નિરંજના—મંડલમાં વળી શું સમજવાનું હશે? તમે લોકો દરરોજ દાંડીયા વિગેરે લ્યો છો અને ગાવો છો એજ ને?

કાન્તા—ના, ના, બેન! એમ નથી. એમાં તો ઘણું જ સરસ જાણવાનું મળે છે. તમો એકાદ વખત આવો તો સમજાશે, ત્યાં શું શું કાર્યક્રમ અને ઉદ્યોગ થાય છે?

સરલા—હા બેન, હાલ અમે એક ઉદ્યોગશાળા ખોલી છે. તેમાં કેટલું સરસ કામ ચાલે છે? નવા નવા દરેક ઉદ્યોગો થાય છે, અને તેમાં કદાચ સામાન્ય બેનો હોય તો પોતાની કળાવડે ઘરખરચો પણ નીભાવી શકે એવી ગોઠવણ કરેલી છે.

નિરંજના—વાહ ! ત્યારે હું પણ જરૂર તે મંડલમાં આવીશ. કહો સરલા બેન ! તમો તો ઘણા જ સાદા દેખાઓ છો, આ તમારૂં ઘર કેવું સરસ સાદાઈવાળું જણાય છે ! બેન ! આ વળી ઘંટી પણ તમે રાખો છો શું ? હવે કોણ દળે છે ?

સરલા—બેન નિરંજના ! અમે તો ગીરણનો લોટ વાપરતાજ નથી. કોઇ વખત પણ નહિ. કારણ ત્યાં દરેકના દાણા કેવા હોય ? લોકો કોઇ બરાબર સાફ પણ ન કરે, અને સડેલું અનાજ મૂર્ખ માણસો સૌ પીસાવે, માટે એવો અભક્ષ્ય લોટ કદાચ આપણામાં આવે તો આપણી બુદ્ધિ પણ ભ્રષ્ટ જ થાય. માટે હું તો પોતે તો પીસતી નથી, પણ એક બેન અમારા બાજુમાં છે, તે બેન પીસે છે. એ બેન એટલા બધા પ્રામાણિક છે કે કોઇ વખત કોઇની કોઇ ચીજ મફત લેતાં જ નથી. અને સાત માણસોનું કુટુંબ નભે છે, છતાં કોઇ વખત ગરીબાઈ ગાતા નથી. તેમજ અમે ગરીબ છીએ એવું એક-પણ આચરણ નથી, માટે હું તો કોઇ બી કામ હોય તો તેના પાસે કરાવું છું, તે બેન જ પીસે છે અને ઝાઝા દિવસનો લોટ રાખતા જ નથી. ફકત બાર તિથિઓ પુરતો જ રાખીએ છીએ, બાકી તો તાજો જ લોટ વાપરૂં છું. કોઇ વખત આઠ દિવસે હું પોતે પણ શેર બશેર પીસું છું. કારણ તેનાથી તંદુરસ્તી સારી રહે છે માટે.

નિરંજના—સરલાબહેન ! બીજા પીસે તો આપણને તિથિમાં શું દોષ લાગે ? કયાં આપણે પીસવું છે ? કોઇ વખત તિથિએ પણ હું તો પીસાવું છું, મને તો એવું યાદે ય ન આવે !

સરલા—અરે બેન! જૈનશાસન શું કહે છે? કરવું કરાવવું અને તેને અનુમોદવું ત્રણેને સરખો દોષ લાગે છે. જો સારૂં કામ કરવું, કરાવવું અને અનુમોદવું તેમાં સરખો લાભ થાય તો પાપમાં પણ સમજી લેવું જોઈએ. કોઇ કામ આપણે બતાવીએ તો તેમાં ભાગીદાર આપણે જ થઈએ. માટે સરખો જ દોષ લાગે છે.

નિરંજના—મને તો આવી કાંઇ સમજણ નથી. ફક્ત હરવું-ફરવું, ખાવું-પીવું ને આનંદ કરવો એટલું જ જાણું છું.

કાન્તાબેન—સરલાબેન! હું તો તમારી વાત સાંભળીને તાજુબ જ બની ગઇ, કે તમારા પડોશમાં રહેનાર બેન સો રૂપીઆમાં સાત માણસોનું પુરૂં કેવી રીતે પાડતા હશે? મારે તો દોઢસો રૂપીઆમાં બે માણસ અને એક નાની બેબી એ ત્રણનું પુરૂં થાતું નથી, મહીને દિવસે દસ-પંદર માથે દેવાના થાય છે અને એ બેન કેમ પુરું કરતાં હશે? છતાં કેવા સરસ એક શ્રીમંત હોય તેવા દેખાય છે!

સરલા—એ તો સ્ત્રીઓનું જ કામ છે. આવકના પ્રમાણે ખરચો રાખવો એ કાંઇ પુરુષો ન જ જાણે. 'આ લાવો આ લાવો' એ તો લાવી આપે, પણ હીસાબ તો બૈરાઓને જ રાખવાનો છે. અમારે આટલી આવક છતાં કોઇ વખત ખોટો ખરચો તો નહીં જ કરવાનો.

કાન્તા—કયો ખોટો ખરચો? મને જરૂર બતાવજો. શેના વિના ચાલે? જુઓ બેન! એક મહીનાનો જ હિસાબ બતાવું. પ્રથમ તો આઠ-બાર આનાનાં શાખ મરચાં વિગેરે. નાવાનો સાબુ, ધોવાના સાબુ અને એક મહીનામાં કટલેરી એટલે

બંગડી, પીન, પાવડર, સ્નો, કંકુ, પાયપીન, ચંપલ વિગેરેમાં લગભગ મને ઓછામાં ઓછો એક મહીને વીસથી પચીસ રૂપીયાનો ખરચો કરકસર કરતા પણ થાય છે. કપડા વિગેરેમાં પણ પચાસેક રૂપીયા જાય છે, કપડાની સીલાઇ જ દશ-બાર રૂપીયા મહીને થઇ જાય, આવા કેટલા ખરચા બતાવું! તેમાંથી બેબીના બાપુજી તો બીલ્કુલ ખરચો કરતા જ નથી. અરે એ તો બાર મહીનામાં બે ધોતીજોટા, અને બે-ત્રણ ખમીસથી જ ચલાવી લે છે. અરે કેટલા વખતથી એમને કાંડાના ઘડીયાળની જરૂર છે, ને કેવી અગવડ પડે છે ટાઈમ જોવાના માટે? તોપણ એ લઈ શકતા નથી. પણ શું કરૂં? આ ખરચામાં વળી મહીનામાં અમે તો ચાર વખત તો સીનેમા જોવા અને ત્રણ-ચાર વખત ફરવા જઇએ છીએ, છતાં અમે ખરચાને પહોંચી શકતા નથી. માટે હવે તમો જ મને સમજાવો કે હવે આમાંથી કયો ખરચો ઘટાડવો? એ મને કહો.

પ્રેમીલા—અરે બેન કાન્તા! તમારી વાત સાંભળી મને તો વિચાર જ થાય છે કે આટલો પગાર, આમાં તમે જે ખરચો બતાવ્યો તે બધો નકામો જ. બીલ્કુલ આમાં ખાવા-પીવાનું તો હજી આવેલ નથી. આવો ખોટો ખરચો આવક વિનાનો કરાય? આ સરલાબેનને મહીનામાં લગભગ બે હજારનો પગાર છે અને બીજા એકાદ હજાર લગભગ મલે છે. ત્રણ ત્રણ હજાર રૂપીઆ મહીને મલે છતાં તમારા જેવો ખરચો નથી જ. માટે જ બીચારા અમારા ભાઇને તમારા ખરચાનું નહિ પુરું પડતાં રાતના દસ-અગીયાર વાગ્યા સુધી બીજું પણ કામ કરવું પડે છે. માટે બેન સાંભળો. બધો રીપોર્ટ હું તમને

સંભળાવું. તમને સાદું અને હલકું ગમતું નથી તેથી તમને જરા દુઃખ લાગશે, પણ બેન ! આવા ટુંકા પગારમાં બૈરાઓ જ પુરુષને સહાયકારક બને છે. બૈરાઓનું જ કામ છે. સાંભળો, આપણે ફક્ત એક અનાજ અને પાણી તેમજ શરીરને ઢાંકવા પુરતાં કપડાં મળી જાય તો બીજા બધા વિના ચાલે. શું આપણે એક શાખથી ન ચલાવી શકીએ ? એક વખત ભાતથી ન ચાલે ? અને એકાદ વખત સવારમાં ચાહ અગર ઊકાળો પણ ચાલે. ત્રણ–ચાર વખત ચાહ શા માટે કરવો જોઇએ ? તે નકામો ખર્ચ. બાદ સાંભળો નાવાના સાબુ અને ધોવાના જુદા, આ બધો જ ખોટો ખરચો. કપડાં ધોવાના સાબુથી જ નાવાનું હોય છે અને મહીનામાં આઠ–દશ રૂપીઆ ભૂલેશ્વરના કટ-લેરીના નકામા શું કામના ? ફક્ત કચકડાની બંગડીઓ એક વખત લઇએ તો લગભગ બાર મહીના સુધી એવી ને એવી સરસ રહે છે. ફક્ત ચાર જ આનાની, બાકી પીન–ક્લીનની શી જરૂર છે ? પાયપીનની શી જરૂર છે ? ફક્ત એક આનાની કાળી ઊનનો દોરો માથામાં બાર મહીના ચાલે. બેન ! સાંભળો–હું પાંચ વર્ષ પહેલાં અજારા–ઊના–દીવ જાત્રા કરવા ગઇ હતી અને દીવમાંથી એક સરસ શીંગડાની કાંસકી અને દાંતીયો મળી બાર આનામાં આવેલ છે. આજ પાંચ વર્ષ થઇ ગયા એવા ને એવા જ છે. માટે બેન ! આ રીતે ન વર્તાય. આટ-લામાં બધું જ સમજી લેવું. સ્નો અને પાવડરની આપણે શી જરૂર ? સેન્ટ–અત્તર એનાથી કોઇ શરીરની શોભા અને સુગંધી નથી જ થવાની. આતો બધું ઊપરનું શરીર છે. એને સુગંધી અને શોભાથી શોભાવવા કરતાં વિનયવડે વડીલોની સેવા અને

દેવગુરુની ભક્તિ કરો અને સત્યરૂપી સુગંધવડે સુગંધિત કરો. શીયળના શણગારથી શણગારો, એટલે આ સુગંધી અને શણગાર દુનિયામાં ફેલાઇ જાય અને આપણા આત્માની ઉન્નતિ પણ થાય. બેન! માફ કરજો. અમે તો કોઇ વખત ઝીણા અને સુંવાળા ચંપલ પણ પહેર્યાં નથી. દહેરાસર જતાં, ઉપાશ્રય જતાં અને પ્રતિક્રમણ કરવા જતાં ચંપલ પહેરતી જ નથી. ફક્ત તાપની રૂતુમાં અગર કોઇ વખત કોઇના ઘરે જવાનું હોય તો જ તેનો ઉપયોગ થાય છે. તે પણ સાદા અને વર્ષો સુધી ચાલે તેવા જ હોય છે. બેન! જેમ જેમ મુલાયમ અને ફેન્સી ચંપલ હોય તેમ તેમ તે ઘણા દોષનું કારણ બને છે. બેન! તમે નહિ જાણતા હો! મુલાયમ ચંપલ જીવતા નાના નાના વાછરડાની ચામડીથી બને. એક દિવસના જન્મેલા વાછરડાને ગરમ ધગધગતું પાણી તેના ઉપર નાખીને મારવામાં આવે છે. એના ચામડાથી જ ચંપલ મુલાયમ બને છે. માટે એવા ચંપલ તો ન જ વપરાય. તે ધ્યાનમાં રાખશો. ભુલેચુકે ન લેતા. સ્ત્રી એ તો ગૃહની દેવી છે. એના હાથમાં બધું ઘરનું તંત્ર હોય છે, માટે જેવું તેને દીપાવો તેવું સરસ દીપે, અને સુસંસ્કારી ગૃહ બને. બેન! માફ કરજો. તમને જરા મનદુઃખ થાશે, પણ બેન! આવી રીતે જીવનમાં નીરાંત કે શાન્તિ ન જ મળે. આજથી નવેસરથી શરૂ કરો, અને આ ગૃહસ્થ જીવનમાં પણ ઘણું જ જાણવાનું છે. કાન્તાબેન! તમને સરલાબેન બરોબર સમજાવશે. અને તમને ઘણા જ ફાયદા થશે. હું પણ આવી રીતે જ ખરચો કરતી હતી, આ સરલાબેને જ મને સરસ સમજણ આપી છે.

નિરંજના—પ્રેમીલાબેન! તમારી આ વાત સાંભળી અને હું તો આશ્ચર્ય જ પામી ગઇ. મેં તો આમાંનું કાંઇ જ વિચારેલ નથી. ફક્ત આનંદ અને મોજ-શોખ જ કરેલ છે. માટે મહેરબાની કરી આજે મને આપના આખા દિવસનો કાર્યક્રમ જણાવવા કૃપા કરો, એટલે હું અને કાન્તાબેન અમારા જીવનનો પલ્ટો કરીને જીવનને સુધારીએ.

સરલા—બેન ! સાંભળો આ પ્રેમીલાબેનનો કાર્યક્રમ હું જ બતાવું છું. એ દરરોજ સાડાચાર વાગે ઉઠે. અને સવારનું પ્રતિક્રમણ કરે અને નિત્ય નિયમ કરી પછી સાડા-પાંચ વાગતાં પ્રથમ કચરા વિગેરે લઇ પછી દર્શન કરવા જાય છે. અને પછી સાડા છ વાગે ઘરના કામમાં ગુંથાઇ તે સાડા-આઠ વાગતાં ચા-પાણી, નહાવું-ધોવું, કપડાં ધોવા અને બાબા-બેબીને તૈયાર કરી અરધી રસોઇ કરીને વ્યાખ્યાનમાં જાય છે. ત્યાં જઇ પૂજા કરી વ્યાખ્યાનમાં એક સામાયિક કરી અને પછી દસ વાગતા તુરત જ ઘરે આવીને સાડાદસ વાગતા બાબા-બેબીને સ્કૂલમાં મોકલે. નાની બેબીને બાલમંદિરમાં અને અમારા ભાઈને અગીઆર વાગતા જમાડીને પછી પોતે જમી રસોઇથી પરવારી વાસણ વિગેરે સાફ કરી બરાબર એક વાગતાં ટાઈમ મેળવીને મારે ત્યાં કોઇ વખત આવે અને અમો સાથે જ ઉપાશ્રયમાં પૂજ્ય સાધ્વીજી મહારાજ ઊપદેશસાર વાંચે છે ત્યાં ઉપાશ્રયમાં જઇને એક સામાયિક કરીને પછી ગાથા લઇને ત્રણ વાગતા ઘરે આવીએ છીએ. ત્રણ પછી ઘરના કામમાં એકાદ કલાક રહી પછી સાંજના પાંચ વાગતાં રસોઇ તૈયાર કરી છ વાગતાં રસોઇ-પાણી જમ-

વાનું પતાવી અને વાસણ સાફ કરીને પછી સાડા છ સાત વાગતાં પ્રતિક્રમણ કરવા જવાનું અને ત્યારબાદ અડધોકલાક સાધ્વીજી મહારાજ સરસ સમજાવે છે, તે જાણીને પછી ઘેર આવીને ઘરકામથી પરવારીને રાત્રે ગાથા ગોખવાની. ગાથા થઇ જાય તે પછી કોઇ ધર્મનું પુસ્તક વાંચી અને સાડાદશ વાગે સુવાનું. આ રીતે પ્રેમીલાબેનનો દરરોજનો કાર્યક્રમ. આમાં અમને ફરવા જવું, અને સીનેમા જોવા જવું, અને કોઇના ઘરે બેસવા જવું એ ટાઇમ જ નથી ને? માટે બેન તમે પણ આ પ્રમાણે સમજી જીવનને ધર્મી અને સદાચારી બનાવો.

અરે બેન! પ્રેમીલાબેન તો કપડાં પણ હાથે જ સીવે છે.

કાન્તા—આ....હા....હા! આજે જ મને નવું જાણવાનું મલ્યું. બેન! તમારા ઉપકારને કોઇ વખત નહીં જ ભુલું. દરરોજ તમારી પાસે આવીશ અને એકાદ મહીનામાં હું પણ તમારા જેવું જ સરસ ગૃહસ્થ જીવન જીવીશ. બેન! ક્ષમા. તસ્દી માફ કરજો.

સરલા—વાહ બેન! તસ્દી શેની? અમે અમારી ફરજ બજાવીએ. અમો તો એ જ કામનો ઉદ્યમ કરીએ છીએ. બેન પૂજ્ય સાધ્વીજી જિતેન્દ્રશ્રીજીએ **જીનેન્દ્ર ગુણમાળા** નામની ચોપડી છપાવી છે, તે ખાસ વાંચવા લાયક છે. અને શીખવા લાયક છે, ભાવગ્રાહી પ્રાચીન સ્તવનો, સજઝાયો અને બીજો અંદર ઘણો જ સારો સંગ્રહ થયેલ છે, માટે આવા સારા સારા પુસ્તકો વાંચવા અને નકામો ટાઇમ ન ગાળવો. એ જ આ ગૃહસ્થ જીવનમાંથી સાર મેળવવાનો છે.

કાન્તા—હા બેન ! જરૂર એવા પુસ્તકોને વાંચીશ અને જીવનને ઉજ્જવળ બનાવીશ આપનો ઉપકાર કોઇ વખત નહીં જ ભૂલું બેન ! જય જિનેન્દ્ર ! !

સરલા—બેન પધારજો, જય જિનેન્દ્ર !

*

# સોનેરી સુવાકયો

૧. મુક્તિસુખની મોઝ માણવા માટે ધર્મ.
૨. ભવરૂપી સિંધુ તરવા માટે સમકિતરૂપી જહાજ.
૩. સંસારના ફંદ કાપવા માટે નવપદનો જાપ.
૪. જીવનને ધર્મદિશા તરફ લાવવા જિનવાણી.
૫. જીવનનું ચારિત્ર્ય ઘડતર બનવા માટે સદાચાર.
૬. આહાર અને રસની સંજ્ઞા જીવતી ડાકણ છે.
૭. તૃષ્ણા ચતુરને પણ મૂર્ખ બનાવે છે.
૮. જીવન-સંગ્રામ કર્મનું કાસળ કાઢવા માટે છે.
૯. ગુસ્સો એ એક પ્રકારનો તાવ છે.
૧૦. ઉત્સાહ પશુને પણ વશ કરે છે.
૧૧. મુક્તિના અભિલાષીને નિરંજનનાથના નામની જપમાળાના જાપ માટે મનુષ્યભવ જેવો એકેય ભવ નથી.
૧૨. મૃત્યુલોક અને મોક્ષ વચ્ચે જવા માટે જો કોઇ પુલ હોય તો તે 'ક્ષમા' છે.
૧૩. તત્ત્વજ્ઞાન અને એની રુચિ તે આત્મસૌન્દર્ય.
૧૪. ક્રોધ તે અગ્નિની જવાળા 'ક્ષમા' તે જળનો કુવારો.

૧૫. વિષયની તૃષ્ણાનો નાશ કરે તેનું નામ જ સાચું જ્ઞાન.
૧૬. દુઃખનું મૂળ મમતા અને સુખનું મૂળ સમતા છે.
૧૭. મૌનથી કલેશ બંધ થાય છે.
૧૮. મૌનથી જીભ ઊપર કાબુ આવે છે.
૧૯. મૌનથી વાચિક પાપ બંધ થાય છે.
૨૦. મૌનથી શ્વાસોચ્છ્વાસ ઓછા લેવાય છે.
૨૧. મૌનથી મૂર્ખતા પ્રગટ થતી નથી.
૨૨. મૌનથી મૃષાભાષણ બંધ થાય છે.
૨૩. મૌનથી સંકલ્પબળ વધે છે.
૨૪. મૌનથી વાયુકાયના જીવોનું રક્ષણ થાય છે.
૨૫. કોઇના અહિત વખતે મૌન રહેવું.
૨૬. કટુ વચનોચ્ચાર વખતે મૌન રહેવું.
૨૭. ક્રોધ વખતે મૌન રહેવું.
૨૮. ચૌદ રાજલોકના વિષય-સુખને રાખના પડીકા જેવા સમજવા.
૨૯. કર્મકાષ્ટને કાપવા માટે તપ તે અમૂલ્ય સાધન છે.
૩૦. આત્મામાં રહેલું ઘોર અજ્ઞાન એ જ અમાવાસ્યાનો સાચો અંધકાર.
૩૧. મગજ આરામરૂપી ચાવીથી ચાલે છે.
૩૨. મીઠાં ભોજન વાપર્યા બાદ મોઢામાંથી કડવો શબ્દ નીકળે તો મીઠું ભોજન કલંકિત બને છે.
૩૩. મનુષ્યભવની જેટલી લહેર તેટલો દુર્ગતિનો કાળીકેર.
૩૪. કાલરાજા ( મૃત્યુ ) ટપાલી જેવો છે.
૩૫. જેમ ગામ છોડયા વિના પરગામ જવાનું નથી તેમ રાગ છોડયા વિના વીતરાગ કેમ થવાય ?

૩૬. પરિણામદર્શી હોય તે ડાહ્યો માણસ.

૩૭. વિવેક વિનાનો નર ખર સમાન છે.

૩૮. રાગદશા છોડવાથી સમતા આવે છે.

૩૯. જડવાદને ભૂલી આત્મવાદને પીછાણો.

૪૦. સમતા જેવું સુખ નથી.

૪૧. ઇર્ષ્યા જેવો બીજો કોઇ શત્રુ નથી.

૪૨. તૃષ્ણા એ મોટો વ્યાધિ છે.

૩૩. અવગુણની ઉપેક્ષા કરો.

૪૪. પ્રિય બોલવું તે વશીકરણ છે.

૪૫. ઇર્ષ્યા જેવી કોઇ વેરણ નથી.

૪૬. વિરતિ જેવી કોઇ માતા નથી.

૪૭. સુમતિ જેવી કોઇ પત્ની નથી.

૪૮. સંતોષ જેવો કોઇ પુત્ર નથી.

૪૯. મનના તરંગને અટકાવનાર મન છે.

૫૦. આત્માના ચાર ગુણ—મૃદુતા, ક્ષમા, સરલતા, સંતોષ.

૫૧. શોકરૂપી શત્રુને બહુ પાસે રાખવાથી બુદ્ધિ, હિંમત અને ધર્મનો જડમૂલથી નાશ થશે.

૫૨. તિરસ્કારને પ્રેમથી જીતો.

૫૩. વચનમાંથી મુક્તિ અપાવે, ગર્વમાંથી નમ્રતા અપાવે, તે જ સાચું જ્ઞાન.

૫૪. દુઃખ દેનારને પણ ધન્યવાદ આપતા શીખ.

૫૫. હિંસા તથા નિંદા કરનાર તરફ પણ દયા દાખવ.

## અનાગત ચોવીશીના ૨૪ તીર્થંકરોનાં નામ કોનો જીવ ? અને ક્યાં છે ? તે દર્શાવતો કોઠો.

| નંબર | ભાવિ તીર્થંકરનાં નામો | કોનો જીવ | હાલ ક્યાં છે ? | અષ્ટમાંગલિકનાં નામો |
|---|---|---|---|---|
| ૧ | પદ્મનાભ | શ્રેણિક | ૧ લી નરક | ૧ સ્વસ્તિક |
| ૨ | સુરદેવ | સુપાર્શ્વ | ભવનપતિમાં | ૨ દર્પણ |
| ૩ | સુપાર્શ્વ | ઉદાયી | ,, | ૩ કુંભ |
| ૪ | સ્વયંપ્રભ | પોટીલ | ૪ થે દેવલોકે | ૪ ભદ્રાસન |
| ૫ | સુરદેવ | દ્રઢકેતુ | ૨ જે ,, | ૫ વર્ધમાન |
| ૬ | દેવશ્રુત | કાર્તિકશેઠ | ૧ લે ,, | ૬ શ્રીવત્સ |
| ૭ | ઉદયપ્રભ | શંખશ્રાવક | ૧૨ મે ,, | ૭ નંદાવર્ત્ત |
| ૮ | પેઢાલ | આનંદશ્રાવક | ૧ લે ,, | ૮ મીનયુગલ |
| ૯ | પોટીલ | સુનંદા | ૫ મે ,, | |
| ૧૦ | શતકીર્તિ | શતક શ્રાવક | ત્રીજી નરકે | |
| ૧૧ | મુનિસુવ્રત | દેવકી | ૮ મા દેવલોકે | |
| ૧૨ | અમમ | કૃષ્ણ | ત્રીજી નરકે | |
| ૧૩ | નિઃકષાય | હરિપતકી | ૫ મા દેવલોકે | |
| ૧૪ | નિપુલાક | બલદેવ | ૬ ઠા ,, | |
| ૧૫ | નીમમ | સુલસા | ૫ મા ,, | |
| ૧૬ | ચિત્રગુપ્ત | રોહિણી | ૨ જા ,, | |
| ૧૭ | સમાધિ | રેવતી | ૧૨ મા ,, | |
| ૧૮ | સંવર | પ્રભાળ | ૮ મા ,, | |
| ૧૯ | યશોધર | દ્વિપાયન | અગ્નિકુમારમાં | |
| ૨૦ | વિજય | કોણિક | ૧૨ મા દેવલોકે | |
| ૨૧ | મલ્લિનાથ | નારદ | ૫ મા ,, | |
| ૨૨ | દેવજિન | અંબડશ્રાવક | ૧૨ મા ,, | |
| ૨૩ | અનંતવીર્ય | અમર | ૯ મા ,, | |
| ૨૪ | ભદ્રજિન | સ્વયંબુદ્ધ | સર્વાર્થસિદ્ધ | |

## વર્તમાન ચોવીશીની ૨૪ તીર્થંકરોના માતા–પિતાના નામ આદિ જાણવાનો કોઠો.

| નંબર | તીર્થંકરનાં નામ | પિતાનાં નામ | માતાનાં નામ | લંછન | શરીરનો વર્ણ | જન્મ નગરી |
|---|---|---|---|---|---|---|
| ૧ | ઋષભદેવ | નાભિરાજા | મરુદેવામાતા | બળદ | સુવર્ણવર્ણ | વિનીતા |
| ૨ | અજિતનાથ | જિતશત્રુરાજા | વિજયામાતા | હાથી | ,, | અયોધ્યા |
| ૩ | સંભવનાથ | જિતારિરાજા | સેનામાતા | ઘોડો | ,, | શ્રાવસ્તિ |
| ૪ | અભિનંદનસ્વામિ | સંવરરાજા | સિદ્ધાર્થામાતા | વાનર | ,, | અયોધ્યા |
| ૫ | સુમતિનાથ | મેઘરાજા | સુમંગલામાતા | ક્રૌંચપક્ષી | ,, | ,, |
| ૬ | પદ્મપ્રભપ્રભુ | શ્રીધરરાજા | સુસીમામાતા | પદ્મકમળ | રક્તવર્ણ | કૌશાંબી |
| ૭ | સુપાર્શ્વનાથ | સુપ્રતિષ્ઠરાજા | પૃથ્વીમાતા | સાથીયો | સુવર્ણવર્ણ | વાણારસી |
| ૮ | ચંદ્રપ્રભપ્રભુ | મહાસેનરાજા | લક્ષ્મણામાતા | ચંદ્ર | શ્વેતવર્ણ | ચંદ્રપુરી |
| ૯ | સુવિધિનાથ | સુગ્રીવરાજા | શામામાતા | મગરમચ્છ | ,, | કાકંદી |
| ૧૦ | શીતલનાથ | દૃઢરથરાજા | નંદામાતા | શ્રીવત્સ | સુવર્ણવર્ણ | ભદ્દિલપુરી |
| ૧૧ | શ્રેયાંસનાથ | વિષ્ણુરાજા | વિષ્ણુમાતા | ગેંડો | ,, | સિંહપુરી |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૨ | વાસુપૂજ્યસ્વામિ | વસુપૂજ્યરાજા | જયામાતા | પાડો | રક્તવર્ણ | ચંપાપુરી |
| ૧૩ | વિમલનાથ | કૃતવર્મરાજા | શ્યામામાતા | વરાહ | સુવર્ણવર્ણ | કંપિલપુરી |
| ૧૪ | અનંતનાથ | સિંહસેનરાજા | સુયશામાતા | સિંચાણો | ,, | અયોધ્યા |
| ૧૫ | ધર્મનાથ | ભાનુરાજા | સુવ્રતામાતા | વજ્ર | ,, | રત્નપુરી |
| ૧૬ | શાંતિનાથ | વિશ્વસેનરાજા | અચિરામાતા | હરણ | ,, | ગજપુર |
| ૧૭ | કુંથુનાથ | સૂરરાજા | શ્રીરાણીમાતા | બોકડો | ,, | ,, |
| ૧૮ | અરનાથ | સુદર્શનરાજા | દેવીમાતા | નંદાવર્ત્ત | ,, | ,, |
| ૧૯ | મલ્લિનાથ | કુંભરાજા | પ્રભાવતીમાતા | કુંભ | નીલવર્ણ | મિથિલા |
| ૨૦ | મુનિસુવ્રતસ્વામિ | સુમિત્રરાજા | પદ્માવતા | કાચબો | શ્યામવર્ણ | રાજગૃહ |
| ૨૧ | નમિનાથ | વિજયરાજા | વપ્રામાતા | નીલકમળ | સુવર્ણવર્ણ | મિથિલા |
| ૨૨ | નેમિનાથ | સમુદ્રવિજયરાજા | શિવાદેવીમાતા | શંખ | શ્યામવર્ણ | શૌરીપુર |
| ૨૩ | પાર્શ્વનાથ | અશ્વસેનરાજા | વામામાતા | સર્પ | નીલવર્ણ | વાણારસી |
| ૨૪ | વર્ધમાનસ્વામિ | સિદ્ધાર્થરાજા | ત્રિશલાદેવીમાતા | સિંહ | સુવર્ણવર્ણ | ક્ષત્રિયકુંડ |

## વર્તમાન ચોવીશીની ૨૪ તીર્થંકરોના શરીરમાન, આયુષ્ય, ગણધર સંખ્યા, યક્ષ–યક્ષીણી આદિ જાણવાનો કોઠો.

| નંબર | શરીરમાન | આયુષ્ય | ગણધર સંખ્યા | પરિવાર પુત્ર–પુત્રી | યક્ષનાં નામ | યક્ષિણીનાં નામ | ગર્ભની મુદત માસ–દિવસ | જન્મતિથિ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૫૦૦ ધનુષ | ૮૪ લાખ પૂર્વ | ૮૪ | ૧૦૦ પુત્ર ૨ પુત્રી | ગોમુખ | ચક્રેશ્વરી | ૯–૪ | ચૈ. વ. ૮ |
| ૨ | ૪૫૦ ,, | ૭૨ ,, ,, | ૯૫ | નથી | મહાયક્ષ | અજિતબલા | ૮–૨૫ | મહા સુ. ૮ |
| ૩ | ૪૦૦ ,, | ૬૦ ,, ,, | ૧૦૨ | ૩ પુત્ર | ત્રિમુખ | દુરિતારિ | ૯–૬ | માગ.સુ.૧૪ |
| ૪ | ૩૫૦ ,, | ૫૦ ,, ,, | ૧૧૬ | ૩ ,, | યક્ષેશ | કાલી | ૮–૨૮ | મહા સુ. ૨ |
| ૫ | ૩૦૦ ,, | ૪૦ ,, ,, | ૧૦૦ | ૩ ,, | તુંબરુ | મહાકાલી | ૯–૬ | વૈ. સુ. ૮ |
| ૬ | ૨૫૦ ,, | ૩૦ ,, ,, | ૧૦૭ | ૧૩ ,, | કુસુમ | અચ્યુતા | ૯–૬ | કા. વ. ૧૨ |
| ૭ | ૨૦૦ ,, | ૨૦ ,, ,, | ૯૫ | ૧૭ ,, | માતંગ | શાંતા | ૯–૧૯ | જેઠ સુ. ૧૨ |
| ૮ | ૧૫૦ ,, | ૧૦ ,, ,, | ૯૩ | ૧૮ ,, | વિજય | જ્વાલા | ૯–૭ | પો. વ. ૧૨ |
| ૯ | ૧૦૦ ,, | ૨ ,, ,, | ૮૮ | ૧૯ ,, | અજિત | સુતારિકા | ૮–૨૬ | મા. વ. ૫ |
| ૧૦ | ૯૦ ,, | ૧ ,, ,, | ૮૧ | ૧૨ ,, | બ્રહ્મ | અશોકા | ૯–૬ | મહા વ. ૧૨ |
| ૧૧ | ૮૦ ,, | ૮૪ લાખ વર્ષ | ૭૬ | ૯૯ ,, | મનુજ | શ્રીવત્સા | ૯–૬ | ફા. વ. ૧૨ |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૨ | ૭૦ ધનુષ | ૭૨ લાખ વર્ષ | ૬૬ | ૨ પુત્ર | સુરકુમાર | ચંડા | ૮–૨૦ | ફા. વદ ૧૪ |
| ૧૩ | ૬૦ ,, | ૬૦ ,, ,, | ૫૭ | નથી | ષણ્મુખ | વિજયા | ૮–૨૧ | મહા શુ. ૩ |
| ૧૪ | ૫૦ ,, | ૩૦ ,, ,, | ૫૦ | ૮૮ પુત્ર | પાતાલ | અંકુશી | ૯–૬ | વૈ. વ. ૧૩ |
| ૧૫ | ૪૫ ,, | ૧૦ ,, ,, | ૪૩ | ૧૯ ,, | કિન્નર | પ્રજ્ઞપ્તિ | ૮=૨૬ | મહા શુ. ૩ |
| ૧૬ | ૪૦ ,, | ૧ ,, ,, | ૩૬ | દોઢ ક્રોડ | ગરુડ | નિર્વાણી | ૯–૬ | જેઠ વ. ૧૩ |
| ૧૭ | ૩૫ ,, | ૯૫ હજાર વર્ષ | ૩૫ | દોઢ ક્રોડ | ગંધર્વ | અચ્યુતા | ૯–૫ | વૈ. વ. ૧૪ |
| ૧૮ | ૩૦ ,, | ૮૪ ,, ,, | ૩૩ | સવા ક્રોડ | યક્ષેંદ્ર | ધારિણી | ૯–૮ | મા. શુ. ૧૦ |
| ૧૯ | ૨૫ ,, | ૫૫ ,, ,, | ૨૮ | નથી | કુબેર | વૈરુટ્યા | ૯–૭ | મા. શુ. ૧૧ |
| ૨૦ | ૨૦ ,, | ૩૦ ,, ,, | ૧૮ | ૧૧ પુત્ર | વરુણ | અચ્છુપ્તા | ૯–૮ | જેઠ વ. ૮ |
| ૨૧ | ૧૫ ,, | ૧૦ ,, ,, | ૧૭ | નથી | ભૃકુટી | ગંધારી | ૯–૮ | શ્રા. વ. ૮ |
| ૨૨ | ૧૦ ,, | ૧ ,, ,, | ૧૧ | ,, | ગોમેધ | અંબિકા | ૯–૮ | શ્રા. શુ. ૫ |
| ૨૩ | ૯ હાથ | ૧૦૦ વર્ષ | ૧૦ | ,, | પાર્શ્વ | પદ્માવતી | ૯–૬ | પો. વ. ૧૦ |
| ૨૪ | ૭ ,, | ૭૨ ,, | ૧૧ | ૧ પુત્રી | માતંગ | સિદ્ધાયિકા | ૯–૭ | ચૈ. શુ. ૧૩ |

# શ્રી પચ્ચક્ખાણના સમયનો કોઠો.

| માસ | સૂ. ઉ. ક. મિ. | સૂ. અ. ક. મિ. | નવકાર ક. મિ. | પોરિ. ક. મિ. | સાઢપોરિ ક. મિ | પુરીમડ્ઢ ક. મિ | અવડ્ઢ. ક. મિ. |
|---|---|---|---|---|---|---|---|
| જાન્યુ. ૧ | ૭-૨૨ | ૬—૫ | ૮-૧૦ | ૧૦-૩ | ૧૧—૨૪ | ૧૨-૪૪ | ૩-૨૫ |
| ,, ૧૬ | ૭-૨૫ | ૬-૧૫ | ૮-૧૩ | ૧૦-૮ | ૧૧—૨૯ | ૧૨-૫૦ | ૩-૩૩ |
| ફેબ્રુ. ૧ | ૭-૨૧ | ૬-૨૭ | ૮—૯ | ૧૦-૮ | ૧૧—૩૧ | ૧૨-૫૪ | ૩-૪૧ |
| ,, ૧૬ | ૭-૧૩ | ૬-૩૬ | ૮—૧ | ૧૦-૩ | ૧૧—૩૦ | ૧૨-૫૫ | ૩-૪૬ |
| માર્ચ ૧ | ૭—૪ | ૬-૪૨ | ૭-૫૨ | ૯-૫૯ | ૧૧—૨૬ | ૧૨-૫૩ | ૩-૪૮ |
| ,, ૧૬ | ૬-૫૦ | ૬-૪૮ | ૭-૩૮ | ૯-૫૦ | ૧૧—૨૦ | ૧૨-૪૯ | ૩-૪૯ |
| એપ્રિ. ૧ | ૬-૩૪ | ૬-૫૪ | ૭-૨૨ | ૯-૩૯ | ૧૧—૧૨ | ૧૨-૪૪ | ૩-૪૯ |
| ,, ૧૬ | ૬-૨૦ | ૭—૦ | ૭—૮ | ૯-૩૦ | ૧૧—૫ | ૧૨-૪૦ | ૩-૫૦ |
| મે ૧ | ૬—૮ | ૭—૬ | ૬-૫૬ | ૯-૨૩ | ૧૧—૦ | ૧૨-૩૭ | ૩-૫૨ |
| ,, ૧૬ | ૬—૦ | ૭-૧૩ | ૬-૪૮ | ૯-૧૯ | ૧૦—૫૮ | ૧૨-૩૭ | ૩-૫૫ |
| જુન ૧ | ૫-૫૫ | ૭-૨૦ | ૬-૪૩ | ૯-૧૭ | ૧૦—૫૮ | ૧૨-૩૮ | ૩-૫૯ |
| ,, ૧૬ | ૫-૫૪ | ૭-૨૬ | ૬-૪૨ | ૯-૧૭ | ૧૦—૫૯ | ૧૨-૪૦ | ૪—૩ |
| જુલા. ૧ | ૫-૫૮ | ૭-૨૯ | ૬-૪૬ | ૯-૨૧ | ૧૧—૩ | ૧૨-૪૪ | ૪—૭ |
| ,, ૧૬ | ૬-૦૪ | ૭-૨૭ | ૬-૫૨ | ૯-૨૫ | ૧૧—૬ | ૧૨-૪૬ | ૪—૭ |
| ઓગ. ૧ | ૬-૧૧ | ૭-૨૧ | ૬-૫૯ | ૯-૨૯ | ૧૧—૮ | ૧૨-૪૬ | ૪—૪ |
| ,, ૧૬ | ૬-૧૭ | ૭-૧૧ | ૭—૫ | ૯-૩૧ | ૧૧—૮ | ૧૨-૪૪ | ૩-૫૮ |
| સપ્ટે. ૧ | ૬-૨૩ | ૬-૫૭ | ૭-૧૧ | ૯-૩૨ | ૧૧—૬ | ૧૨-૪૦ | ૩-૪૯ |
| ,, ૧૬ | ૬-૨૭ | ૬-૪૨ | ૭-૧૫ | ૯-૩૧ | ૧૧—૩ | ૧૨-૩૫ | ૩-૩૯ |
| ઓકટો. ૧ | ૬-૩૩ | ૬-૨૭ | ૭-૨૧ | ૯-૩૨ | ૧૧—૧ | ૧૨-૩૦ | ૩-૨૯ |
| ,, ૧૬ | ૬-૩૮ | ૬-૧૩ | ૭-૨૬ | ૯-૩૨ | ૧૦—૫૯ | ૧૨-૨૬ | ૩-૨૦ |
| નવે. ૧ | ૬-૪૬ | ૬—૧ | ૭-૩૪ | ૯-૩૫ | ૧૧—૦ | ૧૨-૨૪ | ૩-૧૩ |
| ,, ૧૬ | ૬-૫૫ | ૫-૫૪ | ૭-૪૩ | ૯-૪૦ | ૧૧—૩ | ૧૨-૨૫ | ૩-૧૦ |
| ડીસે. ૧ | ૭—૫ | ૫-૫૨ | ૭-૫૩ | ૯-૪૭ | ૧૧—૮ | ૧૨-૨૯ | ૩-૧૧ |
| ,, ૧૬ | ૭-૧૫ | ૫-૫૬ | ૮—૩ | ૯-૫૬ | ૧૧—૧૬ | ૧૨-૩૬ | ૩-૧૬ |

આ કોઠો અમદાવાદની ગણત્રી પ્રમાણે છે. બીજા ગામ-વાળાઓએ પાંચ મીનીટ ઉમેરી પચ્ચક્ખાણ પારવું.

# પૂરવણી વિભાગ

## નેમિનાથ પ્રભુનું ચૈત્યવંદન.

બાળપણે શ્રી નેમીનાથ, વંદું બ્રહ્મચારી;
આઠ ભવોની પ્રીતડી, તારી રાજુલ નારી. ૧
સમુદ્રવિજયસુત જાણીયે, શીવાદેવીનો જાયો;
જાદવકુલ સોહામણો, સુખ લઇને ગુણ ગાયો. ૨
બત્રીસ સહસ બંધવ તણી, જાણો પટરાણી;
પીચકારી સોવન તણી, નીર જળે ભરી આણી. ૩
દડો ઉછાળે ફુલનો, દીયરને બોલાવે;
નેમકો વિવાહ માંડિયો, ભોજાઈઓ મનાવે. ૪
પરણો રાજુલ નાર, તિહાં ઉગ્રસેનની બેટી;
સત્યભામાની બેટડી, સમકીત ગુણની પેટી. ૫
નારી વિનાનું ઘર નહીં, વાંઢો પુરુષ વિખ્યાત;
ભોજાઇ મેણાં મારશે, પરણો નેમકુમાર. ૬
એક નારી કાયમ કસી, ઘર સમસ્થાન કહેવાશે;
ઉનાં અન્ન કોણ આપશે, સુણો બાંધવ વાત. ૭
માંડવ ચોરાશી સ્તંભનો, રચીયો મન રંગે;
ચૌદશ ગોરી ગાવતી, સાંજને પ્રભાતે. ૮
સાત ભાતના ધાન તિહાં, જુવેરા વાવ્યા છે;
ભોલી પાસે સીંચાવતા, ગંગા નીર મંગાવે. ૯

પીઠી કરે પીતા રાણી, મલી ઉનાં જળ નવરાવે;
નવલ ઘઉંલા ભેળવી, મગ પીઠી મંગાવે. ૧૦
આભૂષણ અંગે ધરી, શેષા ભરાવે;
વરઘોડે શ્રી નેમનાથ, પરણે રાજુલ નાર. ૧૧
પંચ જાતનાં વાજીંત્ર વાગે, ભેડો વજડાવે;
થેઇ થેઇ નાચ પતાકા, તોરણ નેમકુમાર. ૧૨
પશુડાં કરે પોકારતી, હાંસાળાને બોલાવે;
સારથવાહને પુછતા, જીવ બંધને કેમ બાંધ્યા. ૧૩
જાદવકુળ એને પરે, પરભાતે ગોરવ દઈશું;
વિષયારસને કારણે, જીવ સંહાર કરીશું. ૧૪
અંગ ફરકે જમણું તિહાં, નવલા નેમકુમાર;
રાજુલ કહે સુણો સાહેલીઓ, રથ વળ્યો તતકાળ. ૧૫
વરસીદાન દેઇ તીહાં, એક કોડી સાઠ લાખ;
સહસાવન જઇ સંયમ લીધો, સહસપુરૂષ સંગાથ. ૧૬
રાજુલ ધરણીધરે તીહાં, ઉજ્વલ ગઢ ચાલ્યા;
ગુફામાં શ્રી રહનેમી, રાજુલ પ્રતિબોધે. ૧૭
સ્વામી હોવે સંજમ લીધો, સંલેખણા એક માસ;
કેવળજ્ઞાને જળહળે, પામ્યા શિવપુર વાસ. ૧૮
પીયુ પહેલાં મુગતે ગયા, ધનધન નેમકુમાર;
પરણે શિવની નાર તીહાં, સહસ પુરુષ સંગાથ. ૧૯
ભણતાં શિવસુખ સંપજે, ગુણલા મંગળકાર;
વિનયવિજય વાચક જસ, તસઘર કોડી કલ્યાણ. ૨૦

## શ્રી મહાવીરસ્વામીની સજ્ઝાય.

પિતા મિત્ર તાપસ મલ્યોજી, બાહ પસારી આય;
કહે ચોમાસું પધારજોજી, માને પ્રભુ એમ થાય.
**ચઉનાણી વીરજી ભૂતલ કરે રે વિહાર.** ૧

દિવ્ય ચૂર્ણવાસે કરીજી, ભમરા પણ વિલગંત;
કામીજન અનુકૂલથીજી, આલિંગન દીયંત ચઉનાણી૦ ૨

મિત્ર દ્વિજ આવી મલ્યોજી, ચીવર દીધો અર્ધ;
આવ્યા તાસ વીઉડલેજી, ચોમાસે નિરાબાધ. ૩

અપ્રીતિ લહી અભિગ્રહ ધરીજી, એક પખ કરી વિચરંત;
શુલપાણી સુર બોધીઓજી, ઉપસર્ગ સહી અત્યંત. ૪

મુહૂર્ત માત્ર નિદ્રા લહેજી, સુહણા દશ દેખંત;
ઉત્પલ નામ નીમીત્તીયોજી, અર્થ કહે એમ તંત. ૫

તાલપીચાશ હણ્યો પહેલોજી, તે હણશો તુમે મોહ;
શીત પંખી ફલ ધ્યાયશોજી, શુકલધ્યાન અખોહ. ૬

વિચિત્ર પંખી પેખીયોજી, તે હેશો દુવાલસ અંગ;
ગોવર્ણ સેવિત ફલ થાપશોજી, અનોપમ ચઉવિહ સંઘ. ૭

ચઉવિધ સુર સેવિત હશોજી, પદ્મસરોવર દીઠ;
મેરૂ આરોહણથી હોયશોજી, સુર સિંહાસન ઇઠ. ૮

જે સુરજ મંડલ દેખીયુંજી, તે હોશે કેવલજ્ઞાન;
માનુષોત્તર અંતર વીટીયોજી, તે જગ કીર્તિ મંડાણ. ૯

જલધિ તરણ ફલ એ હોશેજી, તે તરશો સંસાર;
દામ યુગલ ફલ નવી લહુંજી, તે કહો કરી ઉપકાર. ૧૦

કહે પ્રભુ તે ફલ તેહનોજી, ધર્મ દુવિધ કહું સંત;
પ્રથમ ચોમાસું તિહાં કરીજી, વિચરે સમતાવંત. ૧૧

ઉતરતા ગંગાનદીજી, સુરકૃત સહે ઉપસર્ગ;
સંબલ કંબલ વારીઓજી, પૂર્વ ભવે ગોવર્ગ. ૧૨

ચંડકોશીયો સુર કીયોજી, પૂર્વે ભિક્ષુ ચારિત્ર;
સીંચી નયન સુધારસેજી, હવે મલ્યો મંખલી પુત્ર. ૧૩

નદી તીરે પ્રતિબિંબીયાજી, જિનપદ લક્ખણ દીઠ;
સામુદ્રિક જોઇ કહેજી, ઇન્દ્ર થયો મન ઈઠ. ૧૪

સંગમ સુર અધમે કર્યોજી, બહુ ઉપસર્ગ સહંત;
દેશ અનારજ સંચર્યોજી, જાણી કર્મ મહંત. ૧૫

વ્યંતરીકૃત સહે સીતથીજી, લોકાવધિ લહે નાણ;
પૂર્વકૃત કર્મો નડ્યાજી, જેહના નહી પરમાણ. ૧૬

ચમરો સરણે રાખીઓજી, સુસુમારપુરી ધરી ધ્યાન;
અનુક્રમે ચંદનબાલિકાજી, પ્રતિલાભે ભગવાન. ૧૭

કાને ખીલા ઘાલીયાજી, ગોપ કરે ઘોર કર્મ;
વૈદ્ય તે વલી ઉગારીયાજી, સહી વેદન અતિ મર્મ. ૧૮

વર્ષ સાડાબાર લગેજી, કર્મ કર્યા સવી જેર;
ચઉવિહાર તપ જાણવુંજી, નીત કાઉસગ્ગ જીમ મેર. ૧૯

હવે તપ સંકલના કહુંજી, જે કીધા જિનરાય;
બેઠા તે કહીએ નહીજી, ગાય દુહીકાસન ઠાય. ૨૦

સમાપ્ત

PALITANA